AL FAROOQ TOURS & TRAVELS Since 1996 IATA
હજ્જ 2025 | પેકેજ રૂા.5,85,000 (તમામ ટેક્ષ સાથે) | દિવસ ૩૮ થી ૪૦ બુકીંગ ચાલુ છે
રજ્જબ - શાબાન ઉમરાહ દિવસ-૨૪ રૂા. ૧,૧૦,૦૦૦ | રમઝાન ઉમરાહ દિ.૩૨ રૂા.૨,૦૦,૦૦૦
હાજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ७५333 - ૯૮૨૫૫ ૫૧૯૧૫ - ૯૯૯૮૦ ૩૪૪૭૮
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

ન્યુ ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ હજ્જ-ઉમરાહ (20 વર્ષના અનુભવી)
રમઝાન 40 દિવસ 1,35,000 | રજ્જબ-શાબાન 20 દિવસ 78,000 | હજ્જ બુકિંગ 5,50,000 38થી 40 દિવસ (તમામ ટેક્સ સાથે)
ફ્લાઈટ-અમદાવાદથી અમદાવાદ
મૌલાના સાજીદ (સિદ્ધપુર) + 91 9638929480
ઐયુબભાઈ (અમદાવાદ) + 91 9825442205
IATA જાલીવાલી મસ્જિદની સામે, અમદાવાદ

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૨૨ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

લગ્ન પ્રસંગને અનુરૂપ બ્રાઈડલ - પાર્ટીવેર - ડીઝાઈનર
અનુપમ®
શરારા - ચણિયા ચોળી
ફેન્સી સાડી
ચણિયા ચોળી માંથી ગાઉન બનાવી આપવામાં આવશે.
ગોળગલી, ઢાલગરવાડ, અમદાવાદ. 9537867979

# દેશમાં મુસ્લિમો પર 'અભૂતપૂર્વ' અત્યાચાર અંગે ચિંતા દર્શાવતા મોદીને લખેલા ખુલ્લા પત્ર પર દિલ્હીના પૂર્વ LG અને પૂર્વ CECએ હસ્તાક્ષર કર્યા

**આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષની ઘટનાઓ અનેક રાજ્ય સરકારોની 'સ્પષ્ટ રીતે પક્ષપાતી ભૂમિકા' દર્શાવે છે. આ પત્ર પર હસ્તાક્ષર કરનારાઓમાં દિલ્હીના પૂર્વ એલજી નજીબ જંગ, પૂર્વ સીઈસી એસવાય કુરૈશી, (એલ-આર) લેફ્ટનન્ટ જનરલ ઝમીર ઉદ્દીન શાહ (નિવૃત્ત), પૂર્વ નાયબ ચીફ ઑફ આર્મી સ્ટાફ, આયોજન પંચના પૂર્વ સેક્રેટરી એનસી સક્સેનાનો સમાવેશ થાય છે**

(એજન્સી)નવી દિલ્હી, તા.૩૦

દેશના અગ્રણી નિવૃત્ત સનદી અધિકારીઓ, રાજદ્વારીઓ અને જાહેર હસ્તીઓના એક જૂથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક ખુલ્લો પત્ર લખ્યો છે, જેમાં તેમને ભારતમાં વધતા સાંપ્રદાયિક તણાવ પર તાત્કાલિક ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી છે. આ પત્ર લઘુમતી સમુદાયો, ખાસ કરીને મુસ્લિમો અને અમુક અંશે, ખ્રિસ્તીઓ માટે અત્યંત ચિંતા અને અસુરક્ષા પર વાત કરે છે, અને દેશમાં કથિત રીતે આંતરધર્મ વિખવાદ તીવ્ર બન્યો છે. આ ૧૭ હસ્તાક્ષરકર્તાઓમાં એન.સી. સક્સેના, આયોજન પંચના પૂર્વ સચિવ; નજીબ જંગ, દિલ્હીના પૂર્વ લેફ્ટનન્ટ ગવર્નર; એસ.વાય. કુરૈશી, પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર; શિવ મુખર્જી, યુકેમાં પૂર્વ હાઈ કમિશનર, અને લેફ્ટનન્ટ જનરલ ઝમીર ઉદ્દીન શાહ (નિવૃત્ત), પૂર્વ નાયબ સેના પ્રમુખ, અને અન્યનો સમાવેશ થાય છે. આ પત્રમાં, તેઓએ ભારતમાં હિંદુ-મુસ્લિમ સંબંધોમાં વિભાજન અંગે ચિંતા વ્યક્ત કરી છે, અને તેઓ કહે છે કે ૨૦૧૪થી કેન્દ્રમાં મોદી સરકાર સત્તામાં આવી ત્યારથી સ્થિતિ વધુ ખરાબ થઈ છે. દેશના ઈતિહાસમાં સાંપ્રદાયિક વિવાદ વારંવાર થતા રહ્યા છે, પણ છેલ્લા ૧૦ વર્ષોમાં તેમાં એક વ્યવસ્થિત પરિવર્તન જોવા મળ્યું છે. આ પત્ર અમુક રાજ્ય સરકારો અને તેમના વહીવટી તંત્રની ભૂમિકા તરફ નિર્દેશ કરે છે, જેમણે મુસ્લિમો વિરુદ્ધ હિંસા અને ભેદભાવના કૃત્યોને પ્રોત્સાહન આપવા અથવા



સહન કરવામાં કથિત રીતે પક્ષપાતી વલણ દર્શાવ્યું છે.

પત્રમાં જણાવાયું છે કે, એવું નથી કે દેશમાં આંતર-સાંપ્રદાયિક સંબંધો હંમેશા સારા રહ્યા છે. વિભાજનની કરુણ સ્મૃતિઓ, તેના તરફ દોરી જતા સંજોગો અને તેના પછીના દુઃખદ રમખાણો આપણા મનમાં વણાયેલા છે. અમે એ પણ જાણીએ છીએ કે વિભાજન પછી પણ, આપણો દેશ સમયાંતરે ભયાનક કોમી રમખાણોથી હચમચી ગયો છે અને હવે પરિસ્થિતિ પહેલાની સરખામણીમાં સારી કે ખરાબ નથી. જો કે, છેલ્લા ૧૦ વર્ષની ઘટનાઓ સ્પષ્ટપણે અલગ છે કારણ કે તે સંબંધિત રાજ્ય સરકારો અને તેમના વહીવટી તંત્રની સ્પષ્ટ પક્ષપાતી ભૂમિકા દર્શાવે છે અને અમે માનીએ છીએ કે આ અભૂતપૂર્વ છે. તેમણે ગૌમાંસ વહન કરવાના આરોપમાં વ્યક્તિઓની જાહેર લિંચિંગ, ઈસ્લામોફોબિક દ્વેષયુક્ત ભાષણ અને સ્થાનિક વહીવટીતંત્રના આદેશ પર મુસ્લિમ ઘરોનો વિનાશ સહિતની શ્રેણીબદ્ધ ઘટનાઓને દર્શાવી છે. આ પત્રના હસ્તાક્ષર કરનારાઓ મુસ્લિમ માલિકીના વ્યવસાયો પરના હુમલાના અહેવાલો પર પણ ચિંતા વ્યક્ત કરી છે, જે તેઓને આર્થિક અને સામાજિક પતન તરફ દોરી જાય છે. આ પત્રમાં જમણેરી કટ્ટર જૂથો દ્વારા મધ્યયુગીન મસ્જિદો અને દરગાહ પર પુરાતત્વીય સર્વેક્ષણ કરવા માટેના દાવાઓ અંગે પણ વાત કરવામાં આવી છે, ખાસ કરીને અજમેરમાં ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તી સૂફી દરગાહ અને આ પત્ર આરોપ લગાવે છે કે તે ભારતના બહુલવાદી ઈતિહાસને ફરીથી લખવાનો પ્રયાસ છે. આ પત્રમાં ઉમેરવામાં આવ્યું છે કે પ્લેસ ઓફ વર્શીપ એક્ટ દ્વારા આપવામાં આવેલી સ્પષ્ટ કાનૂની સુરક્ષાઓ હોવા છતાં અદાલતોએ આ માંગણીઓનો અન્યાય સાથે અને ઉતાવળ સાથે જવાબ આપ્યો છે. આ રીતે સમન્વયિત સાઈટ પર વૈચારિક હુમલો એ આપણી સંસ્કૃતિના વારસા પર હુમલો છે અને તમે પોતે જેને પુનઃજીવિત કરવા માગો છો તે સર્વસમાવેશક ભારતના વિચારને વિકૃત કરે છે. હસ્તાક્ષરકર્તાઓએ મોદીને વિભાજનકારી શક્તિઓ સામે કડક વલણ અપનાવવા અને તમામ રાજ્ય વહીવટીતંત્રો બંધારણનું સન્માન કરે અને કાયદાના શાસનને જાળવી રાખે તે સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. તેઓએ ભારતના બિનસાંપ્રદાયિક અને બહુલવાદી મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે મોદીના નેતૃત્વ હેઠળ આંતરધર્મીક બેઠકનું આયોજન કરવા કહ્યું છે અને કહ્યું છે કે આવા વિક્ષેપો વચ્ચે સમાજ પ્રગતિ કરી શકતો નથી અને વિકસિત ભારતનું તમારું સ્વપ્ન સાકાર થઈ શકશે નહીં.

સ્ટોક ક્લિયરન્સ સેલ... સ્ટોક ક્લિયરન્સ સેલ... સ્ટોક ક્લિયરન્સ સેલ...
સલમાન્સ
૩૭૮૪, મેહરૂન્નીશા હાઉસ, કાપડ બજાર, ઢાલગરવાડ, અમદાવાદ-૧
ફોન-7567672425-9687262638
સેલની તારીખ 2 Dec.થી 8 Dec. 2024 સોમવારથી રવિવાર
સમય : સવારે ૯.૩૦ થી ૧૨.૦૦-બપોરે ૩.૦૦થી ૫.૩૦
સેલનો માલ પહેલા માળે મળશે
ફેન્સી બુરખા, ચાદર, ટુવાલ, નેપકીન, સલવાર, પ્લાઝો અને પટીયાલા પહેલા માળે ફુલ ડિસ્કાઉન્ટમાં મળશે હેવી વર્કવાળા અને કોટન પ્રીન્ટેડ શુટમાં ઘરખમ ડિસ્કાઉન્ટ ફેન્સી હેવી વર્કવાળી લોંગ કુર્તી અને પ્લાઝો પેન્ટ અને પટીયાલા સલવારમાં ધમાકેદાર ઓફર
ઝભ્ભા લેંઘા - પેન્ટ શર્ટ-જીન્સ ટીશર્ટ અને લેડીઝ રેડીમેઈડ શુટમાં ભારે ડિસ્કાઉન્ટ
સેલની તારીખ પછી ૧ મહિના સુધી સેલ ચાલુ રહેશે
તારીખ પછી સેલનો સમય ૧૧.૦૦થી ૧.૦૦ - સાંજે ૩.૦૦થી ૬.૦૦
સલમાન્સની બાજુમાં
HANZLA'S COUNTER
દરેક કાઉન્ટર પર ભારે ડિસ્કાઉન્ટ
વેડીંગ ગાઉન, શુટ, કુર્તી, ચણીયાચોળી, સાડી, ઈમીટેશન અને જીયાણાની દરેક વસ્તુ પર ભારે ડિસ્કાઉન્ટ
સ્ટોક ક્લિયરન્સ સેલ... સ્ટોક ક્લિયરન્સ સેલ... સ્ટોક ક્લિયરન્સ સેલ...

હોટલ વેચવાની છે
બે વીઘા જમીન ખેડા અમદાવાદ હાઈવે (માતર)
૧૪ રૂમ, બેનક્વેટ, ૨ રેસ્ટોરન્ટ
આ વર્ષનું નવું બાંધકામ
Mo. 9601127881

વેચવાના છે ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ
ચાંગોદર બાવળા રોડ ૩૦૦, ૫૦૦, ૧૦૦૦ થી ७००० વાર
ખેડા-ધોળકા રોડ ૨૨૦૦, ૪૪૦૦ વાર થી ૧૩૦૦૦ વાર
વેચવાના છે ભાડાની આવક સાથેના શેડ - ચાંગોદર
SAMIR CORPORATION : 93777 66742



તમારો ઊંચો સ્વાદ જ અસલી RMD ની ઓળખાણ છે
RMDની લોકપ્રિયતાનો ફાયદો ઉઠાવી ડુપ્લીકેટ RMDનું ઉત્પાદન અને વેચાણ થઈ રહ્યું છે. તમને RMDના સ્વાદમાં ફરક જણાય તો તરત જ વિક્રેતાને જાણ કરો.
નકલી RMD બનાવનાર સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.
ઊંચે લોગ, ઊંચી પસંદ®


MRP ₹10 2g
MRP ₹15 3.5g
વૈધાનિક ચેતવણી: પાન મસાલાનું સેવન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. બાળકો માટે પ્રતિબંધિત.
NO TOBACCO, NO NICOTINE
Tiger

CELEBRATING EXCELLENCE 34 years GT




V-CARE CHILDREN HOSPITAL
બાળકોના સ્પેશીયાલીસ્ટ
જુહાપુરા / સરખેજ વિસ્તારમાં
Dr. Naznin Vaja
MD (Paediatrics)
IDPCCM (Mumbai)
Paediatrician and Paediatric Intensivist
બાળકોના ક્રીટીકલ કેર સ્પેશીયાલીસ્ટ ની સેવા ચાલુ થવા જઈ રહેલ છે.
ઓ.પી.ડી. ટાઈમ : સવારે ૧૧.૦૦ થી ૧.૦૦, સાંજે ૬.૦૦ થી ૮.૦૦
119, First Floor, Blue Water, Near Amber Tower, Sarkhej, Ahmedabad-380055
Appointment Number : 98988 53531

# મસ્જિદ તોડી પાડવાની માંગને લઈને તણાવ પ્રવર્તે છે તેની વચ્ચે, ઉત્તરકાશીમાં ‘હિન્દુ મહાપંચાયત’ માટે શરતો સાથે પરવાનગી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

ઉત્તરાખંડના ઉત્તરકાશી શહેરમાં પાંચ દાયકા જૂની મસ્જિદ તોડી પાડવાની કેટલાક જમણેરી હિંદુ સંગઠનોની માંગ મુદ્દે પ્રવર્તતા તણાવ વચ્ચે, જિલ્લા વહીવટીતંત્રે ૧ ડિસેમ્બરના રોજ રામલીલા મેદાનમાં ‘હિંદુ મહાપંચાયત’ યોજવા માટે શરતી પરવાનગી આપી છે. સંયુક્ત સનાતન ધર્મરક્ષા સંઘ નામના સંગઠને દાવો કર્યો છે કે સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે આ મસ્જિદ બનાવવામાં આવી હતી.

ઉત્તરકાશીના ભટવારી રોડ પર આવેલી મસ્જિદ ૧૯૬૯માં ખરીદેલી જમીન પર બાંધવામાં આવી હતી. ૧૯૮૬માં વકફ કમિશનરે સ્થળનું નિરીક્ષણ કર્યું અને આ મસ્જિદ માન્ય હોવાનું જણાયું હતું. આમ છતાં હિંદુત્વવાદી સંગઠનો ઉત્તરકાશીમાં મસ્જિદ ગેરકાયદેસર રીતે બનાવવામાં આવી હોવાના દાવા સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ વર્ષે ઓક્ટોબરમાં આ મુદ્દે પ્રદર્શનકારીઓની પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. ઉત્તરકાશીના રામલીલા મેદાનમાં દેવભૂમિ વિચારમંચ દ્વારા પ્રસ્તાવિત મહાપંચાયત યોજવા માટે વહીવટીતંત્રે એ શરતે મંજૂરી આપી છે કે આ મંડળમાં કોઈ દ્વેષપૂર્ણ ભાષણ આપવામાં આવશે નહીં, કોઈ રેલી કાઢવામાં આવશે નહીં, ટ્રાફિકમાં અવરોધ નહીં આવે અને શાંતિ અને વ્યવસ્થા જળવાઈ રહેશે. ધાર્મિક લાગણીઓ ઉશ્કેરવામાં ન આવે તેની કાળજી રાખવાની રહેશે. પ્રશાસને શાંતિ અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૩૦ નવેમ્બરની સવારથી આગામી આદેશો સુધી મસ્જિદ વિસ્તારના ૫૦ મીટરની અંદર પ્રતિબંધિત આદેશો લાદવાનો પણ નિર્ણય લીધો છે. ઉત્તરાખંડ સરકારે મુસ્લિમ સમુદાય દ્વારા દાખલ કરાયેલી રિટ પિટિશન પર સુનાવણી દરમિયાન હાઈકોર્ટને જાણ કરી છે કે મસ્જિદને પૂરતું રક્ષણ પૂરૂં પાડવામાં આવ્યું છે.

રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકારે સાંપ્રદાયિક તણાવ વચ્ચે ઉત્તરકાશીના પોલીસ અધિક્ષક અમિત શ્રીવાસ્તવની નિમણૂકના ત્રણ મહિનાની અંદર બદલી કરી છે. હાઈકોર્ટે અગાઉ રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો હતો કે મસ્જિદને સુરક્ષિત કરવામાં આવે અને દ્વેષપૂર્ણ ભાષણો સામે પગલાં લેવામાં આવે. કોર્ટે કહ્યું કે કાયદાના શાસન દ્વારા સંચાલિત દેશમાં મસ્જિદ તોડી પાડવાની ધમકીઓ અને દ્વેષપૂર્ણ ભાષણો અસ્વીકાર્ય છે. એક અરજીમાં અલ્પસંખ્યાયક સેવા સમિતિના પ્રમુખ મુશરફ અલી અને ઈસ્તિયાક અહેમદે મુસ્લિમ વિરોધી ભાષણો પર ચિંતા વ્યક્ત કરી અને ભટવારી રોડ પરની મસ્જિદ સહિત લઘુમતી મિલકતો માટે રાજ્ય સુરક્ષાની માંગ કરી. અરજદારોએ દાવો કર્યો હતો કે મસ્જિદ વક્ફ બોર્ડ હેઠળ આવે છે અને આ સાબિત કરવા માટે તેમની પાસે ૧૯૬૯ની વેચાણ ડીડ અને ૧૯૮૭ની ગેઝેટ નોટિફિકેશન સહિતના પુરાવા છે. મસ્જિદ ૨૦મે, ૧૯૮૭ના રોજ ઉત્તરપ્રદેશ મુસ્લિમ વકફ એક્ટ હેઠળ નોંધવામાં આવી હતી અને સુન્ની વકફ શેડ્યૂલમાં સૂચિબદ્ધ છે. ઉત્તરકાશીના મુસ્લિમ સમુદાયના મતે જમીન અને મસ્જિદ સંપૂર્ણપણે કાયદેસર છે અને કોઈપણ રીતે અનધિકૃત નથી. જિલ્લા મેજિસ્ટ્રેટ મેહરબાન સિંહ બિષ્ટે પણ કહ્યું છે કે આ મસ્જિદ દ્વારા કબજે કરાયેલ જમીનમાં કાયદેસર નોંધણી અને પરિવર્તન રેકોર્ડ છે, જેમાં દસ ખાતાધારકોની સૂચિ છે. ઉલ્લેખનીય છે કે, ભટવારીના તત્કાલિન તહસીલદારે પણ ૨૦૦૫ના આદેશમાં તે જ જમીન પર મસ્જિદને ઔપચારિક રીતે માન્યતા આપી હતી.

આ વિવાદ આ વર્ષે સપ્ટેમ્બરમાં શરૂ થયો હતો, જ્યારે સંયુક્ત સનાતન ધર્મરક્ષા સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ સાથે જોડાયેલા હોવાનો દાવો કરતા કેટલાક લોકોએ મસ્જિદ તોડી પાડવાની ધમકી આપી હતી. આનાથી નગરમાં તણાવ થયો, જેના કારણે ૨૪ ઓક્ટોબરના રોજ પોલીસકર્મીઓ સહિત ઘણા લોકો ઘાયલ થયા હતા. ૯ સપ્ટેમ્બરના રોજ, સંયુક્ત સનાતન ધર્મરક્ષક સંઘે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ બિષ્ટને એક મેમોરેન્ડમ સબમિટ કરીને મસ્જિદને તોડી પાડવાની માંગ કરી હતી અને દાવો કર્યો હતો કે આ માળખું સરકારી રેવન્યુ રેકોર્ડમાં નોંધાયેલ નથી. બિષ્ટે દાવાઓની તપાસ માટે એક સમિતિની રચના કરી હતી. પેનલને જાણવા મળ્યું કે મસ્જિદ કાયદેસર છે અને તે જે જમીન પર ઊભી છે તે મુસ્લિમ સમુદાયના સભ્યોના નામે નોંધાયેલી છે. પેનલના તારણો છતાં હિન્દુ સંગઠનોએ ૨૪ ઓક્ટોબરે મસ્જિદ સામે વિરોધ માર્ચની જાહેરાત કરી હતી. ગયા વર્ષે જૂનમાં મુસ્લિમ દુકાનદારોને તેમની દુકાનો ખાલી કરવાની ધમકી આપતા પોસ્ટરો ઉત્તરકાશીમાં લગાવવામાં આવ્યા હતા. પુરોલામાં એક મુસ્લિમ સહિત બે પુરૂષોએ એક છોકરીનું કથિત રીતે અપહરણ કરવાનો પ્રયાસ કર્યા પછી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ વર્ષે મે મહિનામાં ઉત્તરકાશીની એક કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા હતા. ફેબ્રુઆરીમાં હલ્દવાનીમાં સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી હતી જ્યારે જિલ્લા વહીવટીતંત્ર અને સ્થાનિક નાગરિક સત્તાવાળાઓની એક ટીમે સરકારી જમીન પર કથિત રીતે ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલી મદરેસા અને ભૂગર્ભ મસ્જિદ જેવી રચના તોડી પાડી હતી. આ હિંસામાં પાંચ લોકો માર્યા ગયા હતા. સપ્ટેમ્બરમાં ચમોલીના નંદનગરમાં એક ગુનામાં આરોપી મુસ્લિમ વ્યક્તિની ધરપકડ કરવા માંગતા ટોળાએ મુસ્લિમોની દુકાનો પર હુમલો કર્યો હતો. રુદ્રપ્રયાગના કેટલાક ગામોમાં તે જ મહિને બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા સાઈનબોર્ડ લગાવવામાં આવ્યા હતા. ઓક્ટોબરમાં પાર્કિંગ વિવાદને કારણે ચમોલીના ગૌચરમાં સાંપ્રદાયિક હિંસા થઈ હતી. સ્થાનિક વેપારીઓ અને હિંદુ જમણેરી સંગઠનોએ તે જ મહિને ચમોલીના થરાલીમાં એક છોકરી પર થયેલા કથિત બળાત્કારને લઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગયા મહિને ચમોલી જિલ્લામાં વેપારીઓની એક સંસ્થાએ મુસ્લિમોને ૩૧ ડિસેમ્બર સુધીમાં ખાનસર વિસ્તાર છોડી દેવા કહ્યું હતું. ઓક્ટોબરમાં એક સગીર છોકરીના કથિત અપહરણને લઈને તેહરીગઢવાલના કીર્તિ નગરમાં મુસ્લિમ સમુદાયની દુકાનોમાં તોડફોડ કરવામાં આવી હતી. એક મહિના અગાઉ, હિંદુ સંગઠન રાષ્ટ્રીય સેવા સંઘે પિથોરાગઢના બેરીનાગ શહેરમાં વિરોધ કૂચ કરી હતી, જેમાં એક મુસ્લિમ પરિવારના મકાનને મસ્જિદમાં ફેરવી દેવામાં આવ્યું હોવાનો દાવો કરીને તેને તોડી પાડવાની માગણી કરી હતી. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી ભૂલથી હિંદુ સંગઠનો ઉત્તરકાશીમાં મસ્જિદને ગેરકાયદેસર માનીને તેને હટાવવાની માંગ કરવાનો માર્ગ મોકળો થયો હતો. પ્રશાસને માહિતી અધિકાર (RTI) કાયદા હેઠળ મસ્જિદ વિશે અધૂરી માહિતી આપી હતી. ઓગસ્ટમાં હિન્દુ સંગઠનના કાર્યકર્તા દ્વારા પૂછવામાં આવેલા એક RTI જવાબમાં જિલ્લા જાહેર માહિતી અધિકારીએ જણાવ્યું હતું કે મસ્જિદના નામે જમીનની ફ્રી હોલ્ડ અથવા લીઝ ફાળવણીનો કોઈ રેકોર્ડ ઓફિસમાં મળ્યો નથી. જો કે, આના પગલે મસ્જિદને તોડી પાડવાની માંગણીઓ ઉગ્ર બની હતી અને ત્યારબાદ, જિલ્લા વહીવટીતંત્રે મસ્જિદની કાયદેસરતા અંગેના તેના અગાઉના પ્રતિભાવને અપૂર્ણ ગણાવ્યો હતો અને હિન્દુ સંગઠના RTI કાર્યકર્તાને વિગતવાર માહિતી પ્રદાન કરવાની ઓફર કરી હતી. ત્યારબાદ વહીવટીતંત્રે તેના પોતાના દસ્તાવેજોમાં ખુલાસો થયો કે જે જમીન પર મસ્જિદ છે તે ખરેખર ખાતાધારકોના નામે નોંધાયેલ છે. નગરના મુસ્લિમ સમુદાયે જિલ્લા મેજિસ્ટ્રેટને એક મેમોરેન્ડમ પણ સુપરત કર્યું છે, અને ઉત્તરકાશીની શાંતિ અને સંવાદિતાને વિક્ષેપિત કરનાર વ્યક્તિઓ સામે સખત પગલાં લેવા વિનંતી કરી છે.

## વીડિયો વાયરલ : મુંબઈના ડોંગરીમાં આગ લાગવાથી ભયાનક સિલિન્ડર બ્લાસ્ટ કેમેરામાં કેદ થયો

મુંબઈમાં ડોંગરીની સાંકડી બાયલેનમાં સ્થિત એક બહુમાળી ઈમારતમાં જોરદાર આગ ફાટી નીકળી હતી. બુધવારે લગભગ ૧૨ વાગ્યે આગ ફાટી નીકળી હતી, ત્યારબાદ ફાયર બ્રિગેડને બોલાવવામાં આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આગના ઘણા વીડિયો ઈન્ટરનેટ વાયરલ થયેલ જોઈ શકાય છે કે નિશાનપાડા ક્રોસલેનમાં સ્થિત ૨૨ માળની ઈમારતના ૧૨માંથી ૧૮મા માળેથી જંગી આગ ફાટી નીકળી રહી છે. લગભગ ૫ ૬ સિલિન્ડર બ્લાસ્ટ થયા હતા. કેમેરામાં કેદ થયેલા મોટા સિલિન્ડર બ્લાસ્ટ્સ વીડિયોમાં જોઈ શકાય છે કે સિલિન્ડર બ્લાસ્ટ બાદ બિલ્ડિંગમાં જોરદાર વિસ્ફોટ થયો હતો જે આગને કારણે થયો હતો. સિલિન્ડર બ્લાસ્ટ નજીકની ઈમારતોમાં રહેતા રહેવાસીઓ દ્વારા કેમેરામાં રેકોર્ડ કરવામાં આવ્યો હતો. વીડિયોમાં જોઈ શકાય છે કે સિલિન્ડર બ્લાસ્ટને કારણે થયેલા વિસ્ફોટને કારણે રહેવાસીઓ પણ ગભરાઈ ગયા છે. વીડિયો બતાવે છે કે જ્યાં આગ લાગી હતી અને વિસ્ફોટની અસરને કારણે કાટમાળ પડતો જોવા મળે છે ત્યાં એક જોરદાર વિસ્ફોટ થાય છે. જ્યાં આગ લાગી હતી ત્યાં સુધી પહોંચવા માટે તેમને સંઘર્ષ કરવો પડ્યો હતો કારણ કે લેન સાંકડી છે અને ઘણી બાઇકો લેનમાં પાર્ક કરેલી છે જેના કારણે ચાલનારાઓ અથવા રાહદારીઓ માટે પણ આ ભીડભાડવાળી ગલીઓમાંથી પસાર થવું મુશ્કેલ બને છે. ક્રેનને તે ઊંચાઈ સુધી પહોંચવા માટે પણ સંઘર્ષ કરવો પડ્યો હતો. જ્યાં વાયરના ગૂંચળાને કારણે આગ ફાટી નીકળી હતી જેને વિભાગે સ્થળ સુધી પહોંચવા અને આગ પર પાણી છાંટવા માટે કાપવી પડી હતી.

## મુંબઈ : અંધેરીના ફ્લેટમાં એર ઈન્ડિયાની પાઈલટનો મૃતદેહ મળી આવ્યો, આત્મહત્યા માટે ઉશ્કેરવા બદલ અત્યાચારી બોયફ્રેન્ડની ધરપકડ

એર ઈન્ડિયાની ૨૫ વર્ષીય પાઈલટ, સૃષ્ટિ તુલી, ૨૫ નવેમ્બરના રોજ અંધેરી ઈસ્ટમાં કથિત રીતે આત્મહત્યા દ્વારા મૃત્યુ પામી હતી. પવઈ પોલીસે તેના ૨૭ વર્ષીય બોયફ્રેન્ડ, આદિત્ય પંડિતની આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપસર ધરપકડ કરી હતી. તેણી તેના ભાડાના ફ્લેટમાં ડેટા કેબલ સાથે લટકતી હાલતમાં મળી આવી હતી. સૃષ્ટિના સંબંધીઓનો આરોપ છે કે પંડિતે તેની સાથે દુર્વ્યવહાર કરતો હતો, વારંવાર તેની સાથે ફોન પર દલીલ કરતો અને તેને આ આત્યંતિક પગલું ભરવા માટે ઉશ્કેરી હતી.પોલીસે ૨૬ નવેમ્બરે કેસ નોંધ્યો હતો અને ત્યારબાદ પંડિતની ધરપકડ કરી હતી. કોર્ટે તેને ૨૯ નવેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો. પોલીસને તેના મૃતદેહની નજીક કે તેના ફ્લેટમાંથી કોઈ સુસાઈડ નોટ મળી નથી. એફઆઈઆર મુજબ સૃષ્ટિ રૂમ નંબર ૬૦૧, બી વિંગ, કનકિયા રેઈન ફોરેસ્ટ, મરોલ, અંધેરી ઈસ્ટમાં રહેતી હતી. તે કોમર્શિયલ પાઈલટ હતી. મૂળ ઉત્તરપ્રદેશની, તે જૂન ૨૦૨૩થી કામ માટે મુંબઈમાં રહેતી હતી.૨૫ નવેમ્બરના રોજ, મધ્યરાત્રિથી ૩ વાગ્યાની વચ્ચે, તેણે કથિત રીતે પોતાનું જીવન સમાપ્ત કર્યું. સૃષ્ટિ અને પંડિત બે વર્ષ પહેલા દિલ્હીમાં કોમર્શિયલ પાઈલટના લાયસન્સ માટેની તાલીમ દરમિયાન મળ્યા હતા. તેઓ મિત્રો બન્યા, પ્રેમમાં પડ્યા અને આખરે સંબંધમાં પ્રવેશ્યા.

## મહારાષ્ટ્રના ગોંદિયા જિલ્લામાં રાજ્ય પરિવહનની બસ પલટી જતાં આઠ લોકોનાં મોત, અનેક ઘાયલ

ગોંદિયા જિલ્લાના ગોંદિયા-અર્જુની રોડ પર બિન્દ્રાવાના ટોલા ગામ પાસે શુક્રવારના રોજ બપોરે મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ પલટી જતાં ઓછામાં ઓછાં આઠ લોકોના મૃત્યુ નિપજ્યા હતા. બસ નાગપુરથી ગોંદિયા જઈ રહી હતી. રાજ્ય પરિવહનની બસ ગોંદિયા જિલ્લામાં અકસ્માતનો ભોગ બની હતી. બસ ભંડારા ડેપોથી ગોંદિયા તરફ જઈ રહી હતી ત્યારે ગોંદિયા-અર્જુની રોડ પર બિન્દ્રાવાના ટોલા ગામ પાસે બસના ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બાજુમાં પલટી ગઈ હતી. રોડ પર આઠ લોકોના મોત થયા છે અને લગભગ ૩૦ લોકો ઘાયલ થયા છે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, ઘાયલોને ગોંદિયા જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, મૃત્યુઆંક વધવાની આશંકા છે. મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) તરફથી મળેલી માહિતી અનુસાર મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પરિવહન પ્રશાસનને પીડિતોને તાત્કાલિક ૧૦ લાખ રૂપિયાની સહાય આપવાનો આદેશ આપ્યો છે. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

## બંગાળની સરકારી હોસ્પિટલોને ઊંચા ભાવે હલકી ગુણવત્તાના કેથેટર સપ્લાય કરાયા; તપાસનો આદેશ જારી

અધિકારીઓએ જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળના આરોગ્ય વિભાગે ઘણી સરકારી હોસ્પિટલોમાં કથિત રીતે હલકી ગુણવત્તાવાળા અને સ્થાનિક રીતે બનાવેલા કેથેટરના ઊંચા ભાવના પુરવઠાની તપાસ શરૂ કરી છે, જે આ સુવિધાઓમાં સારવાર લઈ રહેલા દર્દીઓના જીવન માટે જોખમ ઊભું કરે છે. આવા સેન્ટ્રલ વેનિસ કેથેટર્સ (CVCs) કથિત રીતે રાજ્યની ઓછામાં ઓછી પાંચ મેડિકલ કોલેજો અને હોસ્પિટલોને પૂરા પાડવામાં આવ્યા હતા, જે આંતરરાષ્ટ્રીય ધોરણ-અનુપાલક CVCsની ફાળવણીને અવગણતા હતા. ડિસ્ટ્રીબ્યુશન કંપની, જેના પર સરકારી હોસ્પિટલોમાં આ કેથેટર સપ્લાય કરવાનો આરોપ છે, તેણે દોષ સ્વીકાર્યો પરંતુ તેના કર્મચારીઓ પર દોષ મૂક્યો. આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે, અન્ય હોસ્પિટલોના સ્ટોરમાંથી પણ હલકી ગુણવત્તાના કેથેટર મળી આવ્યા હતા, જે કૌભાંડમાં અંદરના લોકોની સંડોવણી સૂચવે છે.

## બિહારમાં ચોંકાવનારી ઘટના : ઓડિશામાં દંપતીએ ચાર વર્ષની દીકરીને ૪૦,૦૦૦ રૂપિયા માટે વેચી દીધી; બાળકીને બચાવવામાં આવી, છની ધરપકડ

એક ચોંકાવનારી ઘટનામાં ઓડિશાના ભુવનેશ્વરમાં બડાગડા પોલીસે ૪ વર્ષની બાળકીને તેના માતા-પિતા દ્વારા ૪૦,૦૦૦ રૂપિયામાં વેચ્યા બાદ બચાવી લેવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આરોપી દંપતી, જેઓ બિહારના છે, તેની સાથે અન્ય ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. અહેવાલો અનુસાર આરોપી દંપતી આર્થિક સમસ્યાઓનો અનુભવ કરી રહ્યો હતો અને તેણે તેમના ચાર વર્ષના બાળકને પીપીલીના અન્ય નિઃસંતાન દંપતીને વેચી દીધું હતું. બડાગડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ તૃપ્તિ રંજન નાયકના જણાવ્યા અનુસાર બંને બડાગાડા પોલીસી સીમા હેઠળ રોજીંદા મજૂર તરીકે કામ કરતા હતા. બડાગડા પોલીસ સ્ટેશન IIC, તૃપ્તિ રંજન નાયકે બુધવારે જણાવ્યું હતું કે, આજે સવારે અમને એક સાર્થક મહાદિક પાસેથી માહિતી મળી કે તેમના ઘરમાં રહેતા એક બિહાર દંપતીએ તેમની ચાર વર્ષની પુત્રીને વેચી દીધી છે. અમે કેસ નોંધ્યો છે.

## દર ૧૦ મિનિટે એક મહિલાનું મોત : યુએનના રિપોર્ટમાં કહ્યું- મોટાભાગના કેસમાં ગુનેગાર જીવનસાથી કે પછી પરિવારના સભ્યો

મહિલાઓ માટે ઘર સૌથી ખતરનાક સ્થળ બની ગયું છે. સંયુક્ત રાષ્ટ્રની બે એજન્સીઓએ સોમવારે જણાવ્યું હતું કે ગયા વર્ષે સરેરાશ ૧૪૦ મહિલાઓ અને છોકરીઓની તેમના ઘરમાં જીવન સાથીદાર અથવા પરિવારના સભ્ય દ્વારા હત્યા કરવામાં આવી હતી. યુએન વુમન અને યુએન ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમએ જણાવ્યું હતું કે, ૨૦૨૩ દરમિયાન વૈશ્વિક સ્તરે લગભગ ૫૧,૧૦૦ મહિલાઓ અને છોકરીઓના મૃત્યુ માટે ઘનિષ્ઠ ભાગીદાર અથવા પરિવારના સભ્ય જવાબદાર છે. ૨૦૨૨માં આ આંકડો ૪૮,૮૦૦ હોવાનો અંદાજ હતો. મહિલાઓ વિરૂદ્ધ હિંસા નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ પર જાહેર કરાયેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ વધારો હત્યામાં વધારાને કારણે નથી, પરંતુ મુખ્યત્વે વિવિધ દેશોમાંથી વધુ ડેટા ઉપલબ્ધ થવાને કારણે થયો છે. બંને એજન્સીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે દરેક જગ્યાએ મહિલાઓ અને છોકરીઓ આ લિંગ આધારિત હિંસાના આત્યંતિક સ્વરૂપથી પ્રભાવિત થઈ રહી છે અને કોઈપણ પ્રદેશ તેનાથી અછૂત નથી. મહિલાઓ અને છોકરીઓ માટે ઘર સૌથી ખતરનાક જગ્યા છે. રિપોર્ટ અનુસાર ઘનિષ્ઠ ભાગીદારો અને પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવેલી હત્યાના સૌથી વધુ કેસ આફ્રિકામાં હતા, જ્યાં ૨૦૨૩માં લગભગ ૨૧,૭૦૦ મહિલાઓ શિકાર બની હતી. તેની વસ્તીની દૃષ્ટિએ, આફ્રિકા પીડિતોની સંખ્યામાં મોખરે રહ્યું, ત્યાં દર ૧૦૦,૦૦૦ લોકોમાં ૨.૯ પીડિતો હતા.

# બાંગ્લાદેશના ચટ્ટોગ્રામમાં ત્રણ હિન્દુ મંદિરોમાં તોડફોડ

### કોતવાલી પોલીસ સ્ટેશનના વડા અબ્દુલ કરીમે આ હુમલાની પુષ્ટિ કરતા કહ્યું કે હુમલાખોરોએ મંદિરોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો

(એજન્સી) તા.૩૦

બાંગ્લાદેશના ચટ્ટોગ્રામમાં શુક્રવારે, ૨૯ નવેમ્બરના રોજ સૂત્રોચ્ચાર કરતા એક ટોળા દ્વારા ત્રણ હિંદુ મંદિરોમાં તોડફોડ કરવામાં આવી હતી. ઈસ્કોનના પૂર્વ સભ્ય પર રાજદ્રોહના આરોપો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો ત્યારથી આ વિરોધ અને હિંસા જોવા મળી રહી છે. આ હુમલો બંદર શહેરના હરીશ ચંદ્ર મુન્સેફ લેનમાં બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ થયો હતો, જ્યાં શાંતેશ્વરીમાત્રી મંદિર, નજીકના શોની મંદિર અને શાંતનેશ્વરી કાલીબારી મંદિરને નિશાન બનાવવામાં આવ્યા હતા. ન્યૂઝ પોર્ટલે મંદિરના સત્તાવાળાઓને ટાંકીને જણાવ્યું હતું કે, ઘણા લોકો સૂત્રોચ્ચાર કરતા હતા અને આ જૂથે મંદિરો પર ઈંટો ફેંકી હતી, જેનાથી શોની મંદિર અને અન્ય બે મંદિરોના દરવાજાને નુકસાન થયું હતું. કોતવાલી પોલીસ સ્ટેશનના વડા અબ્દુલ કરીમે હુમલાની પુષ્ટિ કરતા કહ્યું કે હુમલાખોરોએ મંદિરોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, પોલીસે જણાવ્યું હતું કે બંને પક્ષો વચ્ચેના સંઘર્ષ પછી મંદિરોને ઓછું નુકસાન થયું હતું, બંને જૂથોએ એકબીજા પર ઈંટો ફેંકી હતી. શાંતિશ્વરી મુખ્ય મંદિર પ્રબંધન સમિતિના કાયમી સભ્ય તપન દાસે જણાવ્યું કે : જુમાની નમાજ પછી સેંકડો લોકોનું સરઘસ પહોંચ્યું. તેઓ હિંદુ વિરોધી અને ઈસ્કોન વિરોધી સૂત્રો પોકારવા લાગ્યા હતા. અમે હુમલાખોરોને અવરોધ્યા નથી. જ્યારે પરિસ્થિતિ વધુ વણસી ત્યારે અમે સેનાને બોલાવી, જે ઝડપથી પહોંચી અને વ્યવસ્થા કરવામાં મદદ કરી. બપોર પહેલા મંદિરના તમામ દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. બદમાશોએ ઉશ્કેરણી વગર આવીને હુમલો કર્યો હતો. આધ્યાત્મિક નેતા, બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ ક્રિષ્ના કોન્શિયસનેસ (ઈસ્કોન)ના પૂર્વ સભ્ય, ચિન્મય કૃષ્ણ દાસની સોમવારે રાજદ્રોહના કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી અને મંગળવારે જામીન નામંજૂર કરવામાં આવ્યા હતા. તેણે રાજધાની ઢાકા અને ચટ્ટોગ્રામ સહિત બાંગ્લાદેશમાં વિવિધ સ્થળોએ હિન્દુ સમુદાયના સભ્યો દ્વારા વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ૩૦ ઓકટોબરે, ચટ્ટોગ્રામના કોતવાલી પોલીસ સ્ટેશનમાં દાસ સહિત ૧૯ લોકો સામે રાજદ્રોહનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો, જેમાં ચટ્ટોગ્રામના ન્યૂ માર્કેટ વિસ્તારમાં હિંદુ સમુદાયની એક રેલી દરમિયાન બાંગ્લાદેશના રાષ્ટ્રધ્વજનું અપમાન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. મંગળવારે, નવી દિલ્હીએ આ નેતાની ધરપકડ અને જામીન નકારવા પર ચિંતા વ્યક્ત કરી અને બાંગ્લાદેશને હિન્દુઓ અને અન્ય લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા કહ્યું છે. આ અઠવાડિયામાં હિંદુ વિરોધી ઘટનાઓને કારણે દક્ષિણ એશિયાના બે પડોશીઓ વચ્ચે રાજદ્વારી વિવાદ ઉભો થયો છે. ભારતે શુક્રવારે કહ્યું હતું કે બાંગ્લાદેશની વચગાળાની સરકારે તમામ લઘુમતીઓના રક્ષણની તેની જવાબદારી નિભાવવી જોઈએ અને ભારતે ઉગ્રવાદ અને હિંદુઓ વિરૂદ્ધ હિંસાની વધતી ઘટનાઓ તેમજ મંદિરો પરના હુમલાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. વિદેશ મંત્રી એસ. જયશંકરે સંસદમાં જણાવ્યું હતું કે, ભારતે બાંગ્લાદેશમાં લઘુમતીઓ વિરૂદ્ધ હિંસાની ઘટનાઓની ગંભીર નોંધ લીધી છે અને લઘુમતીઓ સહિત તમામ નાગરિકોના જીવન અને સ્વતંત્રતાનું રક્ષણ કરવાની ઢાકાની પ્રાથમિક જવાબદારી છે. બીજી તરફ, બાંગ્લાદેશે શુક્રવારે કોલકાતામાં ડેપ્યુટી હાઈ કમિશનમાં હિંસક વિરોધ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી અને નવી દિલ્હીને ભારતમાં તેના તમામ રાજદ્વારી મિશનની સુરક્ષા સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી.

# પાંચમાંથી એક કર્મચારીને નોકરીની સ્થિરતાનો ડર છટણીથી કર્મચારીઓનું મનોબળ પ્રભાવિત થાય છે

(એજન્સી) તા.૩૦

ભારતમાં IT અને BPM સેક્ટરમાં કર્મચારીઓના ભાવિ અંગે અનિશ્ચિતતા રહે છે, જેમાં પાંચમાંથી એક કર્મચારી તેમની નોકરીની સ્થિરતા પર પ્રશ્ન ઉઠાવે છે, જે કર્મચારીઓની અંદર વધતી ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે. કર્મચારીઓ આજે તેમના કામ અને અંગત જીવન વચ્ચે બહેતર સંતુલન શોધી રહ્યા છે, અને જે કંપનીઓ વધુ સુગમતા અને સમર્થન સાથે પ્રતિસાદ આપે છે તેઓ વધુ રોકાયેલા, વફાદાર અને ઉત્પાદક કર્મચારીઓ જોઈ રહ્યા છે. આ પરિવર્તન વિશ્વાસ, પારદર્શક સંદેશાવ્યવહાર અને ઉચ્ચ સ્તરની સંલગ્નતા અને જાળવી રાખવા માટે કર્મચારીઓની સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરવાના મહત્ત્વને રેખાંકિત કરે છે, ખાસ કરીને ભારતમાં વિકસતા IT ક્ષેત્રમાં આઈટી સેક્ટરના કર્મચારીઓ વિશેના આ તારણો ગ્રેટ પ્લેસ ટુ વર્ક દ્વારા ‘આઈટીમાં ભારતના શ્રેષ્ઠ કાર્યસ્થળો અને આઈટી-બીપીએમ ૨૦૨૪’ અહેવાલનો ભાગ હતા. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે છટણીએ ઘણી IT કંપનીઓમાં હેડકાઉન્ટને અસર કરી છે, પરંતુ કર્મચારીઓના મનોબળ અને વિશ્વાસ પરની અસરથી કંપનીઓને સ્થિરતા પુનઃ સ્થાપિત કરવા માટે નોંધપાત્ર પગલાં લેવા માટે પ્રેરિત કરવામાં આવી છે. અહેવાલ મુજબ, સફળ કંપનીઓ પારદર્શિતા, સંદેશાવ્યવહાર અને વાજબી વળતર પ્રથાઓ લાગુ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. વિશ્વાસ પુનઃનિર્માણ અને કાર્યસ્થળની મજબૂત સંસ્કૃતિ જાળવવા પર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરીને આ સંસ્થાઓ પડકારોને વિકાસ અને નવીનતાની તકોમાં ફેરવી રહી છે. રિપોર્ટમાં એ પણ નોંધ્યું છે કે જનરેશન Z કામદારોમાં, ખાસ કરીને IT સેક્ટરમાં કર્મચારીઓની વ્યસ્તતામાં ત્રણ ટકાનો ઘટાડો થયો છે, જે હેતુ-સંચાલિત કામ અને સમુદાયની મજબૂત ભાવનાને પ્રાધાન્ય આપતા યુવા કર્મચારીઓ સાથે જોડાણમાં વધતા પડકારો દર્શાવે છે. અહેવાલ મુજબ, આ શિફ્ટ આ પેઢીની બદલાતી અપેક્ષાઓ પર ભાર મૂકે છે, જેઓ એવા કાર્યસ્થળની શોધ કરે છે જે માત્ર પગાર ચેક કરતાં વધુ ઓફર કરે છે.

# દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ પર પ્રવાહી ફેંકવાનો પ્રયાસ, આમ આદમી પાર્ટીનું ભાજપ ઉપર દોષારોપણ

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

દિલ્હીમાં ગ્રેટર કૈલાશ વિસ્તારમાં પદયાત્રા કરવા નીકળેલા આમ આદમી પાર્ટીના કન્વીનર અને પૂર્વ મુખ્યમંત્રી અરવિદ કેજરીવાલ પર એક શખ્સે પ્રવાહી ફેંકવાનો પ્રયાસ કર્યો હતો અને કેજરીવાલ પર હુમલો કરવાની કોશિશ કરી હતી. કેજરીવાલ પોતાના ટેકેદારો સાથે પદયાત્રા કરી રહ્યા હતા ત્યારે ટોળામાંથી અચાનક એક શખ્સ નજીક આવ્યો હતો અને હાથ મિલાવવાના બહાને તેની પાસેની બોટલ ખોલીને તેની પ્રવાહી કેજરીવાલ પર નાંખવાની કોશિશ કરી હતી. ત્યારે સ્થળ પર હાજર સલામતી રક્ષકોએ તુરંત જ તેને ઝડપી લીધો હતો. દિલ્હીના મુખ્યમંત્રી આતિશિએ આ ઘટના માટે ભાજપને જવાબદાર ગણાવ્યો હતો.

# J&K : ૪,૦૦૨ પોલીસ કોન્સ્ટેબલની જગ્યાઓ માટે ૫.૫ લાખથી વધુ ઉમેદવારો, આજે પરીક્ષા

**જમ્મુ-કાશ્મીરમાં ૧ ડિસેમ્બરથી ૫.૫૯ લાખથી વધુ ઉમેદવારો ૪,૦૦૨ પોલીસ કોન્સ્ટેબલની જગ્યાઓ માટે પરીક્ષા આપશે : જમ્મુ અને કાશ્મીરમાં ૪,૦૦૨ પોલીસ કોન્સ્ટેબલની જગ્યાઓ માટે એક વિશાળ ભરતી ઝુંબેશમાં ૫.૫૯ લાખથી વધુ નોકરી ઈચ્છુકો આ પરીક્ષા આપે તેવી અપેક્ષા છે : મીડિયાએ અહેવાલ આપ્યો છે કે પરીક્ષાની તારીખો નજીક આવી રહી હોવાથી અધિકારીઓએ તૈયારીઓ સઘન બનાવી દીધી છે**

(એજન્સી) તા.૩૦

પુરૂષ અને સ્ત્રી ગેઝેટેડ પોલીસ કર્મચારીઓને નિષ્પક્ષતા અને સમાનતા સુનિશ્ચિત કરવાના પ્રયાસરૂપે ફ્રિસ્કીંગ સુપરવાઈઝર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને પરીક્ષણો દરમિયાન વીડિયોગ્રાફીનો ઉપયોગ કરવામાં આવશે. વધુ વયના ઉમેદવારોના એક વર્ગે વયમાં છૂટછાટ અને પરીક્ષાની તારીખો મુલતવી રાખવાની માગણી કરતાં દેખાવો કર્યા હતા. જમ્મુ અને કાશ્મીરના સેવા પસંદગી ભરતી બોર્ડ (SSRB)ના અધ્યક્ષ ઈન્દુ કંવલ ચિબએ એક બેઠક દરમિયાન જણાવ્યું હતું કે, ‘કુલ ૫,૫૯,૧૩૫ ઉમેદવારો કોન્સ્ટેબલ (ગૃહ વિભાગ)ની ૪,૦૦૨ જગ્યાઓ માટે ૧ ડિસેમ્બર, ૮ ડિસેમ્બર અને ૨૨ ડિસેમ્બરે યોજાનારી પરીક્ષામાં બેસવાના છે,’ પરીક્ષણો માટે ડેપ્યુટી કમિશનરોની તૈયારીઓનું મૂલ્યાંકન કરવા માટે, J&Kના મુખ્ય સચિવ અટલ દુલ્લુએ પોલીસ અને સિવિલ એડમિનિસ્ટ્રેશન વિભાગોની બેઠક બોલાવી હતી. ચિબના જણાવ્યાં અનુસાર, કોન્સ્ટેબલ (એક્ઝિક્યુટિવ, સશસ્ત્ર અને SDRF)ની જગ્યાઓ માટેની પરીક્ષા ૧ ડિસેમ્બરે ૨૦ જિલ્લાઓમાં ૮૫૬ સ્થાનો પર લેવાશે. કુલ ૨,૬૨,૮૬૩ ઉમેદવારો પરીક્ષા આપે તેવી અપેક્ષા છે, જેમાં મહત્તમ ૫૪,૨૯૬ અરજદારો જમ્મુ વિસ્તારના છે.

SSRBના અધ્યક્ષના જણાવ્યાં અનુસાર, ૧,૬૭,૬૦૯ અરજદારો કોન્સ્ટેબલ (ટેલિકમ્યુનિકેશન) પદ માટે ૮ ડિસેમ્બરે પરીક્ષા આપશે અને ૧,૨૮,૬૬૩ કોન્સ્ટેબલ (ફોટોગ્રાફી) પદ માટે ૨૨ ડિસેમ્બરે પરીક્ષા આપવાના છે. J&K ચીફ સેક્રેટરીએ અધિકારીઓને એ સુનિશ્ચિત કરવા કહ્યું કે ક્યાંય નકલ કે ગેરરીતિનો કોઈ કિસ્સો ન બને અને જિલ્લામાં દરેક સુવિધા પર પૂરતી સંખ્યામાં સુરક્ષા રક્ષકો હોય. દુલ્લુએ તેમને સંવેદનશીલ અને બિન-સંવેદનશીલ બંને કેન્દ્રોને પરીક્ષા સામગ્રી સપ્લાય કરવાની યોજના વિશે પૂછ્યું. જ્યાં સુધી પોલીસ વિભાગ SSRB ને OMR શીટ્સ ન મોકલે ત્યાં સુધી તેમણે તેમને સમગ્ર પ્રક્રિયાની વ્યક્તિગત દેખરેખ રાખવાનો આદેશ આપ્યો. J&K પોલીસ પરીક્ષા વય મર્યાદાના વિરોધ માટે યુવાનોના વિરોધ પ્રદર્શનો

કોન્સ્ટેબલની જગ્યાઓ માટે અરજી કરવા માટે ‘ખૂબ વૃદ્ધ’ તરીકે ચિહ્નિત કરાયેલા કેટલાક યુવાનોએ સરકાર પર તેમને સમાન તકો ન આપવાનો આરોપ લગાવીને વિરોધ કર્યો અને સૂત્રોચ્ચાર કર્યા. સામાજિક કાર્યકર અને યુવા નેતા મેહરાન અંજુમ મીરે જણાવ્યું કે, ‘અમે પણ પોલીસમાં જોડાવા અને દેશની સેવા કરવા માંગતા હતા, પરંતુ વહીવટીતંત્રે વર્ષો સુધી પરીક્ષા ન યોજીને અમને આમ કરવાથી રોક્યા,’. તેમણે ઉમેર્યું, ‘અમે લેફ્ટનન્ટ ગવર્નર, રાજકીય પક્ષો અને ઉંમરમાં છૂટછાટ મેળવવા માંગતા અધિકારીઓ સમક્ષ પોતાનું પ્રતિનિધિત્વ કર્યું છે, પરંતુ અમારી તમામ અરજીઓને અવગણવામાં આવી હતી,’

કોન્સ્ટેબલ અને સબ-ઈન્સ્પેક્ટરની જગ્યાઓ માટે વય છૂટછાટ માટેના તેમના કોલને પુનરાવર્તિત કરતા, પ્રદર્શનકારીઓએ કોન્સ્ટેબલની પરીક્ષા મોકૂફ રાખવાની પણ હાકલ કરી જેથી તેઓ ભાગ લઈ શકે.

SSRB દ્વારા જમ્મુ અને કાશ્મીર પોલીસ વિભાગ માટે ૬૬૯ સબ-ઈન્સ્પેક્ટરોની ભરતી માટેની નોટિસ બહાર પાડવામાં આવી છે. સત્તાવાર સમયપત્રક જણાવે છે કે ભરતી માટેની અરજી પ્રક્રિયા ૩ ડિસેમ્બરે ખુલશે અને ૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સમાપ્ત થશે.

# અદાણી કેસ મુદ્દે ભારત : ખાનગી કંપનીઓ અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ સાથે સંકળાયેલી કાનૂની બાબત

## ‘અમને યુએસ તરફથી કોઈ વિનંતી મળી નથી’

(એજન્સી) તા.૩૦

યુએસ પ્રોસિક્યુટર્સે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને કેટલાક અન્ય લોકો પર લાંચ અને છેતરપિંડીનો આરોપ લગાવ્યાના દિવસો પછી ભારતે કહ્યું કે, તે ખાનગી કંપનીઓ અને ચોક્કસ વ્યક્તિઓ અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસને સંડોવતો કાનૂની મામલો છે. વિદેશ મંત્રાલય (MEA)ના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, ભારત સરકારને આ મુદ્દા વિશે અગાઉથી જાણ કરવામાં આવી ન હતી. તેમણે કહ્યું, “આ એક કાનૂની મામલો છે જેમાં ખાનગી કંપનીઓ અને વ્યક્તિઓ અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ સામેલ છે. આવા કેસોમાં સ્થાપિત પ્રક્રિયાઓ અને કાનૂની માર્ગો છે, જેનું અમે માનીએ છીએ કે તેનું પાલન કરવામાં આવશે.” જયસ્વાલ તેમની સાપ્તાહિક મીડિયા બ્રીફિંગ દરમિયાન અદાણી અને અન્યો સામે લગાવવામાં આવેલા આરોપો અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. અદાણી કેસમાં અમેરિકાએ સમન્સ કે વોરંટ બજાવ્યું છે કે કેમ તે અંગેના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે ભારતને આવી કોઈ વિનંતી મળી નથી. જયસ્વાલે જણાવ્યું હતું કે, “સમન્સ અથવા ધરપકડ વોરંટની સેવા માટે વિદેશી સરકાર દ્વારા કોઈપણ વિનંતી પરસ્પર કાનૂની સહાયનો ભાગ છે. આવી વિનંતીઓની યોગ્યતાના આધારે તપાસ કરવામાં આવે છે.” તેમણે કહ્યું, “અમને યુએસ તરફથી આ કેસ અંગે કોઈ વિનંતી મળી નથી.”

# જીડીપીના વૃદ્ધિદરમાં મોટો ઘટાડો, ૧૮ મહિનાના નીચલા સ્તર ૫.૪ ટકાએ પહોંચ્યો

(એજન્સી) તા.૩૦

દેશનો જીડીપી ગ્રોથ જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર (ઊર)માં ઘટીને ૫.૪ ટકા થઈ ગયો હતો, જે છેલ્લાં સાત ક્વાર્ટર (૨૧ મહિના)માં સૌથી ઓછો છે. મેન્યુફેક્ચરિંગ અને માઈનિંગ સેક્ટરમાં નબળી કામગીરી જોવાઈ હતી જેને કારણે ગ્રોથ પર અસર થઈ હતી. અગાઉ તેના કરતાં ઓછો ગ્રોથ ૪.૩ ટકા ૨૦૨૨-૨૩ના Q3માં નોંધાયો હતો. ગત વર્ષે આ ગાળામાં જીડીપી ગ્રોથ ૮.૧ ટકા હતો અને એપ્રિલ-જૂન ક્વાર્ટર (Q1)માં ગ્રોથ ૬.૭ ટકા હતો. જોકે આમ છતાં ભારતે સૌથી ઝડપી વૃદ્ધિ કરતા અર્થતંત્ર તરીકે તેનું સ્થાન જાળવ્યું હતું કારણ કે ચીનનો ગ્રોથ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૪.૬ ટકા હતો.

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)ના ડેટા અનુસાર મેન્યુફેક્ચરિંગમાં ગ્રોથ ૨.૨ ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં ૧૪.૩ ટકા હતો. માઈનિંગ એન્ડ ક્વોરિઈંગમાં ૦.૦૧ ટકા નેગેટિવ ગ્રોથ નોંધાયો હતો, જે ગત વર્ષે ૧૧.૧ ટકા પોઝિટિવ ગ્રોથ હતો. રિયલ એસ્ટેટ અને પ્રોફેશનલ સર્વિસીઝમાં ગ્રોથ ૬.૭ ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં ૬.૨ ટકા કરતાં વધારે છે. વીજળી, ગેસ, વોટર સપ્લાય અને અન્ય યુટિલિટી સર્વિસીઝમાં ગ્રોથ ૩.૩ ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ક્વાર્ટરમાં ૧૦.૫ ટકા હતો. કન્સ્ટ્રક્શન ક્ષેત્રે ૭.૭ ટકા ગ્રોથ નોંધાયો હતો, જે ગત વર્ષે આ ગાળામાં ૧૩.૬ ટકા હતો. કૃષિ ક્ષેત્રે ગ્રોસ વેલ્યૂ એડેડ (GVA) ગ્રોથ ૩.૫ ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં ૧.૭ ટકા હતો. સરકારનું કન્ઝમ્પશન વધીને ૪.૪ ટકા રહ્યું હતું, જેમાં Q1માં ૦.૨ ટકા નેગેટિવ ગ્રોથ જોવાયો હતો. એનએસઓએ કહ્યું હતું કે રિયલ જીડીપી Q2માં રૂા.૪૪.૧૦ લાખ કરોડનું થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં રૂા.૪૧.૮૬ લાખ કરોડ હતું. આમ તેમાં ૫.૪ ટકા ગ્રોથ જોવાયો હતો. નોમિનલ જીડીપી રૂા.૭૬.૬૦ લાખ કરોડ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં રૂા.૭૦.૯૦ લાખ કરોડ હતું. આમ નોમિનલ જીડીપી ગ્રોથ ૮ ટકા રહ્યો હતો. એપ્રિલથી સપ્ટેમ્બરના છ મહિનાના ગાળામાં રિયલ જીડીપી રૂા.૮૭.૭૪ લાખ કરોડ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં રૂા.૮૨.૭૭ લાખ કરોડ હતું. આમ આ ગાળામાં સરેરાશ જીડીપી ગ્રોથ ૬ ટકા રહ્યો હતો. નોમિનલ જીડીપી એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન રૂા.૧૫૩.૯૧ લાખ કરોડ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં રૂા.૧૫૧.૪૦ લાખ કરોડ હતું. આમ તેમાં ૮.૯ ટકા ગ્રોથ જોવાયો હતો. પ્રાઈવેટ ફાઈનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર (PFCE) ઘટીને ૬ ટકા થયો હતો, જે જૂન ક્વાર્ટરમાં ૭.૪ ટકા હતો. વળી, ૬ ટકાનો આ ગ્રોથ પણ માત્ર ૨ ટકાની નીચી બેઝ ઈફેક્ટને કારણે જોવાયો છે. PFCE ગ્રાહકો દ્વારા થતા ખર્ચનો સંકેત કરે છે. ચીફ ઈકોનોમિક એડવાઈઝર વી. અનંત નાગેશ્વરે કહ્યું હતું કે ૫.૪ ટકા જીડીપી ગ્રોથ એ ઘણો ઓછો છે અને તે નિરાશાજનક છે, પરંતુ તેમ છતાં આ ક્વાર્ટરમાં કૃષિ અને સંબંધિત પ્રવૃત્તિ તથા કન્સ્ટ્રક્શન ક્ષેત્રે સારી કામગીરી જોવાઈ છે. ઈકરાના ચીફ ઈકોનોમિસ્ટ અદિતિ નાયરે કહ્યું હતું કે જીડીપી ગ્રોથ અપેક્ષા કરતાં વધારે નીચે સરકી ગયો છે. અનેક સેક્ટરમાં નેગેટિવ આશ્ચર્ય સર્જાયા છે. મેન્યુફેક્ચરિંગ ગ્રોથ ખાસ્સો ઘટી ગયો છે અને માઈનિંગમાં પણ નેગેટિવ ગ્રોથ જોવાયો છે. સર્વિસીઝ સેક્ટરનો ગ્રોથ અપેક્ષા કરતાં ઓછો રહ્યો છે.

# CWC મીટિંગ : કોંગ્રેસે પેપર બેલેટથી ચૂંટણી કરવાની માંગ કરવાનું ટાળતા કહ્યું કે સમગ્ર મતદાન પ્રક્રિયાની અખંડિતતા જોખમમાં છે

## આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે પાર્ટી રાષ્ટ્રીય મુદ્દાઓ પર અને રાષ્ટ્રીય નેતાઓની મદદથી કેટલા સમય સુધી રાજ્યની ચૂંટણી લડશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

મહારાષ્ટ્ર અને હરિયાણામાં એક પછી એક ચૂંટણી પરાજયને કારણે કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)એ શુક્રવારે એક ઠરાવ પસાર કર્યો હતો જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા સાથે ગંભીર રીતે ચેડા કરવામાં આવી રહ્યા છે. ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVMs) સામે પક્ષના હોબાળા વચ્ચે તેઓએ પેપર બેલેટ દ્વારા ચૂંટણીનું આહ્વાન કરવાનું ટાળ્યું હતું. CWCની બેઠક, જે કોંગ્રેસની ટોચની નિર્ણય લેતી સંસ્થા છે, એ પછી પાર્ટીએ જાહેરાત કરી કે તે ભારતના ચૂંટણી પંચ (ECI)ની પક્ષપાતી કામગીરી સંબંધિત જાહેર ચિંતાઓ પર રાષ્ટ્રીય ચળવળ શરૂ કરશે. આ ઠરાવમાં નોંધ્યું હતું કે, CWC માને છે કે સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા સાથે ગંભીર રીતે ચેડા કરવામાં આવી રહ્યા છે. મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી એ એક બંધારણીય આદેશ છે અને ચૂંટણી પંચની પક્ષપાતી કામગીરી પર ગંભીર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે. સમાજના વધતા જતા વર્ગો નિરાશ અને ડરેલા છે. કોંગ્રેસ આ જાહેર ચિંતાઓને રાષ્ટ્રીય ચળવળ તરીકે ઉઠાવશે. પક્ષ દ્વારા આયોજિત બંધારણ દિવસના કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ આ અઠવાડિયાની શરૂઆતમાં મતપત્રો પર પાછા ફરવાની હાકલ કરી હતી અને કહ્યું હતું કે આ માંગ પૂરી કરવા માટે આંદોલન શરૂ કરવું જોઈએ. જો કે, CWC ઠરાવ, સંકેત આપે છે કે પક્ષના તમામ વર્ગો આવી માંગ સાથે સહમત નથી. આ બેઠકમાં હાજરી આપનારા બે નેતાઓએ જણાવ્યું હતું કે ઠરાવના લખાણમાં પેપર બેલેટના કોઈપણ ઉલ્લેખને છોડી દેવાનો નિર્ણય એ આ અંગે માર્ગ શોધવાના પક્ષના સતત પ્રયાસોનું પ્રતિબિંબ છે જે બધાને સ્વીકાર્ય હશે. EVM અમારી ચિંતાના એક પાસાને રજૂ કરે છે. મહારાષ્ટ્રના ડેટા દર્શાવે છે કે મતદાર યાદી તૈયાર કરવાના તબક્કાથી જ હેરાફેરી શરૂ થાય છે. જો પક્ષનું સંગઠનાત્મક તંત્ર સક્રિય હોય તો તેને અટકાવી શકાય છે. પેપર બેલેટના પ્રશ્ન પર કોઈ સર્વસંમતિ નથી. પી. ચિદમ્બરમે કહ્યું




છે કે તેઓ EVM મુદ્દે શંકાસ્પદ નથી. લગભગ પાંચ કલાક ચાલેલી બેઠકમાં ખડગેએ તેમની શરૂઆતની ટિપ્પણીમાં એવું પણ સૂચન કર્યું હતું કે, તાજેતરના ચૂંટણી પરિણામો પણ સૂચવે છે કે આપણે ઓછામાં ઓછા એક વર્ષ અગાઉથી રાજ્યોમાં અમારી ચૂંટણીની તૈયારીઓ શરૂ કરવી જોઈએ. અમારી ટીમોએ સમય પહેલા મેદાનમાં હાજર રહેવું જોઈએ. પ્રથમ કાર્ય મતદાર યાદીઓ તપાસવાનું હોવું જોઈએ જેથી કરીને અમારા સમર્થકોના મત દરેક કિંમતે આ યાદીમાં રહે. અમુક કઠોર નિર્ણયો લેવાની હાકલ કરતા, ખડગેએ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતૃત્વને પક્ષના નુકસાન માટે દોષી ઠેરવવાથી બચાવવાની પણ માંગ કરી અને કહ્યું કે ઝુંબેશ સ્થાનિક અને પ્રાદેશિક પરિબળોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવી જોઈએ. તમે ક્યાં સુધી રાષ્ટ્રીય મુદ્દાઓ પર અને રાષ્ટ્રીય નેતાઓની મદદથી ચૂંટણી લડશો ? મહારાષ્ટ્રમાં તેની હાર બાદ ઘણા નિરીક્ષકોએ ધ્યાન દોર્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં આલ્ભ આપનાર મુદ્દાઓ અને કથાઓ પર વધુ પડતી નિર્ભરતાને કારણે કોંગ્રેસને નુકસાન થઈ શકે છે. ખડગેએ કહ્યું કે લોકોનો અનુકૂળ મૂડ જીતની બાંયધરી આપતું નથી. શું કારણ છે કે આપણે લોકોના મૂડનો લાભ લઈ શકતા નથી ? આપણે મતદાર યાદી તૈયાર કરવાના તબક્કાથી લઈને મતગણતરી સુધી રાત-દિવસ સતર્ક અને સાવધ રહેવાનું છે. CWC ઠરાવના લખાણમાં EVMનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ ન હતો. પક્ષ દ્વારા હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં તેની હારનું પ્રાથમિક કારણ તરીકે તેને ઓળખવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રમાં પરાજિત થયા પછી પાર્ટીએ શાસક મહાયુતિ ગઠબંધનને હરાવવાની તેની અસમર્થતા પાછળ લક્ષિત મેનીપ્યુલેશનને જવાબદાર ઠેરવ્યું હતું. ૨૦૧૮માં પાર્ટીના ૮૨મા પૂર્ણ સત્રમાં કોંગ્રેસે એક રાજકીય ઠરાવ પસાર કર્યો હતો જેમાં કહ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે, ચૂંટણી પંચે પેપર બેલેટની જૂની પ્રથા પર પાછા ફરવું જોઈએ. આ વર્ષના લોકસભા ચૂંટણી ઢંઢેરામાં પાર્ટીએ કહ્યું હતું કે, અમે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ની કાર્યક્ષમતા અને બેલેટ પેપરની પારદર્શિતા માટે ચૂંટણી કાયદામાં સુધારો કરીશું. મતદાન EVM દ્વારા થશે પરંતુ મતદાર મશીન દ્વારા જનરેટ થયેલ વોટિંગ સ્લિપને વોટર-વેરીફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ (VVPAT) યુનિટમાં જમા થઈ શકશે અને ઈલેક્ટ્રોનિક વોટ ટેલી VVPAT સ્લિપ ટેલી સાથે મેળ ખાવી જોઈએ.

# 'પરિણામોમાં કોઈ વિસંગતતા નથી' : EC : મહારાષ્ટ્ર ચૂંટણી પરિણામો મુદ્દે ચૂંટણી પંચ ૩ ડિસેમ્બરે કોંગ્રેસના પ્રતિનિધિમંડળને મળશે

## ભારતના ચૂંટણી પંચે મહારાષ્ટ્ર ચૂંટણી પરિણામો અંગેની તેમની ફરિયાદો અંગે ચર્ચા કરવા માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રતિનિધિમંડળ સાથે ૩ ડિસેમ્બરે એક બેઠકનું આયોજન કર્યું છે

(એજન્સી) તા.૩૦

મહારાષ્ટ્ર ચૂંટણી પરિણામો અંગેની ચિંતાઓની સમીક્ષા કરવા માટે ECએ કોંગ્રેસના પ્રતિનિધિમંડળને આમંત્રણ આપ્યું છે. ભારતના ચૂંટણી પંચે ૩ ડિસેમ્બરે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC) પ્રતિનિધિમંડળને મહારાષ્ટ્ર ચૂંટણીના પરિણામો અંગે ઉઠાવેલી ફરિયાદને ધ્યાનમાં રાખીને આમંત્રણ આપ્યું હતું. જો કે, ચૂંટણી સંસ્થાએ પણ પુનરોચ્ચાર કર્યો હતો કે તેમાં કોઈ વિસંગતતા નથી. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસે શુક્રવારે ECને પત્ર લખ્યો હતો, જેમાં ચૂંટણી પહેલા મતદારોના નામ કથિત મનસ્વી રીતે કાઢી નાખવા અને ઉમેરવા અને મતદાનના દિવસે સાંજે ૫:૩૦થી ૧૧:૩૦ વાગ્યા સુધી મતદારોના મતદાનના આંકડામાં તીવ્ર વધારા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કોંગ્રેસ, શિવસેના (UBT) અને NCP (શરદપવાર)ની મહાવિકાસ અઘાડી મહારાષ્ટ્રની ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધન સામે હારી ગઈ હતી. કોંગ્રેસ ૧૬ બેઠકો જીતવામાં સફળ રહી, જ્યારે સેના (UBT)એ ૨૦ બેઠકો અને NCP (SP)એ ૧૦ બેઠકો જીતી છે. ECIએ જણાવ્યું હતું કે, ECIએ INCને તેના વચગાળાના પ્રતિભાવમાં દરેક તબક્કે ઉમેદવારો/તેમના એજન્ટોની સંડોવણી સાથે પારદર્શક પ્રક્રિયાની ખાતરી કરે છે. ECI એ



INCની તમામ કાયદેસર ચિંતાઓની સમીક્ષા અને તેમને રૂબરૂમાં સાંભળ્યા પછી લેખિત પ્રતિભાવની ખાતરી આપે છે. પંચે કહ્યું કે, કોંગ્રેસ પાર્ટી દ્વારા દાવો કરવામાં આવ્યો છે તેમ મતદાર મતદાનના ડેટામાં કોઈ વિસંગતતા નથી. મતદાર મતદાનના ડેટા અંગે INC દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાના જવાબમાં EC મતદાર મતદાનના ડેટામાં કોઈ વિસંગતતા ન હોવાનું જણાવે છે જે તમામ ઉમેદવારો મતદાન મથક મુજબ ઉપલબ્ધ છે અને તે ચકાસી શકાય છે. સાંજે ૫ વાગ્યાના મતદાન ડેટામાં ગેપ અંતિમ મતદાનને કારણે છે. પ્રક્રિયાગત પ્રાથમિકતાઓને લીધે પ્રિસાઈડિંગ અધિકારીઓ મતદાર મતદાનના ડેટાને અપડેટ કરતા પહેલા મતદાનની બહુવિધ વૈધાનિક ફરજો પૂર્ણ કરે છે.

**કોંગ્રેસે શું દાવો કર્યો ?**

ચૂંટણીમાં ગંભીર વિસંગતતાઓ અંગે શુક્રવારે કોંગ્રેસે ભારતના ચૂંટણી પંચને તાકીદનું મેમોરેન્ડમ સબમિટ કર્યા પછી ECએ આ પ્રતિક્રિયા આપી છે. પાર્ટીએ મતદાન-સંચાલન સંસ્થાને તેના તમામ મુદ્દાઓને વિગતવાર રજૂ કરવા માટે તાકીદમાં વ્યક્તિગત સુનાવણી માટે સમય આપવા વિનંતી કરી હતી. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયાના દિવસે કોંગ્રેસે સંભવિત ગેરરીતિનો પણ આક્ષેપ કર્યો હતો, જેમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી (ભાજપની આગેવાનીવાળી) મહાયુતિએ ત્રણ-ચતુર્થાંશ બહુમતી મેળવી હતી. કોંગ્રેસનાં નેતાઓએ દાવો કર્યો હતો કે ચૂંટણીઓ પહેલા મતદાર યાદીમાંથી મોટી સંખ્યામાં મતદારોને મનસ્વી રીતે કાઢી નાખવામાં આવ્યા હતા, જ્યારે દરેક મતવિસ્તારમાં આશરે ૧૦,૦૦૦ મતદારોસમાન રીતે ઉમેરવામાં આવ્યા હતા. આ અનિયંત્રિત અને મનસ્વી રીતે નામ કાઢી નાખવાની આ કવાયત અને મતદારોને દાખલ કરવા સાથે, મહારાષ્ટ્ર રાજ્યમાં જુલાઈ ૨૦૨૪-નવેમ્બર ૨૦૨૪ની વચ્ચે મતદાર યાદીમાં ઉમેરવામાં આવતા અંદાજિત ૪૭ લાખ મતદારોમાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. નેતાઓએ લખ્યું કે, ૫૦ વિધાનસભા મતવિસ્તારોમાંથી જ્યાં સરેરાશ ૫૦,૦૦૦ મતદારોનો વધારો થયો હતો, ત્યાં શાસક અને તેના સહયોગીઓએ ૪૭ મતવિસ્તારો પર વિજય મેળવ્યો હતો અને આ મુદ્દો ઓક્ટોબર, ૨૦૨૪માં ECI સમક્ષ ઉઠાવવામાં આવ્યો હતો પરંતુ સંસ્થા સહયોગી પગલાં લેવામાં નિષ્ફળ ગઈ છે.

# મહારાષ્ટ્ર : નાના પટોલેએ મતદાતાઓના મતદાનમાં અસંદિગ્ધ વધારા અંગે ECIને પ્રશ્ન કર્યો

## ૨૦ નવેમ્બરના રોજ સાંજે ૫ વાગ્યે ૫૮.૨૨ ટકા મતદાન નોંધાયું હતું, જે ૧૧.૩૦ વાગ્યા સુધીમાં અકલ્પનીય રીતે વધીને ૬૬.૦૫ ટકા થયું હતું : મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ નાના પટોલે

(એજન્સી) તા.૩૦

મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલે ભારતના ચૂંટણી પંચ (ECI)ની પારદર્શિતા અને કામગીરી અંગે ચિંતા વ્યક્ત કરી છે. અનેક વિપક્ષી નેતાઓએ ખાસ કરીને તાજેતરની ચૂંટણીમાં ECIની નિષ્પક્ષતા પર વધુ સવાલ ઉઠાવ્યા છે. ECIને લખેલા પત્રમાં પટોલેએ તાજેતરની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી દરમિયાન મતદારોના મતદાનના આંકડાઓમાં સ્પષ્ટ વિસંગતતા દર્શાવી હતી અને ચૂંટણી સંસ્થા પાસેથી સ્પષ્ટતાની માંગ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે ૨૦ નવેમ્બરના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે ૫૮.૨૨ ટકા મતદાન નોંધાયું હતું, જે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ના ડેટાના આધારે હતું અને રાત્રે ૧૧.૩૦ વાગ્યા સુધીમાં તે ૬૬.૦૫ ટકા નોંધાયું હતું. આ ચૂંટણી પંચની વિશ્વસનીયતા અને અખંડિતતા વિશે લોકશાહી પ્રક્રિયામાં ખામી દર્શાવે છે. પટોલેએ ECI પાસેથી વિગતવાર સ્પષ્ટતાની માગણી કરતા મતદાન મથકો પરથી ફોટોગ્રાફિક પુરાવાઓ બહાર પાડવા વિનંતી કરી જ્યાં કથિત રીતે મોડી રાત સુધી મતદાન ચાલુ હતું. તેમણે એ પણ વચન આપ્યું હતું કે કોંગ્રેસ લોકશાહીની રક્ષા માટે કાયદાકીય સહારો લેશે અને લોકમત એકત્ર કરશે. મહારાષ્ટ્રના નિરીક્ષકો કહે છે કે કોંગ્રેસ ચૂંટણીની પારદર્શિતા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે, પાર્ટીનો હેતુ ભારતના લોકશાહી માળખાની પવિત્રતા સુનિશ્ચિત કરવા માટે જાહેર સમર્થન અને સંસ્થાઓને જવાબદાર



રાખવાનો છે. આ મુદ્દો કોણ જીત્યું કે કોણ હાર્યું તેના વિશે નથી; તે લોકશાહીના રક્ષણ વિશે છે, તેમણે ચૂંટણીની અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે કોંગ્રેસની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. ૨૩ નવેમ્બરના રોજ જાહેર કરાયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનને ૨૮૮ સભ્યોના ગૃહમાં ૨૩૦ બેઠકો પર કબજે કરીને જબરદસ્ત વિજય મેળવ્યો હતો. ભાજપ ૧૩૨ બેઠકો સાથે ગઠબંધનના સૌથી મોટા ઘટક તરીકે ઉભરી આવ્યો. તેના સાથી પક્ષો, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિતપવારની NCPએ અનુક્રમે ૫૭ અને ૪૧ બેઠકો જીતી હતી. તેનાથી વિપરીત કોંગ્રેસની આગેવાની હેઠળની મહાવિકાસ અઘાડી (MVA)ને મોટો ફટકો પડ્યો છે. કોંગ્રેસ માત્ર ૧૬ બેઠકો જીતવામાં સફળ રહી, જે રાજ્યમાં તેનું સૌથી ખરાબ પ્રદર્શન છે. શરદપવારની એનસીપી (એસપી)એ માત્ર ૧૦ બેઠકો મેળવી હતી, જ્યારે ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) ૨૦ બેઠકો જીતી હતી. પટોલેએ ભંડારા જિલ્લામાં ભાજપના ઉમેદવાર અવિનાશ બ્રાહ્મણકરને ૨૦૮ મતોના માર્જિનથી હરાવ્યા હતા. ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા અંગે પટોલે દ્વારા ઉઠાવવામાં આવેલી ટીકાના જવાબમાં, ECIએ નિશ્ચિતપણે જણાવ્યું છે કે મહારાષ્ટ્રમાં ચૂંટણી દરમિયાન અનુસરવામાં આવતી તમામ ચૂંટણી પ્રક્રિયાઓ પારદર્શક અને સ્થાપિત ધોરણોને અનુરૂપ હતી. ECIએ જણાવ્યું હતું કે તેણે ચૂંટણી પ્રક્રિયાની પ્રામાણિકતા અને નિષ્પક્ષતા જાળવી રાખી છે અને પ્રક્રિયાગત વિસંગતતાઓને લગતા કોઈપણ આક્ષેપોની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે. પક્ષને તેના વચગાળાના પ્રતિભાવમાં ચૂંટણી સત્તાવાળાએ કોંગ્રેસના પ્રતિનિધિ મંડળને ૩ ડિસેમ્બરે તેના દ્વારા વ્યક્ત કરેલી ચિંતાઓની ચર્ચા કરવા આમંત્રણ આપ્યું હતું. કમિશને કોંગ્રેસની કાયદેસરની ચિંતાઓની સમીક્ષા અને પક્ષના પ્રતિનિધિમંડળને આ અનિયંત્રિત અને મનસ્વી રીતે નામ કાઢી નાખવાની આ કવાયત અને મતદારોને દાખલ કરવા સાથે, મહારાષ્ટ્ર રાજ્યમાં જુલાઈ ૨૦૨૪-નવેમ્બર ૨૦૨૪ની વચ્ચે મતદાર યાદીમાં ઉમેરવામાં આવતા અંદાજિત ૪૭ લાખ મતદારોમાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. નેતાઓએ લખ્યું કે, ૫૦ વિધાનસભા મતવિસ્તારોમાંથી જ્યાં સરેરાશ ૫૦,૦૦૦ મતદારોનો વધારો થયો હતો, ત્યાં શાસક અને તેના સહયોગીઓએ ૪૭ મતવિસ્તારો પર વિજય મેળવ્યો હતો અને આ મુદ્દો ઓક્ટોબર, ૨૦૨૪માં ECI સમક્ષ ઉઠાવવામાં આવ્યો હતો પરંતુ સંસ્થા સહયોગી પગલાં લેવામાં નિષ્ફળ ગઈ છે.

# હેપી હેન્ડલૂમ : પ્રિયંકા ગાંધી સંસદમાં કેરળની કસવુ સાડી પહેરીને આવ્યા; માસ્ટર વણકર તેણીની આ પસંદગીમાં ઉદ્યોગ માટે આશા જોઈ રહ્યા છે

## વાયનાડના નવા ચૂંટાયેલા સાંસદ રાષ્ટ્રીય પ્રેક્ષકો સમક્ષ કેરળની સંસ્કૃતિને પ્રકાશિત કરી રહ્યા હતા અને સાથે સાથે તેના મતવિસ્તારના લોકો સાથે જોડાઈ રહ્યા હતા

(એજન્સી) તા.૩૦

કેરળની કસાવુ સાડી પહેરેલી પ્રિયંકા ગાંધી વાડ્રા તેના શપથ ગ્રહણ માટે ગુરૂવારે નવી દિલ્હીમાં નવી સંસદ ભવન ખાતે પોતાની કારમાંથી ઉતરી હતી. વાયનાડના નવા ચૂંટાયેલા સાંસદ રાષ્ટ્રીય પ્રેક્ષકો સમક્ષ કેરળની સંસ્કૃતિને પ્રકાશિત કરી રહી હતી અને તે જ સમયે તેના મતવિસ્તારના લોકો સાથે જોડાઈ રહી હતી. તિરૂવનંતપુરમના નેયતિંકારાના હેન્ડલૂમ કાપડના માસ્ટર વણકર પદ્મનાભન ગોપીનાથને જણાવ્યું હતું કે, પ્રિયંકાની કસવુની પસંદગી – જેમાં તેણીએ સોનેરી ઝરી બોર્ડરવાળી સફેદ સાડી પહેરી હતી – તે કેરળના પરંપરાગત હેન્ડલૂમ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે હતું. પ્રિયંકાએ લોકસભામાં પ્રવેશ કર્યો, ત્યારે કેરળના ઘણા કોંગ્રેસી સાંસદો જેમ કે હિબી એડન અને એન્ટો એન્ટોની તેની સાડીથી ખૂબ પ્રભાવિત જોવા મળ્યા હતા. ગાંધી પરિવારે તેમના દાદી, ઈન્દિરા ગાંધી અને માતા સોનિયા ગાંધીને ઘણી વખત કેરળ સાડી પહેરતા જોયા છે. કોંગ્રેસના વરિષ્ઠ રાજકારણી રમેશ ચેન્નીથલા, જેમણે ઈન્દિરા અને સોનિયાને ઘણી વખત કસાવુ સાડીઓ ભેટમાં આપી હતી, તેમણે જણાવ્યું હતું કે તે આશ્ચર્યજનક નથી કે કેરળની એકમાત્ર મહિલા કોંગ્રેસ સાંસદે રાજ્ય સાથેના તેના જોડાણને રેખાંકિત કરીને, કસવુ સાડી પહેરવાનો નિર્ણય લીધો હતો. ઈન્દિરા ગાંધીને લોકો સાથે જોડાવા માટે પરંપરાગત સાડીઓનો ઉપયોગ કરવાની આવડત હતી. હવે પ્રિયંકાએ લોકસભામાં તેના પ્રથમ સાહસ સમયે એવું જ કર્યું છે.

૭૯ વર્ષીય ગોપીનાથને કેરળના પરંપરાગત હેન્ડલૂમ ઉદ્યોગને પુનર્જીવિત કરવા માટે લગભગ તેમનું આખું જીવન કામ કર્યું છે, તેઓ પ્રિયંકાના



વ્યંગાત્મક હાવભાવ વિશે જાણ્યા પછીથી ગર્વ સાથે ખુશ છે. ગોપીનાથન માત્ર ૧૦ વર્ષના હતા જ્યારે તેઓ તેમના પિતા સ્વર્ગસ્થ પદ્મનાભન માસ્ટરને મદદ કરવા માટે હેન્ડલૂમ સેક્ટરમાં જોડાયા હતા, જેઓ લૂમમાં નોકરી કરતા હતા. અડધી સદી બાદ ૨૦૦૭માં તેમને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે, તેમની આ કામગીરી સરળ ન હતી. તેણે અનેક અવરોધો સામે લડવું પડ્યુંઃ પાવર લૂમનો પ્રવેશ, હલકી ગુણવત્તાવાળા પાવુ (સ્ટાર્ચ્ડ કોટન થ્રેડ), બોગસ સહકારી મંડળીઓ વગેરે. તેમણે કહ્યું કે, પ્રિયંકાનો આભાર, તેમના આ કાર્યથી કેરળના હેન્ડલૂમ ક્ષેત્રને વેગ મળશે. એક સમયે મારી સોસાયટીમાં ૧,૦૦૦થી વધુ વણકરો હતા, તે ઘટીને ૨૦૦ મહિલા વણકરો અને અન્ય ૩૦ પુરૂષો થઈ ગયા છે જે મારી ૧૦-એકર જમીનમાં નેયતિંકારા નજીક પુવાથુર ખાતે પાવુ બનાવે છે.

ગોપીનાથને જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે વણકર માટે લઘુત્તમ વેતન (કેરળમાં રૂા.૭૦૦) સમગ્ર દેશમાં એકસમાન બનાવવું જોઈએ. હાલમાં, ઘણા રાજ્યો લઘુત્તમ વેતન તરીકે પ્રતિ દિવસ માત્ર રૂા.૧૫૦ ચૂકવે છે, અને વણકરનું વચેટિયાઓ શોષણ કરે છે.

કેરળ સરકારે ગોપીનાથનને ત્રીજો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, પદ્મ ભૂષણ આપવા માટે કેન્દ્રને પ્રસ્તાવ મૂક્યો છે. તાજેતરમાં, રાજ્ય સરકારની મદદથી ગોપીનાથને તિરૂવનંતપુરમના અટ્ટાકુલંગારા ખાતે હાથશાળની દુકાન, થેંકકાસાવુકડા (સોનેરી ઝરીની દુકાન) શરૂ કરી છે. પરંતુ તે નિરાશાના સ્વરમાં કહે છે કે ઘણા ગ્રાહકો તેની પાસે ઝરી-બોર્ડર સાડીની સસ્તી વેરાયટીની માંગણી કરવા આવે છે. પોપ જ્હોન પોલ II દ્વારા ૧૯૮૬ની કેરળ મુલાકાત માટે ગોપીનાથને ખાસ કસવુ શાલ વણાવી હતી જે હવે રોમના વેટિકન મ્યુઝિયમમાં પ્રદર્શનમાં છે. તેમણે કહ્યું કે તિરુવનંતપુરમના કોવડિયાર પેલેસના ભૂતપૂર્વ ત્રાવણકોર રાજવી પરિવારના છેલ્લા રાજા ચિથિરા થિરુનલ બલરામ વર્માના સમયથી, ઝરી ગુજરાતમાંથી લાવવામાં આવતી હતી અને આ પ્રથા હજુ પણ ચાલુ છે. સુરતના મુખ્ય વણકરો અધિકૃત ઝરી કામગીરીમાં નિષ્ણાત છે કારણ કે ત્યાંની હવામાં મીઠાનો અભાવ છે, તિરુવનંતપુરમમાં છે તેનાથી વિપરીત. આ રીતે ઝરી સદીઓ સુધી નવી રહે છે. હું ખાતરી આપી શકું છું કે પોપને ભેટમાં આપેલી કસાવુ શાલ ઘણી સદીઓ સુધી નવી દેખાશે. જ્યારે પ્રિયંકા જેવા નેતાઓ કેરળની હેન્ડલૂમ સાડીની પ્રશંસા કરે છે, ત્યારે તેને ચોક્કસપણે પ્રોત્સાહન મળે છે.

# એક વખતે શાળામાં નાપાસ થયેલી મહિલાએ અખિલ ભારતીય ક્રમાંક ૨ સાથે પ્રથમ પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

UPSC સિવિલ સર્વિસ પરીક્ષા એ ભારતમાં સૌથી પ્રતિષ્ઠિત અને પડકારજનક પરીક્ષાઓમાંની એક છે. દર વર્ષે, દેશભરમાં અસંખ્ય ઉમેદવારો IAS અધિકારી બનવાના તેમના સ્વપ્નને સાકાર કરવા માટે પોતાની જાતને સમર્પિત કરે છે. જો કે, આ અત્યંત સ્પર્ધાત્મક પરીક્ષામાં માત્ર થોડાં જ લોકો સફળ થાય છે. આ સિદ્ધિઓ મેળવનાર માંથી એક IAS અધિકારી રૂકમણી રિયાર છે, જેની નોંધપાત્ર સફર સાબિત કરે છે કે નિશ્ચય સાથે કેવી રીતે વિજય મેળવી શકાય છે. રૂકમણીની શૈક્ષણિક સફરની શરૂઆત ખૂબ જ સંઘર્ષ ભરી હતી, તે છઠ્ઠા ધોરણમાં નાપાસ થઈ હતી. તેમ છતાં, તેણે આ આઘાતને તેના ભાવિને વ્યાખ્યાયિત થવા ન દીધી. ગુરદાસપુરમાં પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તે વર્ગ ૪માં ડેલહાઉસીમાં સેક્રેડ હાર્ટ સ્કૂલમાં ભણી. પછી, તેણે સામાજિક વિજ્ઞાનમાં ઉચ્ચ અભ્યાસ કર્યો, ગુરૂ નાનક દેવ યુનિવર્સિટી,



અમૃતસરમાંથી તેની અનુસ્નાતક ડિગ્રી મેળવી, ત્યારબાદ પ્રતિષ્ઠિત તાતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ (TISS), મુંબઈ યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી મેળવી. TISSમાં તેનો સમય અને ત્યારબાદ મૈસુરમાં અશોદય અને મુંબઈમાં અન્નપૂર્ણા મહિલા મંડળ જેવી સંસ્થાઓ સાથેની ઈન્ટર્નશિપે તેની આકાંક્ષાઓને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ અનુભવોએ તેને જાહેર સેવાની ઊંડી અસરનો પરિચય કરાવ્યો અને તેને UPSC પરીક્ષાની તૈયારી કરવા પ્રેરણા આપી. ૨૦૧૧માં, રૂકમણીની મહેનતનું ફળ મળ્યું જયારે તેણે તેના પ્રથમ પ્રયાસમાં પ્રભાવશાળી અખિલ ભારતીય ક્રમાંક ૨ મેળવ્યો. તેની સિદ્ધિને વધુ અસાધારણ બનાવનાર છે કે તેણી કોચિંગ ક્લાસના લોકપ્રિય માર્ગને છોડીને સંપૂર્ણ રીતે સ્વ-અભ્યાસ પર નિર્ભર હતી. તેની તૈયારીની વ્યૂહરચનામાં અખબારો અને સામયિકોના નિયમિત અપડેટ્સ સાથે NCERT પાઠ્યપુસ્તકો (વર્ગ ૬ થી ૧૨ સુધી)નું સંપૂર્ણ વાંચન શામેલ છે. રૂકમણી રિયારની એક નબળી વિદ્યાર્થીથી IAS અધિકારી સુધીની સફર દઢતા અને આત્મવિશ્વાસના પ્રમાણપત્ર તરીકે ઉભી છે, જે અસંખ્ય UPSC ઉમેદવારોને તમામ અવરોધો સામે તેમના સ્વપ્નોનો પીછો કરવા પ્રેરણા આપે છે.

# માત્ર બે સિલાઈ મશીનથી ડિઝાઈનિંગ કારકિર્દીની શરૂઆત કરનાર મહિલા હવે ૧૦૦ કરોડ રૂપિયાનો વ્યવસાય કરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

ભારતના ફેશન ઉદ્યોગના શિખર પર અનીતા ડોંગરેનો ઉદય એ દૃષ્ટિ, દઢતા અને અતૂટ નિશ્ચયની વાર્તા છે. માત્ર બે સીવણ મશીનોની સાધારણ શરૂઆતથી, તેણે કરોડો રૂપિયાનું સામ્રાજ્ય બનાવ્યું જેણે ભારતીય ફેશનને ફરીથી વ્યાખ્યાયિત કરી અને તેને દેશના સૌથી ધનિક અને સૌથી પ્રખ્યાત ડિઝાઈનરોમાં સ્થાન અપાવ્યું. પોતાના બાળકો માટે કપડાં સિલાઈ કરતી માતાથી જન્મેલી, અનિતા કામ પર સર્જનાત્મકતા અને કોઠાસૂઝ જોઈને મોટી થઈ. આ પ્રારંભિક અનુભવથી તેને ડિઝાઈન કળામાં રસ જાગ્યો અને પાછળથી તેની મહત્વાકાંક્ષાને આકાર આપ્યો. કામ કરતી મહિલાઓને અનુરૂપ સસ્તું, સ્ટાઈલિશ કપડાં માટેના બજારમાં તફાવત જોવા મળતાં, તેણે બાબતોને પોતાના હાથમાં લેવાનું નક્કી કર્યું. તેના પિતા અને બહેન પાસેથી નાની લોન લઈને અનિતાએ ૧૯૯૫માં તેની ઉદ્યોગસાહસિક યાત્રા શરૂ



કરી. એક સાધારણ એપાર્ટમેન્ટમાંથી સંચાલન કરીને, તેણે મહિલાઓ માટે પશ્ચિમી વસ્ત્રો તૈયાર કર્યા. મોલ્સ અને સ્થાપિત બ્રાન્ડ્સ તરફથી અસંખ્ય અસ્વીકાર હોવા છતાં, અનિતાને પોતાની દૃષ્ટિકોણમાં વિશ્વાસ અડગ રહ્યો. પોતાનો રસ્તો બનાવવાનો નિર્ધાર કરીને, તેણે તેનું પ્રથમ લેબલ, AND લોન્ચ કર્યું, જેણે ફેશનની દુનિયામાં તેની શરૂઆત તરીકે ચિહ્નિત કર્યું. નાના એન્ટરપ્રાઈઝ તરીકે જે શરૂ થયું તે અનિતા ડોંગરેના પ્રખ્યાત હાઉસમાં વિકસિત થયું, જે હવે ભવ્યતા અને નવીનતાનો પર્યાય બની ગયું છે. તેના પોર્ટફોલિયોમાં ગ્લોબલ દેસી, અનીતા ડોંગરે બ્રાઈડલ કોચર, ગ્રાસરૂટ અને પિંક સિટી જેવા લેબલોનો સમાવેશ થાય છે, જે બોહેમિયન ચીકથી લઈને ઈકો-કોન્શિયસ લક્ઝરી સુધીની વિવિધ ફેશન જરૂરિયાતોને પૂરી કરે છે. આજે, સમગ્ર ભારતમાં ૨૭૦થી વધુ સ્ટોર્સ અને ૨૦૨૩ સુધીમાં ૧,૦૦૦ કરોડ રૂપિયાને વટાવી ગયેલી આવક સાથે, અનિતા ડોંગરે ઉદ્યોગમાં અગ્રણી સ્થાન પર ઉભી છે. ફોર્બ્સ દ્વારા ભારતની સૌથી ધનાઢ્ય મહિલા ફેશન ડિઝાઈનર તરીકે ઓળખાતી, તેની કુલ સંપત્તિ ૧ કરોડ ડોલર (અંદાજે ૮૩.૨૧ કરોડ રૂપિયા) હોવાનો અંદાજ છે. ડોંગરેની યાત્રા સ્થિતિસ્થાપકતા, જુસ્સો અને પરંપરાગત સીમાઓ દ્વારા મર્યાદિત રહેવાના ઈનકારની શક્તિનું ઉદાહરણ આપે છે. ગત દિવાળીએ તેણે દિવાળી બાર્બી એડિશન ડિઝાઈન કરી હતી.

### સોનાની ચેઈન પહેરવાના બહાને પડાવી લીધી

# સુરત : લગ્નની લાલચ આપી યુવકે મહિલા સાથે શારીરિક સંબંધ બાંધ્યા

## મહિલાએ તપાસ કરતા માલૂમ પડ્યું કે, યુવકની પહેલેથી સગાઈ થયેલી છે

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩૦

ઉમરા પોલીસ મથક વિસ્તારમાં રહેતી પરિણીતા લક્ઝરી બસમાં અવરજવર કરતી હતી. આ દરમિયાન શહેરના પુણાગામ વિસ્તારમાં રહેતા યુવકના સંપર્કમાં આવી હતી. શરૂઆતમાં મોબાઈલની નંબરની આપ-લે થયા બાદ યુવકે કોઈને કોઈ કારણોસર મહિલા સાથે વાતચીત કરી સંપર્ક રહેવાની કોશિશ કરી હતી. મહિલા સાથે મિત્રતા કર્યા બાદ લગ્નની લાલચ આપી અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. ત્યારબાદ મહિલાની સોનાની ચેઈન પણ પહેરવાના બહાને લઈ લીધા બાદ પરત નહીં આપી છેતરપિંડી કરી હતી. બાદમાં લગ્ન કરવાની યુવકે ના પાડી દેતા ભોગ બનનાર મહિલાએ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ઉમરા વિસ્તારમાં રહેતી ૪૦ વર્ષીય મહિલા લક્ઝરી બસમાં કામ અર્થે જતી હતી. આ દરમિયાન સુરતના પુણાગામ વિસ્તારમાં હરિધામ સોસાયટીમાં રહેતો ૩૦ વર્ષીય કેતન રણછોડભાઈ કાતરીયા તેના સંપર્કમાં આવ્યો હતો. જ્યાં કેતનએ ચાલુ બસમાં જ મોબાઈલ નંબરની આપ લે કરી હતી અને ત્યારબાદ મહિલાના સ્ટેટસ જોતો હતો જેમાં તે બ્યુટી પાર્લરનું કામ કરતી હોવાનું જાણ થતા કેતને પોતાની બહેનને બ્યુટી પાર્લરમાં તૈયાર કરવાની છે તેમ કહીને મહિલા સાથે વધુ સંપર્કમાં રહેવાની કોશિશ કરી હતી. ત્યારબાદ અવારનવાર મહિલાને મેસેજ કરી તેની સાથે મિત્રતા કરી હતી. આ દરમિયાન મહિલા શિરડી જતી હોવાથી કેતને પણ તેની સાથે જવાની જીદ પકડી હતી. જેથી મહિલા કેતનને પોતાની સાથે લઈ ગઈ હતી. જ્યાં ઈમોશનલ વાતો કર્યા બાદ કેતને મહિલા સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. જે તે સમયે પણ મહિલાએ આ સંબંધને વધારે આગળ લઈ જવા માટે ના પાડી હતી પરંતુ તેમ છતાં કે કેતને લગ્ન કરવાની લાલચ આપી સુરત આવ્યા બાદ અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ દરમિયાન કેતને પોતાના પારિવારિક પ્રસંગમાં પરણીતા મહિલાની સોનાની ચેઈન પહેરવા માટે લીધી હતી. પરંતુ આ ચેઈન પણ પરત આપી ન હતી. એટલું જ નહીં પરંતુ બાદમાં મહિલાએ લગ્ન કરવા માટે જણાવતા કેતને લગ્ન કરવામાં આનાકાની કરી સમય પસાર કર્યો હતો. જેથી મહિલાએ તપાસ કરતા માલુમ પડ્યું હતું કે કેતનની પહેલેથી જ સગાઈ થઈ ગઈ છે અને થોડા સમય બાદ લગ્ન પણ થવાના છે. જેથી આખરે ભોગ બનનાર મહિલાએ ઉમરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કેતન કાતરીયા સામે બળાત્કારનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કોડીનારના વૃદ્ધ પગપાળા હજયાત્રાએ જતાં તેમનો સન્માન સમારોહ યોજાયો

## ‘૬૧ વર્ષીય મહમદઅલી બાપુ આજે રવિવારે સાંજે કોડીનારથી મક્કા પગપાળા હજયાત્રાએ જવા રવાના થશે’, ‘કોડીનાર હિન્દુ-મુસ્લિમ સમાજના લોકો પેદળ હજયાત્રીને બાયપાસ સુધી ચાલી વિદાય આપશે’

કોડીનાર, તા.૩૦

કોડીનારના ૬૧ વર્ષીય વૃદ્ધ અને જવાનોને શરમાવે તેવી સ્ફુર્તિ અને આત્મવિશ્વાસ ધરાવતા મહમદઅલી બાપુ રફાઈ ઉર્ફે દયાવાન બાપુ કોડીનારથી આજે રવિવારે સાંજે પગપાળા સાઉદી અરબ મક્કા હજયાત્રાએ જતા હોય તેમને પ્રોત્સાહિત કરવા માટે તેમના સન્માન સમારોહનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકી, ગુજરાત લઘુમતી મોરચાના પ્રમુખ અને ગુજરાત વકફ બોર્ડના સભ્ય જીશાનભાઈ નકવી, સૈયદ મોઈન બાપુ કાદરી, ઈબ્રાહિમભાઈ પીરાણી,



(તસવીર : અલ્તાફ મુગલ, કોડીનાર)

અફઝલભાઈ કચ્છી, અવેશ હારૂનભાઈ હાલાઈ, વગેરે અગ્રણીઓએ મહમદઅલી બાપુને ફુલહાર કરી શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. મહમદઅલી બાપુ આજે સાંજે પગપાળા કોડીનારથી મક્કા હજયાત્રાએ જવા રવાના થશે ત્યારે કોડીનાર હિન્દૂ મુસ્લિમ સમાજના અનેક લોકો બાયપાસ સુધી તેમની સાથે પગપાળા યાત્રામાં જોડાઈ તેમને પ્રોત્સાહિત કરી વિદાય આપશે. મહમદઅલી બાપુ કોડીનારથી નવી દિલ્લી પાકિસ્તાન એમ્બેસીમાંથી વિઝા લઈ પાકિસ્તાન, ઈરાન, ઈરાક વગેરે દેશો માંથી પસાર થઈ અંદાજીત ૧૬ મહિના સતત ચાલીને ૨૦૨૬માં મક્કા ખાતે હજ યાત્રામાં ભાગ લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, મહમદઅલી બાપુ અગાઉ કોડીનારથી અજમેર શરીફ સહિત અનેક ધાર્મિક સ્થળોની પગપાળા યાત્રા કરી ચુક્યા હોય હવે તેઓ આ ઉંમરે પણ જવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિ અને મક્કમ નિર્ધાર અને અડગ આત્મ વિશ્વાસ સાથે પેદલ હજયાત્રા એ જતા હોય તેમની યાત્રા સુખમય અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તેવી શુભેચ્છાઓ કોડીનાર હિન્દૂ મુસ્લિમ સમાજના અગ્રણીઓએ આપી હતી.

### જે.બી. કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ લિમિટેડના સહયોગથી

# રૂા.૩૦ લાખના ખર્ચે ભરૂચના કસક સર્કલનું નવીનીકરણ કરી જે.બી. ફાર્મા ફુવારાનું નિર્માણ કરાયું

ભરૂચ, તા.૩૦

ભરૂચ શહેરના મુખ્ય રસ્તાઓમાં વાહન વ્યવહારને નિયંત્રિત કરવા માટે સર્કલો બનાવવામાં આવ્યા હતા. જોકે, કેટલાક સર્કલ જર્જરિત હાલતમાં થઈ જવા પામ્યા હતા. જેના નવીનીકરણ માટેની જરૂરિયાત ઉભી થઈ હતી. તેવામાં નગરપાલિકા દ્વારા ગત સામાન્ય સભાની બેઠકમાં ભરૂચ શહેરના પાંચબત્તી રેલવે સ્ટેશન અને કસક સર્કલના નવીનીકરણ બાબતે ઠરાવ પસાર કરાયો હતો. જેમાં પ્રથમ પાંચબત્તી અને કસક સર્કલનું



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

નવીનીકરણ કરવામાં આવશે, તે અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારે જે.બી. કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ લિમિટેડ-પાનોલીના સહયોગથી રૂા.૩૦ લાખના ખર્ચે ભરૂચના કસક સર્કલનું નવીનીકરણ કરી જે.બી.ફાર્મા ફુવારાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જે.બી. કેમિકલ એન્ડ ફાર્માસ્યુટિકલ લિમિટેડના પ્રેસિડન્ટ અને ઓપરેશન ગ્રુપના કુણાલ ખન્ના, એક્ઝી. વાઈસ પ્રેસિડેન્ટ ભરત ધાનાણી, લેવેન્સ લેબ્સ પ્રા. લિમિટેડના ચેરમેન કમલેશ ઉદાણી, ભરૂચના પૂર્વ ધારાસભ્ય અને દમણ-દીવના પ્રભારી દુષ્યંત પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ મારૂતિસિંહ અટોદરીયા, ભરૂચ નગરપાલિકા પ્રમુખ વિભૂતિ યાદવ, ઉપપ્રમુખ અક્ષય પટેલ, પાલિકા ચીફ ઓફિસર હરેશ અગ્રવાલ, કારોબારી ચેરમેન હેમેન્દ્ર પ્રજાપતિ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### દાહોદ પોલીસની ઉત્કૃષ્ટ કામગીરી

# રસ્તા પર કણસતી પ્રસૂતા મહિલાને PCRમાં બેસાડી સમયસર હોસ્પિટલ પહોંચાડી

(સંવાદદાતા દ્વારા) દાહોદ, તા.૩૦

દાહોદ નજીક નેશનલ હાઈવે પર પેટ્રોલિંગમાં નીકળેલી દાહોદ ગ્રામ્ય પોલીસની ટીમે રસ્તામાં પ્રસવની પીડાથી કણસતી મહિલાને ગણતરીની મિનિટોમાં પોલીસની PCR વાનમાં બેસાડી સરકારી હોસ્પિટલમાં સમયસર પહોંચાડી સફળ ડિલિવરી કરાવી હતી. પોલીસની આ ઉત્કૃષ્ટ કામગીરીને ઉપસ્થિત સૌ કોઈએ બિરદાવી હતી. બસમાં ટ્રાવેલ કરતી આ પ્રસૂતિ મહિલાને રસ્તામાં કણસતી જોઈ પોલીસે એમ્બ્યુલન્સની રાહ જોયા વગર મહિલાને સમયસર હોસ્પિટલ પહોંચાડી પોલીસ



(તસવીર : રાજેસ વસાવે, દાહોદ)

પ્રજાનું રક્ષક છે સૂત્રને સાર્થક કર્યો હતો સાથે માનવતાનો ધર્મ પણ નિભાવ્યો હતો. મધ્યપ્રદેશના જાબુવા જિલ્લાના કેળાવદનો ઉમેદ ડામોર તેની પત્ની જોડે બસમાં પ્રવાસ કરી રહ્યો હતો તે સમયે તેની પત્નીને પ્રસવની પીડા ઉપડતા ચાલકે બસને દાહોદ ગ્રામ્ય પોલીસ મથકની હદમાં નેશનલ હાઈવે પર ઉભી રાખી ૧૦૮ ઈમરજન્સીને ફોન કર્યો હતો. કોઈક કારણોસર ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને આવવામાં વિલંબ થયો હતો આ દરમિયાન દાહોદ ગ્રામ્ય પોલીસ મથકની પીસીઆર વાન નેશનલ હાઈવે પર પેટ્રોલિંગમાં નીકળી હતી તે સમયે બસની બહાર ભીડને જોઈ પીસીઆર વાનના ચાલક રાજુભાઈ ભરવાડ તેમજ સાવિત્રીબેન ડીંડોડ તેમજ અન્ય બે થી ત્રણ મહિલા કોન્સ્ટેબલ પીસીઆર વાનમાંથી ઉતરી ભીડ અંગે પૂછતા તેઓની નજર પ્રસવની પીડાથી કણસતી મહિલાને જોઈ પોલીસે એક પળનો વિલંબ કર્યા વગર પ્રસુતા મહિલાને ગણતરીની મિનિટોમાં દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે પહોંચતા મહિલાની સમયસર ડિલેવરી થતાં તેને બાળકને જન્મ આપ્યો હતો. પોલીસની આ ઉત્કૃષ્ટ કામગીરી જોનારા લોકોએ પોલીસની કામગીરીને બિરદાવી હતી. સાથે સાથે પોલીસે મહિલાની ખરા સમયે મદદ કરી પોલીસ પ્રજાનો રક્ષક છે. તે ઉક્તિ પણ સાર્થક કરી હતી.

### ડભોઈના મોતીપુરા પાસે અકસ્માત

# અજાણ્યા વાહને ટક્કર મારતાં કાર વરસાદી કાંસમાં ઘૂસી : એકનું મોત

(સંવાદદાતા દ્વારા)

ડભોઈ, તા.૩૦

મધ્યપ્રદેશના અલીરાજપુરથી બોલેરો ગાડીમાં બેસીને તારાપુર જવા માટે સાંજના સાત જણા નિકળ્યા હતા. જેઓ ડભોઈ તાલુકાના મોતીપુરા પસાર કરી આગળ વધતા પાછળથી કોઈ અજાણ્યા વાહને ટક્કર મારતા બોલેરો ગાડી માર્ગની બાજુમા ઊતરી પડી હતી. જેમા સાત જણાને ઈજાઓ થવા પામી હતી. જેમાના એક ગંભીર ઈજાગ્રસ્તનું સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતું. આ અંગે અજાણ્યા વાહનચાલક સામે અકસ્માતની ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.





## છ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડાયા

ડભોઈ પોલીસ માથી મળતી માહિતી મુજબ ફરિયાદી રમેશભાઈ મનાછીયાભાઈ તિરાડ (ઉ.વ.૩૦) (રહે. અલીરાજપુર (મધ્યપ્રદેશ) સાંજના બોલેરો ગાડીમા પોતાની સાથે ચાલક વીરસિંગ ખાનસિંગ ડાવરને લઈને ગાડીમા ઉગરસિંગ ઉર્ફે માધુભાઈ, ઈકમ રાવત, ડેમરીયા બામણીયાભાઈ, ગ્રેમટીયાભાઈ બામણીયા તેમજ રાહુલ લાલુભાઈ સહિતનાઓ નિકળ્યા હતા. જેઓ રાત્રીના આઠેક વાગે મોતીપુરા પસાર કરી આગળ વધતા હતા. ત્યારે પાછળથી કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા બોલેરો ગાડી માર્ગથી નીચે ઊતરી વરસાદી કાંસમા પટકાઈ હતી. જેના કારણે બોલેરોમા બેઠેલા તમામ ને ઓછીવત્તી ઈજાઓ થઈ હતી. જેમાના બે ને ગંભીર ઈજાઓ થઈ છે. તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સરકારી દવાખાને લઈ જવાયા હતા. જ્યાથી બે ગંભીર ઈજાગ્રસ્તોને વડોદરા સયાજી હોસ્પિટલ ખાતે રિફર કરાયા હતા. જેમા સારવાર દરમ્યાન રાહુલ લાલુભાઈ ડાવરનું મોત નિપજ્યુ હતું. ડભોઈ પોલીસે ફરિયાદ આધારે અજાણ્યા વાહનચાલક સામે અકસ્માતનો ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ખેડા જિલ્લા પેરોલ ફર્લો સ્ક્વોડ રાજસ્થાન જઈ પાસાના આરોપીને પકડી લાવી

નડિયાદ, તા.૩૦

ખેડા જિલ્લા પેરોલ ફર્લો સ્કવોડના મહિલા પીએસઆઈ સ્ટાફ સાથે રાજસ્થાન જઈ પાસા આરોપીને પકડેલ લાવી વધુ કાર્યવાહી હાથ ધરી છે. અંગે મળતી માહિતી મુજબ પેરોલ ફર્લો સ્કવોડના પો.સ.ઈ.વી.એ.શેખને એવી બાતમી મળી હતી કે જિલ્લા મેજી.નડિયાદની કચેરીના નં.પીઓએલ(૧)/પાસ/એસ.આર./૦૩/૨૦૨૦તા.૦૭/૦૧/૨૦૨૦ના કામે નાસતા ફરતા આરોપી જગદિશચંન્દ્ર દેવીલાલ નાનજીભાઈ પટેલ રહે, પટેલ ફળિયુ ઝુથરી જવાસ તા.ખેરવાડા જી.ડુંગરપૂર (રાજસ્થાન)નાઓ હાલમા શામળાજી ખાતે આવ્યો છે બાતમી મળતા શામળાજી ખાતે જઈ આરોપીની તપાસ કરતા આરોપી ખેરવાડા (રાજસ્થાન) ખાતે ગયેલ હોવાની હકીકત જાણવા મળતા શામળાજીથી ખેરવાડા ખાતે જઈ પાસા વોરંટના આરોપીને સ્થાનિક પોલીસની મદદ લઈ પકડી પાડ્યો છે.

# અંગાડી : પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય બંધારણ દિવસની ઉજવણી

ગળતેશ્વર તાલુકાના ગામ અંગાડી ખાતે આવેલ પગાર કેન્દ્ર પ્રાથમિક શાળા નેપાલપુરા ખાતે દેશના ૭૫માં રાષ્ટ્રીય બંધારણ દિવસની ઉજવણીપ્રસંગે ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર ચડાવી બંધારણ ઘડવામાં ભાગ લેનાર તમામ શહીદોને યાદ કરી શ્રદ્ધાંજલિ આપીભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના શિક્ષક અંબાલાલ.ડી.વણકરે પ્રસંગને અનુરૂપ પ્રાસંગિક પ્રવચન કરી ડો.બાબા સાહેબ આંબેડકર દ્વારા ઘડવામાં આવેલ ભારત દેશના બંધારણ વિશે માહિતી



આપી હતી આપણા દેશમાં ૨૬ નવેમ્બરના રોજ સંવિધાન દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે.

# ભાવનગરમાં દુષ્કર્મનો ભોગ બનનાર બાળાને સ્પેશિયલ વળતર આપવા રજૂઆત

## ભાવનગર કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા પોલીસવડા સમક્ષ શહેરમાં વધતી ગુનાખોરીને અટકાવવા અપીલ કરાઈ

ભાવનગર, તા.૩૦

ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આશરે ત્રણ માસ અગાઉ ભાવનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બાબતે સરકારમાં સ્થાનિક કક્ષાએ રજૂઆતો કરવામાં આવી હતી. પરંતુ હકારાત્મક પરિણામ નહીં જણાતા અને શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધતા શુક્રવારના રોજ ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેષભાઈ વ્યાસ સહિત આગેવાનો, કાર્યકરોએ જિલ્લા પોલીસ વડા સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, શહેરમાં ગુનાઓનું પ્રમાણ રોજબરોજ વધી રહ્યું છે. ગુનેગારો નિર્ભય છે જ્યારે સામાન્ય નાગરિક અને નાના બાળકો અત્યંત ભયભીત છે. ૩ દિવસ પહેલાં ચાર વર્ષની દીકરી પર જે બળાત્કાર થયેલ છે તેમાં તેવી શંકા છે કે આરોપીએ નશો કરેલો હતો. આમ, નાનામાં નાના વ્યક્તિ સુધી વ્યસન પહોંચી ગયા છે અને તેનો ભોગ કુમળી વયના બાળકો બને છે. આ ઉપરાંત, શહેરમાં રસ્તા પર અનિયંત્રિત ઢોર અને ટ્રાફિકની અવ્યવસ્થાના કારણે રોજબરોજ અકસ્માત થતા જ રહે છે. જેમાં માણસોને જિંદગી ગુમાવવી પડે છે અથવા કાયમી ખોડ રહી જાય છે. તેમજ જે ચાર વર્ષની બાળા ઉપર બળાત્કાર થયો તેને સરકાર પાસેથી સ્પેશિયલ વળતર અપાવવા ખાસ રજૂઆત કરવામાં આવી છે. આ તમામ ગુનાખોરી અને વ્યવસ્થાના કારણો પૈકી એક કારણ તે અપૂરતી પોલીસ છે. જેથી પોલીસની સંખ્યા તાત્કાલિક ધોરણથી વધારવા માટે પણ સરકારમાં દરખાસ્ત મોકલવા રજૂઆત કરવામાં આવેલ અને જો સરકાર અથવા કોઈ અન્ય દબાણવશ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડતી હોય તો ભાવનગર શહેરની અલગ અલગ સંસ્થાના પ્રતિષ્ઠિત આગેવાનોને સાથે રાખી ભાવનગરની કાયદો અને વ્યવસ્થાની ચર્ચા થઈ શકે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતના અંતે એસ.પી. દ્વારા તમામ રજૂઆતો ધ્યાને લઈ ત્વરિત રીતે યોગ્ય કરવા જણાવ્યું હતું.

# વિનામૂલ્યે ગરીબ બાળકોને જ્ઞાન પીરસવા જૈમી પટેલની પહેલ



શિક્ષણનું વ્યાપારીકરણ એટલી આજે વધી ગયું છે કે વગર ટ્યુશને બાળકોનો અભ્યાસ શક્ય જ નથી તેવું લાગે છે પરંતુ ગરીબ બાળકોના માવતરને બે ટંક ખાવાના ફાંફા હોય તો ટ્યુશનની ફી ક્યાંથી લાવે??.. પણ ગીતની પંક્તિ છે ને જિસકા કોઈ નહીં ઉસકા ખુદા હે..યારો..! માલિક આવા બાળકો માટે કોઈને કોઈ રસ્તો કરી આપે છે.. વાત છે નડિયાદની ડાકોર રોડ પર સાઈબાબા મંદિર પાસે આવેલ બાપા સીતારામની મઢુલીમાં એક અનોખું ટ્યુશન ક્લાસ ચાલે છે ત્યાં આસપાસના ગરીબ બાળકોને એકઠા થાય છે. અને આ જ્ઞાનની પરબમાં વિનામૂલ્યે જ્ઞાનપીરસવા માટે નડિયાદમાં શીતલ સિનેમા પાસે રહેતી અને મૂળ બોટાદ જિલ્લાની ૨૬ વર્ષિય જેમી પટેલ (ગુપ્તા) નિયમિત આવે છે. વ્યવસાયે ધારાશાસ્ત્રી જેમી લેપટોપ અને યુટ્યુબ મારફતે ભણાવી તેઓના ડાઉટ સોલ કરી આપે છે. અહીંયા બાળકો પણ એટલા જિજ્ઞાસાથી તલ્લીન થઈને ભણી રહ્યા છે. જે તસવીરમાં નજરે પડે છે.

# પાલેજ : ટ્રેનની અડફેટે અજાણ્યા આધેડનું મોત

પાલેજ, તા.૩૦

પાલેજ રેલવે સ્ટેશને ગઈકાલે તા.૨૯ મીએ રાત્રે ગુડઝ ટ્રેનની અડફેટે અજાણ્યાં આધેડનું મોત નીપજ્યું હતું. એક અજાણ્યો પુરૂષ (ઉ.વ.૬૫) ૨૯મી નાં રોજ ૧૨/૪૦ વાગ્યાં પહેલા પાલેજ રેલવે સ્ટેશનની દક્ષિણે રેલવે કિ.મી.૩૫૦/૭/૯ની વચ્ચે અપ રેલવે લાઈન વચ્ચે માલગાડી ટ્રેનની અડફેટે અકસ્માત રીતે આવી જતાં માંથાનાં ભાગે ગંભીર ઈજો થતાં ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. ભરૂચ રેલવે એ.એસ.આઈ.અંગત સિંહ અમર સિંહે કાયદેસરનાં કાગળો કરી લાશનો કબજો લઈ તેને પી એમ માટે સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવી હતી.

# ચોટીલાના લાખણકા ગામે શંકાસ્પદ હાલતમાં બે મૃતદેહ મળતા ચકચાર

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૩૦

સુરેન્દ્રનગર જિલ્લામાં ચોરી, લૂંટફાટ અને હત્યાના બનાવો સતત વધી રહ્યા છે ત્યારે હવે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના લાખણકા ગામે વાડીના રૂમમાંથી શંકાસ્પદ હાલતમાં બે મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ મૃતદેહ સુરેન્દ્રનગર જિલ્લાના કોટડા ગામના યુવક ચિરાગ રઘુભાઈ ધોરીયાનો અને શ્રદ્ધા ડેરવાળિયાનો મૃતદેહ હોવાનું જાણવા મળ્યું છે. શ્રદ્ધાબેન ડેરવાળિયાનું ગુરૂવારે રાત્રિ દરમિયાન અપહરણ થયું હોવાની પોલીસને વિગત આપવામાં આવી હતી અને ત્યારબાદ આજે તેનો મૃતદેહ મળી આવ્યો છે ત્યારે આ અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે શ્રદ્ધા જસમતભાઈ ડેરવાળિયા પોતે નાના માત્રા તાલુકો વિંછીયા ગામના રહેવાસી હતા ત્યારે ગુરૂવારથી તે ગુમ થયા હતા આ અંગે અપહરણનો ગુનો પણ દાખલ થયો હતો. બીજી તરફ સાયલા તાલુકાના કોટડા ગામનો ચિરાગ નામના ૨૧ વર્ષના યુવકનો પણ શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના લાખણકા નજીક લાશો મળી આવતા અનેક પ્રકારની શંકા ઉપજાવી રહી છે કારણકે યુવતીનું અપહરણ થયું હતું અને ચિરાગનો પણ મૃતદેહ મળી આવ્યો છે. પ્રથમ દૃષ્ટિએ બંનેએ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. હાલ બંનેના મૃતદેહોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પેનલ પીએમ માટે ખસેડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા ઘટના સ્થળે તપાસ હાથ ધરવામાં આવતા દોરી મળી તે પણ સળગેલી હાલતમાં છે એટલે શંકા ઉપજાવે તે પ્રકારની ઘટના સામે આવી છે આ અંગે હાલ પોલીસ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# હિંમતનગર ખાતે શાળામાં બંધારણ દિવસની ઉજવણી



બંધારણ દિવસની ઉજવણી સર્વોદય મહિલા જાગૃતિ સેવા ટ્રસ્ટ અને કોમ્યુટીની ધ યુથ કલેકટિવ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં આવેલા હિંમતનગરના સવગઢમાં આવેલી આદર્શ સેકન્ડરી સ્કૂલમાં શાળાના સહયોગથી શાળામાં ચાલતાં સંવિધાન બી અ જાગ્રીક પ્રોગ્રામના જાગરિકો, શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આમંત્રિતોની ઉપસ્થિતિમાં વિવિધ પ્રોગ્રામો દ્વારા કરવામાં આવી હતી. જેમાં સામૂહિક રીતે ભારતીય બંધારણની પ્રસ્તાવનાનું વાંચન કરવામાં આવ્યું. સંસ્થાના પ્રમુખ ગુલનાર બેન પઠાણે બંધારણ દ્વારા મળેલા અધિકારો અને કર્તવ્યો વિશે માહિતી આપી બંધારણના દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું.

# ઈઝરાયેલે ગાઝા હુમલામાં વધારો કરતાં ૪૨ પેલેસ્ટીનીઓનાં મોત

(એજન્સી) તા.૩૦

ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૪૨ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે, તબીબી સ્ત્રોતો અનુસાર. મધ્ય ગાઝામાં નુસરત પર ઈઝરાયેલના હુમલામાં ૨૪ લોકો મૃત્યુ પામ્યા છે, નુસરત આ પ્રદેશના આઠ લાંબા ગાળાના શરણાર્થી શિબિરોમાંથી એક છે.

શુક્રવારે ઉત્તરી ગાઝા પટ્ટીમાં બેટ લાહિયામાં એક ઘર પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૦ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે. ડોકટરોએ જણાવ્યું કે અન્ય લોકો એક્લેવના ઉત્તરી અને દક્ષિણી વિસ્તારોમાં મૃત્યુ પામ્યા હતા. ઈઝરાયેલી સૈન્યએ ગુરૂવારે જણાવ્યું કે તેના દળો ગાઝા પટ્ટીમાં ઓપરેશનલ પ્રવૃત્તિના ભાગરૂપે આતંકવાદી લક્ષ્યો પર હુમલો કરવાનું ચાલુ રાખી રહ્યા છે.

ગુરૂવારે ઈઝરાયેલની ટેક્ક નુસરતના ઉત્તરી અને પશ્ચિમી વિસ્તારોમાં પ્રવેશી હતી. રોઈટર્સ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર શુક્રવારે કેટલીક ટાંકીઓ ઉત્તરીય વિસ્તારોમાંથી પાછી ખેંચી લીધી હતી, પરંતુ શિબિરના પશ્ચિમ ભાગોમાં સક્રિય રહી હતી. પેલેસ્ટીની સિવિલ ડિફેન્સે જણાવ્યું કે ટીમો તેમના ઘરોમાં ફસાયેલા રહેવાસીઓના તકલીફના કોલનો જવાબ આપવામાં અસમર્થ હતા.



શુક્રવારે, ડઝનેક વિસ્થાપિત પેલેસ્ટીની એવા વિસ્તારોમાં પાછા ફર્યા જ્યાં સૈન્ય તેમના ઘરોને થયેલા નુકસાનનું નિરીક્ષણ કરવા માટે પીછેહઠ કરી હતી. ડોકટરો અને સંબંધીઓએ મહિલાઓ સહિત રસ્તા પર પડેલા મૃતદેહોને ધાબળા અથવા સફેદ કફનથી ઢાંકી દીધા અને સ્ટ્રેચર પર છોડી દીધા. ઈઝરાયેલી ડ્રોન હુમલામાં ગાઝાની ઉત્તરી ધાર પર, બીટ લાહિયામાં કમલ અદવાન હોસ્પિટલમાં સઘન સંભાળ એકમના વડા અહેમદ અલ-કાહલોતનું મૃત્યુ થયું હતું, જ્યાં ઈઝરાયેલી દળો ઓક્ટોબરની શરૂઆતથી કાર્યરત હતા. કમલ અદવાન હોસ્પિટલ ગાઝાની ઉત્તરી ધાર પરની ત્રણ તબીબી સુવિધાઓમાંની એક છે જે હવે તબીબી, બળતણ અને ખાદ્ય પુરવઠાના અભાવને કારણે ભાગ્યે જ કાર્યરત છે. આરોગ્ય અધિકારીઓ કહે છે કે ઈઝરાયેલી દળોએ મોટાભાગના તબીબી કર્મચારીઓની અટકાયત કરી છે અથવા હાંકી કાઢ્યા છે.

# ભારત ખૂબ જ ચિંતિત : વડાપ્રધાન મોદીએ પેલેસ્ટીનને લખ્યો પત્ર

(એજન્સી) તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય પેલેસ્ટીન એકતા દિવસના અવસરે પેલેસ્ટીનના લોકો પ્રત્યે ભારતની અતૂટ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. પીએમ મોદીએ એક સંદેશમાં કહ્યું કે, ભારત પેલેસ્ટીનના વિકાસ અને તેની આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં તેનો કાયમી વિકાસ ભાગીદાર રહેશે. તેમણે કહ્યું, 'ભારત તેમની જરૂરિયાતો અને પ્રાથમિકતાઓના આધારે વિવિધ ક્ષેત્રોમાં લોકો-કેન્દ્રિત પ્રોજેક્ટ્સ લાગુ કરીને તેમની સાથે ઊભા રહેવાનું ચાલુ રાખશે. પેલેસ્ટીની લોકોના રોજિંદા જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે યુએનની પ્રાદેશિક પ્રવૃત્તિઓને અમારૂં સમર્થન છે. આ દિશા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.' પ્રધાનમંત્રીએ પેલેસ્ટીન અને પશ્ચિમ એશિયાઈ ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષ અને પરિણામે માનવતાવાદી કટોકટી અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. 'ચાલુ સંઘર્ષે જીવનનો દાવો કર્યો છે અને પેલેસ્ટીની લોકોને ઊંડી વેદના આપી છે. ભારત તાત્કાલિક યુદ્ધવિરામ, આતંકવાદનો અંત, બંધકોને મુક્ત કરવા અને માનવતાવાદી સહાયનો સતત પુરવઠો ચાલુ રાખવાની અપીલ કરે છે. પીએમ મોદીએ તેમના પત્રમાં કહ્યું છે કે ભારતે હંમેશા ટુ સ્ટેટ ઉકેલને સમર્થન આપ્યું છે, જેનાથી એક સ્વતંત્ર, સાર્વભૌમ અને વ્યવહારૂ પેલેસ્ટીની રાજ્યની સ્થાપના થઈ જે ઈઝરાયેલ સાથે



શાંતિપૂર્ણ રીતે સહઅસ્તિત્વ ધરાવે છે. પીએમ મોદીએ કહ્યું, 'આ જટિલ સમસ્યાનો લાંબા ગાળાનો અને શાંતિપૂર્ણ ઉકેલ શોધવાનો એકમાત્ર રસ્તો સંવાદ અને કૂટનીતિ છે.' પ્રધાનમંત્રીએ પેલેસ્ટીની લોકોને શાંતિપૂર્ણ અને સમૃદ્ધ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી અને ભારતના સતત સમર્થનની ખાતરી આપી હતી. નોંધનીય છે કે આંતરરાષ્ટ્રીય પેલેસ્ટીની સોલિડેરિટી ડે દર વર્ષે ૨૯ નવેમ્બરના રોજ ઉજવવામાં આવે છે, જે સંયુક્ત રાષ્ટ્રના નેજા હેઠળ પેલેસ્ટીની લોકોના અધિકારો અને તેમની સ્વતંત્રતાની હિમાયત કરવા માટે એક મહત્વપૂર્ણ પ્રસંગ છે. ભારતે પેલેસ્ટીન સાથે લાંબા સમયથી તેના ઐતિહાસિક અને મૈત્રીપૂર્ણ સંબંધો જાળવી રાખ્યા છે.


ચાલો કાશ્મીર જઈએ સ્નો ફોલનો મજા માણવા

DEC 01-08-15 | JAN 15-12-26 | FEB 02-09
શ્રીનગર-સોનમર્ગ પહેલગાંવ
કાશ્મીર
ટ્રેન દ્વારા 18,500/- રૂ.
ફ્લાઈટ દ્વારા 33,500/- રૂ.

27 DEC | 01 FEB | 05 APR (RAMAZAN-EID)
ઠેક્કડી - મુન્નાર - કન્યાકુમારી
કેરાલા
ટ્રેન દ્વારા 22,500/- રૂ.
ફ્લાઈટ દ્વારા 33,500/- રૂ.

ડાયરેક્ટ પેકેજ : હોટલ સાથે જમવાની બુકિંગ કરી આપવામાં આવશે.
સુવિધા ટુરિઝમ યાસીન બિસોરા
M: 997 40 40 880 | 9909029072 SHRINAGAR: 8492938350
નગીના મસ્જિદ, નાડીયાવાડ, જમાલપુર, અહમદાબાદ


# ઈઝરાયેલી સેનાએ પાછલા ૨૪ કલાકમાં ઉત્તર ગાઝામાં ૧૦૦ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા : નાગરિક સંરક્ષણ

(એજન્સી) તા.૩૦

ગાઝા સિવિલ ડિફેન્સે શુક્રવારે જણાવ્યું કે ઉત્તર ગાઝામાં પાછલા ૨૪ કલાકમાં ઈઝરાયેલી હુમલા અને નરસંહારમાં ૧૦૦થી વધુ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે. નાગરિક સંરક્ષણના પ્રવક્તા મહમૂદ બસ્સલે એક નિવેદનમાં જણાવ્યું કે બેટ લાહિયામાં બે ઘરો પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૭૫ પીડિતો મૃત્યુ પામ્યા છે, જ્યારે અન્યને જબાલિયા અને ઉત્તર ગાઝાના અન્ય વિસ્તારોમાં નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે 'ઉત્તરી ગાઝા (ઓક્ટોબર ૫ના રોજ)માં ઈઝરાયેલી સૈન્ય કાર્યવાહીની શરૂઆતથી શહીદોની સંખ્યા ૨,૭૦૦ પેલેસ્ટીની પર પહોંચી ગઈ છે અને ૧૦,૦૦૦ અન્ય ઘાયલ થયા છે. તેમણે ઉત્તરી ગાઝાની પરિસ્થિતિને 'આપત્તિ અને નરસંહાર' તરીકે વર્ણવી હતી, જેમાં નાગરિકોને રાહત આપનાર કોઈ નથી. ઈઝરાયેલી સૈન્ય ઉત્તર ગાઝામાં વ્યક્તિઓની કોઈપણ હિલચાલને નિશાન બનાવે છે, પ્રવક્તાએ જણાવ્યું કે, પાણી વહન કરનારા અથવા ખોરાક અથવા લાકડાની શોધ કરતા લોકો પર પણ હુમલો કરે છે. ઑક્ટોબર ૫થી ઈઝરાયેલે ઉત્તરી ગાઝામાં મોટાપાયે ગ્રાઉન્ડ ઑપરેશન શરૂ કર્યું છે, અહેવાલ મુજબ પેલેસ્ટીની પ્રતિકાર સમુહ હમાસને ફરી એકઠા થતા અટકાવવા. જો કે, પેલેસ્ટીનનો આરોપ છે કે ઈઝરાયેલ આ વિસ્તાર પર કબજો કરવા માંગે છે અને તેના રહેવાસીઓને બળજબરીથી વિસ્થાપિત કરવા માંગે છે. ત્યારથી, ખોરાક, દવા અને બળતણ સહિત લગભગ કોઈ માનવતાવાદી સહાયને આ વિસ્તારમાં પહોંચવાની મંજૂરી આપવામાં આવી નથી, જે ત્યાંની મોટાભાગની વસ્તીને- હાલમાં અંદાજિત ૮૦,૦૦૦-દુષ્કાળની અણી પર ધકેલી રહી છે. એકંદરે,



૭ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસના હુમલા પછી શરૂ થયેલા ઈઝરાયેલી આક્રમણથી ગાઝામાં ૪૪,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેણે આ વિસ્તારને રહેવાલાયક છોડી દીધો છે. ગયા અઠવાડિયે, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને તેમના પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાન્ટ માટે ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું.

# સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ૫ સ્થાયી સભ્યોના હાથમાં ૧૯૪ દેશોનું ભાવિ છોડી શકાય નહીં: તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગન

(એજન્સી) તા.૩૦

તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયિપ એર્દોગને શુક્રવારે સંયુક્ત રાષ્ટ્રમાં જથ્થાબંધ ફેરફારોની વિનંતી કરી અને ભારપૂર્વક જણાવ્યું કે વિશ્વભરના લગભગ ૨૦૦ દેશોનું ભાવિ સુરક્ષા પરિષદના પાંચ સ્થાયી સભ્યો પર છોડી શકાય નહીં.

ઈસ્તંબુલમાં TRT વર્લ્ડ ફોરમને સંબોધતા એર્દોગાને જણાવ્યું કે, "યુએનને સંપૂર્ણ રીતે સુધારવાની જરૂર છે. વિશ્વને પાંચ સ્થાયી (સુરક્ષા પરિષદના સભ્ય) દેશોની દયા પર છોડી શકાય નહીં. ૧૯૪ દેશોનું ભાવિ આ પાંચ કાયમી પર નિર્ભર કરી શકે નહીં. કોઈપણ સભ્યના હાથ અથવા હોઠ પર છોડી દેવો."

એર્દોગાને લાંબા સમયથી સુરક્ષા પરિષદની પાંચ કાયમી સભ્ય પ્રણાલીની ટીકા કરી છે - જેના હેઠળ આ દેશો એકલા હાથે ચાવીરૂપ નિર્ણયો વીટો કરી શકે છે - એમ કહીને: "વિશ્વ પાંચ કરતાં મોટું છે." યુએનના સુધારાની જરૂરિયાત પર ભાર મૂકતા, એર્દોઆને વર્તમાન સિસ્ટમમાં પહેલાથી જ લાવવામાં આવેલા ફેરફારોની સૂચિનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં તુર્કી અને સ્પેન દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટ (આઈસીસી) અને અલાયન્સ ઑફ સિવિલાઈઝેશન પહેલનો સમાવેશ થાય છે યુનાઇટેડ સ્ટેટ્સ પર ૨૦૦૧ના આતંકવાદી હુમલા પછી સહકારને પ્રોત્સાહન આપવાનો હેતુ હતો. તેમણે જણાવ્યું કે વેપારથી લઈને રાજદ્વારી સુધી, રાજ્યો વચ્ચેની સ્પર્ધા દિનપ્રતિદિન વધુ વિનાશક અને




આક્રમક બની રહી છે. તેમણે જણાવ્યું કે માનવતા "નિર્ણાયક તબક્કે" છે. એર્દોગાને જણાવ્યું કે, "ઘટનાઓ થઈ રહી છે જે માત્ર આગામી ૫-૧૦ વર્ષોને જ નહીં, પરંતુ અમારા પૌત્રોના ભવિષ્યને પણ અસર કરશે." તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઘણા પ્રદેશોમાં ચાલી રહેલી માનવતાવાદી કટોકટી વર્તમાન વિશ્વ વ્યવસ્થાની નાજુકતાને પ્રકાશિત કરે છે. તેમણે જણાવ્યું કે દરેક કટોકટી ન્યાય, શાંતિ, સુરક્ષા અને સ્થિરતા માટે "અવસરની બારી" પણ છે. "રશિયા-યુક્રેન યુદ્ધ, ટૂંક સમયમાં તેના ચોથા વર્ષમાં પ્રવેશ કરશે, તેણે અમને નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય સિસ્ટમની નબળાઈ બતાવી છે.

# ચાલુ ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે ૨૦ લાખ પેલેસ્ટીની ભૂખ અને તરસથી મૃત્યુનો સામનો કરી રહ્યા છે : હમાસ

(એજન્સી) તા.૩૦

પેલેસ્ટીની સમૂહ હમાસે શુક્રવારે જણાવ્યું કે ઓકટોબર ૨૦૨૩થી ગાઝા પર ઈઝરાયેલના ચાલી રહેલા નરસંહારના યુદ્ધને ધ્યાનમાં રાખીને ગાઝા પટ્ટીમાં પેલેસ્ટીનીઓ ભૂખથી મૃત્યુનું જોખમ ધરાવે છે. હમાસે એક નિવેદનમાં જણાવ્યું કે, 'ગાઝામાં ૨૦ લાખથી વધુ પેલેસ્ટીનીઓ ઈઝરાયેલના કબજાવાળા સહાયનો ઈનકાર અને દવા, ખોરાક અને પાણીની પહોંચ પરના પ્રતિબંધોને કારણે ભૂખ અને તરસથી મૃત્યુના જોખમમાં છે.' સમૂહે ચેતવણી આપી કે ગાઝામાં બાળકો ભૂખમરાથી મરી રહ્યા છે અને જીવન ટકાવી રાખવા માટેની મૂળભૂત જરૂરિયાતોના અભાવને કારણે પરિવારો દુકાળની આરે છે. યુનાઈટેડ નેશન્સ એજન્સી ફોર પેલેસ્ટીન રેફ્યુજીસ (યુએનઆરડબ્લ્યુએ)ના અગાઉના નિવેદન અનુસાર, ગાઝામાં દરરોજ મહત્તમ ૩૦ માનવતાવાદી સહાય ટ્રકો પ્રવેશ કરે છે, જે ત્યાંના લોકોની જરૂરિયાતોને પહોંચી વળવાથી દૂર છે. ઑકટોબર ૨૦૨૩ પહેલાં, એન્ક્લેવના ૨૦ લાખથી વધુ લોકોને ખવડાવવા માટે દરરોજ સેંકડો લોકો સરહદ પાર કરશે. ઑકટોબર ૨૦૨૩માં ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધની શરૂઆતથી ઘણા આંતરરાષ્ટ્રીય અને યુએન સમૂહોએ ઈઝરાયેલને દુષ્કાળને ટાળવા માટે ગાઝાને માનવતાવાદી સહાય પહોંચાડવાની સુવિધા આપવા માંગ કરી છે. ઈઝરાયેલે ગયા ઓકટોબરમાં પેલસ્ટીની સમૂહ હમાસ દ્વારા સરહદ પારના હુમલા પછી ગાઝા પટ્ટી પર નરસંહારની શરૂઆત કરી, જેમાં અત્યાર સુધીમાં ૪૪,૩૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો છે અને લગભગ



૧,૦૫,૦૦૦ ઘાયલ થયા છે. ગાઝામાં નરસંહારના બીજા વર્ષે વધતી જતી આંતરરાષ્ટ્રીય ટીકાને દોરવામાં આવી છે, અધિકારીઓ અને સંગઠનોએ હુમલાઓને અને માનવતાવાદી સહાયને રોકવાને વસ્તીનો નાશ કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ ગણાવ્યો છે. ગયા અઠવાડિયે, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)એ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ માટે ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ઈઝરાયેલને ગાઝા પરના તેના ઘાતક યુદ્ધ માટે ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસમાં નરસંહારના કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

# ઈઝરાયેલે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું, દક્ષિણ લેબેનોનમાં હિઝબુલ્લાહના કથિત સ્થળો પર બોમ્બ ફેંક્યા

(એજન્સી) તા.૩૦

ઈઝરાયેલી કબજાવાળા દળોએ ગઈકાલે સતત બીજા દિવસે લેબેનીઝ હિઝબુલ્લાહ સાથેના યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખ્યું હતું, દક્ષિણ લેબેનોનમાં હજુ પણ હાજર તેના એકમોને ધમકી આપી હતી. ઈઝરાયેલી કબજાની સેનાએ ગઈકાલે જણાવ્યું કે તેની હવાઈ દળે દક્ષિણ લેબનાનમાં ડ્રોન વડે મધ્યમ-અંતરના રોકેટ સંગ્રહવા માટે હિઝબુલ્લાહ દ્વારા ઉપયોગમાં લેવાતી સુવિધા પર હુમલો કર્યો હતો. દરમિયાન, લેબેનીઝ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ દેશના દક્ષિણમાં માર્જેયુન જિલ્લાના માર્કબા શહેરમાં ચોક પર ગોળીબાર કર્યા પછી બે લોકો ઘાયલ થયા છે. લેબેનીઝ ન્યૂઝ એજન્સીએ એ પણ અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલી ટેક્રોએ નાબાતીહ ગવર્નરેટના હસબયા જિલ્લામાં કાફ્ર શોબા અને અલ-વઝાની નગરો પર ગોળીબાર કર્યો હતો. "એક (ઈઝરાયેલ) દુશ્મન ટાંકીએ હસબયામાં કફ્ર શોબા શહેરની બહારના વિસ્તારોને નિશાન બનાવીને બે શેલ છોડ્યા," એક સ્ત્રોતે જણાવ્યું હતું.બુધવારથી ગુરૂવારની રાત્રે, ઈઝરાયેલી આર્ટિલરીએ નાબાતીહ ગવર્નરેટમાં આઈતા અલ-શાબ અને બિન્ટ જબેઈલ શહેર પર તોપમારો કર્યો, લેબેનીઝ એજન્સીના જણાવ્યા અનુસાર, જેણે એ પણ અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલી જાસૂસી ડ્રોન ટાયર અને બિન્ટ જબેઈલ જિલ્લાઓ પર ઉડાન ભરી હતી. બાદમાં ગુરૂવારે બપોરે એજન્સીએ



જણાવ્યું કે "ઈઝરાયેલી દુશ્મને તૈબેહ શહેર, ખિયામ શહેર અને મરજેયુનને આર્ટિલરી શેલો વડે નિશાન બનાવ્યું હતું, જ્યારે ખિયામમાં મશીનગનના વિસ્ફોટો સંભળાયા હતા." ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુએસ-ફ્રાંસે મધ્યસ્થી કરેલ યુદ્ધવિરામ બુધવારે સવારે અમલમાં આવ્યો હતો, જે સપ્ટેમ્બર ૨૦૨૪માં વધી ગયેલી ૧૪ મહિનાની સીમા પાર ગોળીબારનો અંત આવ્યો હતો જ્યારે ઈઝરાયેલે લેબેનોનમાં તેના બોમ્બ ધડાકા ફરી શરૂ કર્યા હતા અને દેશ પર જમીન પર હુમલો કરવામાં આવ્યો હતો.

# સંયુક્ત રાષ્ટ્ર અધિકારીએ જણાવ્યું કે, ગાઝામાં મહિલાઓ અને બાળકો ખોરાક માટે સંઘર્ષ કરી રહ્યા છે

(એજન્સી) તા.૩૦

શુક્રવારે પેલેસ્ટીની પ્રદેશની મુલાકાત બાદ સંયુક્ત રાષ્ટ્રના અધિકારીએ જણાવ્યું કે ગાઝા પટ્ટીના ભાગોમાં કચરાના ઢગલા વચ્ચે મહિલાઓ અને બાળકોના મોટા સમુહો ખોરાકની શોધ કરી રહ્યા છે. અજીત સુંઘે, અધિકૃત પેલેસ્ટીની પ્રદેશો માટે યુએન માનવ અધિકાર કાર્યાલયના પ્રમુખ, મધ્ય ગાઝાના વિસ્તારોમાં પણ જ્યાં સહાય એજન્સીઓની ટીમો હાજર છે ત્યાં પણ ભૂખના સ્તર પર ચિંતા વ્યક્ત કરી. 'હું ખાસ કરીને ભૂખના વ્યાપથી ચિંતિત હતો,' સુંગેએ જોર્ડનથી વીડિયો લિંક દ્વારા જીનીવા પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું. 'મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવી એ રોજિંદા જીવન માટે ભયંકર સંઘર્ષ બની ગયો છે.' સુંઘે જણાવ્યું કે યુનાઈટેડ નેશન્સ ઉત્તરી ગાઝાને કોઈપણ સહાય પહોંચાડવામાં અસમર્થ છે, જ્યાં 'ઈઝરાયેલી સત્તાવાળાઓ દ્વારા વારંવાર નાકાબંધી અથવા માનવતાવાદી કાફલાને નકારવાને કારણે અંદાજિત ૭૦,૦૦૦ લોકો હજુ પણ જીવે છે.' સંઘે તાજેતરમાં ઉત્તર ગાઝાના ભાગોમાં વિસ્થાપિત લોકો માટેના કેમ્પની મુલાકાત લીધી હતી. તેમણે જણાવ્યું કે તેઓ ખોરાકની તીવ્ર અછત અને નબળી સ્વચ્છતા સાથે ભયાનક સ્થિતિમાં જીવી રહ્યા છે. તેમણે જણાવ્યું ન હતું કે યુએન એજન્સીઓએ ઉત્તર ગાઝામાં છેલ્લી વખત ક્યારે મદદ મોકલી હતી. અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન અને સુરક્ષા મંત્રી લોયડ ઓસ્ટીને ગયા મહિને ઈઝરાયેલને ગાઝાની પરિસ્થિતિનો સામનો કરવા ૩૦ દિવસની અંદર પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે ચેતવણી આપી હતી કે આમ કરવામાં નિષ્ફળતા ઈઝરાયેલને અમેરિકન સૈન્ય સહાયને અસર કરી શકે છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટે ૧૨ નવેમ્બરના રોજ જણાવ્યું કે રાષ્ટ્રપતિ જો બાઈડેનના વહીવટીતંત્રે તારણ કાઢ્યું છે કે ઈઝરાયેલ હાલમાં



ગાઝામાં સહાયના પ્રવાહમાં અવરોધ ઉભો કરી રહ્યું નથી અને તેથી તે યુએસ કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યું નથી. ઓક્ટોબર ૨૦૨૩માં દક્ષિણ ઈઝરાયેલી સમુદાયો પર સમુહના હુમલા પછી ગાઝા પટ્ટીમાં હમાસ સામે આક્રમણ શરૂ કરનાર ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે ૫ ઓક્ટોબરથી ઉત્તરી ગાઝામાં તેની ક્રિયાઓનો ઉદ્દેશ્ય લડાકુઓને ફરીથી સમૂહ બનાવવા અને તે વિસ્તારોમાંથી હુમલાને રોકવાનો હતો તેને થતું રોકવા માટે. કોગાટ, ઈઝરાયેલની સરકારી એજન્સી જે સહાયની દેખરેખ રાખે છે, કહે છે કે તે ગાઝામાં માનવતાવાદી સહાયના પ્રવેશને સરળ બનાવે છે અને યુએન એજન્સીઓ પર તેને અસરકારક રીતે વિતરણ ન કરવાનો આરોપ મૂક્યો છે. લૂંટને કારણે ગાઝા પટ્ટીમાં સહાય પુરવઠો પણ ખતમ થઈ ગયો છે, ૧૬ નવેમ્બરના રોજ અંદાજે ૧૦૦ ખાદ્ય સહાય ટ્રકો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

# સંયુક્ત રાષ્ટ્રપ્રમુખે આંતરરાષ્ટ્રીય એકતા દિવસના સંદેશમાં પેલેસ્ટીનીઓની ઈઝરાયેલની 'સામૂહિક સજા'ની ટીકા કરી

(એજન્સી) તા.૩૦

સંયુક્ત રાષ્ટ્રના પ્રમુખે શુક્રવારે ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓની સતત હત્યા તેમજ ગાઝા અને કબજાવાળા વેસ્ટ બેંકમાં ચાલી રહેલી માનવતાવાદી કટોકટીની ટીકા કરી હતી. પેલેસ્ટીની લોકો સાથે એકતાના આંતરરાષ્ટ્રીય દિવસને ચિહ્નિત કરતા એક નિવેદનમાં એન્ટોનિયો ગુટેરેસે જણાવ્યું કે, 'દર વર્ષે આ દિવસે આંતરરાષ્ટ્રીય સમુદાય પેલેસ્ટીની લોકો સાથે તેમના ગૌરવ, અધિકારો, ન્યાય અને આત્મનિર્ણય માટે એકતામાં ઊભો રહે છે. આ વર્ષની યાદગીરી તે ખાસ કરીને પીડાદાયક છે કારણ કે તે મૂળભૂત લક્ષ્યો પહેલા કરતા વધુ દૂર છે.' આ દિવસ દર વર્ષે ૨૯ નવેમ્બરે મનાવવામાં આવે છે, જે શાંતિ, ન્યાય અને સ્વ-નિર્ધારણ માટેની પેલેસ્ટીની આકાંક્ષાઓને સન્માનિત કરે છે. સંયુક્ત રાષ્ટ્ર જનરલ એસેમ્બલીના ઠરાવ ૧૮૧ના ત્રણ દાયકા પછી



યુનાઈટેડ નેશન્સ દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી, જેમાં પેલેસ્ટીનને યહૂદી અને અરબ રાજ્યોમાં વિભાજીત કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી, જે બંને પક્ષો વચ્ચેના ઉકેલ માટે કાયમી પ્રયાસોની રૂપરેખા આપે છે, જો કે તેની સંભાવનાઓ હાલમાં દૂરની લાગે છે ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના ચાલી રહેલા નરસંહારના યુદ્ધને કારણે. ગુટેરેસે ઓકટોબર ૭ના હુમલાની ટીકા કરતા જણાવ્યું કે 'પેલેસ્ટીની લોકોની સામૂહિક સજા માટે કોઈ વ્યાજબી નથી. 'સંઘર્ષના વિનાશક પરિણામો પર પ્રકાશ પાડતા, ગુટેરેસે ભારપૂર્વક જણાવ્યું કે ૪૩,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓની હત્યા, મુખ્યત્વે મહિલાઓ અને બાળકો અને ચાલુ માનવતાવાદી સંકટ 'ભયાનક અને અક્ષમ્ય' છે. તેમણે કબજાવાળા વેસ્ટ બેંકમાં અને પૂર્વ જેરૂસલેમમાં ઈઝરાયેલની કાર્યવાહીની પણ ટીકા કરી હતી અને જણાવ્યું કે 'વસાહત વિસ્તરણ, ખાલી કરાવવા, તોડી પાડવા, વસાહતીઓની હિંસા અને જોડાણની ધમકીઓ' 'પીડા અને અન્યાય' વધારી રહી છે. ગુટેરેસે તાત્કાલિક યુદ્ધવિરામ, તમામ બંધકોની મુક્તિ અને 'પેલેસ્ટીની પ્રદેશના ગેરકાયદેસર કબજાનો અંત લાવવાની વિનંતી કરી-જેમ કે આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત અને જનરલ એસેમ્બલી દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે.'

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# સંભલ હિંસા : કાયદાની અવગણના સાથે 'સર્વે'ની માગણી કરતા દાવાઓ પૂજા સ્થાનો અધિનિયમમાં સમાવિષ્ટ સિદ્ધાંતો પ્રત્યે પ્રતિબદ્ધતા જરૂરી છે

(એજન્સી) તા.૩૦

પૂજાના સ્થળોનો કાયદો (૧૯૯૧) કોઈપણ પૂજા સ્થળમાં ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં હતા તેમાથી ફેરફારને પ્રતિબંધિત કરવા અને તેના ધાર્મિક પાત્રને જાળવી રાખવા માટે લાવવામાં આવ્યો હતો. આ કાયદો છેલ્લા દાયકાથી વિવાદનો કેન્દ્રિય વિષય છે. જિલ્લા અદાલતોએ ધાર્મિક સ્થળો (મસ્જિદો)ના સર્વેક્ષણની મંજૂરી આપતા અનેક આદેશો પસાર કર્યા છે જે એવા દાવા પર આધારિત છે કે ત્યાં પહેલાં અન્ય ધાર્મિક માળખું (મંદિર) અસ્તિત્વમાં છે. ૧૮ નવેમ્બરે ઉત્તરપ્રદેશના સંભલ જિલ્લાની સિવિલ કોર્ટે શાહીજામા મસ્જિદના સર્વેનો આદેશ આપ્યો હતો. આ આદેશ એક અરજી પર આપવામાં આવ્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મસ્જિદ મંદિરની જગ્યા પર બનાવવામાં આવી હતી. આ સર્વેનો રિપોર્ટ ૨૯ નવેમ્બરે કોર્ટ સમક્ષ રજૂ કરવાનો રહેશે. અહી બે સર્વે કરવામાં આવ્યા છે. અયોધ્યા-બાબરી ચુકાદા પછી એવા ઘણા કિસ્સાઓ બન્યા છે જેમાં ધાર્મિક સંરચનાઓનું મૂળ મુકદમાનો વિષય છે. વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ કેસ, મથુરામાં શાહી ઈદગાહ અને મધ્ય પ્રદેશમાં કમલ-મૌલા મસ્જિદ જેવા કેટલાક કેસો વિવિધ અદાલતોમાં પેન્ડિંગ છે. જો આપણે કડક કાયદાનું પાલન કરીએ, તો આવી પ્રક્રિયાને પૂજાના સ્થળોના કાયદા હેઠળ પ્રતિબંધિત કરવામાં આવે છે. હવે, કાયદાની માન્યતા પર પ્રશ્નાર્થ હોવા છતાં એવું લાગે છે કે આ બાબતનો નિર્ણય લેવામાં આવે તે પહેલા જ તેને કોલ્ડ સ્ટોરેજમાં ફેંકી દેવામાં આવ્યો છે. આ એક સ્પષ્ટ વૈધાનિક આદેશ છે. ધાર્મિક સ્થળોના 'સ્વભાવ'ના સંદર્ભમાં સર્વેક્ષણની માંગ કરતા તાજેતરના આ દાવાઓ માત્ર કાયદાની અવગણના જ નહીં પરંતુ બિનસાંપ્રદાયિકતા અને સાંપ્રદાયિક સંવાદિતા માટે બંધારણીય પ્રતિબદ્ધતાને પણ જોખમમાં મૂકે છે. સંભલ કેસમાં સિવિલ કોર્ટે એડવોકેટ કમિશનર રમેશ ચંદ રાઘવને ચંદૌસી



ખાતેની શાહીજામા મસ્જિદનું સર્વેક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટના આદેશના થોડા કલાકો બાદ જ સાંજે મસ્જિદનું સર્વેક્ષણ શરૂ થયું હતું. આ સર્વેક્ષણનો આદેશ સુનાવણીના પહેલા જ દિવસે આપવામાં આવ્યો હતો, એટલે કે, દાવાની જાળવણીના આધારને ધ્યાનમાં લીધા વિના અને અન્ય પક્ષોને તેને પડકારવાની તક મળે તે પહેલા આ આદેશનો અમલ કરવામાં આવ્યો હતો. આ આદેશ આઠ વાદીઓ દ્વારા દાખલ કરાયેલા દાવા પર પસાર કરવામાં આવ્યો હતો, જેમણે દાવો કર્યો હતો કે વિવાદાસ્પદ મસ્જિદ ૧૫૨૬માં ત્યાં ઊભેલા મંદિરને તોડી પાડવામાં આવી હતી. ૨૪ નવેમ્બરના રોજ, કોર્ટ દ્વારા નિયુક્ત એડવોકેટ કમિશનર અને તેમની ટીમના છ સભ્યો સવારે ૭ વાગ્યાની આસપાસ બીજા સર્વે માટે મસ્જિદમાં પ્રવેશ્યા પછી અથડામણ થઈ. અહેવાલો અનુસાર, અથડામણમાં મૃત્યુઆંક છ થઈ ગયો છે, જેમાં એક ૧૯ વર્ષીય છોકરાનો પણ સમાવેશ થાય છે જેનું ગોળી વાગવાથી મૃત્યુ થયું હતું. જ્ઞાનવાપી કેસ દરમિયાન, જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડે અવલોકન કર્યું હતું કે પૂજાના સ્થળના ધાર્મિક પાત્રની ખાતરી સ્પષ્ટપણે પ્રતિબંધિત નથી, એટલે કે, સ્થળનું કોઈ રૂપાંતર ન થઈ શકે પણ તેમણે કહ્યું કે મિલકતનું મૂળ પાત્ર હંમેશા નક્કી કરી શકાય છે. બાદમાં તેમણે સ્પષ્ટતા કરી હતી કે તે માત્ર એક સંવાદ હતો અને તે કોર્ટનો અભિપ્રાય નથી. તેમના ઉપરોક્ત અવલોકનથી દાવાઓ વધ્યા છે અને જો કે તે માત્ર એક સંવાદ હતો, તેમ છતાં તે પ્રાથમિક દૃષ્ટિએ જણાવે છે કે ધાર્મિક સ્મારકની માન્યતા કાયદા દ્વારા પ્રતિબંધિત હોવા છતાં પણ તે નક્કી કરી શકાય છે. અજોયકરપુરમ યોગ્ય રીતે દલીલ કરે છે કે, જ્ઞાનવાપી મસ્જિદના સર્વેક્ષણની મંજૂરી આપતી SC ૨૦૧૯ના અયોધ્યા ચુકાદામાં વિવાદિત પૂજા સ્થાનો અંગેના તેના મંતવ્યોનો વિરોધાભાસ કરે છે. ૨૦૧૯માં અયોધ્યા વિવાદનો નિર્ણય કરનાર સર્વોચ્ચ અદાલતની બેંચે અવલોકન કર્યું હતું કે પૂજા સ્થાનો અધિનિયમ એ ભારતીય રાજનીતિની બિનસાંપ્રદાયિક લાક્ષણિકતાઓને સુરક્ષિત કરવા માટે રચાયેલ એક કાયદાકીય સાધન છે, જે બંધારણની મૂળભૂત લાક્ષણિકતાઓમાંની એક છે. પૂજાના સ્થળોનો કાયદો ધર્મનિરપેક્ષ રાજ્યની જવાબદારીઓ સાથે આંતરિક રીતે સંબંધિત છે. તે તમામ ધર્મોની સમાનતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. પૂજા સ્થાન અધિનિયમ એ ગૌરવપૂર્ણ ફરજની પ્રતિજ્ઞા છે જે રાજ્ય પર તમામ ધર્મોની સમાનતાને એક આવશ્યક બંધારણીય મૂલ્ય તરીકે જાળવવા અને તેનું રક્ષણ કરવા માટે છે. પૂજા સ્થાન અધિનિયમના અમલમાં કાયદો આપણા ઈતિહાસ અને રાષ્ટ્રના ભવિષ્ય સાથે વાત કરે છે. લોકો કાયદો પોતાના હાથમાં લઈને ઐતિહાસિક ભૂલોને સુધારી શકતા નથી. સાર્વજનિક પૂજાના સ્થળોને સાચવવા માટે સંસદે કોઈ અનિશ્ચિત શરતોમાં આદેશ આપ્યો છે કે ઈતિહાસ અને તેની ભૂલોનો ઉપયોગ વર્તમાન અને ભવિષ્ય પર જુલમ કરવાના સાધન તરીકે કરવામાં આવશે નહીં.

**અયોધ્યા-બાબરી ચુકાદામાં સુપ્રીમ કોર્ટ**

આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટે ૨૦૧૦ માં અયોધ્યા-બાબરીનો ચુકાદો આપનારી અલ્હાબાદ હાઈકોર્ટની બેન્ચના ભાગ હતા તેવા જસ્ટિસ ડીવી શર્મા દ્વારા કરવામાં આવેલા અવલોકનોની પણ ટીકા કરી હતી. આ હોવા છતાં પૂજા સ્થાનોના ધાર્મિક પાત્રને નિર્ધારિત કરવા માટે સર્વેક્ષણોની વધતી જતી સ્વીકૃતિ, પૂજાના સ્થળોના કાયદાના પાયાના સિદ્ધાંતો માટે નોંધપાત્ર જોખમો ઊભા કરે છે. જ્ઞાનવાપી કેસ પછી વિવિધ સ્થળોની ધાર્મિક ઓળખ પર સવાલ ઉઠાવતા પડકારોનો વધારો થયો છે. દાખલા તરીકે મથુરા ડિસ્ટ્રિક્ટ કોર્ટે શાહી ઈદગાહ મસ્જિદમાં હિંદુ 'આર્ટફેક્ટ્સ'ની હાજરીનો આરોપ લગાવતી અરજીને સ્વીકારી છે. તેવી જ રીતે કર્ણાટકમાં, નરેન્દ્ર મોદી વિચારમંચે શ્રીરંગપટ્ટનામાં એક મસ્જિદની અંદર પ્રાર્થના કરવા માટે પરવાનગી માંગી છે અને જણાવ્યું હતું કે તે ટીપુ સુલતાનના શાસન દરમિયાન હનુમાન મંદિર પર બાંધવામાં આવી હતી. અયોધ્યા ચુકાદામાં નાજુક સંતુલન ખોરવાઈ ગયું હતું. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આ અધિનિયમ તમામ ધર્મોની સમાનતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સુપ્રીમ કોર્ટ કાયદાની બંધારણીય માન્યતા અંગે નિર્ણય લેવાની તૈયારી કરી રહી હોવાથી, તેણે કાયદાના શાસન અને ધાર્મિક સંવાદિતા પરના આ મુકદમાઓના વ્યાપક અસરોને પણ સંબોધિત કરવી જોઈએ. આ ઐતિહાસિક ફરિયાદો રાષ્ટ્રના સામાજિક માળખાને વિક્ષેપિત કરવા માટે શસ્ત્ર ન બને તે સુનિશ્ચિત કરવા માટે ન્યાયિક સંયમ અને પૂજા સ્થાનો અધિનિયમમાં સમાવિષ્ટ સિદ્ધાંતો પ્રત્યે વફાદારી જરૂરી છે. જ્યાં સુધી સર્વોચ્ચ અદાલત નિર્ણાયક રીતે હસ્તક્ષેપ ન કરે ત્યાં સુધી કાયદાના ઉદ્દેશ્યો અને રાષ્ટ્રના બિનસાંપ્રદાયિક પાત્રને અનિશ્ચિત ભાવિનો સામનો કરવો પડશે.

# સંભલની શાહી જામા મસ્જિદ : ભારતમાં મંદિર-મસ્જિદના વિવાદોથી કોને લાભ થાય છે ?

## અન્ય મસ્જિદ, બીજો સર્વે અને હિંસા જેવી સમાન પેટર્ન : આ દાવાઓ ઈતિહાસ વિશે છે કે માત્ર રાજકારણ છે ?

(એજન્સી) તા.૩૦

ઉત્તરપ્રદેશના સંભલમાં આવેલી શાહી જામા મસ્જિદ, ભારતમાં ચાલી રહેલી મંદિર-મસ્જિદની ચર્ચાઓમાં તાજેતરનો નવો વિવાદ બની ગઈ છે. ઐતિહાસિક હરિહર મંદિર પર મસ્જિદ બાંધવામાં આવી હોવાના દાવાઓ વચ્ચે પૂજાના સ્થળો અને તેના અમલીકરણ અંગેના પ્રશ્નો સામે આવ્યા છે. પરંતુ આ વિવાદો શા માટે ઉભા થતા રહે છે અને તેમાંથી કોને ફાયદો થાય છે ? આ વિવાદ નવેમ્બર ૨૦૨૪માં દાખલ કરવામાં આવેલી અરજી સાથે શરૂ થયો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે શાહી જામા મસ્જિદ મૂળ ભગવાન કલ્કીને સમર્પિત મંદિર છે. કોર્ટે તાત્કાલિક મસ્જિદ કમિટીને જાણ કર્યા વિના કથિત રીતે મસ્જિદના સર્વેનો આદેશ આપ્યો હતો. અહી ખોદકામની અફવાઓ ફેલાઈ, સ્થાનિકો અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ થઈ. હિંસામાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા હતા.

**પૂજા સ્થળ અધિનિયમ શું છે ?**

પૂજા સ્થાનો અધિનિયમ ૧૯૯૧, ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં હોવાથી કોઈપણ ધાર્મિક સ્થળના રૂપાંતર પર પ્રતિબંધ મૂકે છે. આ કાયદો રામ મંદિર ચળવળ વચ્ચે કોમી સંવાદિતા જાળવવા માટે ઘડવામાં આવ્યો હતો. જો કે, તેમાં છટકબારીઓ અને વિરોધાભાસી અર્થઘટનને કારણે વારંવાર પડકારો ઉભા થયા છે. આ કાયદો સાઈટની ઐતિહાસિક પ્રકૃતિની તપાસની પરવાનગી આપે છે, પરંતુ ટીકાકારો દલીલ કરે છે કે આવા સર્વે રચનાત્મક પરિણામો આપ્યા વિના અશાંતિ ઊભી કરે છે. જો ધાર્મિક સ્થળમાં કોઈ ફેરફાર કરી શકાતા નથી, તો આ તપાસનો હેતુ શું છે ? આ ચર્ચા મસ્જિદો પુરતી મર્યાદિત નથી. બૌદ્ધ સ્થળો પર બનેલા હિંદુ મંદિરો અંગે પણ દાવા કરવામાં આવ્યા છે. દાખલા તરીકે રામેશ્વરધામ અને કેરળના સબરીમાલા મંદિર માટે આદિવાસી જૂથોએ ઐતિહાસિક અન્યાયનો આક્ષેપ કર્યો છે. ૨૦૧૮માં આઈક્યા માલા આરાય મહાસભાના પીકે સજીવે કહ્યું કે, સરકારે અમને મંદિર પરત કરવું જોઈએ અને ઐતિહાસિક ભૂલો સુધારવી જોઈએ. ભૂતકાળના અત્યાચારોનું પ્રાયશ્ચિત કરવાનો સમય આવી ગયો છે. આ દાવાઓ ઈતિહાસ અને આસ્થાના જટિલ સ્તરોને ઉજાગર કરે છે, જે આપણે આપણા વારસાને કેવી રીતે સાચવીએ છીએ અને તેનું અર્થઘટન કરીએ છીએ તે અંગે અસ્વસ્થતાભર્યા પ્રશ્નો ઉભા કરે છે. હિંદુત્વ ચળવળના નેતાઓએ પણ આવા વિવાદોની વધતી સંખ્યા અંગે સાવચેતી વ્યક્ત કરી છે. ૨૦૨૨માં નાગપુરમાં એક ભાષણ દરમિયાન આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું હતું કે, અમે ચોક્કસ સ્થાનો માટે સાંકેતિક આસ્થા ધરાવીએ છીએ, પરંતુ દરરોજ નવો મુદ્દો લાવવો જરૂરી નથી. શા માટે તકરાર વધારવી જોઈએ ? આપણે આપણી પરંપરાઓને કારણે જ્ઞાનવાપીમાં આસ્થા રાખીએ છીએ, પણ દરેક મસ્જિદમાં શિવલિંગ શા માટે શોધવું જોઈએ ? તે પણ પૂજાનું એક સ્વરૂપ છે, ભલે તે બહારથી આવ્યું હોય. જે લોકોએ તેને અપનાવ્યું છે તે હવે બહારના નથી અને આ સમજવું આવશ્યક છે. મોહન ભાગવતની સંયમની હિમાયત કરતી આવી ટિપ્પણીઓ છતાં, મસ્જિદોની નીચે મંદિરો શોધવાની ઝુંબેશ અવિરત ચાલુ રહી છે. સામાજિક-રાજકીય સંદર્ભમાં આ ક્રિયાઓ શું સૂચવે છે ? ધાર્મિક સ્થળો પરના વિરોધો ઘણીવાર હિંસામાં પરિણમે છે. પરંતુ બે પ્રશ્નો રહે છે :

૧. ચોક્કસ સમુદાયને સંડોવતા વિરોધ દરમિયાન આ ઘટનાઓ શા માટે એટલી સામાન્ય છે ?

૨. પોલીસે આવી હિંસાને રોકવા માટે વ્યૂહરચના કેમ નથી બનાવી ?

# કોંગ્રેસે મહારાષ્ટ્ર ચૂંટણીમાં મતદારોની છેતરપિંડીનો આરોપ લગાવ્યો, ચૂંટણી પંચને આવેદન સુપરત કર્યું

(એજન્સી) તા.૩૦

કોંગ્રેસે ચૂંટણી પંચને પત્ર લખીને હાલમાં જ યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના મતદાન અને ગણતરી પ્રક્રિયામાં ગંભીર અનિયમિતતાઓનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસે આ મુદ્દે વ્યક્તિગત સુનાવણીની માંગ પણ કરી છે. કોંગ્રેસ આરોપ લગાવ્યો છે કે, 'મતદાર યાદીઓથી મનમાની રીતે મતદારોને હટાવવામાં આવ્યા અને દરેક વિધાનસભા વિસ્તારમાં ૧૦,૦૦૦થી વધુ મતદારોને જોડવામાં આવ્યા. મહારાષ્ટ્રના મતદાર યાદી પર એક પૂર્વ મુખ્ય ચૂંટણી અધિકારીએ પણ સવાલ ઉઠાવ્યા છે.' કોંગ્રેસે પોતાના લેટરમાં ઉલ્લેખ કર્યો છે કે, 'મનમાનીથી હટાવવા અને જોડવાની આ પ્રક્રિયાના કારણે જુલાઈ ૨૦૨૪થી નવેમ્બર ૨૦૨૪ વચ્ચે મહારાષ્ટ્રમાં મતદાર યાદીમાં લગભગ ૪૭ લાખ નવા મતદાર સામેલ કરાયા.' પાર્ટીએ દાવો કર્યો કે, 'જે ૫૦ વિધાનસભા વિસ્તારોમાં સરેરાશ ૫૦,૦૦૦ નવા મતદારોને જોડવામાં આવ્યા, તેમાંથી ૪૭ બેઠકો પર સત્તાધારી ગઠબંધન અને તેમના સહયોગીઓને જીત મળી.' કોંગ્રેસે ચૂંટણી પંચ તરફથી જાહેર કરાયેલા આંકડા પર પણ સવાલ ઉઠાવ્યા. પાર્ટીએ કહ્યું કે, '૨૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે ૫ વાગ્યાથી ૬ વાગ્યા વચ્ચે લગભગ ૭૬ લાખ મત પડ્યા.' કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવતા મતપત્રોના ઉપયોગની માગ કરી. તેમણે કહ્યું કે, 'અમારે ઈવીએમ નહીં, બેલેટ પેપર જોઈએ.' ઉલ્લેખનીય છે કે, હાલમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપના નેતૃત્વવાળા મહાયુતિ ગઠબંધનને ૨૮૮માંથી ૨૩૦ બેઠકો પર જીત મળી. ભાજપે ૧૩૨, શિવસેનાએ ૫૭ અને NCPએ ૪૧ બેઠકો જીતી. ત્યારે, મહાવિકાસ અઘાડી (MVA)ને કુલ ૪૬ બેઠકો મળી, જેમાં કોંગ્રેસની ભાગીદારી માત્ર ૧૬ બેઠકો પર રહી.

# રાહુલ ગાંધીએ પીએમ મોદી પર અદાણીની તરફેણ કરવાનો આરોપ લગાવ્યો, કહ્યું કે ભાજપ 'નફરત અને વિભાજન'ને પ્રોત્સાહિત કરે છે

(એજન્સી) તા.૩૦

લોકસભાના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અમેરિકા દ્વારા લગાવાયેલા લાંચ કેસમાં અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીને બચાવવાનો આરોપ લગાવ્યો હતો. વાયનાડમાં એક સભાને સંબોધતા ગાંધીએ કહ્યું કે લોકસભામાં અમે રાજકીય વિચારધારા સામે લડી રહ્યા છીએ. અમે લાગણીઓ, પ્રેમ વિશે વાત કરી રહ્યા છીએ. ભાજપ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે તેઓ નફરત, ભાગલા અને હિંસા વિશે વાત કરે છે. બંધારણ કહે છે કે તમામ લોકો સાથે સમાન વ્યવહાર થવો જોઈએ. રાહુલે દાવો કર્યો હતો કે વડાપ્રધાન મોદી કહે છે કે અદાણી સાથે દરેક ભારતીય કરતાં અલગ વર્તન કરવામાં આવશે. પીએમ મોદી કહે છે કે અદાણીને અમેરિકામાં દોષિત ઠેરવવામાં આવે તો કોઈ વાંધો નથી, અમેરિકામાં તેને ગુનેગાર કહેવામાં આવે છે. ભારતમાં, અમે તેને દોષ આપીશું નહીં. તેમણે વધુમાં કહ્યું કે તેમની પાસે આખી સરકાર છે. તેમની પાસે મીડિયા છે. પૈસા, ગુપ્તચર એજન્સીઓ, CBI, ED, IT અને અમારી પાસે કંઈ નથી. અમારી પાસે માત્ર જનતાની લાગણી છે. મારા માટે આશ્ચર્યની વાત છે કે દરેક વખતે જનતાની ભાવનાની જીત થાય છે. મને વિશ્વાસ છે કે અમે ભાજપની વિચારધારાને હરાવીશું. આ પહેલીવાર નથી જ્યારે કોંગ્રેસના સાંસદે આ મુદ્દે પીએમ મોદીની ટીકા કરી હોય. અગાઉ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ગાંધીએ ગૌતમ અદાણીની ધરપકડની માંગ કરી હતી અને કહ્યું હતું કે તેમને તેમના કૃત્યોની સજા મળવી જોઈએ. ન્યૂયોર્કમાં યુએસ પ્રોસિક્યુટર્સે ગૌતમ અદાણી તેમજ અદાણી ગ્રીન એનર્જીના બે એક્ઝિક્યુટિવ્સ, સાગર અદાણી અને વિનીત જૈન પર આરોપ મૂક્યા પછી આ ટિપ્પણીઓ આવી છે. આરોપમાં તેના પર ૨૦૨૦થી ૨૦૨૪ની વચ્ચે $૨૦૦ કરોડના સોલાર એનર્જી કોન્ટ્રાક્ટ મેળવવા માટે $૨૫ કરોડથી વધુ લાંચ આપવાનો આરોપ છે.

## તેમના ૮૪મા જન્મદિવસે પુત્રી શેનોને પિતાને યાદ કર્યા

# બ્રુસ લી માર્શલ આર્ટમાં સ્પર્ધા કરવામાં માનતા ન હતા





બ્રુસ લીને શસ્ત્રોનો શોખ હતો પણ તેમાં નાનચાકુ તેમનું સૌથી પ્રિય હતું



૩૭ ફિલ્મો અને ૨૦ ટેલિવિઝન શોમાં અભિનય કરવા છતાં બ્રુસ લીની થોડી ફિલ્મો વિશે જ વાત કરવામાં આવે છે : પુત્રી શેનોન

**મિશ્ર માર્શલ આર્ટના પિતા સમાન બ્રુસ લીને સ્ટાર તરીકે ઓળખાવાનું પસંદ ન હતું**

**બ્રુસ લીની પ્રખ્યાત ફિલ્મ એન્ટર ધ ડ્રેગને તે સમયે બોક્સ ઓફિસ પર ૫૪૦૦ મિલિયનની કમાણી કરી હતી**

બ્રુસ લીની ૮૪મી જન્મજયંતી અને બ્રુસ લી પોડકાસ્ટની આઠમી સિઝનની શરૂઆતના પ્રસંગે તેમની પુત્રી શેનોન લી એક ઈમેલ ઈન્ટરવ્યુમાં પોતાના પિતાને યાદ કરતા કહે છે કે તેમના ૩૩મા જન્મદિવસના મહિનાઓ પહેલા તેમનું અવસાન થયું હતું પરંતુ તેઓ હંમેશા માટે જીવંત છે. તમે બ્રાઝિલના ફેવેલાસથી લઈને હિમાલયના ઉચ્ચ પર્વતીય ચાની દુકાનો સુધી વિશ્વભરમાં જ્યાં પણ જશો ત્યાં તેમનું નામ માર્શલ આર્ટનો પર્યાય છે.

બ્રુસ લીનો જન્મ ૨૭ નવેમ્બર ૧૯૪૦ના રોજ સાન ફ્રાન્સિસ્કોમાં થયો હતો અને ૧૯૭૩માં ૨૦ જુલાઈએ હોંગકોંગમાં તેમણે અંતિમ શ્વાસ લીધો હતો અને ટૂંકાગાળામાં તેઓ એક દંતકથા સમાન બની ગયા હતા. ૫૫ વર્ષીય શેનોને તેના સુપ્રસિદ્ધ પિતાની સ્મૃતિને સાચવવામાં પોતાનું જીવન વિતાવ્યું છે. તે બ્રુસ લી ફેમિલી કંપનીની સીઈઓ છે અને બ્રુસ લી ફાઉન્ડેશનના બોર્ડની અધ્યક્ષ છે. નેટફ્લિક્સ સિરીઝ ધ વોરિયર માટે એક્ઝિક્યુટીવ નિર્માતા છે અને બી વોટર માય ફ્રેન્ડ, ધ ટીચિંગ્સ ઓફ બ્રુસ લી અને બ્રેથ ઓફ ડ્રેગન જેવા પુસ્તકોની લેખક છે. શેનોને કહ્યું કે જ્યારે બ્રુસ લીએ માર્શલ આર્ટ શરૂ કર્યું ત્યારે તેમને કદાચ જ ખબર હતી કે તે એથ્લેટીક ટેલેન્ટના કારણે જાણીતા મૂવી સ્ટાર બનશે. લીએ ૧૯૭૧માં પિયર બર્ટનને કહ્યું હતું કે ચોક્કસપણે શરૂઆતમાં મારો કોઈ ઈરાદો ન હતો કે હું જે પ્રેક્ટિસ કરી રહ્યો છું. તે મને આ તરફ દોરી જશે. શેનોન જણાવે છે કે તેના પિતા બાળ કલાકાર હતા અને ૫થી ૧૮ વર્ષની ઉંમર વચ્ચે ૨૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું.

જ્યારે બ્રુસ લી ૧૯૭૧માં ધ પિયર બર્ટન શોમાં દેખાયા ત્યારે હોસ્ટે તે સમયના ૩૧ વર્ષીય વ્યક્તિને યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્ટારડમ તરીકે ઓળખાવ્યા જ્યારે તેમણે હોંગકોંગમાં ફિલ્મ અભિનેતા તરીકે સુપર સ્ટારડમ પ્રાપ્ત કર્યું હતું. બ્રુસ લીને સુપરસ્ટાર તરીકે ઓળખવાનું પસંદ ન હતું. બ્રુસ લીએ કહ્યું હતું કે સુપરસ્ટાર શબ્દ ખરેખર મને સમાપ્ત કરી દે છે. કારણ કે સ્ટાર મેન શબ્દ તે એક ભ્રમ છે. તે એવો શબ્દ છે જે લોકો તમને બોલાવે છે તમારે તમારી જાતને એક અભિનેતા તરીકે ઓળખવી જોઈએ. મારો મતલબ છે કે તમે ખૂબ જ ખુશ થશો જ્યારે કોઈ તમને કહેશે કે અરે ભાઈ તમે સુપર એક્ટર છો. તે સુપરસ્ટાર કરતા ઘણું સારૂં છે. શેનોન કહે છે કે તેમણે અન્ય પ્રોજેક્ટમાં ૩૭ ફીચર ફિલ્મો અને ૨૦ ટેલિવિઝન શોમાં અભિનય કર્યો હતો. તેમ છતાં બ્રુસ લીની માત્ર થોડી જ ફિલ્મો વિશે વાત કરવામાં આવે છે. મને લાગે છે કે તેમની એક્ટિંગની ઘણીવાર અવગણના કરવામાં આવી છે. તેણીને પોતવની ફેવરીટ બ્રુસ લીની ફિલ્મ વિશે પૂછતા શેનોને કહ્યું કે હું બધી ફિલ્મોને જુદા જુદા કારણોસર પસંદ કરૂં છું પરંતુ મને ખાસ કરીને મારા પિતાને ફિસ્ટ ઓફ ફ્યુરી ઉર્ફે ચાઈનીઝ કનેકશનમાં ચમકતા જોવાની મજા આવી છે. તેઓ ખરેખર સ્ક્રીન પર ચમકે છે. બ્રુસ લીએ પોતાના ટ્રેકમાર્ક સમાન બે લાકડી અને સાંકળથી બનેલા નનચકસને માર્શલ આર્ટના હથિયારમાં ફેરવી દીધું. ફિસ્ટ ઓફ ધ ફ્યુરીમાં બ્રુસ લી પોતાના શત્રુઓને પાઠ ભણાવવા નનચકસનો ઉપયોગ કરે છે. શેનોન કહે છે કે મારા પિતાને સામાન્ય રીતે શસ્ત્રોનો શોખ હતો. તેમણે તમામ પ્રકારના શસ્ત્રો એકત્રિત કર્યા હતા. પરંતુ ખાસ કારણોસર નાનચાકુ ઘણું પ્રિય હતું. તેણીએ કહ્યું કે તે સૌમ્ય દેખાય છે પરંતુ તેને ચલાવવા માટે એક ખાસ ટેલેન્ટની જરૂર હોય છે. બ્રુસ લી માર્શલ આર્ટમાં સ્પર્ધા કરવામાં માનતા ન હતા. તેમને માર્શલ આર્ટની ટુર્નામેન્ટમાં ભાગ લેવાનું પસંદ નહોતું. તેમણે હોલીવૂડમાં એક શાળાની સ્થાપના કરી અને એક્ટર સ્ટીવ મેક્વિન, જેમ્સ ગાર્નર, લી માર્વિન અને જેમ્સ કોબર્નને માર્શલ આર્ટ શીખવ્યું હતું. શેનોન કહે છે કે મારા પિતા માટે માર્શલ આર્ટ પ્રમાણિકપણે તમારી જાતને વ્યક્ત કરવી હતી. જે કરવું ખૂબ જ મુશ્કેલ હતું. તેણીએ કહ્યું કે પ્રમાણિક સ્વઅભિવ્યક્તિ વ્યક્તિના હાથમાં હોય છે. મારા પિતા માર્શલ આર્ટમાં સ્પર્ધા કરવા માગતા ન હતા. કારણ કે જ્યારે કોઈ સ્પર્ધા કરે છે ત્યારે વ્યક્તિ સક્રિય અને સર્જનાત્મક કલાકાર બનવા કરતાં જીતવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. દિગ્દર્શક અને પટકથા લેખક રેજિનાલ્ડ હડલિન કહે છે કે જ્યારે તેઓ ચકનોરીસ સામે લડ્યા ત્યારે બ્રુસ લીએ સમગ્ર ત્રીજા વિશ્વનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે પશ્ચિમી દમન સામે લડતા તમામ લોકોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. એન્ટર ધ ડ્રેગન બ્રુસ લીની સૌથી પ્રખ્યાત ફિલ્મ હતી. ૧૯૭૩માં જોન સેકસન અને જિમ કેલી સાથે બ્રુસ લીએ એન્ટર ધ ડ્રેગન ફિલ્મમાં અભિનય કર્યો હતો. રોબર્ટ ક્લોઝ દ્વારા નિર્દેશિત આ ફિલ્મનું વિતરણ ગોલ્ડન હાર્વેસ્ટ અને વોર્નર બ્રધર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૬ જુલાઈ ૧૯૭૩ના રોજ હોંગકોંગમાં ફિલ્મ રિલીઝ થયાના માત્ર ૬ દિવસ પહેલા બ્રુસ લીનું નિધન થયું હતું. અમેરિકામાં આ ફિલ્મ ૧૯ ઓગસ્ટ ૧૯૭૩ના રોજ રિલીઝ થઈ હતી. બ્રુસ લીની સૌથી ફેમસ ફિલ્મ એન્ટર ધ ડ્રેગન તે સમયે બોક્સ ઓફિસ પર ૫૪૦૦ મિલિયનની કમાણી કરી હતી. શેનોન કહે છે કે આ ફિલ્મ પહેલા હોલીવૂડમાં એકશન ખૂબ જ અલગ હતી. આજકાલ દરેક એકશન સ્ટાર માર્શલ આર્ટિસ્ટ છે. અલ્ટીમેટ ફાઈટીંગ ચેમ્પિયનશીપના પ્રમુખ ડાના વ્હાઈટે બ્રુસ લીને મિશ્ર માર્શલ આર્ટના પિતા ગણાવ્યા હતા. શરૂઆતના દિવસોમાં માસ્ટર ચિપમેન પાસે બ્રુસ લી વિંગ યુન શીખ્યા. જે માર્શલ આર્ટનું એક સ્વરૂપ છે. ડોની યેનની પ્રખ્યાત આઈપીમેન ફ્રેન્ચાઈઝી માસ્ટર બ્રુસ લી પર આધારિત છે. એક બાળક કુંગ ફુ શીખવા માટે માસ્ટરની મુલાકાત લે છે તે પોતાનો પરિચય બ્રુસ લી તરીકે આપે છે. લિન્ડા લીના જણાવ્યા મુજબ ચિપમેનનો બ્રુસ લી પર ઘણો પ્રભાવ હતો. તેણીએ કહ્યું કે મારા પિતાની ખ્યાતિ અને વારસાના કારણે ઘણા લોકોને તેમની અને વિંગ યુનની કળા વિશે જાણવાની તક મળી છે. બ્રુસ લીએ કહ્યું હતું કે તમારૂં મન ખાલી કરો, પાણીની જેમ નિરાકાર બનો. હવે તમે એક કપમાં પાણી નાખો તે કપ બની જશે. તમે બોટલમાં પાણી નાખો તે બોટલ બની જશે. મારા મિત્રો પાણી જેવા બનો. પ્રિય માર્શલ આર્ટિસ્ટ અને એકટરની ૮૪મી જન્મજયંતી પહેલા બ્રુસ લી ફેમિલી કંપનીઓએ બ્રુસ લી પ્રોડકાસ્ટની આઠમી સિઝન લોન્ચ કરી તે શેનોન લી દ્વારા હોસ્ટ કરવામાં આવે છે. શેનોનને કહ્યું કે મારા પિતાએ કહ્યું હતું કે જો કોઈ વ્યક્તિ પોતાને પ્રમાણિકપણે રજુ કરી શકે છે તો તેની પાસે વિકાસ કરવાની ક્ષમતા છે. જો કે બ્રુસ લી એન્ટર ધ ડ્રેગનની સફળતા જોવા માટે લાંબો સમય જીવ્યા ન હતા. પરંતુ ફિલ્મની રિલીઝ પછી તે વૈશ્વિક સ્ટાર બની ગયા હતા. એન્ટર ધ ડ્રેગન બાદ ગેમ ઓફ ડેથ ફિલ્મ બ્રુસ લી પૂરી કરી શકયા ન હતા. પોલ બોમેન અનુસાર બ્રુસ લીએ હોલીવૂડ વોક ઓફફેમ પર પોતાની છાપ છોડી. તેમણે પશ્ચિમમાં એશિયન સમુદાય વિશેની નકારાત્મક સ્ટીરિયો ટાઈપ્સને તોડી નાંખી હતી. શેનને કહ્યું કે હું તેમને પ્રકૃતિની શક્તિ તરીકે વર્ણવીશ. તેઓ હેતુપૂર્વક જીવતા હતા. તે સંપૂર્ણ ન હતા પરંતુ તે પોતાની જાતમાં વિશ્વાસ રાખતા હતા.

## શાહઝેબખાનની ૧૫૯ રનની સ્ફોટક ઈનિંગ

# અન્ડર-૧૯ એશિયાકપ : ભારતનો પાકિસ્તાન સામે કારમો પરાજય

દુબઈ,તા.૩૦

અન્ડર-૧૯ એશિયાકપ ૨૦૨૪માં ભારતીય ક્રિકેટ ટીમને તેની પ્રથમ મેચમાં પાકિસ્તાન સામે કારમા પરાજયનો સામનો કરવો પડયો છે. દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં પાકિસ્તાનની ટીમે ટોસ જીતીને ટીમ ઈન્ડિયા સામે ૨૮૨ રનનું લક્ષ્યાંક મુકયું હતું પણ તેના જવાબમાં ભારતીય ટીમ ૪૭.૧ ઓવરમાં ૨૩૭ રનમાં સમેટાઈ ગઈ હતી. આ રીતે ટીમ ઈન્ડિયાને મેચમાં ૪૪ રને પરાજયનો સામનો કરવો પડયો પાકિસ્તાન વિરૂદ્ધ આ મેચમાં ટીમ ઈન્ડિયાની બેટિંગ ખુબ જ ખરાબ રહી ભારત માટે નિખિલકુમાર સિવાય બીજો કોઈ બેટસમેન લક્ષ્યાંકનો પીછો કરતા ક્રિઝ પર ટકી શકયો નહીં ટીમ ઈન્ડિયા માટે નિખિલકુમારે ૭૬ બોલમાં ૬૭ રનની ઈનિંગ રમી તેથી આ ઈનિંગન ૬ ચોગ્ગા અને ત્રણ સિકસર સામેલ છે. આ પહેલા પાકિસ્તાનના બેટસમેન શાહેઝલખાન એ કમાલનું પ્રદર્શન શાહેઝલખાને પાકિસ્તાન માટે ૧૫૯ રનની ધમાકેદાર શતકીય ઈનિંગ રમી તેણે ૧૪૭ બોલનો સામનો કર્યો જેમાં ૧૦ સિકસર અને પાંચ ચોગ્ગા સામેલ છે આ સાથે જ શાહેઝલ પાકિસ્તાન તરફથી અન્ડર-૧૯ ક્રિકેટની એક ઈનિંગમાં સૌથી વધારે સિકસર ફટકારનાર બેટસમેન પણ બની ગયો છે.

**હદીસ બોધ**

કિંમતના પ્રમાણે વજન કરો અને વજન નમતું કરો.
(હદીસ બોધ)

**બોધ વચન**

નાનુ દેવું કરજદાર બનાવે છે અને મોટું દેવું શત્રુ બનાવે છે.
-લ્યુથર

**આજની આરસી**

૧ ડિસેમ્બર રવિવાર ૨૦૨૪
૨૮ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૬
કારતક વદ અમાસ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૪૦
ખત્મે ઝવાલ ૧૨-૨૮
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૭-૦૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૩

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**અલ્લાહ કો ભૂલ ગએ લોગ ફીક્ર-એ-રીઝકમેં,**
**તલાશ રીઝક કી હૈ, રઝાક કા ખયાલ ભી નહીં**

અલ્લામા કહે છે કે લોકો જીવનની કમાણી માટે અલ્લાહને ભૂલી ગયા છે, રોજીની તલાશ છે પણ અલ્લાહના જિક્રનો કોઈ ખ્યાલ નથી. તમામ સંજોગોમાં અલ્લાહની ઈબાદત કરવાનો સંદેશ છે.

**-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
**- વ્યવસ્થાપક**

# 'અવરોધો મજબૂત બનાવી રહ્યા છે' : રાહુલ ગાંધીનો PM મોદી, RSS પર દલિતોને અવરોધતી દીવાલ મજબૂત કરવાનો આરોપ

(એજન્સી) તા.૩૦
લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને આરએસએસ દલિતો, આદિવાસીઓ અને ઓબીસીના માર્ગમાં ઉભી રહેલી દિવાલને મજબૂત કરી રહ્યા છે, તેમ છતાં તેમણે સ્વીકાર્યું હતું કે યુપીએએ તે દિવાલને નબળી બનાવવા




માટે પગલાં લીધાં હતાં, પરંતુ તે પગલાં પૂરતા ન હતા. સંવિધાન રક્ષક અભિયાન'ને સંબોધતા, ગાંધીએ સંસદમાં બંધારણ દિવસ પર યોજાયેલા કાર્યક્રમનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તે તેમની ગેરંટી છે કે 'મોદીએ બંધારણ વાંચ્યું નથી'. ગાંધીએ ભારતના બંધારણની નકલ દર્શાવતા કહ્યું, 'જો પીએમ મોદીએ આ પુસ્તક વાંચ્યું હોત તો તેઓ દરરોજ જે કરે છે, તે ન કરતા,' ગાંધીએ કહ્યું કે દેશની આખી વ્યવસ્થા દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગના લોકો વિરૂદ્ધ છે. તેમણે કહ્યું કે એક દિવાલ દલિતો, આદિવાસીઓ અને ઓબીસીના માર્ગમાં અવરોધ ઉભી કરે છે અને મોદી અને આરએસએસ 'તેમાં સિમેન્ટ ઉમેરીને' દિવાલને મજબૂત કરી રહ્યા છે. ગાંધીએ કહ્યું, "ધીમે ધીમે દિવાલ (SC, ST, OBCના માર્ગમાં અવરોધરૂપ) મજબૂત થઈ રહી છે. અગાઉ, યુપીએ સરકારે મનરેગા, જમીન સંપાદન અધિનિયમ, અને ખોરાકનો અધિકાર આપ્યો હતોપતે દિવાલને નબળી બનાવવાના માર્ગો હતા. આજે, જ્યારે હું પાછું વળીને જોઉં છું, ત્યારે હું કહી શકું છું કે યુપીએ સરકારે દિવાલને એટલી હદે નબળી કરી નથી, જેટલી હોવી જોઈએ'. કોંગ્રેસના પૂર્વ પ્રમુખે કહ્યું, 'જો કે, અમે તે દિવાલને નબળી બનાવવાના પ્રયાસો કરતા હતા પરંતુ તેઓ (ભાજપ) કોંક્રિટ ઉમેરીને તે દિવાલને મજબૂત કરી રહ્યા છે,'. ગાંધીએ કહ્યું કે તેલંગાણામાં જાતિ સર્વેક્ષણ એ એક ઐતિહાસિક પગલું છે અને કોંગ્રેસ જયાં પણ સત્તામાં આવશે ત્યાં તે આવું જ કરશે.




# તમિલનાડુના ૯૨ ગામોમાં દલિતો પક્ષપાતનો ભોગ બની રહ્યા છે : સંગઠનનો દાવો

## કલેક્ટર ક્રાંતિ કુમાર પાટીને સુપરત કરેલી અરજીમાં દ્રવિદર વિદુથલાઈ કઝગમ (DVK)એ જણાવ્યું કે સુલુર યુનિયનના ૧૮ ગામોમાં ભેદભાવ ગંભીર છે

(એજન્સી) કોઈમ્બતુર, તા.૩૦
કોઈમ્બતુરના ઘણા ગામોમાં જાતિ ભેદભાવ પ્રબળ હોવાનું જણાવતા, દ્રવિદર વિદુથલાઈ કઝગમ (DVK)એ જિલ્લા વહીવટીતંત્રને ૯૨ ગામોની સૂચિબદ્ધ એક અરજી સબમિટ કરી જ્યાં અનુસૂચિત જાતિના લોકો દમનનો સામનો કરે છે. કલેક્ટર ક્રાંતિ કુમાર પાટીએ મહેસૂલ અને પોલીસ અધિકારીઓને તેની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. કલેક્ટર ક્રાંતિ કુમાર પાટીને સુપરત કરવામાં આવેલી અરજીમાં, DVKના કોઈમ્બતુરના શહેરી સચિવ એનવી નિર્મલકુમારે જણાવ્યું હતું કે તેઓએ એક સર્વે કર્યો હતો અને ચાની દુકાનોમાં બે ટમ્બલર સિસ્ટમ, SC લોકોના વાળ કાપવાનો ઈન્કાર અને જિલ્લાના નવ યુનિયનોના



૯૨ ગામોમાં સામાન્ય સ્મશાનભૂમિમાં SC લોકોને તેમના મૃતકોને દફનાવવાની મંજૂરી ન આપવા જેવા મુદ્દાઓ શોધી કાઢ્યા હતા. સુલુર યુનિયનના ૧૮ ગામોમાં ભેદભાવ ગંભીર હોવાનું સંગઠને જણાવ્યું હતું. તેણે જણાવ્યું હતું કે, "સુલુર યુનિયનના મોપેરીપલયમ ગામમાં દલિત લોકોને ત્રણ મંદિરોમાં પ્રવેશવાની મંજૂરી નથી. મડુક્કરાઈ યુનિયનમાં પલથુરાઈ, સુલુર યુનિયનમાં કુલથુર, કિનાથુકડાવુ યુનિયનમાં પાનપટ્ટી, અન્નુર યુનિયનમાં ઓરાઈક્કલપલયમ, સુલતાનપેટ્ટાઈ યુનિયનમાં લક્ષ્મીનાઈકેનપલયમ અને સેમેડુ, સેલંબનુર, દેવરયાઉત્તુરમમાં SC લોકોને વાળ કાપવાની મનાઈ કરવામાં આવી છે, ". વધુમાં, ડીવીકેએ જણાવ્યું કે સર્વેક્ષણમાં કોન્ડમપટ્ટી, મોટ્ટુવાવી, પેરિયાકલાંથાઈ, કિનાથુકડાવુ યુનિયનમાં આંદીપલયમ, કરમાદાઈ યુનિયનમાં થોલામપાલયમ પુદુરમાં ચાની દુકાનો પર બે ટમ્બલર સિસ્ટમનો વ્યાપ હોવાનું બહાર આવ્યું છે. નિર્મલકુમારે અરજીમાં જણાવ્યું હતું કે, 'દલિતોને પ્લાસ્ટિકના કપમાં ચા પીરસવામાં આવે છે જ્યારે અન્યને ચા ગ્લાસ અથવા સ્ટીલના ટમ્બલર આપવામાં આવે છે.' નિર્મલ કુમારે જણાવ્યું હતું કે, "અમે એપ્રિલમાં સાલેમ ખાતે યોજાયેલી અમારી કોન્ફરન્સમાં પસાર કરાયેલા ઠરાવના આધારે મે મહિનામાં સર્વે હાથ ધર્યો હતો. મોટાભાગના ગામોમાં ઉચ્ચ જાતિના લોકો દલિત લોકોને સામાન્ય સ્મશાનભૂમિમાં મૃતદેહો દફનાવવા દેતા નથી. અમે આ બાબત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓની જાણમાં લીધી છે. જો ૨૫ જાન્યુઆરી સુધી કોઈ કાર્યવાહી નહીં થાય, તો અમે સંબંધિત ગામોમાં અને કલેક્ટર કચેરીની સામે વિરોધ શરૂ કરીશું, "

# પ્રથમ દિવસની રમત વરસાદમાં ધોવાતા ભારત અને ઓસી. પી.એમ. ઈલેવન વચ્ચે આજે ૫૦ ઓવરની વોર્મઅપ મેચ રમાશે

કેનબરા, તા.૩૦
ભારત અને ઓસ્ટ્રેલિયા વડાપ્રધાન ઈલેવન વચ્ચે રમાનારી વોર્મઅપ મેચના પ્રથમ દિવસની રમત વરસાદના કારણે રદ કરવી પડી છે. આ વોર્મઅપ મેચ માત્ર બે દિવસની છે. આવામાં પ્રથમ દિવસ વરસાદની ભેટ ચઢ્યા બાદ ભારતને પિંક બોલની તૈયારીને ફટકો પડ્યો છે. રિપોર્ટ છે કે બીજા દિવસની રમત ૫૦-૫૦ ઓવરની રમાશે. જેથી ભારતીય બોલરો અને બેટસમેનો બંનેને પ્રેક્ટિસની તક મળે. ૬ ડિસેમ્બરથી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટ એડીલેડમાં રમાશે. આ ડે-નાઈટ ટેસ્ટ હશે. જે પિંકબોલથી રમાશે. પર્થ ટેસ્ટ જીતીને ટીમ ઈન્ડિયાએ સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી છે. આવામાં તેની નજર એડીલેડમાં ટેસ્ટ જીતી લીડ મજબૂત કરવા પર હશે. આ વોર્મઅપ મેચમાં બધાની નજર કપ્તાન રોહિત શર્મા પર રહેશે. જે પોતાના બીજા બાળકના જન્મ બાદ ટીમ સાથે જોડાયો છે.

# દલિત પરિવાર પર હુમલો કરવા બદલ ભાજપના સ્વયંસેવક, પરિવાર સામે ગુનો નોંધાયો




(એજન્સી)જબલપુર, તા.૩૦
જબલપુરમાં અનુસૂચિત જાતિના લોકોને કથિત રીતે માર મારતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ ભાજપના સ્વયંસેવક અને તેના પરિવારના સભ્યો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પહેલા ભાજપના સ્વયંસેવકની ફરિયાદ પર દલિત પરિવાર વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. ભાજપના સ્વયંસેવકે અનુસૂચિત જાતિના પરિવાર દ્વારા તેમના ઘરની બહાર બાથરૂમ બાંધવા સામે વાંધો ઉઠાવ્યો ત્યારે વિવાદ થયો હતો. સંઘર્ષ દરમિયાન, અનુસૂચિત જાતિના પરિવારના સભ્યોને જૂતા અને સેન્ડલ વડે માર મારવામાં આવતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોના સર્ક્યુલેશન બાદ પોલીસે આરોપી ભાજપ નેતા અને તેના માતા-પિતા વિરૂદ્ધ મોડી રાત્રે કેસ નોંધ્યો હતો. રામનગર શાહ નાળાના રહેવાસી અનિલ ઝારિયા અને વર્ષા ઝારિયાનો આરોપ છે કે તેમનો પરિવાર ત્રણ દાયકાથી લીઝ પરની જમીન પર રહે છે. તેઓ તેમના ઘરની બહાર બાથરૂમ બનાવી રહ્યા હતા. ભાજપના બૂથ પ્રમુખ અમિત દ્વિવેદીએ તેમના માતા-પિતા અને સહયોગીઓ સાથે આનો વિરોધ કર્યો હતો અને તેમના ઘરે આવીને તેમના બાળકોને વાહનોમાં બેસાડી ઉઠાવી જવાનો પ્રયાસ કર્યો હતો. વિરોધ કરવા પર તેઓએ તેમની સાથે મારપીટ શરૂ કરી હતી. આ દરમિયાન બીજેપી કાર્યકર, તેની માતા અને અન્ય લોકોએ તેમને ગાળો આપી, જૂતા વડે માર્યા અને એક મહિલાને તેના વાળ પકડી રસ્તા પર ખેંચી ગયા. ઘટના બાદ ભાજપના કાર્યકર તિલવાડા પોલીસ સ્ટેશન ગયા અને ફરિયાદ કરી. તેના આધારે પોલીસે અનુસૂચિત જાતિના સભ્યો સામે ગુનો નોંધ્યો હતો. બાદમાં અન્ય પરિવારે ઘટનાના વીડિયો સાથે ન્યાયની માગણી સાથે એસપી ઓફિસનો સંપર્ક કર્યો હતો. મોડી રાત્રે તિલવાડા પોલીસે બીજેપી નેતા અને તેના માતા-પિતા વિરૂદ્ધ FIR નોંધી હતી. તિલવાડા પોલીસ સ્ટેશનના પ્રભારી બ્રિજેશ મિશ્રાએ જણાવ્યું કે આરોપીઓ વિરૂદ્ધ એસસી/એસટી એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ઘટનાનો રિપોર્ટ પીડિતાના ભાઈ દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો, જેણે જણાવ્યું હતું કે આરોપીએ તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, અને તેને તેના પરિવાર સાથે સંબંધીના ઘરે રહેવા જવા માટે મજબૂર કર્યો હતો.


# ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**ઉઝૈફ સ્કીન કેર- ડો. ઉઝૈફ** મન્સુરી (એમ.ડી.સ્કીન) - સરખેજ (અંબર ટાવર) અને પાલડી માટે પાર્ટફુલ ટાઈમ યુવતી જોઈએ, 9512455696

રખિયાલ વિસ્તારમાં પ્રાઈવેટ લિમિટેડ વાલ્વ કંપનીમાં ટર્નર/ફીટર/ડ્રીલરની તાત્કાલિક જરૂર છે, 9909950025

**ટેલર માસ્ટર જોઈએ છે** બ્યુટીક માટે કટીંગ માસ્ટર ઢાલગરવાડ, અમદાવાદ. Mo. 9723340315

**વેચવાનું છે**

**મકાન વેચવાનું છે** ટેનામેન્ટ ટાઈપ ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર ૩ રૂમ, ૩ બાથરૂમ ટાઈટલ ક્લીયર, દસ્તાવેજવાળું રેડીમેડ પાકું રહેવાલાયક મકાન, સોદાગર પોળ, કાલુપુર, ફોન નંબર-૯૭૧૪૪૬૬૫૩૧, ૯૧૭૩૮૦૩૩૩૨

**રો-હાઉસ વેચવાનું છે** માસિક હપ્તેથી Rs.15 મુસ્કાન હોસ્પિટલની પાછળ ફતેહવાડી 9824060660

**મકાન વેચવાનું છે** (ફક્ત મુસ્લિમ) ફર્સ્ટ ફ્લોરથી આકાશ સુધી. દસ્તાવેજવાળું, કાર્પેટ 125 વાર,બાંધકામ 200 વારે દિલ્હી દરવાજા 8141264631

પાલડીમાં River Front View વાળો ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે પ્રાઈમ લોકેશન તાત્કાલિક સંપર્ક કરો, 9327646982 www.yourpropertysolution.in

**ફ્લેટ વેચવાનો છે** એમ.બી.ટાવર ૭મા માળે 150 સ્કવેર ફીટ, 3 BHK બે બાલ્કની, કામા હોટલ સામે, ખાનપુર, અમદાવાદ. 9898424933, 9252059547

**વેચવાની છે** ક્લબ મહીન્દ્રા મેમ્બરશીપ બ્લ્યુ સિજન 9376111056

**પ્લોટ વેચવાનો છે** 153.8 વાર Bage Rasool Soc. પ્લોટ નં.43 સુરેન્દ્રનગર, 9428329786

**2 BHK ફ્લેટ વેચવાનો છે** અંબર-૩ કાદરી પાર્ટી પ્લોટની પાછળ, સરખેજ, 8780464707

**2 BHK ફ્લેટ વેચવાનો છે** હયાત રેસિડેન્સી, TP 85, સરખેજ લે-વેચ માટે મળો, 9106087987

**મકાન વેચવાનું છે** ટાઈટલ ક્લિયર, હાજી બાવા પાર્ક, સોનલ રોડ, બ્રોકર - 9825415296

**Flat for Sale** 2 BHK, 133 Vaar, Aamen Place Sarkhej Broker - 9825415296

**3 BHK Flat For Sale** Muslim Society Navrangpura Broker - 9825415296

**Office For Sale** 580 Sq.ft. sun west bank Ashram Road, Broker - 9825415296

**પ્લોટ વેચવાનો છે** આશરે ૨૦૦ વાર, NA-NOC, ટાઈટલ ક્લીયર, જુહાપુરા (દલાલ-માફ) 9909418254

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**Apex Property Solution** જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો, Akik Farooqui 9099421218 Anis Farooqui 9099521218

પાલડી તથા નવરંગપુરામાં તાત્કાલિક ફ્લેટ ભાડે તથા વેચાણથી જોઈએ છે 2-3-4 BHK Urgent Contact 9327646982 www.yourpropertysolution.in

કાદરી પ્રોપર્ટી કન્સલટન્ટ સ્થાવર મિલકતના ખરીદ-વેચાણ માટે મળો, (જુહાપુરા-સરખેજ, નરીમાનપુરા, સોનલ રોડ) બ્રોકર ફરીદભાઈ 9924318226

વડોદરાના અકોટામાં તાજહોટલ સામે સુપર 2 BHK ફ્લેટ પાયોનીર કોમ્પ્લેક્ષમાં બધી જ સગવડો સાથે વેચાણ, આસીફભાઈ 9978337006

**વેચાણ આપવાની છે** ઓફિસ, ૭૨૦ સ્કેવર ફીટ, ૭૨૨, ૭૨૨, ૭માં માળે, વેસ્ટ બેંક બિલ્ડિંગ, આશ્રમ રોડ, અમદાવાદ, 9327573263

**માતરમાં પ્લોટ વેચાણ** 2000/- વાર દસ્તાવેજવાળો અમીન એસ્ટેટ, 9376110059

ફક્ત ૨૧ લાખમાં દુકાન દસ્તાવેજવાળી રોયલ અકબર પાછળ, અમીન એસ્ટેટ, 9376110059

પાલડી-કોચરબ-સરખેજ-સીટીમાં 2/3 BHK ફ્લેટસ, ટેનામેન્ટસ, બંગ્લોઝ વેચાણ, અમીન એસ્ટેટ, 9376110059

જુહાપુરા વિસ્તારમાં મકાન દુકાન-ફ્લેટ-પ્લોટ-તેમજ બંગ્લોઝ વેચાણ કે ભાડેથી આપવા તેમજ લેવા માટે મળો. 9998499169

**વ્યવસાયીલક્ષી/અન્ય**

**નામ બદલેલ છે** નવું નામ : શાહનવાઝ શરીફમીયા શેખ જૂનું નામ : શાહનવાઝ શરીફમીયા શેખ સરનામું : ૨૦૭૧, નવી મોલતની પોળ, પાંચકૂવા, અમદાવાદ-૩૮૦૦૦૧

**સુકુન પાર્ટી પ્લોટ** ખોડીયારનગર ચાર રસ્તા દાણીલીમડા રોડ, લગ્ન પ્રસંગ, શુભપ્રસંગ માટે કોન્ટેક્ટ : Mo : 8866555563

**લગ્ન વિષયક**

મુસ્લિમ યુવતી Good Looking Age 26 Bachelor of Commerce Doing Government Job માટે એજ્યુકેટડ મુસ્લિમ યુવકના વાલી સંપર્ક કરો 9825091851

**VIP Muslims Marriage Bureau** Since 2009 (Online-Offline) www.vipmuslimsmarriagebureau.com NRI, Business Class Families, Doctor, Highly Educated Can Contact to us Only. (Age 18 to 55) Urgent Whatsapp 9327071001

**નિકાહ નેટવર્કસ મુસ્લિમ મેરેજ બ્યુરો** લોકલ તથા NRI હાઈ પ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો 9825215334 9904969895

**અગત્યની સૂચના**

લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
**- વ્યવસ્થાપક**

**ગુજરાત ટુડે**

આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું** ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

**કિસ્મત બુક સ્ટોર : ૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯**

**જુહાપુરા ઓફિસ : ફિરદોસ સિમેન્ટ બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ, મો.9998880330**

# સંભલ હિંસા : રાજ્યનું ક્રેકડાઉન હજારો આરોપીઓ અને પોલીસ ગેરવર્તણૂકના આક્ષેપો પછી ઉત્તર પ્રદેશમાં રાજકીય અને સાંપ્રદાયિક કટોકટી ઊભી થઈ છે

(એજન્સી) તા.૩૦

ઉત્તર પ્રદેશના સંભલનું શાંતિપૂર્ણ શહેર, ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ, શાહી જામા મસ્જિદ, જે મુઘલ યુગની મસ્જિદ છે તેના કોર્ટના આદેશના સર્વેક્ષણના કારણે ત્યાં અરાજકતા ફેલાઈ ગઈ હતી, આ વિસ્તારમાં હિંસા ફાટી નીકળી હતી, જેમાં વિરોધીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઉત્તર પ્રદેશ પોલીસના ઉગ્ર અને આક્રમક પગલાંથી આ હિંસાના પરિણામે પાંચ મુસ્લિમ યુવાનોના મૃત્યુ થયા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા. પોલીસે કહ્યું કે, ટોળાના સભ્યો વચ્ચે ગોળીબારને કારણે આ મૃત્યુ થયા હતા, મસ્જિદની વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ ઝફર અલી સહિતના પ્રત્યક્ષદર્શીઓએ આક્ષેપ કર્યો છે કે ભીડ પર ગોળીબાર કરવા માટે પોલીસ પોતે જ જવાબદાર હતી. અલીની જુબાની પોલીસની ઘટનાઓના સંસ્કરણનો વિરોધાભાસ કરે છે, તેઓ દાવો કરે છે કે તેણે પોલીસ અધિકારીઓને ગોળીઓ ચલાવતા અને દેશી બનાવટના શસ્ત્રો જોયા છે, જે અશ્રુ ગેસ અને રબરની ગોળીઓ જેવી બિન-ઘાતક પદ્ધતિઓનો ઉપયોગ કરવાના પોલીસના દાવાથી તદ્દન વિપરીત છે. આ હિંસા મસ્જિદ પરિસરમાં કરવામાં આવેલા સર્વેક્ષણના પરિણામ સ્વરૂપે ફાટી નીકળી હતી જે યુપી કોર્ટમાં મસ્જિદના ASI સર્વેક્ષણ માટે વિનંતી કરતી અરજીના આધારે કરવામાં આવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તે હિન્દુ મંદિરની જગ્યા પર બનાવવામાં આવી હતી. શરૂઆતમાં ૧૯ નવેમ્બરે હાથ ધરવામાં આવેલ સર્વેક્ષણ માટે કોર્ટે નિર્દેશ આપ્યો ત્યારથી વિસ્તારમાં તણાવ વ્યાપી ગયો હતો. ૨૪ નવેમ્બરના રોજ નક્કી કરાયેલા બીજા સર્વેક્ષણમાં મસ્જિદને અપવિત્ર કરવામાં આવી રહી હોવાની અફવા ફેલાતાં વિરોધ થયો હતો. વિરોધ ઝડપથી પોલીસ સાથે હિંસક અથડામણમાં પરિણમ્યો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ્સે પુષ્ટિ કરી છે કે પીડિતોનું મૃત્યુ બંદૂકની ગોળી વાગવાથી થયું હતું, અને પોલીસ સામેના આક્ષેપો સતત વધી રહ્યા છે. હિંસા બાદ રાજકીય હસ્તીઓ અને કાર્યકરો સહિત અનેક લોકોની ધરપકડ કરવામાં આવી છે. સમાજવાદી પાર્ટીના સાંસદ ઝિયાઉર રહેમાન બરક અને સ્થાનિક ધારાસભ્યના પુત્ર સોહેલ ઈકબાલનું નામ એફઆઈઆરમાં નોંધવામાં આવ્યું છે, જેમના પર આ હિંસા ભડકાવવાનો આરોપ છે. વહીવટીતંત્રે ગુનેગારોને શોધી કાઢવા અને તેમની ધરપકડ કરવા માટે વ્યાપક પ્રયાસો હાથ ધર્યા છે, જેમાં માહિતી માટે ઈનામ આપવાનો સમાવેશ થાય છે. દરમિયાન, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સહિતના રાજકીય નેતાઓએ આ ઘટનામાં રાજ્ય સરકારની ભૂમિકા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે, અને કેટલાકનો દાવો છે કે આ હિંસા આયોજિત હતી અને પોલીસ રાજકીય દબાણ હેઠળ કામ કરી રહી હતી. પીડિતોના પરિવારો સામે ધમકીઓના આક્ષેપો, જેમાં મૃતકના સંબંધીઓ પાસેથી પોલીસ દ્વારા બળજબરીથી અંગૂઠાની છાપ લેવામાં આવી હતી, તેણે પરિસ્થિતિને વધુ જટિલ બનાવી છે, અને તેઓએ સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની તપાસની માંગણી કરી છે. પોલીસ, સ્થાનિક સાક્ષીઓ અને રાજકીય વ્યક્તિઓ તરફથી વિરોધાભાસી અહેવાલો સાથે, સંભલની પરિસ્થિતિએ પોલીસની જવાબદારીના પ્રશ્નો અને પ્રદેશમાં સાંપ્રદાયિક તણાવના વહીવટીતંત્રના સંચાલન અંગેની ચિંતાઓ ઊભી કરી છે. તપાસ ચાલુ હોવાથી, સમુદાય અને રાજકીય નેતાઓ સમાન રીતે પીડિતો માટે ન્યાય અને તપાસમાં પારદર્શિતાની માંગ કરી રહ્યા છે.

**હિંસા બાદ સંભલમાં આક્રમક પગલાં**

શાહી મસ્જિદ સર્વેક્ષણના બીજા રાઉન્ડ દરમિયાન ૨૪ નવેમ્બરે સંભલમાં હિંસક અથડામણના જવાબમાં ઉત્તર પ્રદેશ સરકાર આક્રમક પગલાં લઈ રહી છે. આ ઘટનાના પરિણામે પાંચ મૃત્યુ થયા અને ઘણા ઘાયલ થયા, જેમાં કેટલાક પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે. મુરાદાબાદ ડિવિઝનલ કમિશનરે જાહેરાત કરી છે કે સત્તાવાળાઓએ CCTV ફૂટેજ અને વીડિયો દ્વારા ૭૫ શંકાસ્પદ લોકોની ઓળખ કરી છે, તેઓને શોધી કાઢવા અને ધરપકડ કરવામાં આવશે. વહીવટીતંત્ર ગુનેગાર તરીકે ઓળખાતા લોકો પાસેથી જાહેર સંપત્તિને થયેલા નુકસાનની વસૂલાત કરવાની પણ યોજના ધરાવે છે. ઉત્તર પ્રદેશ સરકારના પ્રતિભાવમાં એફઆઈઆરમાં વ્યક્તિઓના નામ અને શંકાસ્પદ તોફાનીઓના ફોટોગ્રાફ્સ જાહેરમાં પ્રદર્શિત કરવાનો સમાવેશ થાય છે, તેણે યોગ્ય પ્રક્રિયા અને જાહેર અસરો વિશે ગંભીર ચિંતાઓ ઊભી કરી છે. આવા પગલાંથી ભય અને અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરવાનું જોખમ છે. ત્રણ મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૨૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં ૨૫ નામના વ્યક્તિઓ અને લગભગ ૩,૦૦૦ ઉના સામે સાત FIR દાખલ કરવામાં આવી છે.

**રાજકીય પરિણામ :** આ ઘટનાએ ખાસ કરીને સમાજવાદી પાર્ટી (SP) તરફથી નોંધપાત્ર રાજકીય આક્રોશ છે. સાંસદ ઝિયા-ઉર-રહેમાન બાર્કે આરોપ મૂક્યો હતો કે એફઆઈઆરમાં તેમનો સમાવેશ અસંમતિને શાંત કરવા અને વહીવટી નિષ્ફળતાઓથી દૂર કરવાના ઈરાદાપૂર્વકના પ્રયાસનો ભાગ હતો. પોલીસ તેમની અસમર્થતા છુપાવવા માટે મને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરી રહી છે. હું મારા લોકોના અધિકારો અને ન્યાય માટે લડતો રહીશ.




**રાજકીય સંડોવણીના આક્ષેપો :** ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ કથા એ છે કે, સંભલના બે અગ્રણી પરિવારો, બાર્ક અને ખાન વચ્ચેની લાંબા સમયથી ચાલતા અણબનાવ એ આ હિંસાનું કારણ છે. મંત્રી નીતિન અગ્રવાલે આ ઘટનાને "તુર્ક વિ પઠાણ" સંઘર્ષનો દાવો કર્યો અને કહ્યું કે, આ હિંસા આ સમુદાયો વચ્ચેના રાજકીય વર્ચસ્વના સંઘર્ષને કારણે થઈ છે.

**હિંસાની પેટર્ન :** સંભાલ હિંસા કોઈ અલગ ઘટના નથી પરંતુ ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક તણાવના વ્યાપક વલણનો એક ભાગ છે. જે રાજ્ય સરકારની નિર્ભરતા શિક્ષાત્મક કાર્યવાહીની પેટર્નને રેખાંકિત કરે છે જે ઘણીવાર લઘુમતી સમુદાયોને અપ્રમાણસર અસર કરે છે. જ્યારે આ ક્રિયાઓ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જરૂરી ગણવામાં આવે છે, ત્યારે તે ન્યાયિક અને તપાસ પ્રક્રિયાઓમાં વિશ્વાસનો અભાવ પણ દર્શાવે છે. સંભલમાં ફાટી નીકળેલી હિંસાના સંબંધમાં કુલ સાત ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ્સ (એફઆઈઆર) નોંધવામાં આવ્યા છે, અને આ એફઆઈઆરમાં જે લોકોના નામ છે તેમાં સપાના સાંસદ ઝિયા-ઉર-રહેમાન બાર્ક અને સોહેલ ઈકબાલનો સમાવેશ થાય છે. બંને પર ટોળાની હિંસાને ઉશ્કેરવાનો આરોપ છે જેના પરિણામે ચાર લોકોનાં મોત થયા હતા અને પોલીસ કર્મચારીઓ સહિત અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા.

**સતત તપાસ :** એફઆઈઆરમાં બરક અને સોહેલ ઈકબાલ, ૨,૭૫૦ અન્ય અનામી વ્યક્તિઓ સાથે નામ આપવામાં આવ્યા છે. અધિકારીઓ હાલમાં હિંસામાં સામેલ વધુ વ્યક્તિઓને ઓળખવા અને પકડવા માટે કામ કરી રહ્યા છે. તપાસ હજુ ચાલુ છે, અને પોલીસ પુરાવા એકત્ર કરવા અને વધારાના શંકાસ્પદોની ઓળખ કરવા માટે વધુ શોધ ચલાવી રહી છે. તપાસના પરિણામમાં આ પ્રદેશમાં સ્થાનિક શાસન અને સાંપ્રદાયિક સંબંધો બંને માટે નોંધપાત્ર અસરો થવાની સંભાવના છે. સમાજવાદી પાર્ટી (SP)ના વડા અને કન્નૌજના સાંસદ અખિલેશ યાદવે ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સંભલમાં હિંસાની ઘટનાઓમાં સામેલ વહીવટીતંત્ર અને અરજદારો બંનેની આકરી ટીકા કરી છે. અહેવાલો મુજબ, યાદવે આક્ષેપ કર્યો હતો કે પોલીસે સ્થાનિક રહેવાસીઓ દ્વારા તેમના સત્તાવાર અને ખાનગી બંને હથિયારોથી ગોળીઓ ચલાવીને પથ્થરમારાનો જવાબ આપ્યો હતો, એક ઘટના વીડિયોમાં કેપ્ચર કરવામાં આવી હતી અને યાદવના આ આક્ષેપો પોલીસ દ્વારા સત્તાના ગંભીર દુરુપયોગ તરફ નિર્દેશ કરે છે. સર્વેક્ષણ અને ભાજપના કાર્યકરોની ભૂમિકા પર સવાલ ઉઠાવતા યાદવે મસ્જિદનો બીજો સર્વે કરવાની આવશ્યકતા પર પ્રશ્ન કર્યો, કારણ કે ૧૯ નવેમ્બરના રોજ હાથ ધરવામાં આવેલ પહેલો સર્વે કોઈ ઘટના વિના થયો હતો. તેમણે દલીલ કરી હતી કે જો બીજા સર્વેક્ષણને જરૂરી માનવામાં આવતું હોય, તો સ્થાનિક વહીવટીતંત્રે બિનજરૂરી તણાવને રોકવા માટે સમુદાય સાથે પરામર્શ કરવો જોઈએ. ૨૫ નવેમ્બરના રોજ, ઉત્તર પ્રદેશના સંભલમાં વહીવટીતંત્ર, શાહી જામા મસ્જિદની મેનેજિંગ કમિટીના અધ્યક્ષ ઝફર અલીએ જાહેરમાં પોલીસ પર હિંસક અથડામણ દરમિયાન ભીડ પર ગોળીઓ ચલાવવાનો આરોપ મૂક્યા પછી વિવાદમાં છે. અલીના દાવાઓ પોલીસના સત્તાવાર વર્ણનનો સીધો વિરોધ કરે છે, પોલીસ કહે છે કે તેઓએ ભીડને વિખેરવા માટે માત્ર બિન-ઘાતક પદ્ધતિઓ જેમ કે ટીયર ગેસ, લાઠીચાર્જ અને રબર પેલેટ ગનનો ઉપયોગ કર્યો હતો. અલીના નિવેદનોએ તણાવમાં વધારો કર્યો, કારણ કે તેઓએ સૂચવ્યું હતું કે પોલીસ મૃત્યુ માટે જવાબદાર છે, પોલીસે સૂચવ્યા મુજબ વિરોધ કરનારાઓ નહીં. અલીએ કહ્યું કે પોલીસ પાસે દેશી હથિયારો પણ હતા અને ભીડ પર ગોળીબાર કરવા માટે તે જ જવાબદાર હતી. પોલીસે મસ્જિદ નજીક તેમના પોતાના વાહનોમાં તોડફોડ કરી હતી અને આગ લગાડી હતી, જેનાથી પોલીસના ઘટનાક્રમ પર શંકા વ્યક્ત કરવામાં આવી હતી. સંભલની ઘટના કોઈ એકલદોકલ કેસ નથી પરંતુ ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક તણાવ અને પ્રતિભાવ વધારવાના વ્યાપક વલણનો એક ભાગ છે. લાંબા ગાળાની શાંતિ અને સ્થિરતા માટે, રાજ્યએ આ તણાવના મૂળ કારણોને સંબોધવા, સંવાદને પ્રોત્સાહન આપવું અને લોકશાહી સંસ્થાઓમાં વિશ્વાસ પુનઃનિર્માણ કરવો જોઈએ. - **તાન્યા અરોરા (સૌ. : સબરંગ ઈન્ડિયા)**

# દેશભરની ન્યાયપાલિકાઓમાં ૫૬૦૦થી વધુ વેકેન્સી, સરકારે રાજ્યસભામાં આપી માહિતી

(એજન્સી) તા.૩૦

સરકારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે નીચલી અદાલતોથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી ન્યાયતંત્રમાં ૫,૬૦૦થી વધુ પદ ખાલી છે. JDU સાંસદ સંજય કુમાર ઝાના પ્રશ્નના જવાબમાં કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે આપેલા લેખિત જવાબમાં જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટમાં બે જગ્યાઓ, હાઈકોર્ટમાં ૩૬૪ અને રાજ્યોની નીચલી અદાલતોમાં ૫,૨૪૫ જગ્યાઓ ખાલી છે. મેઘવાલે એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, 'હાલની ખાલી જગ્યાઓને શક્ય તેટલી ઝડપથી ભરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, તેમ છતાં, નિવૃત્તિ, રાજીનામું અથવા બઢતીને કારણે અને ઉચ્ચ ન્યાયાલયોમાં ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ સતત વધી રહી છે. જિલ્લા અને ગૌણ અદાલતોના કિસ્સામાં ખાલી જગ્યાઓ ભરવાની જવાબદારી ઉચ્ચ અદાલતો અને સંબંધિત



રાજ્ય સરકારોની છે. શું સરકાર ન્યાયાધીશોની પસંદગી માટે અખિલ ભારતીય ન્યાયિક સેવાઓની પરીક્ષા શરૂ કરવા પર વિચાર કરી રહી છે ? આ સવાલ પર મંત્રી મેઘવાલે કહ્યું કે આ મુદ્દે કોઈ સહમતિ બની નથી. જ્યારે બંધારણની કલમ ૩૧૨ અખિલ ભારતીય ન્યાયિક સેવાઓ (AIJS)ની સ્થાપના માટે જોગવાઈ છે. જેમાં ડિસ્ટ્રિક્ટ જજથી હલકી કક્ષાની કોઈપણ પોસ્ટનો સમાવેશ થશે નહીં. અર્જુન રામ મેઘવાલે કહ્યું કે AIJSની રચના માટે એક વ્યાપક દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી અને નવેમ્બર ૨૦૧૨માં સચિવોની સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવી હતી. એપ્રિલ ૨૦૧૩માં આયોજિત મુખ્ય પ્રધાનો અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોની કોન્ફરન્સમાં આ દરખાસ્તનો એજન્ડા આઈટમ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો અને તે નક્કી કરવામાં આવ્યું હતું કે આ મુદ્દા પર વધુ ચર્ચા અને વિચાર-વિમર્શની જરૂર છે. દરખાસ્ત પર રાજ્ય સરકારો અને હાઈકોર્ટનો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો. અખિલ ભારતીય ન્યાયિક સેવાની રચના અંગે રાજ્ય સરકારો અને ઉચ્ચ અદાલતો વચ્ચે મતભેદ હતા.

# EDની તપાસ વચ્ચે રાજ કુન્દ્રાએ મીડિયાને કરી અપીલ, આ બધાથી મારી પત્ની શિલ્પાને દૂર રાખો

(એજન્સી) તા.૩૦

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુન્દ્રા ફરી એકવાર મુશ્કેલીમાં છે. પોર્નોગ્રાફી નેટવર્ક કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ શુક્રવારે રાજ કુન્દ્રાના ઘર અને ઓફિસ પર દરોડા પાડ્યા હતા. હવે EDની આ કાર્યવાહી બાદ રાજ કુન્દ્રાની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. આ બાબતે રાજ કુન્દ્રાની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. રાજ કુન્દ્રાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં આ અંગે એક પોસ્ટ શેર કરી છે, જેમાં રાજે કહ્યું છે કે, 'જેમને પણ ચિંતા થઈ રહી છે, તેમને કહેવાનું કે મીડિયામાં ડ્રામા બનાવવાની પ્રતિભા છે. ચાલો સત્ય બતાવીએ. છેલ્લા ૪ વર્ષથી ચાલી રહેલી આ તપાસમાં હું સંપૂર્ણ સહકાર આપી રહ્યો છું. જ્યાં સુધી સહયોગીઓના દાવાઓ, પોર્નોગ્રાફી અને મની લોન્ડરિંગનો સંબંધ છે, મારે એટલું જ કહેવું છે કે કોઈ પણ પ્રકારની સનસનીખેજ બાબત સત્યને છુપાવી શકે



નહીં. અંતે, ન્યાયનો વિજય નિશ્ચિત છે.' રાજ કુન્દ્રાએ પોતાની પોસ્ટમાં આગળ લખ્યું, 'મીડિયા માટે એક નોંધ : મારી પત્નીનું નામ અસંબંધિત બાબતોમાં વારંવાર ખેંચવું નહી. મહેરબાની કરીને તમારી હદમાં રહો.' રાજ કુન્દ્રા પહેલા, શિલ્પા શેટ્ટીના એડવોકેટ પ્રશાંત પાટીલે પણ તેમની પ્રતિક્રિયા આપી હતી જેમાં તેમણે કહ્યું હતુ કે, 'મીડિયામાં એવા અહેવાલો છે કે EDએ મારા ક્લાયન્ટ શિલ્પા શેટ્ટી કુન્દ્રા વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. આ સમાચાર સાચા નથી. શિલ્પા શેટ્ટીને કોઈપણ પ્રકારના ગુના સાથે કોઈ લેવાદેવા નથી, આથી તેના પર EDના દરોડા પાડવામાં આવ્યા નથી. આ તપાસ રાજ કુન્દ્રા પર થઈ રહી છે અને તે સત્ય બહાર લાવવા માટે તપાસમાં સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે.' શિલ્પા શેટ્ટીના વકીલે આગળ અપીલ કરતા કહ્યું કે, 'ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયાને વિનંતી છે કે તેઓ શિલ્પા શેટ્ટીના વીડિયો, ફોટો અને નામનો ઉપયોગ કરવાનું ટાળે, કારણ કે તેમને આ કેસ સાથે કોઈ લેવાદેવા નથી.' રાજ કુન્દ્રાની જૂન ૨૦૨૧માં અશ્લીલ ફિલ્મો બનાવવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. મુંબઈ પોલીસ અધિકારીઓએ દાવો કર્યો હતો કે કુન્દ્રા આ કેસમાં મુખ્ય આરોપી હતો. બે મહિના જેલમાં વિતાવ્યા બાદ તે હાલમાં સપ્ટેમ્બર ૨૦૨૧થી જામીન પર છે.

# લઘુમતીઓની સુરક્ષા મામલે ભારતના બેવડાં વલણ : બાંગ્લાદેશ

(એજન્સી) તા.૩૦

બાંગ્લાદેશે દાવો કર્યો હતો કે ભારત લઘુમતી સમુદાયોની સુરક્ષા પર 'બેવડા ધોરણો' અપનાવી રહ્યું છે અને પડોશી દેશના મીડિયા પર ઢાકા વિરૂદ્ધ 'વ્યાપક પાયે ખોટી માહિતી અભિયાન' ચલાવવાનો આરોપ મૂક્યો છે. દેશદ્રોહના આરોપમાં હિન્દુ નેતા ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડના વિવાદ વચ્ચે બાંગ્લાદેશની વચગાળાની સરકારના કાયદાકીય બાબતોના સલાહકાર આસિફ નઝરુલે એક ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે બાંગ્લાદેશ માટે ભારત કારણ વિના ચિંતા કરે છે. નઝરુલે લખ્યું, 'ભારતમાં લઘુમતી મુસ્લિમ સમુદાય પર ક્રૂરતાની ઘણી ઘટનાઓ બની રહી છે. પરંતુ તેમને (તે ઘટનાઓ પર) કોઈ પસ્તાવો કે શરમ નથી. ભારતનું આ બેવડું ધોરણ નિંદનીય અને વાંધાજનક છે.' વોઈસ ઓફ અમેરિકા બાંગ્લા દ્વારા કરવામાં આવેલા એક સર્વેને ટાંકીને, નઝરૂલે લખ્યું કે : 'બાંગ્લાદેશીઓની બહુમતી (૬૪.૧%) માને છે કે વચગાળાની



સરકાર અગાઉની અવામી લીગ સરકાર કરતા દેશના લઘુમતી સમુદાયોને વધુ સારી સુરક્ષા પ્રદાન કરવામાં સક્ષમ છે.' આ દરમિયાન, બાંગ્લાદેશની વચગાળાની સરકારના લીડર મુહમ્મદ યુનુસે દેશના પત્રકારોને ભારતીય મીડિયામાં 'ખોટી માહિતી'નો જવાબ 'સત્ય' સાથે આપવા વિનંતી કરી હતી. મુખ્ય સલાહકાર યુનુસના પ્રેસ સેક્રેટરી શફીકુલ આલમે કહ્યું કે, 'આપણે અમારી વાર્તાઓ અમારી રીતે જણાવવી જોઈએ, અન્યથા તેઓ (ભારતીય મીડિયા) તેમની પસંદ મુજબ અમારી વાર્તા લખશે.' પૂર્વ પત્રકાર, આલમે ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે ઘણા બાંગ્લાદેશી પત્રકારોને હવે સમજાયું છે કે કેટલાક ભારતીય મીડિયા આઉટલેટ્સ અને તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સમાંથી આવતા 'ઔદ્યોગિક ધોરણે ખોટી માહિતી ઝુંબેશ'નો સામનો કરવાનો સમય આવી ગયો છે. તેમણે કહ્યું કે ભારતીયોએ જાણવું જોઈએ કે તેમની પૂર્વ સરહદ પર પણ બુદ્ધિશાળી લોકો રહે છે અને થોડા મહિના પહેલા આ લોકોએ માનવ ઈતિહાસની 'શ્રેષ્ઠ ક્રાંતિ' પૈકીની એક 'ક્રૂર સરમુખત્યારશાહી'ને ઉથલાવી દીધી હતી. આલમે કહ્યું કે કેટલાક લોકો એવું વિચારી શકે છે કે ભારતીયો વધુ બુદ્ધિશાળી લોકો છે. 'પરંતુ મારો વિશ્વાસ કરો, જો તમે સત્ય દ્વારા સશક્ત છો, તો કોઈ ખોટી માહિતી ઝુંબેશ તમને રોકી શકશે નહીં.'

# મુસ્લિમોના વોટિંગ અધિકાર છીનવવા અંગે ટિપ્પણી કરવી ભારે પડી, હિન્દુ સંતને ૨ ડિસેમ્બરે હાજર થવા પોલીસના સમન્સ

(એજન્સી) તા.૩૦

મુસ્લિમોને મતાધિકારથી વંચિત કરવા સંબંધિત ટિપ્પણીને લઈને વિશ્વ વોક્કાલિગા મહાસમસ્તન મઠના મહંત કુમાર ચંદ્રશેખરનાથ સ્વામી વિરૂદ્ધ ફરિયાદ દાખલ થઈ ચૂકી છે. હવે તેમને બે ડિસેમ્બરે હાજર થવા માટે પોલીસે સમન્સ મોકલ્યું છે. મહંતે આ નિવેદન કર્ણાટક વક્ફ બોર્ડની નોટિસ વિરૂદ્ધ ભારતીય કિસાન સંઘ દ્વારા મંગળવારે અહીં આયોજિત એક સભામાં આપ્યું હતું. પોલીસે જણાવ્યું કે, એક સામાજિક કાર્યકર્તાની ફરિયાદના આધાર પર અહીં ઉપ્પરપેટ પોલીસ સ્ટેશનમાં બુધવારે મહંત વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાઈ છે. અમે તેમના વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૯ (જાણી જોઈને કરવામાં આવેલા અથવા દુર્ભાવનાપૂર્ણ કૃત્ય, જેનો ઉદ્દેશ્ય કોઈ વર્ગ કે ધર્મ કે ધાર્મિક વિશ્વાસોનું અપમાન



કરવા અને તેમની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો છે) જે હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. સ્વામીએ ખેડૂતો અને તેમની જમીનની રક્ષા માટે તમામને એકજૂટ થવાનો આગ્રહ કરતા કથિત રીતે કહ્યું હતું કે, 'એવો કાયદો લાવવો જોઈએ જેમાં મુસ્લિમોને મતદાનનો અધિકાર ન હોય.' તેમણે કથિત રીતે કહ્યું હતું કે, 'એ નક્કી કરવું જોઈએ કે, કોઈ વક્ફ બોર્ડ ન હોય. કોઈ બીજાની જમીન છીનવવી ધર્મ નથી. ખેડૂતોની સાથે થઈ રહેલા અન્યાય વિરૂદ્ધ તમામે લડવું જોઈએ. એવું કહેવામાં આવે છે કે, વક્ફ બોર્ડ કોઈની પણ જમીન પર દાવો કરી શકે છે. આ ખુબ મોટો અન્યાય છે. એટલા માટે એ નક્કી કરવું જોઈએ કે ખેડૂતોની જમીન તેમની પાસે જ રહે.' સ્વામીએ પોતાના નિવેદન પર બુધવારે સ્પષ્ટ કરતા કહ્યું હતું કે, 'તેમની જીભ લપસી ગઈ હતી. મુસ્લિમો પણ દેશના નાગરિક છે અને તેમને પણ અન્ય લોકોની જેમ મતાધિકાર મળેલ છે.'

# ૧૯૭૮થી ભારતીય સૈન્યએ જમીન પર કબજો કરી રાખ્યો હતો, કોર્ટે ૪૬ વર્ષનું ભાડું ચૂકવવા આદેશ કર્યો

(એજન્સી) તા.૩૦

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટે એક વ્યક્તિની જમીનનો કબજો કરી લેવાયાના બદલામાં છેલ્લા ૪૬ વર્ષનું ભાડું ચૂકવવા કહ્યું છે. કોર્ટે કહ્યું કે સંપત્તિનો અધિકાર હવે માનવ અધિકારના દાયરામાં આવે છે. જસ્ટિસ વસીમ સાદિક નરગલે ૨૦ નવેમ્બરે અરજીનો નિકાલ કરતી વખતે આ આદેશ આપ્યો હતો. હકીકતમાં અરજદારની જમીન પર સેનાએ ૧૯૭૮થી કબજો જમાવ્યો હતો, હવે કોર્ટે તેનું ભાડું ચૂકવવાનો આદેશ આપ્યો છે. ન્યાયાધીશે કહ્યું, 'સંપત્તિનો અધિકાર હવે માત્ર બંધારણીય અથવા કાનૂની અધિકાર જ નહીં પરંતુ માનવ અધિકારના દાયરામાં પણ આવે છે. માનવ અધિકારોને વ્યક્તિગત અધિકારો જેવા કે આશ્રય, આજીવિકા, આરોગ્ય, રોજગાર વગેરેના ક્ષેત્રમાં ગણવામાં આવે છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં માનવ અધિકારોએ બહુપરિમાણીય પરિમાણ પ્રાપ્ત કર્યું છે. અબ્દુલ મજીદ લોને ૨૦૧૪માં એક અરજી દાખલ કરી હતી, જેમાં તેણે કહ્યું હતું કે, સેનાએ ૧૯૭૮થી કુપવાડા જિલ્લાના તંગધારમાં એલઓસી પાસે તેમની ૧.૬ એકર જમીન પર કબજો જમાવ્યો હતો. તેણે દાવો કર્યો કે આજ સુધી તેને કોઈ વળતર કે જમીનનું ભાડું મળ્યું નથી. કોર્ટે કહ્યું કે,



'સરકાર, તેની પ્રસિદ્ધ ડોમેન પાવરનો ઉપયોગ કરીને વ્યક્તિના સંપત્તિના અધિકારમાં દખલ કરી શકે છે, પરંતુ તે જાહેર હેતુ માટે હોવું જોઈએ અને તેથી માત્ર વળતર આપવું જોઈએ.' જ્યારે સરકાર તરફથી હાજર રહેલા વકીલે કહ્યું કે સેનાએ જમીન કબજે કરી નથી. મહેસૂલ વિભાગે પુષ્ટિ કરી છે કે આ જમીન ૧૯૭૮થી ભારતીય સેના પાસે છે. કોર્ટે વિવાદિત જમીનનો નવેસરથી સર્વે કરવાનો આદેશ આપ્યો હતો અને મહેસૂલ અધિકારીઓના રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે જમીન ૧૯૭૮થી સેનાના કબજામાં છે. કોર્ટે વધુમાં કહ્યું કે જમીન માલિકને ક્યારેય કોઈ ભાડું કે વળતર મળ્યું નથી. કોર્ટે કહ્યું, 'તથ્યો પરથી સ્પષ્ટ થાય છે કે પ્રતિવાદીઓએ અરજદારના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કર્યું છે અને કાયદા હેઠળ નિર્ધારિત પ્રક્રિયાને અનુસર્યા વિના તેને તેના અમૂલ્ય બંધારણીય અધિકારથી વંચિત રાખ્યો છે.' ચુકાદામાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે રાજ્ય અને તેની એજન્સીઓ કોઈપણ નાગરિકને તેની મિલકતમાંથી બહાર કાઢી શકે છે સિવાય કે કાયદા અનુસાર કાર્ય કરે. કોર્ટે કહ્યું, 'જોકે વળતર ચૂકવવાની જવાબદારી કલમ 300Aમાં સ્પષ્ટપણે સામેલ નથી, પરંતુ આ કલમ પરથી તેનો અંદાજ લગાવી શકાય છે.'

# બાંગ્લાદેશમાં હિન્દુ મહંત અને ઈસ્કોન સાથે સંકળાયેલા અન્ય ૧૬ના ખાતાં ફ્રીઝ કર્યાં

(એજન્સી) તા.૩૦

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર વધી રહ્યા છે. અગાઉ અનેક હિન્દુ મંદિરો અને દૂર્ગા પૂજા સમયે પંડાલોને નિશાન બનાવાયા હતા. હવે હિન્દુઓના બેંક ખાતાને ફ્રીઝ કરવામાં આવી રહ્યા છે. પ્રશાસને બાંગ્લાદેશમાં સ્થિત ઈસ્કોન સાથે જોડાયેલા ૧૭ બેંક ખાતાને ફ્રીઝ કરી દીધા હતા. બાંગ્લાદેશની હાઈકોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાની માગણી ફગાવ્યા બાદ સરકાર દ્વારા આ પગલુ ભરવામાં આવ્યું છે. જેનો હિન્દુઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. બાંગ્લાદેશની ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટે એક મહિના માટે ઈસ્કોન સાથે જોડાયેલા ૧૭ જેટલા બેંક ખાતાને ફ્રીઝ કરવાનો વિવિધ બેંકોને આદેશ આપ્યો હતો. આ યુનિટ બાંગ્લાદેશની મુખ્ય બેંક સાથે જોડાયેલુ છે. ખાતા ફ્રીઝ કરવા ઉપરાંત તેમાં જે પણ નાણાકીય લેવડદેવડ થઈ હોય તેની સંપૂર્ણ માહિતી ત્રણ દિવસમાં સોંપવા બેંકોને આદેશ આપ્યો હતો. ૩૦ ઓકટોબરના રોજ ઈસ્કોનના સભ્ય રહી ચુકેલા ચિન્મય કૃષ્ણ દાસ સહિત ૧૯ સામે સેડિશનનો કેસ દાખલ કરાયો હતો જે બાદ દાસની ધરપકડ કરાઈ હતી. આ કાર્યવાહીનો ઈસ્કોન દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. જ્યારે બીજી તરફ ભારત સરકારે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારની ટિકા કરી હતી અને બાંગ્લાદેશની વચગાળાની મોહમ્મદ યુનુસ સરકારને હિન્દુઓની સુરક્ષા માટે યોગ્ય પગલા ભરવા કહ્યું હતું. વિદેશ મંત્રી એસ. જયશંકરે સંસદને જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં ઢાકામાં સ્થિત ભારતીય હાઈ કમિશન હિન્દુઓ સહિતના લઘુમતિઓ પર અત્યાચારોની સ્થિતિને જોઈ રહ્યું છે, ભારતે અવાર નવાર બાંગ્લાદેશ સરકારને લોકોની સુરક્ષા માટે યોગ્ય પગલા લેવા કહ્યું છે.



બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારના વિરોધમાં પશ્ચિમ બંગાળમાં હિન્દુઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું હતું. કોલકાતામાં એક તરફ મુસ્લિમોએ વકફ બિલ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું જ્યારે બીજી તરફ હિન્દુઓએ બાંગ્લાદેશમાં થઈ રહેલા અત્યાચારનો વિરોધ કર્યો હતો. આ વિરોધ પ્રદર્શનોમાં મોટી સંખ્યામાં હિન્દુઓ અને મુસ્લિમો રસ્તા પર ઉતરી આવ્યા હતા. જેને કારણે કોલકાતામાં ટ્રાફિકની સમસ્યાઓ સર્જાઈ હતી. બીજી તરફ ઈસ્કોને એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે ઈસ્કોન ચિન્મય દાસની સાથે છે, સાથે જ બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારોને લઈને અમે તમામ સનાતની સંગઠનો અને હિન્દુઓની સાથે છીએ. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે કહ્યું હતું કે ભારતે હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ પર અત્યાચારનો મુદ્દો બાંગ્લાદેશ સરકારની સામે ઉઠાવ્યો છે.

# યુપીએલ યુનિવર્સિટીએ ડો. કેકી ઘરડાને ટેક્નિકલ સિમ્પોઝિયમ સાથે શ્રદ્ધાંજલિ અર્પી




(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૩૦

યુપીએલ યુનિવર્સિટી ઑફ સસ્ટેઈનેબલ ટેક્નોલોજી દ્વારા ૩૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ "ડાઉનસ્ટ્રીમ પ્રોસેસિંગ : ડિસ્લિનેશનનો ઉપયોગ કરીને બાયોલોજિકલ ઘટકોનું વિભાજન અને શુદ્ધિકરણ કરવું" વિષય પર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન IIChE-SRICT સ્ટુડન્ટ ચેપ્ટર હેઠળ ડિપાર્ટમેન્ટ ઑફ કેમિકલ એન્જિનિયરિંગ આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં ઉદ્યોગનાં વ્યાવસાયિકો, શિક્ષાવિદો, સંશોધકો, અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ સહિત ૧૦૦થી વધારે સહભાગીઓને આકર્ષિત કર્યા હતા. જેમાં ટીમ ઘરડાનો મહત્ત્વનો ફાળો રહ્યો હતો. આ પરિસંવાદમાં સ્વર્ગસ્થ પદ્મશ્રી ડૉ. કેકી ઘરડાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, જેઓ રાસાયણિક ઉદ્યોગમાં પ્રણેતા હતા જેમનો વારસો સતત પ્રેરણા આપે છે. યુપીએલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) શ્રીકાંત જે. વાઘે ડાઉનસ્ટ્રીમ પ્રોસેસિંગના ઔદ્યોગિક મહત્ત્વ પર ભાર મૂકતા સ્વાગત પ્રવચન સાથે ઈવેન્ટનું ઉદ્‌ઘાટન કર્યું. ડો. સ્વપ્ના પાંડા, પ્રોગ્રામ કોઓર્ડિનેટર, સિમ્પોઝિયમની સમજદાર ઝાંખી પૂરી પાડી હતી. મુખ્ય મહેમાન ઉત્તમ કુમાર ખત્રી (એસોસિયેટ વીપી, ઘરડા કેમિકલ્સ), અશોક એ. પંજવાણી (પ્રમુખ, યુપીએલ યુનિવર્સિટી), ભૂપેન્દ્ર ડી. દલવાડી (ચેરમેન, આઈઆઈસીએચઈ એઆરસી) અને રાજેશ પટેલ (એચઆર, ઘરડા કેમિકલ્સ) સહિત વિશિષ્ટ વક્તાઓ) અને આજના ઔદ્યોગિક અને શૈક્ષણિક લેન્ડસ્કેપમાં વિષયની સુસંગતતા પર આંતરદૃષ્ટિ શેર કરી. કેમિકલ એન્જિનિયરિંગ વિભાગના વડા ડો.કૃણાલ સુથારે મહેમાનો, સંચાલન, આયોજકો, વક્તાઓ અને સહભાગીઓના યોગદાનને બિરદાવીને ઉદ્‌ઘાટન સત્રનું સમાપન કર્યું હતું. સિમ્પોઝિયમમાં અગ્રણી નિષ્ણાતોની આગેવાની હેઠળ ચાર તકનીકી સત્રો દર્શાવવામાં આવ્યા હતા. ડૉ. સંજય ચવ્હાણ, ડાયરેક્ટર ઓપરેશન્સ, આવિષ્કાર એગ્રો ટેક્નોલોજી LLP, મહારાષ્ટ્ર, સુબ્રત સતપથી, વાઈસ પ્રેસિડેન્ટ, કોહાન્સ લાઈફ સાયન્સ લિ., અંકલેશ્વર, ગોવિંદ થોમ્બરે, પ્રોસેસ ડિઝાઈન એન્જિનિયર, UPL લિ., અંકલેશ્વર, ડૉ. નિલેશ માલી, વૈજ્ઞાનિક, કેમિકલ એન્જિનિયરિંગ અને પ્રક્રિયા વિકાસ વિભાગ, CSIR-NCL, પુણેનો સમાવેશ થાય છે.

### ડીસા ડેપોની સરાહનીય કામગીરી

# ૧૦થી વધુ વિદ્યાર્થીઓને શાળામાં જઈ પાસ પહોંચાડ્યા




(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૩૦

ડીસા ડેપો દ્વારા દિવાળી વેકેશન પછીના ઉઘડતા શૈક્ષણિક સત્રમાં વિભાગીય નિયામક કે.એસ. ચૌધરી અને વિભાગીય પરિવહન અધિકારી વી.એસ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ડેપો મેનેજર એસ.જે. પટેલ અને પાસ ક્લાર્ક વિશાલભાઈ ત્રિવેદી દ્વારા વિદ્યાર્થીઓ માટે પાસ કઢાવવાનું સરળ અને સરાહનીય આયોજન કરવામાં આવ્યું છે. ડેપો ખાતે લાંબી લાઈનો ન લાગે તે માટે ગ્રામીણ કન્યા વિદ્યાર્થીનીઓના પાસ શાળામાંથી કલેક્ટ કરીને શાળા ખાતે જ પહોંચાડવાની વ્યવસ્થા કરીને ૧૦થી વધુ પાસ શાળામાં પહોંચાડ્યા છે. તેમજ વિદ્યાર્થી પાસ માટે પાસ કાઉન્ટરનો સમય વધારીને સવારે ૯:૦૦ કલાકથી સાંજે ૨૧:૦૦ કલાક સુધીનો કરીને છાત્રો જોડે ઓનલાઇન ફોર્મ ભરાવીને તારીખ ૧૮/૧૧/૨૦૨૪થી તારીખ ૨૮/૧૧/૨૦૨૪ સુધીમાં ૪૫૦૦થી વધુ છાત્રોને પાસ ઈસ્યુ કર્યા છે. ડી. જે. એન. માધ્યમિક શાળા જૂનાડીસા તથા એ.કે. માધ્યમિક શાળા દામા, આદર્શ હાઈસ્કુલ ડીસામાં પાસ ક્લાર્ક વિશાલભાઈ ત્રિવેદી દ્વારા રૂબરૂ જઈ પાસ સિસ્ટમ બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. જેને શાળાના આચાર્ય પ્રમોદ ભાઈ મહેતા જૂનાડીસા અને દામાના ભરતભાઈ જોશી દ્વારા ડેપોની વિદ્યાર્થી હિતમાં કામગીરીને બિરદાવી હતી.

### દેશ-વિદેશના દિગ્ગજો ઉપસ્થિત રહ્યા

# ટંકારીઆ હાઈસ્કૂલમાં સી.એ. માટે જાગૃતિ અભિયાન હેઠળ કાર્યક્રમ યોજાયો



(તસવીર : મુસ્તાક દૌલા, ટંકારીઆ)

(સંવાદદાતા દ્વારા)

ટંકારીઆ, ભરૂચ, તા.૩૦

ભરૂચ તાલુકાના ટંકારીઆ ગામે શુક્રવાર તા. ૨૯/૧૧/૨૦૨૪ના રોજ ટંકારીઆ હાઈસ્કૂલના હોલમાં PMET SURAT [PROGRESSIVE MUSLIM EDUCATION TRUST] અને ટંકારીઆ હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં સી.એ.ના અભ્યાસક્રમ માટે જાગૃતિ કેળવાય તે હેતુસર એક કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત કુર્આન શરીફના પઠનથી કરવામાં આવી હતી. મહેમાનોનું સ્વાગત ટંકારીઆ હાઈસ્કૂલના આચાર્ય ગુલામ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આમંત્રિત મહેમાનો પૈકી PMET SURATના સી.એ.ના વિદ્યાર્થી વસીમ વહોરા દ્વારા PMET SURAT અંગે સુંદર માહિતી પ્રસ્તુત કરી હતી. ત્યારબાદ PMET SURATમાંથી સફળતાના શિખરો સર કરનાર, જે સંસ્થામાંથી સફળ થઇ તે જ સંસ્થામાં ટ્રસ્ટી તરીકેની સેવા આપનાર આકીબભાઈએ એમની સંઘર્ષની ગાથા અને સફળતા અંગે વાત કરી સી.એ. ના કોર્ષ વિષે વિસ્તૃત માહિતી આપી વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ કોર્ષમાં જોડાય તેવું આહ્‌વાન કર્યું હતું. ત્યારબાદ સી.એ. સલમાનભાઈએ સી.એ.માં કઈ રીતે સફળતા મળે અને સી.એ. થયા બાદ સફળ કારકિર્દીના જે વિકલ્પો રહેલા છે અને ખૂબ સારા પગાર સાથેના ઉજળા ભવિષ્યની શક્યતાઓ વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ PMET SURATના પૂર્વ વિદ્યાર્થી અમેરિકા સ્થિત શકીલ ભાએ ટંકારીઆ હાઈસ્કૂલમાં અભ્યાસ દરમ્યાન તેમની યાદો તાજી કરી હતી. ત્યારબાદ PMET SURATના આદ્યસ્થાપકોમાંના એક અને ટ્રસ્ટી, ટંકારીઆ મૂળના મહંમદભાઈ ભાઈજીએ તેમના અને તેમના માતા-પિતાના ટંકારીઆ સાથેના સંબંધો વાગોળ્યા હતા.

ભરૂચ જિલ્લાકક્ષાનો એસ.સી.એસ. લેવલે વિજ્ઞાનમેળામાં પી.પી.સવાણી યુનિવર્સીટી દ્વારા 'બેસ્ટ મોડેલ ઈન સાયન્સફેર' એવોર્ડ ટંકારીઆ હાઈસ્કૂલને એનાયત કરવામાં આવ્યો હતો, આ ટ્રોફી મહંમદભાઈ ભાઈજી અને અબ્દુલ્લાહ ભુતાવાલાએ સાયન્સ ફેરમાં ભાગ લેનાર વિદ્યાર્થીનીઓ ૧. પટેલ આબેદા ફારૂક મહમ્મદ અને ૨. માલજી ફાતિમા મહમ્મદને એનાયત કરવામાં આવ્યો હતો. આ કૃતિ શાળાના શિક્ષક જાવીદભાઈ લાંગયાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવી હતી.

આ જાહેર કાર્યક્રમ પહેલા PMET SURATના ટ્રસ્ટી મહંમદભાઈ ભાઈજી તથા એમની ટીમ તરફથી ટંકારીઆ હાઈસ્કૂલના ચેરમેન અબ્દુલ્લાભાઈ ભુતાવાલા તથા શાળાના આચાર્ય ગુલામભાઈ પટેલ તથા ટંકારીઆ ગામના આગેવાનો સમક્ષ સી.એ. પ્રિફાઉન્ડેશનના કોચિંગ ક્લાસ શરૂ કરવા માટેનો સીમાચિહ્નરૂપ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, જેનો ટંકારીઆ સ્કૂલના ચેરમેન અબ્દુલ્લાભાઈ ભુતાવાલાએ સહર્ષ સ્વીકાર કરી હાઈસ્કૂલ મેનેજમેન્ટ તથા સ્ટાફ તરફથી પૂરતો સહકાર આપવાની ખાતરી આપી હતી, પી.એમ.ઈ.ટી. સુરતના ટ્રસ્ટી મહમ્મદભાઈએ સી.એ. પ્રિફાઉન્ડેશનના કોચિંગ ક્લાસ માટે જે કઈ ફાઈનાન્સિયલ ખર્ચ તથા તેને લગતી ફેકલ્ટીને લગતી તમામ સુવિધાઓ પી.એમ.ઈ.ટી. સુરત દ્વારા પૂરી પાડવાની બાહેંધરી આપી હતી. આ સમારંભમાં PMET SURATના ટ્રસ્ટી મોહંમદભાઈ ભાઈજી, સી.એ.ફાઈનલ વર્ષના વિદ્યાર્થી વસીમ વહોરા, સી.એ. આકીબ, સી.એ. સલમાન, આચાર્ય ગુલામભાઈ પટેલ, મેનેજમેન્ટ વતી અબ્દુલ્લાભાઈ ભુતાવાલા, અમેરિકાથી પધારેલા શકીલભાઈ, યુ.કે.થી પધારેલા હબીબ ભુતા, જેમની કૃતિઓ દેશ વિદેશના એક્ઝિબિશનમાં સ્થાન પામે છે એવા યુ. કે.થી પધારેલા જાણીતા આર્ટિસ્ટ અબ્દુલભાઈ મક્કન કરમાડવાળા, યુનુસભાઈ ખાંધિયા, માજી સરપંચ ઝાકીરહુસેન ઉમતા, સામાજિક કાર્યકર નાસીરહુસૈન લોટિયા, મુસ્તાક દૌલા હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આચાર્ય ગુલામભાઈએ પોતાની આગવી શૈલીમાં કર્યું હતું. આભારવિધિ શાળાના શિક્ષક મુસ્તાકભાઈ ઘાંચીએ કર્યું હતું. અંતમાં શિક્ષક ઈલ્યાસસાહેબે દુઆઓ કરી કાર્યક્રમનું સમાપન થયું હતું.

### ભૂપેન્દ્રસિંહ ઝાલા ભૂગર્ભમાં ઊતરી ગયો

# BZ ગ્રુપના મહાઠગની માયાજાળમાં લોકોના કરોડો રૂપિયા ડૂબી ગયા

## CID ક્રાઈમની તપાસ બાદ સાત આરોપીઓને કોર્ટમાં રજૂ કરાયા

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૩૦

છેલ્લાં કેટલાંય સમયથી અરવલ્લી અને સાબરકાંઠામાં એક નામ ચગડોળે ચડ્યું હતુ જેનું નામ ભૂપેન્દ્રસિંહ ઝાલા આમ તો લોકો તેને ભામાશા ઉપમા આપતા પરંતુ હવે ભાંડો ફૂટતા લોકોએ મહઠગ નામ આપ્યું અને અંતે તેના પાપનો ઘડો છલકાયો અને પછી ફૂટી પણ ગયો માટે હંમેશા સત્યનો વિજય જ થાય તે કહેવત સાચી નીવડી છે. હાલ રોકાણકારોના કરોડો રૂપિયા અટવાયેલા છે જેની વચ્ચે ભૂપેન્દ્ર ઝાલા ભૂગર્ભમાં સંતાઈ ગયો છે CID ક્રાઈમ બ્રાન્ચે તેને પકડવા માટે ઝીણવટ ભરી તપાસ હાથ ધરી છે ગઈ કાલે પૂછપરછ બાદ ૭ લોકોને કોર્ટમાં રજૂ કરાયા હતા અને વધુ પૂછપરછ માટે રિમાન્ડ મંજૂર કરાયા છે. ભૂપેન્દ્ર સિંહ ઝાલાના નિવાસ સ્થાનેથી મસમોટી મોંઘીઘાટ કારો પણ CIDએ જપ્ત કરી ગાંધીનગર ખાતે લઈ જવામાં આવી છે. બીજી તરફ હાલ પણ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે કે એજન્ટોને આપેલ મોંઘી કારો પણ સંતાડી દેવામાં આવી છે ત્યારે આ મહાઠગની માયાજાળમા રોકાણ કરનાર લોકોના રૂપિયા ફસાયા જેવો ઘાટ સર્જાયો છે. ગઈકાલે મોડાસાના નાનીચિચોન ખાતે રણવીરસિંહ ચૌહાણ નામના યુવકની ધરપકડ બાદ તેના પિતાનુ નિવેદન સામે આવ્યું હતું અને જણાવ્યું હતુ કે, આ બાબતે હુ જાણતો નથી મારો દીકરો મોડાસા ખાતે BZ ઓફિસમા કર્મચારી તરીકે મહિનાના ૧૨ પગાર પર નોકરી કરતો હતો આ સિવાય બીજું કંઈ જાણતો નથી તેમ જણાવ્યું હતું. સાબરકાંઠા તેમજ અરવલ્લી જિલ્લામા BZ નામની તમામ ઓફિસ પર તાળા ચકલું પણ ના ફરકતું હોત તેવો ઘાટ લોકો માટે એક ચર્ચાનો વિષય બન્યો છે જો સાચું હોય તો ભૂપેન્દ્રસિંહ ઝાલા સામે આવે કેમ ભૂગર્ભમા..? જેવા અનેક સવાલો ઉભા થયા છે. મોડાસામા લોક મુખે ચર્ચાતી ચર્ચાઓ મુજબ એક શિક્ષક નામનો એજન્ટ જેની નીચે મોટાભાગે શિક્ષકોના કરોડો તેમજ લાખો રૂપિયા રોકાયેલા છે અને સૂત્રો મારફતે માહિતી મળી છે કે તે એજન્ટ પણ ભૂગર્ભમા ઉતરી ગયો છે. આ એજન્ટને પણ મસમોટી મોંઘીઘાટ કાર પણ મહઠગએ ગિફ્ટ તરીકે આપી હોવાની પણ ચર્ચાઓ ચર્ચાઈ રહી છે હાલ તો CID ક્રાઈમ દ્વારા તપાસ તેજ કરવામા આવી છે અને જેમ જેમ કડીઓ ખુલશે તેમ તેમ કૌભાંડ આખું કંઈ રીતે આચર્યું છે તે વિગતો સામે આવશે.

# ૧૬ વર્ષની સગીરા ઉપર દુષ્કર્મ કરનાર આરોપીને ધોળકા કોર્ટે ૨૦ વર્ષની સજા ફટકારી

ધોળકા, તા.૩૦

ધોળકા રૂરલ પોલીસ સ્ટેશન હેઠળના એક ગામના આરોપી વિપુલ ઉર્ફે વિક્રમ બાબુભાઇ વાઘેલાનાઓ ભોગ બનનાર (ઉ. વ. ૧૬) લલચાવી ફોસલાવી લઈ ગયેલ અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ કેસમાં સરકારી વકીલે ૧૭ સાક્ષીઓ અને આરોપી પક્ષે બચાવ પક્ષના બે સાક્ષી તપાસેલા. સરકારી વકીલે ૨૦ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા. જેમાં કેસ સાબિત થતાં આરોપી વિપુલ ઉર્ફે વિક્રમ બાબુભાઇ વાઘેલાને ૨૦ વર્ષની સજા અને કુલ ૧૧ હજાર રૂપિયા કરવાનો ચુકાદો ધોળકાના મહેરબાન એડિશનલ સેશન્સ જજ એન. જી. દવેએ આપેલ છે.

# ગાંગડ ગામમાં પરિણીતાને જીવતી સળગાવી દેનાર પતિ, સાસુ અને સસરાને આજીવન કેદની સજા

ધોળકા, તા.૩૦

બગોદરા પોલીસ સ્ટેશન હેઠળના ગાંગડ ગામમાં એક પરિણીતાને તેના પતિ, સાસુ અને સસરાએ જીવતી સળગાવી દીધી હતી. આ કેસમાં આરોપી ઘનશ્યામસિંહ મુળુભા મિરોલિયા વિક્રમસિંહ ઘનશ્યામસિંહ મિરોલિયા કપિલાબેન ઘનશ્યામસિંહ મિરોલિયા (તમામ રહે. ગાંગડ ગામ, તા. બાવળા, જિ. અમદાવાદ) એ ઉપરોક્ત કૃત્ય કરેલ. જેમાં સરકારી વકીલે ૨૯ પુરાવા લીધેલા તેમજ ૧૫ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા. જે તમામ હકીકતો ધ્યાને રાખી ધોળકાના મહેરબાન એડિશનલ સેશન્સ જજ એન. જી. દવેએ તમામ આરોપીઓને આજીવન કેદની સજા અને દરેક આરોપીઓને ૧૦ - ૧૦ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવેલ છે.

# વી.સી.ટી. કન્યા શૈક્ષણિક સંકુલમાં ઈસ્લામિક કાર્યક્રમ યોજાયો



(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૩૦

તાજેતરમાં વી.સી.ટી. કન્યા શૈક્ષણિક સંકુલના પ્રાંગણમાં વિવિધ વિભાગમાં વિદ્યાર્થિનીઓની વય અનુસાર અલગ-અલગ ઈસ્લામિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક વિભાગ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)માં ધો.૧ અને ૨માં ખાવાની સુન્નતો (પ્રેક્ટિકલ સહિત), ધો.૨ અને ૩માં-નાત શરીફ તેમજ ધો.૪થી ૧૨માં વય પ્રમાણે વિવિધ ઈસ્લામિક વિષય પર ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટા પ્રમાણમાં વિદ્યાર્થિનીઓએ તૈયારી સહિત ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ક્વિઝ સ્પર્ધામાં ક્રમાંક મેળવનાર વિદ્યાર્થિનીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન દરેક વિભાગની દીનીયાત વિષયની શિક્ષિકા બહેનો તેમજ પ્રાથમિક વિભાગના આચાર્ય રઝિયાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. તમામ વિભાગની શિક્ષિકા બહેનોએ પ્રયત્નો કરી કાર્યક્રમને સફળ બનાવવા પોતાનો સિંહફાળો આપ્યો હતો.

# ૧૮ વર્ષથી વોન્ટેડ હત્યારો ગાંધીનગરમાંથી ઝડપાયો

## સિક્યુરિટી ગાર્ડ પર ફાયરિંગ કરી હત્યા નિપજાવી હતી

(સંવાદદાતા દ્વારા)

સુરત તા.૩૦

સુરત શહેરના ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ફાયરિંગ અને હત્યાના ગુનામાં છેલ્લા ૧૮ વર્ષથી પોલીસને હંફાવતો રીઢા આરોપીને પીસીબી પોલીસે આખરે ઝડપી પાડ્યો છે એટલું જ નહીં આરોપીને પકડવા માટે એક વર્ષ અગાઉ પણ પોલીસ ગાંધીનગર ખાતે ગઈ હતી જોકે આરોપીને પોલીસ અંગેની ભનક લાગતા ત્યાંથી નાસી છૂટ્યો હતો. જેથી પોલીસને ખાલી હાથ પરત ફરવા પડ્યું હતું. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલૌતએ સુરત શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલ ગંભીર પ્રકારના ગુનાઓમા ઘણા વર્ષોથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. પોલીસ દ્વારા તા.૧૯/૧૧/૨૦૨૪થી તા.૦૩/૧૨/૨૦૨૪ સુધી નાસતા-ફરતા આરોપીઓ પકડવા અંગેની ડ્રાઈવનુ આયોજન કરવામા આવ્યું હતું. જેથી પીસીબી દ્વારા અલગ અલગ ટીમો બનાવવામાં આવી અને ગાંધીનગર ખાતેથી આરોપી રામઅવતાર ઉર્ફે મનોજસીંગ મુલાયમસીંગ યાદવને દબોચી લેવામાં આવ્યો હતો. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે ૨૦૦૬માં ઉમરા વિસ્તારમા સિક્યુરિટીનું કામ કરતો હતો. ત્યારે અન્ય સિક્યુરિટી ઈન્દ્રસિંહ શિવરાજસિંહ યાદવ સાથે ઝઘડો થયેલ ત્યારે તેણે પોતાની પાસેની ગન વડે ફાયરિંગ કરતા તેના ગળાના ભાગે ગોળી વાગી જતા તેનું મોત નિપજ્યું હતું.ઉમરા પોલીસ મથકમાં આરોપી વિરૂદ્ધ ફાયરિંગ અને હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

# વલસાડના સાંસદ ધવલભાઈ પટેલે વડાપ્રધાનને "મોદી વિથ ટ્રાયબલ" પુસ્તક ભેટ આપી સન્માનિત કર્યા



દિલ્હી સંસદભવન ખાતે લોકસભાના દંડક તેમજ વલસાડ ડાંગ સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમ્યાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સાંસદ ધવલભાઈ પટેલને વલસાડ ડાંગ મતવિસ્તારના વિકાસ માટે માર્ગદર્શન આપ્યું હતું તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ધવલભાઈ પટેલની વલસાડ ડાંગના લોકો વચ્ચે રહી સતત કાર્યશીલ રહેવાની કાર્યશૈલીની ખૂબ જ સરાહના કરી હતી. આ પ્રસંગે સાસંદ ધવલભાઈ પટેલ દ્વારા પ્રધાનમંત્રી મોદીને સ્વલિખિત "મોદી વિથ ટ્રાયબલ" પુસ્તક ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ઉત્રાણમાં સ્કૂલ રિક્ષાચાલકે વિદ્યાર્થિનીની છેડતી કરી

## પોલીસ દ્વારા આરોપીની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૦

ઉત્રાણ વિસ્તારમાં રહેતા પરિવારે પોતાની ૧૩ વર્ષની દીકરીને ટ્યુશનથી લાવવા લઈ જવા માટે એક ઓટો રિક્ષા ચાલકને રાખ્યો હતો. ઓટો રિક્ષા ચાલક અવારનવાર દીકરીને ટ્યુશનમાં લેવા મૂકવા માટે જતો ત્યારે હોરર તથા એડલ્ટ સ્ટોરી સંભળાવીને દીકરીની સાથે શારીરિક અડપલાં કર્યા હોવાની ફરિયાદ પોલીસ મથકમા નોંધાઈ છે. આ મામલે પોલીસે ઓટો રિક્ષા ચાલકની ધરપકડ કરી છે. ઉત્રાણ વિસ્તારમાં રહેતો પરિવાર ૧૩વર્ષની દીકરીને ટ્યુશન ક્લાસીસ લઈ જવા તથા પરત લાવવા માટે મહિધરપુરા મોતી ટોકીઝ પાસે તિલક મેદાનમાં રહેતા શહીદખાન ફરીદખાન પઠાણની ઓટોરિક્ષામાં મોકલતા હતા. છેલ્લા આઠ મહિનાથી શહીદ ખાન કિશોરીને ટ્યુશન મુકવા માટે જતો હતો. તે દરમિયાન હોરર તથા એડલ્ટ સ્ટોરી સંભળાવી અવારનવાર હાથ પકડવાની કોશિશ કરી છેડતી કરતો હતો. જેથી ભોગ બનનાર કિશોરીએ તેના માતા- પિતાને સઘળી હકીકત જણાવતા તેમણે ઉત્રાણ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે શહીદખાન સામે ગુનો દાખલ કરી ઓટો રિક્ષા ચાલકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત ભાજપના કોર્પોરેટર વિરૂદ્ધ પોસ્ટ વાયરલ કરનાર સામે ગુનો દાખલ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩૦

સુરત મહાનગરપાલિકાના વોડ નં- ૧૩ના ભાજપ કોર્પોરેટર સંજય દલાલે તેની પ્રતિષ્ઠાને હાની પહોચાડતી સોશિયલ મીડિયામાં પોસ્ટ વાયરલ કરનાર સામે ફરિયાદ નોંધાવી છે.

મોટા મંદિર હોળી ચકલા પાસે ચોટાબજાર ખાતે રહેતા સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં- ૧૩(વાડી ફળિયા- નવાપરા, બેગમપુરા- સલાબતપુરા) વિસ્તારના કોર્પોરેટર સંજય બંસીલાલ દલાલએ કૌશીક નરેશ રાણા (રહે, સંગીતા એપાર્ટમેન્ટ નગર શેઠની પોળ સોની ફળિયા) સામે ફરિયાદ નોધાવી હતી જેમાં તેઓએ જણાવ્યું હતું કે આરોપી કૌશીક રાણાએ ગત તા ૧ ઓકટોબરના રોજ મોબાઈલમાં તેમના ફોટા સહિતની ખોટા લખાણોની કહેવાતી ઈમેજ સાથે પોસ્ટ સોશિયલ મીડિયામાં વોટ્સઅપ ગ્રુપમાં તથા દૈનિક પત્રોમાં ખોટા અને ભાષક સમાચાર પ્રસિદ્ધ કરાવી સંજય દલાલની પ્રતિષ્ઠાને હાની પહોંચાડી હતી. અઠવા પોલીસે સંજય દલાલની ફરિયાદને આધારે કૌશિક રાણા સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરતના વેપારીને ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાના બહાને રૂા.૧.૦૮ લાખ પડાવી લીધા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩૦

હરિપુરા ગુમ્બજ વાળી મસ્જિદ પાસે રહેતા વેપારીને ઠગબાજે એસબીઆઈ બેન્કના કર્મચારી તરીકે ઓળખ આપી ક્રેડીટ કાર્ડની લિમિટ વધારી આપવાનું કહી ઓટીપી નંબર મેળવી કાર્ડમાંથી રૂા.૧.૦૮ લાખ ટ્રાન્સફર કરી ઉપાડી લઈ છેતરપિંડી કરી હતી. હરિપુરા ગુમ્બજ વાળી મસ્જિદ પાસે હમજા પ્લાઝા પ્રથમ માળ રહેતા ફરીદ અહમદ મહમદ હાસીમ મિસ્ત્રી સલાબતપુરા મચ્છી માર્કેટ પાસે હમ્દ સાયકલ સ્ટોર નામે દુકાન ચલાવે છે. ૫ જુલાઈના રોજ તેઓ દુકાને હતા તે વખતે બપોરના ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ એસબીઆઈ બેન્ક કસ્ટમર કેરના કર્મચારી તરીકે આપી ફરીદ મિસ્ત્રીને તેના એસબીઆઈ પ્લસ વીઝા ક્રેડિટ કાર્ડની નંબર, નામ, સરનામુ સહિતની સંબંધિત માહિતી આપી હતી અને ફરીદ મિસ્ત્રીને તેમના કાર્ડની હાલમાંલાખની લિમિટ છે તે રૂા.૧.૭૦ લાખ કરી આ જણાવ્યું હતુ. ભેજાબાજ તમામ માહિતી આપી. તેમની વાતોમાં આપી. ભેજાબાજને તેમના મોજ આવેલા ચાર ઓટીપી- આપ્યા હતા. આ સાથે કાર્ડમાંથી ૧,૦૮,૫૨ ગયા હતા. લાલગેટ પોલીસે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD FULL NAME FROM **PATEL NASIR BASHIR ABDULLAH ISMAIL** TO NEW NAME **PATEL NASIR BASHIRBHAI** & I WILL BE KNOWN AS NEW FULL NAME WHICH PLEASE NOTE.

ADD:- 20, SAHIL PARK PO. JAMBUSAR DIST. BHARUCH 392150 GUJARAT.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM **MIRZA MAHAMMADSAIF SAEEDBEG** TO NEW NAME **MIRZA MAHAMMADSAIFBEG SAEEDBEG** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

ADD :- BHAGALIVAD, CHORA PASE PO.JAMBUSAR DIST. BHARUCH 392150 GUJARAT.

# મહારાષ્ટ્ર સરકારની રચના : મુંબઈના આઝાદ મેદાન ખાતે ૫ ડિસેમ્બરે શપથગ્રહણ સમારોહ, સીએમ અંગે સસ્પેન્સ વચ્ચે રિપોર્ટ

(એજન્સી) તા.૩૦

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી કોણ બનશે ? તે હજી સુધી નક્કી થયુ નથી. પરંતુ મુખ્યમંત્રી શપથ ગ્રહણ સમારોહની તારીખ જાહેર થઈ ગઈ છે. ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર, બે ડિસેમ્બરે ભાજપના ધારાસભ્યોની બેઠક યોજાશે. જેમાં ધારાસભ્યો પોતાના પક્ષના નેતાની પસંદગી કરશે. મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી પાંચ ડિસેમ્બરે શપથ લેશે. મુંબઈના આઝાદ મેદાનમાં પાંચ ડિસેમ્બરે બપોરે એક વાગ્યે મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારોહ યોજાશે. જેમાં વડાપ્રધાન મોદી સહિત ભાજપના તમામ મુખ્યમંત્રીઓ અને અન્ય દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહેશે. કોને કયું મંત્રાલય સોંપવું તેનો નિર્ણય મહાયુતિ ગઠબંધનના ત્રણ પક્ષના દિગ્ગજ નેતાઓ નક્કી કરશે. તેમજ સરકારની વ્યૂહનીતિ અંગે પણ જાહેરાત કરશે. સૂત્રો અનુસાર, સરકારમાં જુદા-જુદા વિભાગોની ફાળવણી મુદે ઘડવામાં આવેલી ફોર્મ્યુલાના આધારે મંત્રી પદ સોંપવામાં આવશે. જેમાં ભાજપ પાસે આશરે ૨૧થી ૨૨ મંત્રી પદ, શિવશેના જૂથ સાથે ૧૦થી ૧૨ મંત્રાલય અને અજિત પવારના એનસીપી જૂથ પાસે આશરે ૮થી ૯ મંત્રાલય રહેશે. મહારાષ્ટ્રમાં મંત્રી પદના કુલ ક્વોટામાં મુખ્યમંત્રી પદ સહિત ૪૩થી વધુ મંત્રીઓ સામેલ હોય છે. મહાયુતિ ગઠબંધને પ્રચંડ બહુમતી સાથે જીત મેળવી હોવા




છતાં મુખ્યમંત્રીના પદ માટે સસ્પેન્સ વધારી રહી છે. ઘણાં લોકો ફડણવીસ મુખ્યમંત્રી બનશે તેવી બાંયેધરી આપી રહ્યા છે. જ્યારે ઘણાં લોકો એકનાથ શિંદે મુખ્યમંત્રી બનવા માગતા હોવાની ખાતરી કરે છે. આ મુદ્દે અંતિમ નિર્ણય લેવા માટે મહાયુતિ ગઠબંધનની બેઠકો ગઈકાલે યોજાવાની હતી. પરંતુ અચાનક શિંદે પોતાના ગામડે જતાં રહ્યા અને બેઠકો રદ કરવામાં આવી. નવી સરકારની રચના મુદ્દે મહાયુતિમાં ચાલી રહેલા ધમસાણ વચ્ચે એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાએ ગૃહ મંત્રાલયની માગ કરી છે. શિંદે સેનાના નેતા સંજય શિરસાટે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રની નવી સરકારમાં શિવસેનાને ગૃહ વિભાગ સોંપવામાં આવશે. ગૃહ વિભાગ સામાન્ય રીતે ડેપ્યુટી સીએમ પાસે હોય છે.

# પરિણામ આવ્યાને આઠ દિવસ વીતી ગયા પણ મહારાષ્ટ્રને હજુ સુધી સીએમ નથી મળ્યા : સંજય રાઉત

(એજન્સી) તા.૩૦

ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના નેતા સંજય રાઉતે ફરી એકવાર મહાયુતિ પર પ્રહારો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે મહારાષ્ટ્રમાં છેલ્લા આઠ દિવસથી મુખ્યમંત્રીની પસંદગીમાં વિલંબ થઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે, વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને મોટી જીત મળી છે, જ્યારે મહા વિકાસ આઘાડી (MVA) સતત પોતાની હાર માટે EVM પર આરોપ લગાવી રહી છે. રાઉતે સંકેત આપ્યો કે મહાગઠબંધનમાં ચાલી રહેલા મતભેદોને કારણે સરકાર રચવાના પ્રયાસો વચ્ચે કેરટેકર મુખ્યમંત્રી એકનાથ શિંદેને તેમના વતન ગામ જવાની ફરજ પડી હતી.મહારાષ્ટ્રમાં ચૂંટણીના પરિણામો જાહેર થયાના એક સપ્તાહ બાદ પણ નવા મુખ્યમંત્રીને લઈને સસ્પેન્સ યથાવત છે. સીએમ અને ડેપ્યુટી સીએમના ચહેરાને લઈને રાજકીય વર્તુળોમાં સતત હલચલ



જોવા મળી રહી છે. દરમિયાન, કાર્યવાહક મુખ્યમંત્રી એકનાથ શિંદે તેમના વતન ગામ ગયા હતા. જેના કારણે મહારાષ્ટ્ર સરકારની રચના અંગે નિર્ણય લેવા માટે મુંબઈમાં યોજાનારી મહાયુતિની મહત્વની બેઠક મોકૂફ રાખવામાં આવી હતી. આ પછી અટકળો શરૂ થઈ કે શું શિંદે સરકાર બનાવવાના નિર્ણયથી નારાજ હતા અને તેથી સતારા જિલ્લામાં તેમના ગામ ગયા હતા. જો કે, તેમના પક્ષના નેતા ઉદય સામંતે તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂક્યું હતું. તેમણે દાવો કર્યો કે કાર્યકારી મુખ્યમંત્રી નારાજ નથી. તાવ અને શરદીની તકલીફ હોવાથી તેઓ તેમના વતન ગામ ગયા હતા. રાઉતે કહ્યું, 'પરિણામો જાહેર થયાને આઠ દિવસ થઈ ગયા છે, પરંતુ મહારાષ્ટ્રને મુખ્યમંત્રી મળી શક્યા નથી. કાર્યવાહક મુખ્યમંત્રી (એકનાથ શિંદે) તેમના ગામ ગયા છે. આવું કેમ થઈ રહ્યું છે ? કદાચ કારણ કે પરિણામો અકુદરતી અને લોકોની ઈચ્છા વિરૂદ્ધ છે. રાજ્યભરમાં આંદોલનો થઈ રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે મતદાનના છેલ્લા કલાકોમાં પડેલા મતોની સંખ્યામાં અચાનક વધારો થવાથી મહારાષ્ટ્ર અને હરિયાણામાં મહાયુતિની જીત થઈ. તેમણે વધુમાં કહ્યું કે, 'મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે સાંજે ૫ વાગ્યાથી ૧૧:૩૦ વાગ્યા સુધી ૭૬ લાખ વોટ પડ્યા હતા. આ ૭૬ લાખ મતોનું શું થયું ? એ જ રીતે હરિયાણામાં ૧૪ લાખ મત વધ્યા. મતોની સંખ્યામાં અચાનક વધારો મહાયુતિની જીતનું કારણ હતું.

# PUCLએ અજમેર દરગાહ વિરૂદ્ધ પાયાવિહોણા દાવાઓને વખોડી કાઢ્યા અને સાંપ્રદાયિક સૌહાર્દ જાળવી રાખવા વિનંતી કરી

(એજન્સી) અજમેર, તા.૩૦

પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (PUCL)એ અજમેર દરગાહ સામેના તાજેતરના પ્રચાર અને ભ્રામક દાવાઓની સખત નિંદા કરી છે, અને તેને ઐતિહાસિક શહેરની સાંપ્રદાયિક સંવાદિતાને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ ગણાવ્યો છે. PUCLએ કાયદાનો આદર કરવા અને રાષ્ટ્રના બિનસાંપ્રદાયિક માળખાને બચાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. સંસ્થાએ કહ્યું હતું કે અજમેર એ સાંપ્રદાયિક સૌહાર્દનું પ્રતીક છે, અને આ શહેરમાં અજમેર દરગાહ, બ્રહ્મા મંદિર, જૈન તીર્થ કેન્દ્રો, ચર્ચો અને પારસી મંદિરો સહિત નોંધપાત્ર ધાર્મિક સ્થળો છે. ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ, તેના ૮૦૦-વર્ષના ઈતિહાસ સાથે, આંતર-શ્રદ્ધાળુ ભક્તિ માટે એક દીવાદાંડી છે, જ્યાં વિવિધ ધર્મોના લાખો ભક્તો આવે છે. PUCLએ નોંધ્યું હતું કે મુસ્લિમ શાસકો અને હિંદુ રાજાઓ બંનેએ તેના વિકાસમાં ફાળો આપ્યો છે, અને તેના સમાવેશી વારસા પર ભાર મૂક્યો છે. પીયુસીએલએ તાજેતરના એવા દાવાઓની ટીકા કરી હતી જેમાં દરગાહની નીચે મંદિર હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે અને તેણે તેણે પાયાવિહોણા ગણાવ્યા હતા. તેણે ન્યાયતંત્ર દ્વારા આવા નિવેદનો સ્વીકારવા પર નિરાશા વ્યક્ત કરી, અને કહ્યું કે અજમેરમાં ક્યારેય આવા વિવાદો જોવા મળ્યા નથી. સંસ્થાએ જૈન અને ઝુલેલાલ સરઘસો અને આરએસએસની કૂચ જેવી પરંપરાઓ સાથે એકતા વધારવામાં દરગાહની ભૂમિકા અંગે વાત કરી હતી. પૂજાના સ્થળ અધિનિયમ, ૧૯૯૧નો ઉલ્લેખ કરતાં PUCLએ કહ્યું કે કોઈપણ સાઈટનું ધાર્મિક પાત્ર તે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં હતું, તે યથાવત રહેવું જોઈએ. સુપ્રીમ કોર્ટે ભારતના બહુલવાદી વારસાને બચાવવા અને રાજકીય અથવા ધાર્મિક લાભ માટે ઐતિહાસિક દાવાઓના દુરૂપયોગને રોકવામાં આ



અધિનિયમને સમર્થન આપ્યું છે. PUCLએ યાદ અપાવ્યું કે દરગાહ ખ્વાજા સાહેબ એક્ટ, ૧૯૫૫, સ્થળને સ્પષ્ટપણે મુસ્લિમ ધાર્મિક દરગાહ તરીકે દર્શાવે છે. PUCLએ સરકારને વિનંતી કરી કે આવી વિભાજનકારી કથાઓનો સામનો કરવા અને લઘુમતી સમુદાયોનું રક્ષણ કરવા તાત્કાલિક પગલાં લેવા જોઈએ. તેણે સર્વોચ્ચ અદાલતને નીચલી અદાલતોને પૂજા સ્થળ અધિનિયમનું ઉલ્લંઘન કરતા દાવાઓને નકારી કાઢવા માટે નિર્દેશ આપવાનું કહ્યું હતું. સંગઠને લોકોને લોકપ્રિયતા માટે સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાના પ્રયાસોનો પ્રતિકાર કરવા પણ અપીલ કરી હતી. અજમેરનો સહઅસ્તિત્વનો વારસો સાચવવો જોઈએ, અને કાયદાનું શાસન પ્રવર્તવું જોઈએ.

સહી

કવિતા શ્રીવાસ્તવ (રાષ્ટ્રીય અધ્યક્ષ), ભંવર મેઘવંશી (પ્રમુખ, PUCL રાજસ્થાન), અનંત ભટનાગર (જનરલ સેક્રેટરી, PUCL રાજસ્થાન)

# અજમેર દરગાહ વિવાદ પર અશોક ગેહલોતે ભાજપને લીધો આડેહાથ, કહ્યું-દરેક વડાપ્રધાને ચાદર ચઢાવી

(એજન્સી) તા.૩૦

રાજસ્થાનના પૂર્વ CM અશોક ગહેલોતે અજમેર દરગાહ સંકુલમાં શિવ મંદિર હોવાના દાવાને લઈને ઉભા થયેલા વિવાદને લઈને ભાજપ, RSS અને PM નરેન્દ્ર મોદી પર સવાલો ઉઠાવ્યા છે. ગહેલોતે કહ્યું-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ સુધી જે પણ ધાર્મિક સ્થળો બનાવવામાં આવ્યા હતા, તે તે જ સ્થિતિમાં રહેશે, આ કાયદો છે. તેમને સવાલ કરવો ખોટું છે. ગહેલોતે એમ પણ કહ્યું-અજમેર દરગાહ ૮૦૦ વર્ષ જૂની છે. અહીં દુનિયાભરમાંથી લોકો આવે છે. મુસ્લિમો અને હિન્દુઓ પણ દુનિયાભરમાંથી આવે છે. વડાપ્રધાન કોઈપણ હોય, કોંગ્રેસ હોય, ભાજપ હોય કે અન્ય કોઈ પક્ષ હોય, પંડિત નહેરૂના સમયથી લઈને મોદીજી સુધી તમામ વડાપ્રધાનો વતી દરગાહમાં ચાદર ચઢાવવામાં આવે છે. ચાદર ચઢાવવાનો પોતાનો અર્થ હોય છે. તમે ચાદર પણ ચઢાવી રહ્યા છો અને તમારા પક્ષના લોકો કોર્ટમાં કેસ પણ કરી રહ્યા છે. જો તમે મૂંઝવણ ઊભી કરો છો, તો લોકો શું વિચારતા



હશે ? જ્યાં અશાંતિ હોય ત્યાં વિકાસ થઈ શકતો નથી, ત્યાં વિકાસ ઠપ થઈ જાય છે. આ વાતો કોણે કરવી જોઈએ, આ વાતો મોદી અને આરએસએસએ કરવી જોઈએ. દેશ હજી તેઓ ચલાવી રહ્યા છે. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ સુધી બનેલા ધાર્મિક સ્થળો પર સવાલ ઉઠાવવો ખોટું પૂર્વ CMએ કહ્યું-જ્યાં સુધી હું જાણું છું, ધાર્મિક સ્થળો કોઈપણ ધર્મના હોય ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ સુધી જે બનાવવામાં આવ્યા તેના પર સવાલ ન થવો જોઈએ. કારણ કે તે તેના માટે એક કાયદો છે. જ્યારથી આરએસએસ અને ભાજપની સરકારો આવી છે, તમે જોયું હશે કે દેશમાં ધર્મના નામે રાજનીતિ ચાલી રહી છે. મહારાષ્ટ્ર હોય, હરિયાણા હોય કે સંસદની ચૂંટણી, તમામ ચૂંટણીઓ ધ્રુવીકરણના આધારે જીતવામાં આવે છે. આ લોકો ખુલ્લેઆમ ધર્મના આધારે ટિકિટો વહેંચી રહ્યા છે. દેશની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. આ સ્થિતિ સરળ નથી. આજે સત્તામાં કોણ છે તે જોવાની વાત છે. ગહેલોતે કહ્યું કે શાસકની જવાબદારી ઘણી મોટી હોય છે. સત્તામાં રહેલા લોકોની જવાબદારી છે કે તેઓ વિપક્ષને સાથે લઈ જાય અને વિપક્ષની ભાવનાઓને માન આપે, જે તેઓ નથી કરી રહ્યા. પક્ષ-વિપક્ષ વચ્ચેનું અંતર વધી રહ્યું છે, તે આપણું સ્થાન છે. પૂર્વ સીએમએ કહ્યું-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની સ્થિતિ પર સંસદમાં કાયદો પસાર થયો હતો, તેમ છતાં મંદિર અને દરગાહમાં શું હતું, પહેલા શું હતું તેમાં અટવાયેલા રહીશું તો દેશના મુખ્ય મુદ્દાઓનું શું થશે ? મુખ્ય મુદ્દાઓ શું છે, આ વધુ મહત્ત્વ ધરાવે છે ? મોંઘવારી, બેરોજગારી, વિકાસ, અર્થતંત્ર, સામાજિક ન્યાય અને સામાજિક વ્યવસ્થાનો મુદ્દો છે.

# CWCની બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષનું એકતાનું આહ્વાન : રાહુલ ગાંધીએ તેમના કડક પગલાં લેવાના સૂચનને સમર્થન આપ્યું

**● કોંગ્રેસને મજબૂત કરવા માટે 'સખત નિર્ણયો' લેવાની જરૂર છે, આપણે શિસ્તનું સખતપણે પાલન કરીએ તે મહત્ત્વપૂર્ણ છે, પાર્ટી પાસે શિસ્તનું શસ્ત્ર પણ છે : પક્ષના વડા ખડગે ● હરિયાણા અને મહારાષ્ટ્રમાં કોંગ્રેસની હારનું વિશ્લેષણ કરવા માટે યોજાયેલી સીડબ્લ્યુસીની બેઠક દરમિયાન, પાર્ટીના વડા મલ્લિકાર્જુન ખર્ગેએ જણાવ્યું હતું કે આંતરિક લડાઈ પાર્ટીને નુકસાન પહોંચાડી રહી છે અને નેતાઓને પક્ષ વિરોધી ટિપ્પણી કરવાનું બંધ કરવા વિનંતી કરી હતી**

(એજન્સી) તા.૩૦

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શુક્રવારે પાર્ટીની વિચારધારા બહારના નિવેદનો કરવા માટે નેતાઓની ટીકા કરી અને કહ્યું કે હરિયાણા અને મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામોમાંથી પાઠ શીખીને જવાબદારી લેવા અને ખામીઓ દૂર કરવા માટે "કડક નિર્ણયો" લેવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું કે આંતરકલહ કોંગ્રેસને નુકસાન પહોંચાડી રહી છે અને નેતાઓને પક્ષ વિરોધી ટિપ્પણી કરવાનું બંધ કરવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, જ્યાં સુધી આપણે એક થઈને ચૂંટણી લડીશું નહીં અને એકબીજા વિરૂદ્ધ નિવેદનો આપવાનું બંધ નહીં કરીએ ત્યાં સુધી આપણે આપણા વિરોધીઓને રાજકીય રીતે કેવી રીતે હરાવી શકીશું ? આના પર રાહુલ ગાંધીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ખડગેજીએ યોગ્ય કહ્યું છે. તેમણે કોંગ્રેસના વડાની વાતને સમર્થન આપ્યું હતું. આ મીટિંગ દરમિયાન, ખડગેએ કહ્યું કે તેઓ માને છે કે EVM ચૂંટણી પ્રક્રિયાને "શંકાસ્પદ" બનાવે છે અને દેશમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ સુનિશ્ચિત કરવાની ચૂંટણી પંચની બંધારણીય જવાબદારી છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે રાજ્યની વિધાનસભાની ચૂંટણી રાષ્ટ્રીય મુદ્દાઓ પર ન લડવી જોઈએ. રાજ્યના નેતાઓ કેટલા સમય સુધી રાષ્ટ્રીય નેતાઓ સાથે રાષ્ટ્રીય મુદ્દાઓ પર વિધાનસભાની ચૂંટણી લડશે. તેમણે ચૂંટણી પરિણામોમાંથી પાઠ શીખીને પક્ષમાં રહેલી ખામીઓને દૂર કરવા માટે પણ હાકલ કરી હતી અને કહ્યું હતું કે પક્ષે તેના પ્રતિસ્પર્ધીઓ દ્વારા કરવામાં આવેલા પ્રચાર અને ખોટી માહિતીનો અસરકારક રીતે સામનો કરવા માટે વ્યૂહરચના વિકસાવવી પડશે. એ મહત્વનું છે કે આપણે કડક રીતે શિસ્તનું પાલન કરીએ. આપણે દરેક સંજોગોમાં એકજૂટ રહેવું પડશે. પાર્ટી પાસે શિસ્તનું શસ્ત્ર છે. પરંતુ અમે અમારા કાર્યકરોને કોઈ બંધનમાં રાખવા માંગતા નથી. કોંગ્રેસના કાર્યકરોને મતદાનના પરિણામોથી નિરાશ ન થવા વિનંતી કરતાં તેમણે કહ્યું કે, દરેક વ્યક્તિએ વિચારવાની જરૂર છે કે કોંગ્રેસ પક્ષની જીત એ આપણી જીત છે અને તેની હાર એ આપણી હાર છે. આપણી તાકાત પક્ષની તાકાતમાં રહેલી છે. ખડગેએ સંકેત આપ્યો કે પાર્ટીમાં મોટા પાયે ફેરફાર કરવામાં આવશે. બેઠકમાં કોંગ્રેસના કેટલાક નેતાઓએ ઘણા રાજ્યોમાં નબળા સંગઠનાત્મક માળખા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પાર્ટી જૂની પદ્ધતિઓને અનુસરીને સફળતા પ્રાપ્ત



કરી શકતી નથી. તમારો રાજકીય વિરોધી શું કરે છે તે તમારે જોવું પડશે. અમારે સમયસર નિર્ણય લેવા પડશે. જવાબદારી નિશ્ચિત કરવી પડશે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે કોંગ્રેસની વારંવારની હારને કારણે ફાસીવાદી શક્તિઓ પોતાના મૂળિયા વધારે ઊંડા કરી રહી છે. એક પછી એક તેઓ રાજ્યની સંસ્થાઓ પણ કબજે કરી રહ્યા છે. ખડગેએ કહ્યું કે કોંગ્રેસ ભલે ચૂંટણી હારી ગઈ હોય, પરંતુ તેમાં કોઈ શંકા નથી કે આ દેશમાં બેરોજગારી, મોંઘવારી અને આર્થિક અસમાનતા જેવા સળગતા મુદ્દાઓ છે. જ્ઞાતિની વસ્તી ગણતરી પણ આજે એક મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. તેમણે કાર્યકરો અને આગેવાનોને ભાવિ ચૂંટણી માટે અગાઉથી તૈયારી શરૂ કરવા અને મતદાર યાદીની યોગ્ય રીતે ચકાસણી કરવા હાકલ કરી હતી. ખડગેએ કહ્યું કે ચૂંટણી લડવાની રીતો બદલાઈ ગઈ છે અને પાર્ટીએ તેની માઈક્રો કોમ્યુનિકેશન વ્યૂહરચના તેના વિરોધીઓ કરતાં વધુ સારી બનાવવી પડશે. પ્રચાર અને ખોટી માહિતી સામે લડવાના માર્ગો પણ શોધવા પડશે. આપણે પાછલા પરિણામોમાંથી પાઠ શીખીને આગળ વધવું પડશે. ખામીઓને દૂર કરવી પડશે. આત્મવિશ્વાસ સાથે સખત નિર્ણયો લેવા પડશે. તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી દરમિયાન લોકોનો મૂડ કોંગ્રેસની તરફેણમાં હતો પરંતુ માત્ર અનુકૂળ વાતાવરણ જ જીતની ખાતરી આપતું નથી. આપણે આ વાતાવરણને પરિણામમાં ફેરવતા શીખવું પડશે. શું કારણ છે કે આપણે આ વાતાવરણનો લાભ લઈ શકતા નથી ?

# ભાઈ શરજીલ ઈમામ દિલ્હીની જેલમાં બંધ અને બહેન ફરહા નિશાતે ન્યાયિક સેવાની પરીક્ષા પાસ કરી, જજ બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

જ્યારે દિલ્હીના રમખાણો પર આરોપ છે કે શરજીલ ઈમામને હજુ સુધી કોર્ટમાંથી રાહત મળી નથી, તેના પરિવારમાં ખુશીનું વાતાવરણ છે. તેની નાની બહેન ફરહા નિશાતે આ ખુશી પરિવારને આપી છે. ફરહાએ બિહારની ૩૨મી જસ્ટિસ સર્વિસની પરીક્ષા પાસ કરી છે અને હવે તે જજ બની ગઈ છે. શરજીલના નાના ભાઈ મુઝમ્મિલ ઈમામે પોતે આ માહિતી સોશિયલ મીડિયા પર આપી છે. મુઝમ્મિલ ઈમામે સોશિયલ મીડિયા પર લખ્યું, આ જીવનની ફિલસૂફી છે. એક તરફ, ભાઈ જુલમ સામે ન્યાય માટે લડવા માટે જેલમાં, બીજી તરફ, બહેન હવે જુલમ સામે ન્યાય આપવા માટે



ન્યાયાધીશની ખુરશી પર બેસી જશે. નાની બહેન ફરહા નિશાતે ૩૨મી બિહારની ન્યાયિક સેવાની પરીક્ષા પાસ કરી છે. હું આશા રાખું છું કે તરા કાર્યકાળમાં તું તરા નિર્ણયોથી કોઈ નિર્દોષને હેરાન થવા નહીં દે. અલ્લાહ તને હિંમત અને શક્તિ આપે. મુઝમ્મિલ ઈમામ પોતે વ્યવસાયે રાજકારણી છે અને નીતિશ કુમારના જનતા દળ યુનાઈટેડના પૂર્વ જનરલ સેક્રેટરી અને પ્રવક્તા રહી ચૂક્યો છે. તે સમયે મુઝમ્મિલે તેના ભાઈ માટે પણ એક લાંબી પોસ્ટ લખી હતી અને કહ્યું હતું કે, મારો ભાઈ એકદમ અવ્યવહારૂ છે, જે પોતે પહેલા સમાજ, તમામ મનુષ્યો અને દેશ વિશે વિચારે છે. બની શકે કે તે પાગલ વ્યક્તિ હોય. શરજીલ પર રાજદ્રોહનો આરોપ છે. શરજીલ ઈમામ વિરૂદ્ધ UAPAની કલમ ૧૩ અને દેશદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો છે. જાન્યુઆરી ૨૦૨૦માં તેની ધરપકડ કરવામાં આવી હતી. તેના પર દિલ્હીની જામિયા અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ભડકાઉ ભાષણ આપવાનો આરોપ છે.

# ઉત્તર પ્રદેશ પોલીસે સમાજવાદી પક્ષના પ્રતિનિધિ મંડળને સંભલની મુલાકાત લેતા અટકાવ્યા : અખિલેશ યાદવે સરકાર પર પ્રહાર કર્યા

**માતા પ્રસાદ પાંડેની આગેવાની હેઠળના આ પ્રતિનિધિ મંડળનું કામ ઘટના વિશે વિગતવાર માહિતી એકત્રિત કરવાનું હતું અને એક રિપોર્ટ તૈયાર કરીને સપાના રાષ્ટ્રીય અધ્યક્ષને સુપરત કરવાનો હતો. અખિલેશ યાદવે સરકાર પર કટાક્ષ કરતાં વહીવટી નિષ્ફળતાનો આરોપ લગાવ્યો અને આક્ષેપ કર્યો કે ભાજપ તેની બેદરકારીને ઢાંકવાનો પ્રયાસ કરી રહ્યું છે**

(એજન્સી) તા.૩૦

સમાજવાદી પાર્ટી (SP)ના ૧૫-સદસ્યના પ્રતિનિધિ મંડળને આજે ઉત્તર પ્રદેશના સંભલમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. પાર્ટીના વડા અખિલેશ યાદવે તેના માટે તીવ્ર પ્રતિક્રિયા આપી હતી. શાહી જામા મસ્જિદમાં તાજેતરની હિંસાની તપાસ કરવા માટે આવેલી ટીમની રચના યુપી રાજ્ય વિધાનસભા LoP માતા પ્રસાદ પાંડેના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી. સંભલ જિલ્લા વહીવટીતંત્રે ૧૦ ડિસેમ્બર સુધી બહારના લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતો આદેશ જારી કર્યો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પેન્સિયાએ જણાવ્યું હતું કે, કોઈ પણ બહારની વ્યક્તિ, કોઈપણ સામાજિક સંસ્થા અથવા કોઈપણ જનપ્રતિનિધિ ૧૦ ડિસેમ્બર સુધી સક્ષમ અધિકારીની પરવાનગી લીધા વિના જિલ્લાની સરહદોમાં પ્રવેશ કરી શકશે નહીં. શાહી જામા મસ્જિદના કોર્ટ દ્વારા ફરજિયાત સર્વેક્ષણ બાદ ૨૪ નવેમ્બરે સંભલમાં હિંસક અથડામણ થઈ હતી. સર્વેક્ષણનો વિરોધ કરી રહેલા દેખાવકારોની સુરક્ષા દળો સાથે અથડામણ થઈ, જેના કારણે પથ્થરમારો, આગચંપી અને અનેક લોકોનાં મોત થયા હતા. આ પરિસ્થિતિ પર સખત પ્રતિક્રિયા આપતા, અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પર ભાજપની આગેવાની હેઠળની ઉત્તર પ્રદેશ સરકારની નિંદા કરી. અખિલેશ યાદવે સરકાર પર વહીવટી નિષ્ફળતાનો આરોપ લગાવ્યો અને આક્ષેપ કર્યો કે ભાજપ તેની બેદરકારીને ઢાંકવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે, આ પ્રતિબંધ લાદવો એ ભાજપ સરકારના શાસન, વહીવટ અને સરકારી વ્યવસ્થાપનની નિષ્ફળતા છે. જો સરકારે રમખાણો કરાવનાર લોકો અને ઉગ્ર નારા લગાવનારા લોકો પર અગાઉ આવો પ્રતિબંધ લાદ્યો હોત, તો સંભલમાં સૌહાર્દ અને શાંતિનું વાતાવરણ રહ્યું હોત. આ પ્રતિબંધ લગાવવો ભાજપ સરકાર, વહીવટ અને સરકારી વ્યવસ્થાપનની નાકામી છે. તેમણે આ બેદરકારી અને ષડયંત્ર માટે સંભલમાં સમગ્ર વહીવટી તંત્રને સસ્પેન્ડ કરવાની પણ માંગ કરી હતી. માતા પ્રસાદ પાંડેએ દાવો કર્યો હતો કે ગૃહ સચિવ સંજય પ્રસાદ અને સંભલ જિલ્લા મેજિસ્ટ્રેટ બંનેએ તેમનો સંપર્ક કર્યો હતો અને તેમણે પ્રવાસ મુલતવી રાખવા વિનંતી કરી હતી. હિંસાનો ભોગ બનેલા લોકો અને તેમના પરિવારોને મળવાના ઈરાદાથી SP પ્રતિનિધિ મંડળે શરૂઆતમાં સંભલ જતા પહેલા મુરાદાબાદની મુલાકાત લેવાની યોજના બનાવી હતી. જો કે, આ યોજનાઓ રદ થઈ હતી કારણ કે પોલીસે તેમને શ્રી પાંડેનું નિવાસસ્થાન છોડવાની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો હતો. સમાજવાદી પાર્ટીના પ્રદેશ પ્રમુખ શ્યામ લાલ પાલે જણાવ્યું હતું કે પ્રતિનિધિ મંડળ પક્ષના વડા અખિલેશ યાદવને સબમિટ કરવા માટે ઘટના અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરવાનો ઈરાદો ધરાવે છે. આ ટીમમાં વિધાન પરિષદના નેતા લાલ બિહારી યાદવ, સાંસદ ઝિયાઉર રહેમાન બાર્ક, હરેન્દ્ર મલિક અને અન્ય જેવા ઉચ્ચ પ્રોફાઈલ સભ્યોનો સમાવેશ થાય છે. ઝિયાઉર રહેમાન બાર્ક પર હિંસા સંબંધિત આરોપો છે, અને ઉશ્કેરણીજનક કૃત્યો કરવાનો આરોપ છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અજય રાયે પણ ૨ ડિસેમ્બરે જિલ્લાની મુલાકાતે પાર્ટી પ્રતિનિધિમંડળની યોજના જાહેર કરી છે. આ રાજકીય વિવાદ વચ્ચે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે હિંસાની તપાસ માટે ત્રણ સભ્યોના ન્યાયિક પંચની રચના કરી છે. અલ્હાબાદ હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટિસ દેવેન્દ્ર કુમાર અરોરા તપાસનું નેતૃત્વ કરશે. સપાના વડા અખિલેશ યાદવના નિર્દેશ પર ૧૫ સભ્યોનું પ્રતિનિધિ મંડળ શનિવારે સંભલની મુલાકાત લેવાનું હતું. માતા પ્રસાદ પાંડેની આગેવાની હેઠળ રચાયેલ



પ્રતિનિધિ મંડળનું કામ ઘટના વિશે વિગતવાર માહિતી એકત્રિત કરવાનું હતું. એક રિપોર્ટ તૈયાર કરીને સપાના રાષ્ટ્રીય અધ્યક્ષને સુપરત કરવાનો હતો. માતા પ્રસાદ પાંડે ઉપરાંત, પ્રતિનિધિમંડળમાં વિધાન પરિષદના નેતા લાલ બિહારી યાદવ, પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્યામ લાલ પાલ, અન્ય ધારાસભ્યો અને સ્ન્ઝ અને અગ્રણી અધિકારીઓનો સમાવેશ થાય છે. આ નેતાઓ પાંડેના નિવાસસ્થાનથી સંભલ જવા નીકળે તે પહેલા સુરક્ષા અધિકારીઓએ તેમને અટકાવ્યા હતા. ત્યારબાદ નેતાઓએ પાર્ટી કાર્યાલય જવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ તેમને નિવાસસ્થાનમાંથી બહાર જવા દેવામાં આવ્યા ન હતા. આ અંગે પ્રતિક્રિયા આપતા પાંડેએ કહ્યું કે, પોલીસને અમને રોકવાનો કોઈ અધિકાર નથી. એવી વ્યવસ્થા હતી કે કોઈ સંભલ ન જાય, જો કે, તેઓ અમને બીજે ક્યાંય જતા રોકી શકતા નથી. તેમણે કહ્યું કે, દરેક વ્યક્તિ જાણે છે કે તેઓ ગેરકાયદેસર રીતે કામ કરે છે; સરકાર ક્યારેય બંધારણીય વ્યવસ્થાને અનુસરતી નથી. બંધારણમાં આપણો મૂળભૂત અધિકાર છે કે આપણે ગમે ત્યાં જઈ શકીએ. સંભાલમાં પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો; તે લખનૌમાં લાદવામાં આવ્યો નથી. તેઓ મને અટકાવી રહ્યા છે તે સંપૂર્ણપણે ગેરબંધારણીય અને ગેરકાયદેસર છે, હવે પોલીસ અમને લખનૌમાં આવેલી પાર્ટી ઓફિસમાં પણ જવાની પરવાનગી આપી રહી નથી. સંભલમાં અથડામણ ત્યારે શરૂ થઈ જ્યારે કોર્ટના આદેશ દ્વારા સર્વેક્ષણ ટીમ મુઘલ યુગની જામા મસ્જિદ પર પહોંચી, જે તેના પરિસરમાં કથિત રીતે અસ્તિત્વમાં રહેલા હરિહર મંદિરના દાવાને કારણે વિવાદમાં છે. દેખાવકારોએ પોલીસ અને સર્વે ટીમ પર પથ્થરમારો કર્યો અને પરિસ્થિતિ હિંસક અથડામણમાં પરિણમી હતી. અનેક વાહનોને સળગાવી દેવામાં આવ્યા હતા અને ગોળીબાર થયો હતો, જેના કારણે પાંચ યુવાનોના મોત થયા હતા અને પોલીસ અને અધિકારીઓ સહિત અનેક લોકો ઘાયલ થયા હતા. હુમલાખોરોએ વ્યાપક તોડફોડ પણ કરી હતી. જેના પગલે આ વિસ્તારમાં ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી દેવામાં આવી હતી અને વિસ્તારમાં શાંતિ જાળવવા માટે બહારના લોકોના પ્રવેશ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. શાહી જામા મસ્જિદની આસપાસ, ખાસ કરીને શુક્રવારની નમાજ દરમિયાન, વ્યવસ્થા જાળવવા માટે વધુ પોલીસ તૈનાત કરવામાં આવી હતી. હવે, સંભલમાં સ્થિતિ કથિત રીતે શાંત છે, શાળાઓ ખુલી ગઈ છે અને સામાન્ય પ્રવૃત્તિઓ ફરી શરૂ થઈ રહી છે. SP પ્રતિનિધિ મંડળની આયોજિત મુલાકાત ઘટનાના રાજકીય અને સામાજિક મહત્વને દર્શાવે છે અને હિંસાના મૂળ કારણો અને પરિણામોની તપાસ ચાલુ છે.

સોજીત્રા ખાતેથી ભૂપેન્દ્ર પટેલે વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કર્યું

# મુખ્યમંત્રી દ્વારા આણંદ જિલ્લાના નાગરિકોને રૂા.૧૨૦ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ

## ગુજરાતમાં ૧૦૩ યુનિવર્સિટીઓ અને ૨૮૦૦ કોલેજો દ્વારા ઉચ્ચ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે : મુખ્યમંત્રી

(સંવાદદાતા દ્વારા)

આણંદ,તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોજીત્રા ખાતેથી રૂા.૯૦ કરોડના ૩૯ જેટલા વિકાસકામોનું ખાતમુહૂર્ત તથા રૂા.૩૦ કરોડના ૧૩ જેટલા વિકાસ કાર્યોનું લોકાર્પણ સહિત જિલ્લાના નાગરિકોને રૂા.૧૨૦ કરોડના વિવિધ ૫૨ (બાવન) જેટલા વિકાસ પ્રકલ્પોની ભેટ આપી છે.



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસ કેવો હોય, કેટલા સ્કેલનો હોય, કેવા વિઝન સાથેનો હોય તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગુજરાતના વિકાસ દ્વારા વિશ્વ સમક્ષ પૂરું પાડ્યું છે. પ્રો- પિપલ ગવર્નન્સની કાર્ય સંસ્કૃતિને વિવિધ વિકાસ કામોથી આપણે સાકાર કરી છે.

વલ્લભવિદ્યાનગરના શિલ્પી સ્વ.ભાઈકાકાના શિક્ષણના પ્રદાનને આગળ ધપાવતાં સોજિત્રામાં રૂા.૧૪.૮૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ભાઈકાકા સરકારી વાણિજ્ય કોલેજના ભવનનું મુખ્યમંત્રીએ લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનએ શિક્ષણના ચિંતન અને સંસ્કૃતિના સંવર્ધનના કાર્યોને વેગ આપી હંમેશા તમામ ક્ષેત્રના વિકાસ પર ભાર મૂક્યો છે. એ જ દિશામાં સરકાર ગુજરાતમાં શિક્ષણ સહિતના સર્વાંગી વિકાસને આગળ ધપાવી રહી છે. ગ્રીન, ક્લીન ફ્યુચરના વડાપ્રધાનના વિઝનને અનુરૂપ પર્યાવરણની જાળવણી સાથે પ્રગતિના મંત્રને આપણે સાકાર કર્યો છે, તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

ગુજરાતમાં શહેરી વિકાસ, જાહેર આંતર માળખાકીય સુવિધાઓ અને આરોગ્ય એમ દરેક ક્ષેત્રે વિકાસ ક્રાંતિ આવી છે, તેમ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, યુવાનોને ઘર આંગણે ઉચ્ચ શિક્ષણ મળી શકે તે માટે વડાપ્રધાનના સક્ષમ નેતૃત્વમાં ગુજરાતમાં ૧૦૩ યુનિવર્સિટીઓ અને ૨૮૦૦ કોલેજો દ્વારા ઉચ્ચ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રીએ વય વંદનાના લાભાર્થીઓને આયુષમાન કાર્ડનું વિતરણ કરવા સાથે સોજિત્રાના સપૂત પદ્મભૂષણ અને કાર્ડિયોલોજિસ્ટ ડો.તેજસ પટેલનું સન્માન કર્યું હતું. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં નિર્મળ ગુજરાત હેઠળ ઉમરેઠ તાલુકાના ૩૯ ગામોમાં બાયોગેસ અને ખાતર ઉત્પાદન તથા પશુ છાણના વૈજ્ઞાનિક ઢબે નિકાલ માટે માટે આણંદ જિલ્લા પંચાયત અને ભારત બાયોગેસ એનર્જી લી. વચ્ચે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. સોમનાથ ખાતે યોજાયેલ ચિંતન શિબિરમાં આણંદના કલેકટર પ્રવીણ ચૌધરીને જૂનાગઢ ખાતેના કાર્યકાળ દરમ્યાનની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ શ્રેષ્ઠ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મળેલ રૂા.૫૧ હજારના પ્રોત્સાહક પુરસ્કારની રકમ આંગણવાડીના બાળકોને મુખ્ય મંત્રીના હસ્તે અર્પણ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીના હસ્તે રાજ્ય સરકારની 'તેરા તુજ કો અર્પણ' યોજના હેઠળ આણંદ પોલીસ વિભાગ દ્વારા લોકોના ચોરાયેલા અને ખોવાયેલા ૩૧ લાખના મુદ્દામાલ મૂળ માલિકોને પરત આપવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીએ પાવરગ્રીડ કોર્પોરેશન ઈન્ડિયા લિ. દ્વારા નિગમિત સામાજિક જવાબદારી હેઠળ ડોર ટુ ડોર કચરાના એકત્રીકરણ માટે ૨૫ ઈ-રિક્ષાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

# ડીસા પાલિકા પ્રમુખને હટાવવાની ધારાસભ્યની ચાલ સામે બ્રહ્મ સમાજ ખફા

## બ્રહ્મ સમાજના આગેવાનોએ મીટિંગ યોજી આંદોલનની ચીમકી ઉચ્ચારી

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૩૦

ભાજપ સાશીત ડીસા નગરપાલિકાના પ્રમુખને હટાવવાની ડીસાના ધારાસભ્ય સહિત પાલિકાના ભાજપના જ કેટલાક સભ્યોની મેલી મુરાદ સામે બ્રહ્મસમાજ ખફા થયો છે. ડીસામાં આજે બ્રહ્મસમાજે સ્થાનિક ધારાસભ્ય સામે આક્રોશ વ્યક્ત કરી એકત્રિત થયેલા બ્રહ્મસમાજે પાલિકા પ્રમુખ તરીકે સંગિતાબેન દવેને હટાવવા માટેના ધારાસભ્ય દ્વારા પ્રયાસ કરવામાં આવતા હોવાના આક્ષેપ કરવા સાથે સંગિતાબેનને ડીસા નગરપાલિકાના પ્રમુખ તરીકે ના હટાવવાની માંગ કરી જો તેઓને હટાવશે તો બ્રહ્મ સમાજ આંદોલન કરશે તેમ જણાવ્યું હતું. આજે ડીસા ખાતે આવેલી બ્રહ્મસમાજની વાડી ખાતે એકત્રિત થયેલા બ્રહ્મ સમાજના આગેવાનોએ ભાજપ સમક્ષ તેમના સમાજની વફાદારી



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

અંગે ચર્ચા કરી હતી. બ્રહ્મ સમાજના આગેવાન જગદીશભાઇ દવેએ જણાવ્યું હતું કે, જ્યારે સંગિતાબેન દવેની ડીસા નગરપાલિકાના પ્રમુખ તરીકે વરણી થઈ હતી ત્યારે જ સ્થાનિક ધારાસભ્યના ઈશારે પાલિકાના સદસ્યો જિલ્લા ભાજપ કચેરી ખાતે પોતાના રાજીનામાં ધરવા માટે પહોંચી ગયા હતા. અને અત્યારે પણ સ્થાનિક ધારાસભ્યના ઈશારે જ પાલિકાના સદસ્યો સંગિતાબેનની ટર્મ પૂરી થયા પહેલા જ તેમણે પદ પરથી દૂર કરવા માટે મથી રહ્યા છે. આજે એકત્રિત થયેલા બ્રહ્મ સમાજે માંગ કરી છે કે સંગિતાબેનને ડીસા નગરપાલિકાના પ્રમુખ પદથી દૂર ન કરવામાં આવે અને જો તેમ કરવામાં આવશે તો આગામી સમયમાં બ્રહ્મ સમાજ મોટું આંદોલન કરશે.

હવે સોફ્ટવેર વેરિફિકેશન કરવાનું બાકી છે, એકવાર તે પૂર્ણ થયા બાદ સિસ્ટમ કાર્યરત થઈ જશે

# પશ્ચિમ રેલવેના નાગદા-ગોધરા સેક્શનમાં સિસ્ટમ પૂર્ણ, લોકો ટ્રાયલ પણ સફળ રહ્યું

દાહોદ, તા.૩૦

ભારતીય રેલવે ટ્રેન દુર્ઘટનાઓને રોકવા માટે ટેકનોલોજીની સાથે કવચ સિસ્ટમ લગાવવા પર કામ રહી છે. તાજેતરમાં દિલ્હી-મુંબઈ રાજધાની રૂટના રતલામ ડિવિઝન હેઠળના નાગદાથી ગોધરા સુધીના ૨૨૪ કિલોમીટરના વિસ્તારમાં કવચ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. જેમા લોકો સાથેના તમામ વિભાગોની સફળ ટ્રાયલ પણ કરવામાં આવી છે. જોકે હવે સોફ્ટવેર વેરિફિકેશન ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં આ કામ પૂર્ણ થતાં જ આર્મર સિસ્ટમ કાર્યરત થઈ જશે. જેના લીધે આ કવચ સિસ્ટમ એક જ ટ્રેક પર આવતી ટ્રેનોને શોધી કાઢશે અને ઓટોમેટિક બ્રેક લગાવીને ટ્રેનોને રોકશે.શુક્રવારે, કવચ સિસ્ટમના સંસ્કરણ ૪.૦ની ટ્રાયલ રતલામ ડી.આર.એમ રજનીશ કુમાર દ્વારા બજરંગગઢથી રતલામ-દાહોદ



વિભાગના બોરડી સ્ટેશન સુધી થઈ હતી. જેમાં ડિવિઝનલ રેલ્વે મેનેજર રજનીશ કુમારે જાતે ૩૭ કિમી લાંબા સેક્શનના અપ-ડાઉન ટ્રેકમાં કવચ સિસ્ટમ સાથે ફીટ કરેલ એન્જીન ચલાવ્યું હતું. આ અજમાયશી ટ્રાયલ પણ સફળ રહી હતી. આ અગાઉ ઓક્ટોબરમાં, રેલવેએ ૧૫.૯ કિમી લાંબા કાસુંધી-સંત રોડ સેક્શનમાં કવચની ટ્રાયલ હાથ ધરી હતી.આ સમય દરમિયાન, એવી સ્થિતિ બનાવવામાં આવી હતી કે સર્કિટ દ્વારા ટ્રેનો સામસામે અથડાશે. અજમાયશમાં આ કવચ સિસ્ટમે તેને પકડી લીધો અને ડીઆરએમ સાથેનું એન્જિન આપમેળે બંધ થઈ ગયું. આ ઉપરાંત ઓવર સ્પીડ ચેક, રેડ સિગ્નલ ક્રોસ કરવા પર ઓટોમેટિક બ્રેક વગેરેની પણ ચકાસણી કરવામાં આવી હતી. ડીઆરએમ રજનીશ કુમારના જણાવ્યા મુજબ રતલામ-નાગદા સેક્શનમાં બફ્ફર પહેલેથી જ લગાવવામાં આવ્યું હતું. એટલું જ નહીં ડી.આર.એમ રજનીશ કુમારે દાહોદ મુલાકાત દરમિયાન રેલવે સ્ટેશન પર અમૃત ભારત યોજના અંતર્ગત ચાલી રહેલા કામોની મુલાકાત લઈ સમીક્ષા કરી હતી આ દરમિયાન રેલવેના સંબંધિત અધિકારીઓએ અમૃત ભારત યોજના અંતર્ગત ચાલી રહેલા કામો અંગે ડી.આર.એમ.ને માહિતગાર કર્યા હતા.

તાજેતરના ચૂંટણી પરિણામોથી નિરાશ થયા વિના લોક પ્રશ્નો માટેની ચળવળ જુસ્સાપૂર્વક ચાલુ રાખવાનો કોંગ્રેસનો નિર્ધાર

# કોંગ્રેસ કારોબારીના ઠરાવમાં "ધર્મસ્થાન કાયદો-૧૯૯૧" જેવા મુદ્દાઓ ઉમેરવામાં પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે મહત્ત્વની ભૂમિકા ભજવી



## નવી દિલ્હીમાં મળેલી કોંગ્રેસ રાષ્ટ્રીય કારોબારી બેઠકમાં રાષ્ટ્રની પરિસ્થિતિ, ભાજપ દ્વારા થઈ રહેલા ખતરનાક કોમી ધ્રુવીકરણ, બિઝનેસના ઈજારાશાહી, બેકારી, મોંઘવારી અને ચૂંટણી પ્રક્રિયાની ડગમગી ગયેલી વિશ્વસનીયતા જેવા મુદ્દાઓ પર ઊંડું વિચાર મંથન

નવી દિલ્હી, તા.૩૦

સંસદના શિયાળુ સત્રની મધ્યમાં ગઈકાલે CWCની બેઠક મળી હતી. અત્યાર સુધી ત્રણ મહત્ત્વના રાષ્ટ્રીય મુદ્દાઓ પર તાત્કાલિક ચર્ચા કરવા માટે મોદી સરકારના હઠીલા ઈન્કારને કારણે સંસદના શિયાળુ સત્ર ખોરવાઈ ગયા છે. આ મુદ્દાઓમાં અદાણી બિઝનેસ જૂથ દ્વારા ભ્રષ્ટાચાર અંગેના તાજેતરના ઘટસ્ફોટ. જેની સાથે મોદી પોતે સૌથી ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે, મણિપુરમાં સતત હિંસા અને મોદી દ્વારા આ અજયની તમામ જવાબદારીનો ત્યાગ, જેમણે મે-૨૦૨૩થી એક વખત પણ મુશ્કેલીગ્રસ્ત રાજ્યની મુલાકાત લીધી નથી અને વિવિધ રાજ્યોમાં સાંપ્રદાયિક તણાવને વેગ આપવા માટે ભાજપના વ્યવસ્થિત પ્રયાસો, જેમાં તાજેતરમાં યુપીમાં આવો જ પ્રયાસ થયો છે તે મુદ્દાઓ પર સંસદમાં કોઈ ચર્ચા થઈ રહી નથી. પૂજા સ્થાનો (વિશેષ જોગવાઈઓ) અધિનિયમ, ૧૯૯૧ અને તેની ભાવના પ્રત્યેની સખત પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યા પછી ભાજપ દ્વારા બેશરમપણે તેનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે, CWC એ ચાર વિધાનસભા ચૂંટણીના પરિણામો પછી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોની ચર્ચા કરી હતી. વિશ્વસનીય સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, GPCCના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે પૂજાના સ્થાનો અધિનિયમ, ૧૯૯૧નું ઉલ્લંઘન કરવાના મહત્ત્વપૂર્ણ મુસદ્દાને તૈયાર કરવા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. લઘુમતી સમુદાયની મસ્જિદો પર હુમલા અને તેમની વિરૂદ્ધ ધ્રુવીકરણનું વાતાવરણ ઊભું કરવાના લક્ષ્ય સાથે આ અધિનિયમનું ઉલ્લંઘન કરવામાં આવે છે. વાયનાડ પેટાચૂંટણીમાં પ્રિયંકા ગાંધી વાડ્રાએ જબરજસ્ત વિજયમેળવ્યા પછી પાર્ટીના કાર્યકર્તાઓમાં અને ખાસ કરીને લોકોમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું છે. CWCએ ઝારખંડના લોકોનો પણ આભાર માન્યો છે કે તેમણે JMM, INC અને અન્ય ઈન્ડિયા ગઠબંધન પક્ષોને નિર્ણાયક આદેશ આપ્યો છે. અહીના લોકોએ વડાપ્રધાન, કેન્દ્રીય ગૃહપ્રધાન, આસામના મુખ્યપ્રધાન અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન દ્વારા ચલાવવામાં આવેલા ભાજપના ખતરનાક રીતે વિભાજનકારી અને ઝેરી ધ્રુવીકરણ અભિયાનને જોરદાર રીતે નકારી કાઢ્યું છે.

CWCએ J&Kના લોકોનો પણ આભાર માન્યો છે કે તેઓએ NC-INC જોડાણમાં સ્પષ્ટ રીતે વિશ્વાસ મૂક્યો છે. અમારૂં પોતાનું પ્રદર્શન વધુ સારૂં હોવું જોઈએ તે સ્વીકારીને અમારી પાર્ટી J&Kને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે કેન્દ્ર પર દબાણ કરવાનું ચાલુ રાખશે. CWCએ પણ સ્વીકારે છે કે હરિયાણામાં પાર્ટીનું પ્રદર્શન તમામ અપેક્ષાઓથી વિપરીત રહ્યું છે. ખૂબ જ સરળ રીતે કહીએ તો, રાજ્યમાં ખાતરીપૂર્વક માર્જિનથી કોંગ્રેસની સરકાર બનાવવી જોઈતી હતી પરંતુ તે બન્યું નહીં. પરંતુ ચૂંટણીમાં ગેરરીતિઓ થઈ છે જેણે રાજ્યમાં પરિણામને અસર કરી છે જેને ચૂંટણી પંચ દ્વારા અવગણવામાં આવી છે. CWCએ પણ સ્વીકારે છે કે પાર્ટીનું પ્રદર્શન, ખરેખર તેના MVA સાથીઓની જેમ, મહારાષ્ટ્રમાં સમજાવી ન શકાય તેવું રહ્યું છે અને હકીકતમાં, તે આઘાતજનક છે. ચૂંટણીના પરિણામો સામાન્ય સમજની બહાર છે. તે લક્ષિત મેનીપ્યુલેશનનો સ્પષ્ટ કેસ હોવાનું જણાય છે.

CWC આશા અને વિશ્વાસ વ્યક્ત કરે છે કે કોંગ્રેસ અધ્યક્ષ ટૂંક સમયમાં રાજ્યવાર વિગતવાર સમીક્ષાઓ પૂર્ણ કરશે અને જરૂરી ફોલો-અપ પગલાં લેશે, ખાસ કરીને સંગઠનાત્મક બાબતોના સંબંધમાં AICC સ્તરે તેમજ તમામ રાજ્યોમાં તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે.

CWC તમામ સ્તરે INCના સંગઠનને આ સમયે મહત્તમ તાકાત અને સ્થિતિસ્થાપકતા માટે આહ્વાન કરે છે. તે કહે છે કે, નિરાશ થવાનું કે ગભરાવાનું કોઈ કારણ નથી. આપણે નવેસરથી નિશ્ચય અને સંકલ્પ સાથે દ્રઢ રહેવું જોઈએ. એકતા અને અનુશાસન હવે પહેલા કરતા વધુ જરૂરી છે. ભારત જોડો યાત્રા, ભારત જોડો ન્યાયયાત્રા અને લોકસભાની ચૂંટણી પ્રચાર દરમિયાન પક્ષે જે મુદ્દાઓ લોકો સમક્ષ મૂક્યા તે આપણા દેશની જનતા માટે રોજિંદા જીવનના ચિંતાના મુદ્દા છે. પાર્ટીએ તેના નિવેદનને વધુ મજબૂત બનાવતા રહેવું જોઈએ. આમાં સંપૂર્ણ સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવા જાતિની વસ્તી ગણતરી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓબીસી માટે અનામતની ૫૦% ટોચમર્યાદાને દૂર કરવી, રાજકીય સમર્થન દ્વારા અર્થતંત્રમાં વધતી જતી ઈજારાશાહી પર નિયંત્રણ અને સતત મોંઘવારી અને વધતી બેરોજગારી જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. અંતે CWC માને છે કે સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા સાથે ગંભીર રીતે ચેડા કરવામાં આવી રહ્યા છે. મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી એ એક બંધારણીય આદેશ છે. ચૂંટણી પંચની પક્ષપાતી કામગીરી તેના પર ગંભીર પ્રશ્ન ઊભા કરે છે. સમાજના અનેક વર્ગો નિરાશ અને ડરી ગયા છે. કોંગ્રેસ આ જાહેર ચિંતાઓને રાષ્ટ્રીય આંદોલન તરીકે આગળ ધપાવશે.

**વિશ્વસનીય રીતે એવું જાણવા મળ્યું છે કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહિલે કારોબારી ઠરાવના મુસદ્દામાં ધર્મસ્થાન કાયદો ૧૯૯૧ના થઈ રહેલા ઉલ્લંઘન અને ખાસ કરીને લઘુમતી સમાજને નિશાન બનાવીને ધ્રુવીકરણનું હવામાન ઊભું કરવાના પ્રયાસોને લગતો મુદ્દો ઉમેરવા માટે ખૂબ જ મહેનત સાથે પ્રયાસો કર્યા હતા અને એ મુસદ્દાને તૈયાર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી**

અંકલેશ્વર જીઆઈડીસીનો બનાવ

# નિર્માણાધીન બિલ્ડિંગના ત્રીજા માળેથી સળિયો પડતાં શ્રમિકનું મોત

અંકલેશ્વર, તા.૩૦

અંકલેશ્વર જીઆઈડીસીના ગોલ્ડન પોઈન્ટ નજીક નવનિર્માણ પામી રહેલ સાકાર હાઈટ્સની સાઈટ પર કામ કરી રહેલ કામદાર પર ત્રીજા માળેથી સળિયો પડતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતની આ ગોલ્ડન પોઈન્ટ નજીક સાકાર હાઈટ્સ નામના નવા ફ્લેટનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. મૂળ પંચમહાલના શેહરા તાલુકાના મંગલિયાણા ગામે રહેતા ૪૮ વર્ષીય કાંતિભાઈ પટેલ સેન્ટિંગનું કામ કરી રહ્યા હતા આ દરમિયાન ફ્લેટના ત્રીજા માળેથી લોખંડનો સળિયો નીચે કામ કરી રહેલ કાંતિભાઈ પર પડ્યો હતો.જેમાં તેઓને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેઓનો સારવાર માટે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જોકે તેઓને સારવાર મળે તે પૂર્વે જ તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે જીઆઈડીસી પોલીસે આકસ્મિક મોત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વર : ૩૧ વર્ષીય યુવાને ગળેફાંસો લગાવી કર્યો આપઘાત

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૩૦

અંકલેશ્વરની રોશન સોસાયટીમાં અગમ્ય કારણસર એક યુવકે ગળે ફાંસો ખાઈ જીવન લીલા સંકેલી લીધી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અંકલેશ્વર જી.આઈ.ડી.સી. ડેપો સામે આવેલ રોશન સોસાયટીમાં રહેતા ૩૧ વર્ષીય સદ્દામ હુસેન સૈઈજુદ્દીન શેખ ગતરોજ રાત્રે તેના ઘરે હતો તે દરમિયાન અગમ્ય કારણોસર તેણે પંખા સાથે ટીવીનો કેબલ વાયર બાંધી ગળે ફાંસો લગાવી ફાંસો ખાઈ લીધો હતો.

બનાવ અંગેની જાણ થતા પોલીસ કાફલો સ્થળ પર દોડી આવી તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. ૩૧ વર્ષીય યુવાને અંતિમ પગલું કેમ ભર્યું તે હજી સુધી જાણવા મળી શક્યું નથી જો કે પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં પોસ-ડોડાના જથ્થા સાથે શખ્સની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)મોરબી, તા.૩૦

મોરબી જુના બસ સ્ટેન્ડ પાસેથી રહેણાંક મકાનમાંથી પોસ ડોડાના ત્રણ કિલોથી વધુના જથ્થા સાથે એસઓજીની ટીમ દ્વારા એક શખ્સને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી મોરબી જિલ્લામાં દેશી દારૂ સહિત વિવિધ નશાકારક પદાર્થોનું વેચાણ ખુલ્લેઆમ થતું હોય તેમ મોરબીના જુદા-જુદા વિસ્તારમાંથી નશાકારક ચીજવસ્તુઓ પકડાઈ છે. તેવામાં મોરબીના જુના બસ સ્ટેન્ડ પાસે ૩.૧૯૫ કિલો ગ્રામ પોસ ડોડા સાથે એસઓજી પોલીસ દ્વારા એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે અને તેની સામે એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધીને પોલીસે આગળની રાબેતા મુજબની કાર્યવાહી હાથ ધરી છે મોરબી જિલ્લા એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે મોરબીના જુના બસ સ્ટેશનના પાછળના ભાગમાં રેડ કરવામાં આવી હતી ત્યારે ત્યાંથી ૩.૧૯૫ કિલો ગ્રામ પોસ ડોડાનો જથ્થો મળી આવ્યો હતો. પોસ ડોડાનો જથ્થો અને વજન કાંટો મળીને કુલ રૂા.૧૦,૦૮૫ની કિંમતનો મુદ્દામાલ કબજે કરાયો છે અને મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે જુમા કરીમભાઈ ચૌહાણ (ઉ.વ ૭૫) સામે એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પાલનપુરમાંથી બે સરકારી સર્વેયર એક લાખની લાંચ લેતા ઝડપાયા

પાલનપુર, તા.૩૦

પાલનપુરમાંથી બે સરકારી સર્વેયર રૂા.૧ લાખની લાંચ લેતા ઝડપાયા છે. એસીબીની ટીમે ચંડીસર ગામે આવેલી ખાનગી ઓફિસમાં ટ્રેપ દરમિયાન બંને શખસો લાંચ લેતાં રંગેહાથ મળી આવતા ધરપકડ કરવામાં આવી છે.આ અંગે જાણવા મળ્યા મુજબ ફરિયાદીને પોતાની ખેતીની જમીન પ્રમોલગેશન થતાં ક્ષેત્રફળમાં ફેરફાર થયેલ જે સુધારો કરવા ડી.આઈ.એલ.આર.(જિલ્લા ઈન્સ્પેક્ટર લેન્ડ રેકોર્ડ્સ) કચેરીમાં અરજી આપેલ જે અરજી તપાસ સારૂં સરકાર માન્ય લાયસન્સી સર્વેયર ભાવેશકુમાર દલપતભાઈ પાતાણીને ફાળવતા તેમણે તથા રામાભાઈ લક્ષ્મણભાઈ ચૌધરીએ ફરિયાદીની જમીન માપણી કરી બંને આરોપીઓએ ભેગા મળી રૂા.૧,૦૦,૦૦૦/-ની ગેરકાયદેસર લાંચની માગણી કરેલ હતી. પરંતુ આ લાંચના નાણા ફરિયાદી આપવા માંગતા ના હોય, જેથી ફરિયાદીએ પાલનપુર એ.સી.બીનો સંપર્ક કરી ફરિયાદ આપતા તેમની ફરિયાદના આધારે પાલનપુર એસીબીની ટીમના પીઆઈ એન.એ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સ્ટાફે વિવાંશ સર્વેયર ઓફિસ, ધોળેશ્વર મહાદેવની સામે, ચંડીસર, તા.પાલનપુર, જિ.બનાસકાંઠા ખાતે ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન ભાવેશકુમાર દલપતભાઈ પાતાણી, હોદ્દો-સરકારી લાઈસન્સ સર્વેયર, ડી.આઈ.એલ.આર. કચેરી, પાલનપુરનાઓએ ફરિયાદી સાથે સ્થળ ઉપર વાતચીત કરી લાંચની રકમ સ્વીકારી હોય જેઓને એસીબીની ટીમે રંગેહાથ ઝડપી લીધા હતા.

# પેટલાદના યુવકે ગળેફાંસો ખાધો

આણંદ, તા.૩૦

પેટલાદ શહેરમાં આવેલ દત્ત સોસાયટી રેલવે ફાટક પાસે રહેતાં સતિષભાઈ સોમાભાઈ સોલંકી ઉંમર વર્ષ ૨૯ શનિવાર સવારના છ વાગ્યાના આસપાસના સમયે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે સાડી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બીજી બાજુ પરિવારજનોએ સતીષ સોલંકીની લાશ પંખે લટકતી જોતાં બૂમાબૂમ કરી મૂકી હતી. જેને લઈને આજુબાજુના લોકો દોડી આવ્યાં હતાં. આ અંગે પેટલાદ શહેર પોલીસ મથકે જાણ કરતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતક સતિષભાઈ સોલંકીનો મૃતદેહ નીચે ઊતારી જરૂરી કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. આ અંગે પેટલાદ શહેર પોલીસે અપમૃત્યુ નોંધ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પરિવારે એકનો એક પુત્ર ગુમાવ્યો

# મહેસાણામાં ચાઈનીઝ દોરીથી યુવકનું ગળું કપાતા મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા. ૩૦

ચાઈનીઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં આ દોરી છૂટથી મળી રહી છે. ઉત્તરાયણને હજુ ઘણી વાર હોવા છતાં રાજ્યમાં ચાઈનીઝ દોરીના કારણે જીવલેણ અકસ્માતની ઘટના બનવા લાગી છે. ચાઈનીઝ દોરીના કારણે રાજ્યમાં છેલ્લા ૧૦ દિવસમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. મહેસાણામાં એક વ્યક્તિનું દોરીથી ગળું કપાઈ જતા મોત થયું હતું. આંબલિયાસણ રેલવે ઓવરબ્રિજ પર આ બનાવ બન્યો હતો. યુવક પોતાની પત્ની સાથે બાઈક પર જતો હતો ત્યારે ઘટના બની હતી. પરિવારના એકના એક દિકરાનું મોત થતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. મહેસાણાના બલિયાસણનો ૨૫ વર્ષનો યુવક મહેશ ઠાકોર પોતાની પત્ની સાથે ભાસરિયા હાઈવેથી આંબલિયાસણ સ્ટેશન તરફ રેલવે ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે અચાનક ચાઈનીઝ દોરી ગળામાં ફસાઈ જતાં ગળું ચિરાઈ ગયું હતું. ત્યારબાદ યુવકને તાત્કાલિક હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે, કમનસીબે સારવાર દરમિયાન જ યુવકનું મોત નિપજ્યું હતું. પત્નીની નજર સામે પતિનું ગળું ચિરાઈ જતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

## આણંદ રેલવે સ્ટેશન નજીક યુપીના દંપતીની રૂા.૨.૨૭ લાખની મત્તા ભરેલી બેગની ચોરી

આણંદ, તા.૩૦

નડિયાદ તાલુકાના ઉતરસંડા ગામે શ્રીહરિ બંગ્લો શ્રીજી સોસાયટી પાણીની ટાંકી પાસે મૂળ ઉત્તરપ્રદેશ સુટરગંજ કાનપુરના ૩૪ વર્ષીય આનંદભાઈ અશોકભાઈ ચૌધરી પોતાના પત્ની પ્રીતિબેન સાથે રહે છે. અને તે એન્જિનિયર છે. ગત ૧૧મી તારીખે આનંદભાઈ અશોકભાઈ ચૌધરી પોતાના પત્ની પ્રીતિબેન સાથે ઉતરસંડાથી નડિયાદ આવ્યાં હતાં અને પોતાના વતન યુપી ગોવિંદપુરી જવા માટે બનારસ વિકલી એક્સપ્રેસ ટ્રેનમાં બેસી મુસાફરી કરતાં હતાં. ત્યારે રૂપિયા ૨,૨૭,૯૮૦ની મત્તા ભરેલું બેગ અજાણ્યો ઈસમ પતિ પત્નીની નજર ચૂકવીને ચોરી કરી લઈ નાસી ગયો હતો.

કેન્દ્ર સરકારના ધોરણે વય નિવૃત્તિ અને અવસાન ગ્રેજ્યુઈટી વધારાનો સરકારનો મહત્ત્વનો નિર્ણય

# રાજ્ય સરકારના અધિકારી-કર્મચારીઓની ગ્રેજ્યુઈટીની મર્યાદામાં ૨૫ ટકાનો વધારો કરાયો

## ગ્રેજ્યુઈટી મર્યાદામાં રૂા.પાંચ લાખ સુધીનો વધારો કરતા મહત્તમ ૨૫ લાખ મળશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓ-અધિકારીઓના વિશાળ હિતમાં વધુ એક હિતલક્ષી નિર્ણય કર્યો છે. જેમાં નિવૃત્ત થનારા કર્મચારીઓના ગ્રેજ્યુઈટી માટે નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારના કર્મચારીઓ-અધિકારીઓને હાલ વય નિવૃત્તિ સમયે નિવૃત્તિ ગ્રેજ્યુઈટી તથા અવસાન ગ્રેજ્યુઈટી મહત્તમ રૂા.૨૦ લાખની મર્યાદામાં આપવામાં આવે છે. જેથી હવે કેન્દ્ર સરકારના ધોરણે આ વય નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં ૨૫ ટકાનો વધારો કરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિર્ણય કર્યો છે.

આ કર્મચારી હિતલક્ષી નિર્ણયને પરિણામે હવે રાજ્ય સરકારના કર્મચારી-અધિકારીઓને નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટી મહત્તમ રૂા.૨૫ લાખની મર્યાદામાં આપવામાં આવશે. એટલે કે સરકારી કર્મચારીઓની ગ્રેજ્યુઈટીમાં રૂા.પાંચ લાખ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી નિર્ણયનો લાભ તા.૧ જાન્યુઆરી, ૨૦૨૪ પછી વય નિવૃત્ત થતા કર્મચારી-અધિકારીઓને મળશે. મુખ્યમંત્રી સમક્ષ રાજ્યના નાણાં વિભાગે રજૂ કરેલી આ દરખાસ્તને તેમણે અનુમતિ આપતા આ અંગેના જરૂરી ઠરાવો નાણાં વિભાગ જારી કરશે. સરકારી કર્મચારી-અધિકારીઓ માટે રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય લેવાતા તેનો પરિણામે અંદાજે વાર્ષિક રૂા.૫૩.૧૫ કરોડનું સરકારની તિજોરી પર ભારણ વધશે.

સરકારના આ લાભકારી નિર્ણયનો સરકારી કર્મચારીઓનો વધાવી લેતા તેઓમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર છેલ્લા કેટલાક સમયથી સરકારી કર્મચારીઓના હિતમાં એક પછી એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લઈ રહી છે. જેમાં છેલ્લે જૂની પેન્શન યોજના અંગેના પેન્ડિંગ પ્રશ્ન અંગે પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ધોરાજી તાલુકાના છાડવાવદર ગામમાં વિદ્યાર્થીઓ ભણતાં નથી ને શિક્ષકો ૧૦ વર્ષથી લે છે પગાર !

# લ્યો કરો વાત ! નકલી નકલીના દોર વચ્ચે ધોરાજીમાં આખેઆખી બોગસ સ્કૂલ ઝડપાઈ

## રાજકારણીઓના ઓથા હેઠળ ચાલતી શાળામાં ગ્રાન્ટ- શિષ્યવૃત્તિ સહિત થતો તમામ વહીવટ !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાંથી નકલી PMO અધિકારી, નકલી જજ, નકલી કોલેજ બાદ હવે નકલી શાળા ઝડપાઈ છે. ધોરાજીના છાડવાવદર ગામમાં બોગસ સ્કૂલ સામે આવી છે. ગ્રામજનો તેમજ જાગૃત નાગરિકો દ્વારા આ ખુલાસો કરવામાં આવ્યો છે. ધોરાજી તાલુકાના છાડવાવદર ગામમાં જે.જે.કાલરીયા સ્કૂલ બોગસ હોવાનો ખુલાસો થયો છે. ગ્રામજનો તેમજ જાગૃત નાગરિકો દ્વારા આ મુદ્દો ઉજાગર કરવામાં આવ્યો છે. સ્કૂલમાં વિદ્યાર્થીઓના નામ બોલાઈ રહ્યાં છે પરંતુ એક પણ અભ્યાસ કરવા આવતા નથી. છેલ્લા ઘણા સમયથી આ પ્રકારની માધ્યમિક સ્કૂલ ચાલી રહી હતી. સ્કૂલમાં વિદ્યાર્થીઓ ગેરહાજર પણ શિક્ષક ૧૦ વર્ષથી સરકારી પગાર મેળવતા રહ્યાં હોવાનું સામે આવ્યું છે. આ સ્કૂલ રાજકારણીઓના ઓથ હેઠળ ધમધમી રહી હોવાનો ગ્રામજનો દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે. ગ્રાન્ટેડ માધ્યમિક શાળા ધોરણ ૯ અને ૧૦ની ગ્રાન્ટ મેળવતી હતી. રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારીની ટીમની તપાસમાં પણ ખોટું હોવાનું ખૂલ્યું છે. વિદ્યાર્થીઓ આવતા નથી તેમ છતાં વિદ્યાર્થીઓના નામે શિષ્યવૃતિ સહિતનું તમામ પ્રકારનું શૈક્ષણિક કાર્ય આ સ્કૂલમાં કરવામાં આવતું હતું. હાલ તો આ



બોગસ સ્કૂલનો વિવાદ સામે આવતા જ ટ્રસ્ટીઓ અને શિક્ષકો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. આ સ્કૂલમાં સરકારી ગ્રાન્ટની સાથે પગાર પણ શિક્ષકો દ્વારા લેવામાં આવતો હતો. સ્કૂલની હાલત ખખડધજ હાલતમાં છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર છેલ્લા ૧૦ વર્ષથી આ સ્કૂલ બંધ હોવાની વિગતો મળી રહી છે. ધોરાજી તાલુકામાં આ પ્રકારે આખી સ્કૂલ જ બોગસ રીતે ચાલતી હોવાનો પર્દાફાશ થતાં વિસ્તાર સહિત રાજ્યમાં વ્યાપક ચર્ચા ઉઠવા સાથે શિક્ષણ વિભાગની કાર્યવાહી સામે સવાલો ઊભા થઈ રહ્યા છે.

મહેસાણા સિવિલ હોસ્પિટલમાં મામલો સામે આવતા બાઉન્સરો મૂકાયા

# સરકારી હોસ્પિટલમાંથી PMJAY કાર્ડધારકોને ખેંચી ખાનગી હોસ્પિ.માં લઈ જવાતા હોવાના અહેવાલ

## એજન્ટો લાલચ આપી દર્દીઓ લઈ જાય છે; કામગીરી ચકાસી વધુ બાઉન્સર મૂકવા નિર્ણય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં થયેલા કાંડ બાદ રાજ્યભરની હોસ્પિટલો સતર્ક થઈ ગઈ છે. આ દરમિયાન સરકારી હોસ્પિટલમાંથી દર્દીઓને ભોળવીને પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવાતા હોવાનો મામલો મહેસાણામાંથી સામે આવ્યો છે. જેને લઈને મહેસાણા સિવિલ હોસ્પિટલમાં બાઉન્સર રાખવા પડ્યા છે. ગત ગુરુવારથી મહેસાણા સિવિલમાં બે બાઉન્સર રખાયા છે, જેમની કામગીરીનું ઓબ્ઝર્વેશન કરીને એક ડિસેમ્બરથી કાયમી ધોરણે રાખવામાં આવશે અને આગામી સમયમાં જરૂર જણાશે તો ૧૦ જેટલા અન્ય બાઉન્સર પણ ગોઠવવામાં આવશે. તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. મહેસાણા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતા અને આયુષ્માન કાર્ડ ધરાવતા દર્દીઓને સારી સારવાર અને એક રૂપિયો ખર્ચો નહીં કરવો પડે એ સહિતની વિવિધ લાલચો આપીને ખાનગી હોસ્પિટલોના એજન્ટો કેટલીક ચોક્કસ પ્રાઈવેટ હોસ્પિટલોમાં લઈ જતા હોવાની માહિતી મહેસાણા સિવિલ તંત્રને મળી હતી, જેથી આવા એજન્ટોને પકડવા માટે સિવિલ તંત્રએ બે બાઉન્સર મૂક્યા છે.

આ અંગે સિવિલ હોસ્પિટલના ડોક્ટર અનિમેષભાઈએ જણાવ્યું હતું કે બહારના માણસો આવીને દર્દીઓને સમજાવીને લઈ જતા હોવાની માહિતી મળી હતી, આથી દર્દીઓને કોઈ કનડગત અને હેરાનગતિ ન થાય તેમજ કેમ્પસમાં ચોરી ન થાય અને વોર્ડ સુરક્ષિત રહે એ માટે બે બાઉન્સરો મૂકાયા છે. તેમની કામગીરી સારી હશે તો સિક્યોરિટી પણ બદલી નાખીશું. સિક્યોરિટી કરતા બાઉન્સરનો ખર્ચ ઓછો આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખાનગી હોસ્પિટલો પોતાને ત્યાં PMJAY યોજના હેઠળ દર્દીઓની ઓપરેશન સહિતની સારવાર થાય એ માટે સિવિલ હોસ્પિટલમાંથી પોતાના એજન્ટો મૂકીને દર્દીઓને લઈ જતા હોવાની ફરિયાદો મળી હતી. એજન્ટો સિવિલ કેમ્પસમાં આવીને દર્દીઓને એવી લાલચ આપતા કે તમને ઘરેથી લઈ જઈશું, સારી સારવાર થશે અને એકપણ રૂપિયો ખર્ચ નહીં થાય.

મહેસાણા સિવિલમાં છ માસ અગાઉ ઓપરેશનમાં આવેલા દર્દીનું ઓપરેશન ૧૦ વાગ્યે હતું તે સમયે દર્દીનાં પરિવારજનોમાંથી કોઈ બહાર ચા લેવા ગયું, એ દરમિયાન ખાનગી એજન્ટ તેમની પાસે બહાર જઈ વાતચીત કરી લોભામણી લાલચ આપી માત્ર બે જ કલાકમાં દર્દીને પોતાની સાથે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો. બીજી તરફ ખાનગી હોસ્પિટલના કર્મચારીઓ આયુષમાન કાર્ડ કાઢવા માટે મહેસાણા સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં પણ બોર્ડ મારતા હતા. તાજેતરમાં જ મહેસાણા સિવિલ સર્જન દ્વારા ખાનગી હોસ્પિટલના કર્મી પાસે માફીપત્ર પણ લખાવાયો હતો, જેથી દર્દીઓ અને સ્ટાફની સેફ્ટીને મુદ્દે બાઉન્સર મૂકાયા છે, જેમની કામગીરીનું ઓબ્ઝર્વેશન કરીને ૧ ડિસેમ્બરથી કાયમી ધોરણે રાખવામાં આવશે અને આગામી સમયમાં જરૂર જણાશે તો ૧૦ જેટલા અન્ય બાઉન્સર પણ ગોઠવવામાં આવશે.

# ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ફોર્મ ભરવાની મુદત લંબાવવામાં આવી

● રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે

● ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સમાં ૬ ડિસેમ્બર સુધી રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરી શકાશે

(સંવાદદાદા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર સુધીની હતી. જોકે, બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની તારીખ ૬ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ત્યારબાદ ૭ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમિયાન લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૭ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમિયાન રૂા. ૨૫૦ લેઈટ ફી સાથે, ૧૧ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમિયાન રૂા.૩૦૦ લેઈટ ફી સાથે અને ૨૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ ૨ ડિસેમ્બર સુધીની છે, જેમાં પણ બોર્ડે વધારો કરી ૯ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ત્યારબાદ ૧૦ ડિસેમ્બરથી ૨૪ ડિસેમ્બર દરમિયાન લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૧૦ ડિસેમ્બરથી ૧૨ ડિસેમ્બર દરમિયાન રૂા.૨૫૦ લેઈટ ફી સાથે, ૧૩ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમિયાન રૂા.૩૦૦ લેઈટ ફી સાથે અને ૨૩ ડિસેમ્બરથી ૨૪ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જ્યારે ધોરણ-૧૦ની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર સુધીની છે, જેમાં પણ બોર્ડે વધારો કરી ૬ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ત્યારબાદ ૭ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમિયાન લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૭ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમિયાન રૂા. ૨૫૦ લેઈટ ફી સાથે, ૧૧ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમિયાન રૂા. ૩૦૦ લેઈટ ફી સાથે અને ૨૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે.

સુરતના પાલી ગામમાં હચમચાવતી ઘટના બની : સમગ્ર પંથકમાં ચકચાર

# આઈસ્ક્રીમ ખાધા બાદ તાપણું કરવા બેસેલી ચાર બાળકી અચાનક ઢળી પડી : ત્રણનાં થયા મોત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩૦

સુરતના સચિન વિસ્તારના પાલી ગામમાં એક જેમાં આઈસ્ક્રીમ ખાધા બાદ ૩ બાળકોને ઉલટી થવા લાગી હતી અને તબિયત લથડી હતી. ત્યારબાદ બાળકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૩ બાળકોના મોત નીપજ્યા હતા જ્યારે અન્ય બાળકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.જોકે આઈસક્રીમ બાદ આ બાળકોએ તાપણું પણ કર્યું હોવાથી ધુમાડાના કારણે મોત નીપજ્યા છે કે કેમ તે અંગે તપાસ ચાલુ છે. આઈસ્ક્રીમ ખાધા બાદ ત્રણેય બાળકીઓનું મોત થયું હોય તેવી આશંકા પરિવાર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. સુરતના સચિન વિસ્તારમાં આવેલા પાલી ગામ અર્જુન ચાલમાં છૂટક મજૂરી કરીને પરિવારનો ગુજરાન ચલાવતા અલગ-અલગ ત્રણ પરિવારના બાળકો ઘર નજીક આઈસ્ક્રીમ ખાધા બાદ ઠંડીને લઈ પ્લાસ્ટિક સળગાવી તાપણું કરતા હતા.ત્યારબાદ અચાનક આ ચાર બાળકો ઢળી પડ્યા હતા. જોકે સ્થાનિક લોકોને ઘટનાની જાણ થતા તેઓએ આ બાળકના પરિવારને જાણકારી આપતા પરિવારના સભ્યો ત્યાં પહોંચ્યા બાદ આ બાળકને નજીકની ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યાં એક પછી એક ત્રણ બાળકોના મોત થયા છે. જ્યારે એક બાળક સારવાર હેઠળ છે.આ બાળકો ગઈકાલે જમ્યા બાદ ઘરેથી નીકળ્યા હતા અને ત્યારબાદ પ્રથમ આઈસ્ક્રીમ ખાધી હતી અને ત્યારબાદ ઠંડી હોવાને લઈ પ્લાસ્ટિક સળગાવી તાપણું કરતાં હતાં. તે સમયે બેભાન થઈ ગયા હતા.આ બાળકોને હાલ પીએમ માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે પીએમ બાદ મોતનું સાચું કારણ ખબર પડશે. જોકે, આ ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ મામલે પોલીસે ગુનો દાખલ કરી બાળકોના મોત આઈસ્ક્રીમ ખાવાને લઈને થયા છે કે તાપણું સળગાવ્યા બાદ કચરામાંથી કાર્બન ડાયોક્સાઈડ શ્વાસમાં જતા મોત થયા છે, તેની તપાસ શરૂ કરી છે.આ ઉપરાંત દુર્ગાની ૯ વર્ષીય બહેન શીલા પણ પોતાની બહેનની સાથે સાથે અન્ય બંને કિશોરીઓ સાથે તાપણું કરી રહી હતી. જો કે, ચાર પૈકી ત્રણ બાળકીઓનાં સારવાર દરમિયાન મોત થયા હતા જ્યારે શીલાને શરૂઆતમાં ઉલ્ટી થઈ હતી અને ત્યારબાદ તે ઘરે જઈને સુઈ ગઈ હતી. પરિવારજનોને તેને પણ ઉલ્ટી થઈ હોવાની જાણ થતાં તેને નજીકની ક્લીનિકમાં સારવાર માટે લઈ ગયા હતા અને ત્યારબાદ તેની તબિયતમાં સુધારો થયો હતો પરંતુ અન્ય ત્રણેય બાળકીઓને ધુમાડાને કારણે ઘેરી અસર થઈ હોવાને કારણે તેઓનું સારવાર દરમિયાન જ મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આરોગ્ય વિભાગની ટીમે આ અંગે તપાસ શરૂ કરી છે. મેયર દક્ષેશ માવાણી પણ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં તેઓએ મૃતક બાળકીઓના પરિવારજનોની મુલાકાત લઈને તેમને સાંત્વના પાઠવી હતી.

### ધુમાડાથી મોત થયાની બહાર આવેલી વિગતો વચ્ચે આઈસ્ક્રીમ ખાધા બાદ મોત થયાની પરિવારજનોની આશંકા

### આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી

પાલીગામના અર્જુન ચાલમાં રહેતી ત્રણ બાળકીઓનાં મોતના સમાચાર સમગ્ર શહેરમાં વાયુવેગે પ્રસરી જતાં સુરત મહાનગર પાલિકાનું આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવ્યું હતું. પ્રારંભિક તબક્કે આઈસ્ક્રીમ ખાધા બાદ ઉલ્ટી થતાં મોત નિપજ્યું હોવાની વાતને પગલે આરોગ્ય વિભાગની એક ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પરિવારજનોની પ્રાથમિક પુછપરછ હાથ ધરવાની સાથે સાથે સ્ક્રીનિંગની કામગીરી શરૂ કરી હતી. બાળકીઓએ આઈસ્ક્રીમનું સેવન કર્યું હોવાની જાણ થતાં ટીમ દ્વારા એ દિશામાં પણ તપાસ કેન્દ્રીત કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**મૃતક બાળકોના નામ**

અનિતા કુમારી મહંતો (ઉંમર ૮ વર્ષ) દુર્ગા કુમારી (ઉંમર ૧૨ વર્ષ) અમ્રિતા કુમારી (ઉંમર આશરે ૧૪ વર્ષ)

સરકાર સાથે થયેલી છેતરપિંડી માટે આરોપીઓની મિલકત ટાંચમાં લેવાશે

# ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં હવે થશે ઈન્કમટેક્ષની એન્ટ્રી : વહેવારોની તપાસ થશે

## નાસતા ફરતા આરોપી ડો.પટોલિયા દ્વારા આગોતરા જામીન માટે કરાઈ અરજી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ખ્યાતિ હોસ્પિટલ બોગસ ઓપરેશન મામલામાં હવે આરોપીઓની મિલકત ટાંચમાં લેવામાં આવશે એટલે કે સરકાર સાથે થયેલી છેતરપિંડીના રૂપિયા રિકવર કરવામાં આવશે. આ તપાસ પૂર્ણ થયે અને કોર્ટના આદેશ બાદ મિલકત ટાંચમાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે. સમગ્ર કેસમાં હવે ઈન્કમટેક્સ ઝંપલાશો અને આરોપીઓના આવક જાવકના વહેવારોની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે.

ખ્યાતિ હોસ્પિટલના ડોક્ટરે સ્વીકાર્યું હતું કે 'દર્દીના ઓપરેશન સંદર્ભે હોસ્પિટલમાં નિયમોનું ઉલ્લંઘન' થતું હતું. ખ્યાતિ હોસ્પિટલ સંલગ્ન તમામ વહેવારોની ઈન્કમટેક્સ દ્વારા તપાસ કરાશે. ઓપરેશન કરનારા ડોક્ટરો સહિત આ કાંડમાં સામેલ તમામ આરોપીઓના પગાર અને આવકથી વધુ સંપત્તિ મામલે તપાસ કરવામાં આવશે. આરોપીના પરિવાર સંબંધિત વિગતોની ઈન્કમટેક્સ દ્વારા તપાસ કરાશે. ક્રાઈમ બ્રાન્ચ આરોપીઓની મિલકતની માહિતી ઈક્મટેક્સને આપશે. દરમિયાન ચર્ચાસ્પદ આ ખ્યાતિ કાંડના બનાવમાં નાસતા ફરતા મહત્ત્વપૂર્ણ આરોપી એવા ડૉ. સંજય પટોલિયાએ આગોતરા જામીન માટે કોર્ટમાં અરજી કરી હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. ખ્યાતિ હોસ્પિટલ કાંડ સંદર્ભે નોંધાયલા ત્રણ ગુનાની તપાસ અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા ક્રાઈમ બ્રાચના ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ તલસ્પર્શી ચાલી રહી છે. આ ગુન્હામાં ધરપકડ ટાળવા નાસતા ફરતા આરોપીઓની અટકાયત માટે અલગ અલગ ૮ ટીમો બનાવવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કાર્યવાહી દરમ્યાન ખ્યાતિ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પીટલના CEO રાહુલ જૈન ઉદયપુર રાજસ્થાનથી, તેમજ અન્ય આરોપીઓ ચિરાગ રાજપુત, મિલીન્દ પટેલ, પંકિલ પટેલ અને પ્રતિક ભટ્ટ ચિરાગ રાજપૂતનો વર્ષો જૂના મિત્ર પ્રતિક કાંતીભાઈ પટેલના ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ઉકેરડીના મુવાડા ફાર્મ હાઉસ ખાતેથી ઝડપી પડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચિરાગ રાજપૂત ખ્યાતિ હોસ્પીટલમાં ડાયરેક્ટર તથા બ્રાન્ડિંગ માર્કેટીંગની જવાબદારી સંભાળે છે. જેનો માસીક પગાર રૂપિયા ૭,૦૦,૦૦૦/- (સાત લાખ)નો છે. ચિરાગ રાજપૂત સહઆરોપી રાહુલ જૈનની સાથે તેને ગાડીમાં ઉદયપુર રાજસ્થાન ગયેલ ત્યારબાદ રાજસમંદ રોકાયેલો જ્યાં પંકિલ પટેલ તથા પ્રતિક ભટ્ટ તથા મિલીન્દ પટેલ સાથે જોડાય ગયેલ. આ તમામ આરોપીઓ એક દિવસ અગાઉ પ્રતિક પટેલના ઉકેરડીના મુવાડા ખાતે આવેલ ફાર્મ પર રોકાયેલ હતા. રાહુલ જૈન ખ્યાતિ હોસ્પીટલમાં સી.ઈ.ઓ. તરીકે કામ કરે છે. હોસ્પીટલના તમામ નાણાકીય વ્યવહાર તથા ખરીદી કરવી તથા તમામ નાણાકીય વ્યવહારો રાહુલ જૈન કરતો હતો.

પંકિલ પટેલ અને પ્રતિક ભટ્ટ બન્ને ચિરાગ રાજપૂત તથા મિલીન્દ પટેલની સુચનાઓ મુજબ કેમ્પ કરવા, દર્દીઓ લાવવા, દર્દીઓને સ્ટેન્ટ મૂકવા માટે તેઓને સ્ટેન્ટ નહીં મૂકવાથી થનાર નુકશાનથી ડરાવવા વગેરે તમામ કાર્યવાહી કરતા હતા.

# રાજ્યમાં બે સ્થળોએ ITનું સર્ચ ઓપરેશન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૦

રાજ્યમાં બે જગ્યાએ IT વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. મોરબી અને હિંમતનગરમાં વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

મોરબીના તિથક ગ્રુપ પર ITના બીજા દિવસે દરોડા યથાવત છે. જીવરાજભાઈ ફુલતરિયાના ઘર સહિત ૬ જેટલી જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા છે. IT વિભાગને મોટી માત્રામાં સાહિત્ય હાથ લાગ્યું છે. બીજા દિવસે ઘરની બહાર રહેલી કારમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ બંદોબસ્ત વચ્ચે ITના અધિકારીઓએ સર્ચ હાથ ધર્યું છે.

રાજ્યભરમાં કાલ સવારથી ૩૬ જેટલા સ્થળે IT વિભાગની ટીમ ત્રાટકી હતી. જેના પગલે ગત સાંજથી હિંમતનગરના બગીચા વિસ્તારમાં આવેલા પારસ કોર્પોરેશનમાં IT વિભાગનું સર્ચ ચાલી રહ્યું છે. આગામી સમયમાં મોટા વ્યવહારો બહાર આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. સર્ચ દરમિયાન એક ગ્રાહક રૂ. ૩.૫૦ લાખ લઈને આંગડીયું કરવા આવ્યો હતો. તેની પણ પૂછપરછ કરીને કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગત મુજબ, હિંમતનગરમાં બગીચા વિસ્તારમાં આવેલી પારસ કોર્પોરેશન નામની ફાઈનાન્સ પેઢીમાં પોલીસ સાથે ITની ટીમ શુક્રવારે સવારે ૫.૩૦ કલાકે આવી પહોંચી હતી. ત્યારબાદ આદેશ પ્રમાણે ટીમ બગીચા વિસ્તારમાં પારસ કોર્પોરેશન આગળ પહોંચી હતી. આખો દિવસ પારસ કોર્પોરેશન નહિં ખુલતા IT ટીમ બહાર બેસી રહી હતી. જે બાદ સાંજે એક મહિલા આવી હતી જેણે ચાવી આપ્યા બાદ પારસ કોર્પોરેશનના શટર ખુલ્યાં હતા. શટર ખુલ્યાં બાદ IT ટીમે પોતાની કાર્યવાહી શરૂ કરી હતી. દરમિયાન મોડી સાંજે હિંમતનગરમાં એક ગ્રાહક રૂ. ૩.૫૦ લાખ લઈને આંગડિયું કરવા આવ્યો હતો. ત્યારે IT ટીમે તેની પૂછપરછ કરીને કાર્યવાહી કરી હતી.


અભિનંદન



રિઝવાનબાપુ કાદરી

ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા હઝરત પીર શાહ-એ-આલમ રોજા ટ્રસ્ટના મદદનીશ વહીવટદાર તરીકે જાણીતા અને લોકલાડીલા સમાજ સેવક એવા શ્રી રિઝવાનબાપુ કાદરીની નિમણૂક થઈ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન...

શુભેચ્છક

કાદરી બિલ્ડર્સ અને H.A. એસોસીએટ અને શાહેઆલમ, રસુલાબાદની જનતા

ગુજરાત ટુડે 'હેલ્થ ટુડે' પૂર્તિ

આરોગ્ય ક્ષેત્રે લોકજાગૃતિ માટે 'ગુજરાત ટુડે'ની દર વર્ષે પ્રસિદ્ધ થતી 'હેલ્થ ટુડે' પૂર્તિ

૨૯ ડિસેમ્બર-૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ થશે

તેમાં તમારી જાહેરખબર મોકલાવી શકો છો. જાહેરખબર અમારા જે-તે વિસ્તારના સીટી ઓફિસ સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી, ખાતે પણ મોકલી શકો છો.

વ્યવસ્થાપક

જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮ ફોન : ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧, E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in


**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૨૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૧ ડિસેમ્બર-૨૦૨૪ | રૂા. | ૪૯.૦૦ |



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

રવિવાર
મેઘધનુષ
ગુજરાત ટુડે
તા.૧-૧૨-૨૦૨૪

# કોન્ટેન્ટ ક્રિએટરો સોશિયલ મીડિયામાંથી કેવી રીતે કમાય છે ? તમે પણ કરી શકો છો કમાણી. જાણો કઇ રીતે ?

**ઘણા બધા કોન્ટેન્ટ ક્રિએટર્સના ઘર જ આ કમાણી ઉપર ચાલે છે અને એટલું જ નહીં તેઓ છેલ્લા એક દાયકામાં ગાડી-બંગલાવાળા થઇ ગયા છે. તેના ઉદાહરણો તમે જો આવો કોન્ટેન્ટ ક્રિએટર્સના વીડિયો જોતા હશો તો આઇડિયા હશે જ. મોટા કોન્ટેન્ટ ક્રિએટર્સ તો લાખ્ખો અને કરોડોની કમાણી યુટ્યુબ અને ફેસબુકના માધ્યમથી કરે છે. સોશિયલ મીડિયા નાણાં તો આપે છે પરંતુ તેના માટે કોઇપણ કોન્ટેન્ટ બનાવી દેવું તેવો મત ના રાખવો જોઇએ. બને ત્યાં સુધી કંઇક અલગ, જાણકારીથી ભરપૂર અને કળા દર્શાવી શકાય તેવું હોવું જોઇએ. હવે તો એક એકથી ચડિયાતા ક્રિએટર્સ આવ્યા હોવાથી સ્પર્ધા પણ બહુ છે. આથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પણ જોવે છે કે કોનું કોન્ટેન્ટ સારૂં છે અને નિયમિત જોવાય છે તેને જ તેઓ પ્રમોટ કરે છે.**



મિત્રો પાછલા અંકમાં આપણે કોન્ટેન્ટ ક્રિએટરો કેવી રીતે થોડા જ સમયમાં અત્યંત સફળ થયા અને કરોડો રૂપિયાની કમાણી કરે છે તેના વિશે વાત કરી હતી. તેઓ ટૂંક સમયમાં કેવી રીતે સફળ થયા તે બાબતે કેટલાક કોન્ટેન્ટ ક્રિએટરોની વાતો રજૂ કરી હતી. આ લેખ પછી સ્વાભાવિક રીતે જ તમને પ્રશ્ન થતો હશે કે આપણે પણ આવું કાંઇક શરૂ કરીને કમાણી કરીએ તો કેવું? આ બાબતે ઘણા વાચક મિત્રોના પ્રશ્ન પણ આવ્યા હતા. મિત્રો આ અગાઉ સોશિયલ મીડિયાનું માધ્યમ કેટલું અસરકારક, મજબૂત અને પ્રભાવશાળી છે તે જણાવ્યું હતું. સોશિયલ મીડિયામાં શરૂઆત કેવી રીતે કરી શકાય તે બાબતે પણ ચર્ચા કરી ગયા છે. તો ચાલો આજે આપણે સોશિયલ મીડિયામાંથી કમાણી કેવી રીતે કરી શકાય તેની વાત કરીશું. લેખને છેક સુધી વાંચજો. તેના આધારે તમે પણ ધીરે ધીરે શરૂઆત કરી શકો છો.

**સોશિયલ મીડિયામાં મોનેટાઇઝેશન**

મિત્રો આપણે અગાઉ ચર્ચા કરી ગયા છે કે કોણ સોશિયલ મીડિયામાં જોડાઇ શકે છે. પરંતુ અહીં તમને ટૂંકમાં માહિતી આપું છું કે, સોશિયલ મીડિયામાં વીડિયો બનાવવા માટે કોઇપણ જાતની ઉંમર, જાતિ, ધર્મ, જ્ઞાતિ, નાણાકીય સ્થિતિ, ભૌગોલિક સ્થિતિ કે પુરુષ કે સ્ત્રીનો બાધ નડતો નથી. ખાલી એક જ વસ્તુ જરૂરી છે તમારામાં રચનાત્મકતા હોવી જરૂરી છે અને તમારૂં કોન્ટેન્ટ લોકોને ગમે તેવું અને લોકપ્રિય થાય તેવું જોઇએ. તે કોઇપણ જાતનું હોવું જોઇએ. તો ચાલો આપણે સૌ પહેલા સોશિયલ મીડિયામાં સૌથી લોકપ્રિય શબ્દ 'મોનેટાઇઝેશન' વિશે જાણીએ. મોનેટાઇઝેશન એટલે કે જેમાંથી આવકની પ્રવૃત્તિ અથવા તો જેમાંથી આવક મળી રહે તે. તમે કોઇપણ સોશિયલ મીડિયામાં એકાઉન્ટ શરૂ કર્યું હોય અને કોન્ટેન્ટ ક્રિએટ કરતા હોય તો તમારા મોનેટાઇઝેશન માટે અમુક ક્રાઇટેરીયા પૂર્ણ કરવાના હોય છે.

જો તે ક્રાઇટેરીયા પૂર્ણ થાય તો તમે મોનેટાઇઝેશન માટે માન્ય છો તેનો મેસેજ સોશિયલ મીડિયા એપ્લિકેશનમાંથી જ આવે છે ત્યારબાદ તમે સ્ટેપ બાય સ્ટેપ આગળ વધી શકો છો. તમારું એકાઉન્ટ મોનેટાઇઝેશન માટે મંજૂર થઇ જાય પછી તમને આવક મળવાની શરૂ થઇ જાય છે. જો ડોલરમાં હોય છે. તમારું કોન્ટેન્ટ કેટલા લોકોએ જોયું છે અને તેમાં આવતી જાહેરાત કેટલા લોકોએ ક્લીક કરી છે અને જોઇ છે તેના આધારે તમને રેવન્યુ એટલે કે પૈસા આપવામાં આવે છે. જે તમારા બેંક ખાતામાં જમા થાય છે. ઓછામાં ઓછા ૧૦૦ ડોલરની આવક થાય ત્યારબાદ તેને દર મહિનાના અંતે ભારતીય ચલણમાં કન્વર્ટ કરીને આપવામાં આવે છે. આમ તમે કમાણી કરી શકો છો.

**કયા સોશિયલ મીડિયામાંથી સૌથી વધુ કમાણી થાય છે?**

અત્યારે ટેક્સટ કોન્ટેન્ટ કરતા વીડિયો અને ફોટોગ્રાફ કોન્ટેન્ટ ખૂબ જ ચાલે છે. કોન્ટેન્ટ ક્રિએટરોને કમાણી કરાવવામાં યુટ્યુબ ચેનલ અગ્રેસર અને અગ્રણી છે. જ્યારે કોઇ વીડિયો પ્લેટફોર્મ નહોતું ત્યારે યુટ્યુબ દ્વારા વીડિયો પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું હતું અને એટલું લોકપ્રિય થયું હતું કે આજે લાખ્ખોની સંખ્યામાં કોન્ટેન્ટ ક્રિએટર્સ તેમાં જોડાયા છે અને કમાણી કરી રહ્યા છે. તેઓ તેને મોનેટાઇઝેશન પાર્ટનરશીપ પ્રોગ્રામ કહે છે. તેમાં એલિજીબલ થાવ તો તમને કમાણી થાય છે. એલીજીબીટીમાં મુખ્યત્વે અમુક સંખ્યામાં સબસક્રાઇબર્સ, વ્યુઝ અને વોચ અવર્સ એટલે કે કેટલા કલાક સુધી અને કેટલા સમયમાં જોવાયા તે બાબતોનો સમાવેશ થાય છે. જો આ ક્રાઇટેરીયા ફુલફીલ થાય તો તમને પાર્ટનરશીપ પ્રોગ્રામમાં જોડાવા માટે આમંત્રણ મળે છે જે તમે સ્વેચ્છાએ જોડાઇ શકો છો.

**હેલ્લો સ્ટુડન્ટ્સ**
**- સાહેબ સોની**

યુટ્યુબની ભવ્ય સફળતા જોઇને ફેસબુક દ્વારા 'ફેસબુક વોચ' નામનું વીડિયો પ્લેટફોર્મ બનાવવાનું શરૂ કર્યું હતું. તેમાં પણ છૂટથી રીચ (એકાઉન્ટ હોલ્ડર સુધી પહોંચાડવા) આપવાનું અલગોરીધમ સેટ કર્યું હોવાથી કોન્ટેન્ટ ક્રિએટર્સને મઝા પડી ગઇ. આથી યુ ટ્યુબના કોન્ટેન્ટ ક્રિએટર્સ ફેસબુક વોચ પ્રોગામમાં પણ જોડાયા. તેના પણ એલિજીબિલિટીના ક્રાઇટેરીયા હતા. તે શરૂાતમાં સરળ હોવાથી કોન્ટેન્ટ ક્રિએટર્સને લાખ્ખોની સંખ્યામાં વ્યુઝ અને ફોલોઅર્સ મળવા લાગ્યા. એટલું જ નહિ સાથે સાથે ઢગલાબંધ કમાણી પણ થવા લાગી. આથી હવે તમને એમ થાય કે સોશિયલ મીડિયા તમને આવક કેવી રીતે આપે છે? તો તેના જવાબમાં જણાવવાનું કે તમે જયારે વીડિયો બનાવો ત્યારે તેની શરૂઆત અને અધવચ્ચે કોઇ બ્રાન્ડની જાહેરાત ચાલતી હોય છે. વળી વીડિયોના નીચેના ભાગે પણ બ્રાન્ડની જાહેરાતની પટ્ટી હોય છે. આથી જો તમારો વીડિયો જાહેરાત સાથે જોવામાં આવે અને લોકો આ જાહેરાતની પટ્ટી ઉપર ક્લીક કરે ત્યારે વ્યુઝ અને ક્લીકના આધારે યુ ટ્યુબ અને ફેસબૂક દ્વારા બ્રાન્ડ પાસેથી ચાર્જ વસૂલવામાં આવતો હોય છે. આ ચાર્જના જે નાણાં મળે તેમાંથી કોન્ટેન્ટ ક્રિએટર્સને ભાગ આપવામાં આવે છે. આથી સોશિયલ મીડિયામાંથી કમાણી થાય છે. હાલના સોશિયલ મીડિયાના સૌથી લોકપ્રિય પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ દ્વારા રીલ ઉપર 'બોનસ' પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો. તેના આધારે કમાણી થતી હોય છે. પરંતુ હાલમાં તે બંધ કરી દોવામાં આવ્યો છે.

**આવકના બીજા માધ્યમ**

આ ઉપરાંત ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જે બન્ને એક જ કંપની દ્વારા ચલાવવામાં આવે છે તેઓ સબસ્ક્રીપ્શન અને ડોનેશન પ્રોગ્રામ પણ ચલાવવામાં આવે છે. સબસ્ક્રીપ્શન પ્રોગામ એટલે એવું કે અમુક નાણાં લઈને કોન્ટેન્ટ ક્રિએટર્સ પોતાનું સબસ્ક્રીપ્શન ક્રિએટ કરી શકે છે. જે સબસ્ક્રાઇબર્સને તમારું કોન્ટેન્ટ ગમતું હોય તેને પ્રાયોરિટી અને પ્રેફરન્સ આપવા માટે તમને તેની પાસેથી માસિક કે વાર્ષિક સબસ્ક્રીપ્શન એમાઉન્ટ લઇ શકો છો. આથી તમામ વીડિયો તેમને પહેલા જોવા મળે છે. વળી તેમના માટે ખાસ ઓફર્સ અને કોન્ટેન્ટ તૈયાર કરવામાં આવે છે. અમુક બીજા ખાસ લાભો જેવા કે કોઇ ઓનલાઇન કોર્ષ કે ઓફર્સમાં વિશેષ લાભ મળે છે. આ ઉપરાંત સ્ટાર્સ, ગિફ્ટસ અને બોનસના માધ્યમથી સબસ્ક્રાઇબર દ્વારા તેઓને વધુ સારું કોન્ટેન્ટ બનાવી શકે તે માટે ડોનેશન કે ગિફ્ટ મની મોકલી શકે છે. આથી તે રીતે પણ કમાણી થાય છે.

બીજી બાજુ વધુ એક લોકપ્રિય પ્લેટફોર્મ 'X' કે જે પહેલા ટ્વિટટર તરીકે ઓળખાતું હતું. તેમણે પણ પોતાના કોન્ટેન્ટ ક્રિએટર્સ માટે મોનેટાઇઝેશન પ્રોગ્રામ શરૂ કર્યું છે. તેમાં પણ ક્રાઇટેરીયા મુજબ વીડિયો તથા અન્ય કોન્ટેન્ટ ઉપર આવક મળી શકે છે. આ ઉપરાંત લિક્ડઇન જેવા પ્લેટફોર્મને પણ તમને આવકનું સાધન બનાવી શકો છો.

**ઓરિજીનલ અને ક્રિએટીવ કોન્ટેન્ટ જરૂરી**

મિત્રો સોશિયલ મીડિયા નાણાં તો આપે છે પરંતુ તેના માટે કોઇપણ કોન્ટેન્ટ બનાવી દેવું તેવો મત ના રાખવો જોઇએ. બને ત્યાં સુધી કંઇક અલગ, જાણકારીથી ભરપૂર અને કળા દર્શાવી શકાય તેવું હોવું જોઇએ. હવે તો એક એકથી ચડિયાતા ક્રિએટર્સ આવ્યા હોવાથી સ્પર્ધા પણ બહુ છે. આથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પણ જોવે છે કે કોનું કોન્ટેન્ટ સારૂં છે અને નિયમિત જોવાય છે તેને જ તેઓ પ્રમોટ કરે છે. આથી યોગ્ય કોન્ટેન્ટ હોવું અત્યંત જરૂરી છે. આથી કમાઇ લેવું સહેલું નથી તેની પાછળ ખૂબ મહેનત અને એકથી વધુ વ્યક્તિની ટીમ કામ કરે છે. આથી એવું કોન્ટેન્ટ બનાવો કે જે હિટ જાય અને છેવટે તમને કમાણી થાય. આજકાલ ઘરે ઘરે કોન્ટેન્ટ ક્રિએટર્સ થઇ ગયા છે અને સોશિયલ મીડિયાને જરૂર છે કદાચ તેના કરતા વધારે ક્રિએટર્સ થઇ ગયા છે. આથી તેઓ સારા કોન્ટેન્ટને જ આગળ કરે છે. આથી યોગ્ય કામ કરવું જરૂરી છે. ઘણા બધા કોન્ટેન્ટ ક્રિએટર્સના ઘર જ આ કમાણી ઉપર ચાલે છે અને એટલું જ નહિ તેઓ છેલ્લા એક દાયકામાં ગાડી-બંગલાવાળા થઇ ગયા છે. તેના ઉદાહરણો તમે જો આવો કોન્ટેન્ટ ક્રિએટર્સના વીડિયો જોતા હશો તો આઇડિયા હશે જ. મોટા કોન્ટેન્ટ ક્રિએટર્સ તો લાખ્ખો અને કરોડોની કમાણી યુટયુબ અને ફેસબુકના માધ્યમથી કરે છે. બીજું એક માધ્યમ છે પ્રમોશનથી કમાણી. તો આવતા અંકમાં પ્રમોશન બાબતે જાણકારી મેળવીશું. ઓલ ધ બેસ્ટ.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**E-mail:sahebtoday@gmail.com**

# છાંયડાને માપવાનું આજથી તું બંધ કર, આમ તો એ છાંયડો તડકાને લીધે હોય છે;



આપણને લાગે કે સમય સરકતો જાય છે, હકીકતમાં તો આપણે જ સરકતા જઈએ છીએ. સમયને આપણે સેકન્ડ, મિનિટ, કલાક, દિવસ, અઠવાડિયું, પખવાડિયું, મહિનો, વર્ષ અને સદીમાં વહેંચી દીધો...સમયને સમયના જ ચોકઠામાં બાંધી દીધો....પણ ભલા માણસ, જે યુગોથી સમસ્ત સૃષ્ટિને બાંધતો અને છોડતો રહ્યો છે એ કોઈનાયથીય બંધાય ખરો ?!

દીવાલ પર ઘડિયાળ ટિંગાડવાથી સમય નથી ટિંગાઈ જતો. કાંડા પરનું ઘડિયાળ બદલવાથી સમય નથી બદલાતો. એજ રીતે ઘડિયાળના કાંટા અટકાવી દેતાં સમય નથી અટકાવાનો. ક્ષણોનો સમાજ એટલે સમય. સમયનો સમાજ વિસ્તૃત છે. સમયને કોઈ સીમા નથી. સમય તો અનહદનો અવાજ છે, જેને સંભળાય એને જ સંભળાય. સમયનો સ્પર્શ પણ હોય અને સમયની થપ્પડ પણ હોય. સમય સુંવાળો પણ હોય, હુંફાળો પણ હોય અને....કાંટાળો પણ હોય. સમય તો હંમેશા આપણો બનીને આવે છે અને આપણો બનીને રહેવા માંગે છે, પણ એ સમય પહેલાંના આપણા વિચારો, એ સમય પહેલાંના આપણાં વર્તનો અને એ સમય પહેલાંના આપણા આયોજનો જ એ સમયને આપણો બનતાં અવરોધે છે. સમય તો આપણો બનવા આતુર છે, પણ આપણી જ કોઈ અધીરાઈ કે અસંયમી ઈચ્છાને કારણે સમય અને આપણી વચ્ચે એક અવકાશ-એક શૂન્યાવકાશ ભરી દેતા હોઈએ છીએ. બાપુભાઈ ગઢવીએ, પોતાની અમરત્વ પામેલી અને શાયરને અમર કરી ગયેલી ગઝલમાં, કહ્યું છે :

**તમને સમય નથી અને મારો સમય નથી,**
**કોણે કહ્યું કે આપણી વચ્ચે પ્રણય નથી;**

કોઈકની પાસે સમય નથી અને કોઈક એવું પણ છે, જેનો હજી સમય આવ્યો નથી - આ બંને સ્થિતિ કોઈપણ સંબંધનો શ્વાસ કાંતો શરૂ કરાવે છે, કાંતો અટકાવી દે છે.

ઋતુઓના 'માસ્ક' પહેરાવીને આપણે સમયને શ્રીમંત અને ગરીબ એવા બે વર્ગોમાં વહેંચી દીધો. વસંતઋતુના સમયને આપણે શ્રીમંતના વર્ગમાં અને પાનખરઋતુને આપણે ગરીબ વર્ગમાં મૂકી સમયનો પણ 'એક સમય' હોય છે એવું દિલ અને દિમાગને સમજાવવાનું ષડયંત્ર ઊભું કરી દીધું. આવા ષડયંત્રકારીઓ જ એવું માનતા અને કહેતા રહે છે કે 'સમય તો કોઈનો થયો નથી અને થવાનો નથી.' પણ વાસ્તવિકતા તો કંઈક જુદી જ છે. સમય, દરેકનો છે. સમય દરેક પાસે છે. ફરક એટલો કે કોનો સમય ક્યારે પાકે છે અને પાક રૂપે એને ક્યારે મળે છે ! ખેતરમાં ઊગેલો-ખીલેલો મબલખ પાક આપણા ઘરમાં અને ગોડાઉનોમાં આવે છે, એ એની વાવણી કર્યાની બીજી જ ક્ષણે નથી આવતો...ઠંડીનો ઠાર, ગરમીનો ત્રાસ અને ધોધમાર વરસતા વરસાદનો માર સહન કરે છે, એ સંઘર્ષોમાં પાકે છે ત્યારે એ આવે છે. સમય પણ પાકતો હોય છે. સમય જ્યારે પાકે છે ત્યારે આપણે હરખથી એવું બોલીએ છીએ કે : હવે અમારો સમય ઉજળો આવ્યો છે !

**દસ્તક**



**હર્ષદ પંડ્યા**

સમય હંમેશા ઉજળો હોય છે, પણ આપણે એને ઓળખી શકતા નથી. આપણે વ્યક્તિને, વસ્તુને, સમગ્ર જીવસૃષ્ટિને ઉંમરના માપથી માપતા રહીએ છીએ. સમયને વય કે ઉંમરનો ડાઘ લાગે નહીં. સમયના પ્રકાર ન હોય, પ્રકાર ઘડિયાળના હોય. સમયને બદલાવાનું ન હોય, બદલાવાનું કેલેન્ડરને હોય. સમય તો બસ 'હોય છે'. સમય માટે 'એ હતો' કે 'હશે' એવો શબ્દપ્રયોગ પણ ન કરાય. સમયને ભૂતકાળ કે ભવિષ્યકાળના ભંડકિયામાં પૂરાય નહીં. સમય તો વર્તમાનનું જ વહેતું વહેણ છે. સમય તો સાંપ્રતનો પ્રવાહ છે. આપણે શ્વાસ લઈએ છીએ વર્તમાનનો અને પડછાયા ગણીએ છીએ ભૂતકાળના. આપણે વૃક્ષ વાવ્યું છે વર્તમાનનું અને એની નીચે છાંયડો શોધીએ છીએ ભવિષ્યનો. ઘડિયાળના લોલકની જેમ આપણે ભૂતકાળ અને ભવિષ્ય વચ્ચે ઝુલતા રહીએ છીએ. વર્તમાનનો વિસામો આપણને જાણે કે ખપતો જ નથી. વર્તમાન આપણને મળવા આવે છે, પણ આપણે એને મળતા જ નથી, એનામાં ભળતા જ નથી અને આપણાથી જે દૂર...દૂર ચાલ્યું ગયું છે એવા ભૂતકાળને યાદ કર્યા કરીએ છીએ, તો ક્યારેક આપણે એજ વર્તમાન, આપણને મળવા જિંદગીના દરવાજે દસ્તક મારી રહ્યો છે એને અવગણીને, જે હજી સુધી આપણને મળવા આવ્યું જ નથી અને આવશે પણ નહીં, એવા ભવિષ્યની રાહ જોઈ રહ્યા છીએ અને પેલો વર્તમાન બીચારો ક્યારનો દસ્તક દઈ રહ્યો છે એને નજરઅંદાજ કરીએ છીએ !

જિંદગી જીવવાનો અને માણવાનો સાચો આનંદ તો વર્તમાન સાથેની વફાદારીમાં છે. જેણે પોતાના વર્તમાન સાથે થોડી સી પણ બેવફાઈ કરી એણે જિંદગીનો ચાર્મ ગુમાવ્યો છે એમ જાણવું ભૂતકાળનો સ્વાદ પિયરમિન્ટની જેમ અમુક સમય પૂરતો-અમુક ક્ષણો પૂરતો મમળાવવામાં છે. વર્તમાનનો સ્વાદ માણવા જેવો છે કેમ કે એ ખોરાક-આહારનો ભાગ ભજવે છે. વર્તમાન જ જિંદગીનો સાચો ખોરાક-આહાર છે, જ્યારે ભૂતકાળ કે ભવિષ્ય, એ તો એ ખોરાકમાં ટેમ્પરરી ટેસ્ટ પૂરતો જ ભાગ ભજવે ! મસાલાને ખોરાક ન બનાવાય, ભારે પડે !

હોઠને ક્યારેય સ્મિત કરવાનું શીખવાડવાનું ના હોય. એ તો પ્રસન્નતાનો સ્પર્શ થતાં જ સ્મિત કરવા માંડે ! જિંદગીને પણ 'લાઈવ' રહેવાનું શીખવાડવાનું ન હોય, એ તો વર્તમાનનો શ્વાસ લેતાં જ 'લાઈવુ' બની જાય ! માત્ર 'લાઈફ'નું હોવું એજ મહત્ત્વનું નથી. લાઈફનું ક્ષણે ક્ષણે -પ્રત્યેક ક્ષણે- 'લાઈવ' રહેવું એનું જ મહત્ત્વ છે. મોટાભાગના લોકો આજે 'જીવતા' છે, પણ 'લાઈવ' નથી, જીવંત નથી. 'જીવતા' હોવું અને 'જીવંત' હોવું - આ બંને સ્થિતિમાં ફરક છે. વર્તમાન આપણને 'જીવંત' રાખે છે. આવો જીવંત-લાઈવ-માણસ જ જિંદગીના રસને ભરપૂર રીતે માણી શકે !

જે માણસ પોતાના શ્વાસમાં ભળવા આવેલા વર્તમાનને પ્રેમ નથી કરતો અને માત્ર જીવાતી ગયેલા સમયને વાગોળતો રહે છે એના વિચારો ઘરડા બની જાય છે. વિચાર જ્યારે ઘરડો બને ત્યારે એ ફેંકાઈ જાય છે. વિચાર ખરેખર 'વૃદ્ધ' બનવો જોઈએ. 'વૃદ્ધ' એટલે વૃદ્ધિવાળો. જેના વિચારો સતત વૃદ્ધિ પામતા રહે એ સાચો વૃદ્ધ. ઘરડા વિચારને તમે ગમે એટલી ડાઈ કરો, પણ ક્યારેક તો એ ડાઈ ઝાંખી પડવાની જ છે. વિચાર કે વાણીને ડાઈ યા કલપ યા કલર નથી કરાતો, છતાં કેટલાક લોકો પોતાનાં વિચાર અને વાણીને ડાય કે કલર કરવાનો પરિશ્રમ કરતા રહે છે. આવો જ પરિશ્રમ' 'વર્તમાનને ઓળખવા' માટે કર્યો હોત તો એમની આખી જિંદગી પ્રસન્નતાનો પ્રવાહ બની શકે !

૨૦૧૪ને અલવિદા કહેવાને બદલે માત્ર સ્મિત કરીએ, અને આવી રહેલા ૨૦૧૫ને સ્મિતપૂર્વક વેલકમ કરીએ એમાં જ વર્તમાનની પ્રસન્નતા જળવાય ! 'શબ્દપ્રીત' પણ કહે છે :

**''છાંયડાનો માપવાનું આજથી તું બંધ કર,**
**આમ તો એ છાંયડો તડકાને લીધે હોય છે !''**

**ઉમ્ર જલવોં મેં બસર હો યે જરૂરી તો નહીં,**
**હર શબે ગમકી સહર હો યે જરૂરી તો નહીં;**
**- ખામોશ ગાજીપૂરી**

# પ્રેમમાં અડચણ...

## સ્ત્રી સશક્તીકરણ



- રવીન્દ્ર પારેખ

સંયુક્ત કુટુંબો તૂટ્યાં ને અત્યારે માઇક્રો ફેમિલી પર આવીને વાત અટકી છે. સંયુક્ત કુટુંબોની મર્યાદાઓ ઘણી હતી, પણ એમાં કેટલુંક સારું પણ હતું. પત્ની ઘરકામમાં જોતરાયેલી હોય અને પતિ આર્થિક જવાબદારીઓ માટે બહાર હોય, એવામાં સંતાનો દાદા-દાદી પાસે ક્યારે મોટાં થઈ જતાં તેની માબાપને ખબર પણ પડતી ન હતી. બાળકને સ્કૂલે મૂકવા જવાનું હોય કે પાછું લાવવાનું હોય કે કૈં અપાવવા બહાર લઈ જવાનું હોય તો દાદા-દાદી બહુ સહજતાથી એ કામ કરતાં. ક્યારેક વડીલો વચ્ચે તકરારો થતી, પણ તેની અસરોથી સંતાનો દૂર રહેતાં કે વડીલો પણ એ તકરારોને સંતાનો સુધી પહોંચવા ન દેતા ત્યારે ઘરો મોટાં હતાં એટલે સૌનો સમાવેશ થઈ રહેતો. સંતાનો મોટે ભાગે દાદા-દાદી પાસે વાર્તાઓ સાંભળતાં ને ત્યાં જ સૂઈ જતાં. એ દરમિયાન પતિ-પત્નીને જોઈતું એકાંત મળી રહેતું ને સવાર તાજગીભરી પડતી.

એ પછી શિક્ષણ વધ્યું. નોકરી-ધંધાની તકો વધી, ઘરો બદલાયાં, વસવાટ શહેરોમાં થતાં વડીલો ગામડે રહ્યાં અને યુવાનો શહેરોમાં ગોઠવાયા. સંતાનોનું વ્યસ્તતાઓને લીધે ગામડે જવાનું ઘટતું ગયું. પ્રસંગોપાત જવાનું થતું. પછી તો ભાગ-લાગની વાતોએ કુટુંબો તોડયાં ને સૌ વેરવિખેર થયાં. ગામ જવાનું જ રહ્યું નહીં ને શહેરો જ વતનની ગરજ સારવાં લાગ્યાં. મોટાં કુટુંબોને ઘરો સાંકડાં પડે એ તો સમજાય, પણ શહેરોમાં નાનાં કુટુંબોને પણ ઘર સાંકડાં પડવા લાગ્યાં. સંતાનો એક કે બે હોય ને પતિ ને પત્ની એ બે મળીને ત્રણ કે ચાર જણનું કુટુંબ હોય, તોય રહેવાની જગ્યા ઓછી પડતી. ઘરોની કિંમત એટલી વધી કે મોટું ઘર, પતિ-પત્નીને પરવડે એમ જ ન રહ્યું. બીજી તરફ મોંઘવારી એટલી વધતી આવી કે પગાર ઠીક હોય તો પણ, બચત ન રહે એવી સ્થિતિ આવી. એ સંજોગોમાં નાનાં ઘરમાં જ જીવવાની ફરજ પડી. ઘણાંને તો એક રૂમમાં જ સંસાર વસાવવાનું થયું. ઘર માટે લોન મળતી થઈ, પણ તેનો હપ્તો ચૂકવાય એવી નોકરી પણ હોવી જોઈએને. ટૂંકમાં, એક બે રૂમમાં જ ઘણાંનો સંસાર મંડાયો. ઓછાં માણસોને લીધે નાનું ઘર તો ચાલી ગયું, પણ એમાં કમબખ્તી પતિ-પત્નીની થઈ. એક જ રૂમમાં બાળક અને પતિ-પત્ની સૂઈ તો શકતાં, પણ તેમનું પ્રેમ કરવાનું મુશ્કેલ બનતું ગયું.

મોટાં કુટુંબોમાં દાદા-દાદી બાળકોને વ્હાલ કરતાં ને તે કોઈ પણ સમયે શક્ય હતું. બાળક દાદાને કે દાદીને વહાલી વહાલી કરે એ સહજ હતું, પણ પતિ-પત્નીની એવી 'વહાલી' સહજ ન હતી. તે જાહેરમાં મૂંઝવણનું-સંકોચનું કારણ બનતી. એ 'વહાલી' પોતાનાં રૂમમાં બંધ બારણે જ શક્ય હતી. આ ઉપરાંત મિલન પણ એ એકાંતમાં જ શક્ય હતું. એવાં મિલનની તકલીફ નાનાં ઘરમાં વધી. બાળક નાનું હતું કે સમજણું ન હતું, ત્યાં સુધી તો પ્રેમ કરવામાં પતિ-પત્નીને બહુ અડચણ ન પડી, પણ બાળક કે બાળકો મોટાં થયાં, સમજણાં થયાં તેમ તેમ પતિ-પત્નીનું એકાંત સંકોચાતું ગયું. બાળકો વધુ મોટાં થતાં પતિ-પત્નીનાં શારીરિક મિલન અંગે પણ જાણતાં થયાં. એટલે એમને પણ એકાંત ઊભું કરી આપવાનું મન થતું તો હોય, પણ બોલાય કેમ? વળી જગ્યા જ ઓછી ત્યાં, કરવાનું શું? પતિ-પત્ની મન મારીને રહેવાં લાગ્યાં. બાળકોની સામે તો પ્રેમ થાય નહીં ને પ્રેમ વગર રહેવાય પણ નહીં, એ સ્થિતિમાં પતિ-પત્ની કરમાવાં લાગ્યાં. મન પણ ક્યાં સુધી મારવું? મન મારવામાં પતિ-પત્નીના સ્વભાવ ચીડિયા થયા. કોઈનો કાળ કોઈ પર નીકળવા લાગ્યો. બાળકો સ્કૂલે જાય કે સગાંને ત્યાં જાય કે મિત્રો જોડે બહાર જાય કે રમતમાં હોય એવો સમય પતિ-પત્ની શોધતા થયા. એવો ગાળો મળી જતો તો ઈશ્વરી વરદાન જેવો લાગતો. એમાં થઈ શકે એવો પ્રેમ થતો, પણ મિલન અધૂરું રહેતું, તો સંતાપ વધતો ને તેની પ્રતિક્રિયા પણ એવી જ તીવ્ર રહેતી.

બાળકો સ્કૂલે ગયાં હોય એ દરમિયાન પ્રેમની અભિવ્યક્તિની તકો પતિ-પત્નીને મળી શકે, પણ પ્રોબ્લેમ એ હોય કે બંને, અથવા બેમાંથી એક નોકરી-ધંધા નિમિત્તે બહાર હોય, એટલે એકાંત તો હોય, પણ એને માણનારાં ઘરમાં ન હોય, એ પણ વિડંબના જ ને ! કરુણતા એ છે કે જે સંયુક્ત કુટુંબમાં સહજ હતું, એ કુટુંબ વિભક્ત થતાં અસહજ થઈ ઊઠયું ! આવું કહેવામાં સંયુક્ત કુટુંબની પ્રશંસાનો કે વિભક્ત કુટુંબની નિંદાનો હેતુ નથી. આ કોઈ એક વ્યક્તિએ કર્યું નથી કે તે કોઈ એકની ઈચ્છાનું પરિણામ નથી, એટલે પેલું સારું ને આ નબળું એવું જજમેન્ટ પાસ કરવા કરતાં જે થયું તે સ્વીકારવાનું જ રહે. સમય, સંજોગોએ જે તે પરિસ્થિતિનું નિર્માણ કર્યું હોય ત્યારે અગાઉનું સારું અને અત્યારનું નબળું એવું પ્રમાણપત્ર ફાડી શકાય નહીં. આ તબક્કે તો અગાઉની અને અત્યારની પરિસ્થિતિની સ્વાભાવિક તુલના જ થઈ શકે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સામાન્ય કુટુંબોમાં પતિ-પત્નીએ સહજીવન માટે એકાંત ખોળવું પડે એ સ્થિતિ છે ને વક્રતા એ છે કે પ્રેમમાં, તેમના કોઈ વાંક વગર બાળકો જ અડચણરૂપ બને છે. બન્નેમાંથી કોઈના વગર ચાલે એમ નથી. બાળકો અનિવાર્ય છે, તો પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ પણ બિનજરૂરી નથી. જે જીવન જીવવા સ્ત્રી-પુરુષ, પતિ-પત્ની બન્યાં એ જીવન ન જીવવું જોઈએ એવું તો કોણ કહે? જે જીવન સંતાનોની અપેક્ષાએ શરૂ કર્યું એ સંતાનો ન હોવાં જોઈએ એવું પણ કોણ કહે? આ તકલીફ મોટાં કે સ્થિતિ સંપન્ન કુટુંબોને કદાચ નથી. એમની વળી સમસ્યાઓ જ જુદી છે, પણ અત્યારે તો સાધારણ કુટુંબોનાં પતિ-પત્નીને વૈવાહિક જીવનમાં જે અડચણો આવે છે એની વાતો કરવી છે. અહીં એવી દલીલ થઈ શકે કે પતિ-પત્ની વચ્ચે લાગણી હોય તે પૂરતું છે, તેમાં શારીરિક સંબંધ અનિવાર્ય ખરો?

આ સવાલ શરીર જરૂરી કે આત્મા? એવો છે. એકલું શરીર જીવંત નથી, તે આત્માને કારણે જીવંત છે. એ જ રીતે શરીર વગર આત્મા અનુભવાતો નથી. મતલબ કે શરીર અને આત્મા એકબીજાનાં પૂરક છે. બંને એકબીજા વગર અર્થહીન છે. એવું જ લાગણી અને શરીરનું છે. એકલી લાગણી શરીર વગર સંભવતી નથી, એ જ રીતે મન વગરનો તનનો મહિમા પણ નિરર્થક છે. કોઈપણ સ્ત્રી પુરુષ એકબીજા સાથે લાગણીથી જોડાય એ જરૂરી છે, એટલું જ જરૂરી એ તનથી સંપર્કમાં રહે તે પણ છે. એથી સંબંધ વધુ દૃઢ થાય છે. એકબીજા પરનો ભરોસો વધે છે. એકબીજાને સમજવાનું, સાથ આપવાનું, આત્મીય બનવાનું એથી શક્ય બનતું હોય છે. કોઈપણ યુગલ એકબીજા સાથે મનથી જોડાય અને તનથી ન જોડાય તો તે અધૂરપ અનુભવે છે. શરીર મનની પરિણતિ છે. શરીરથી તૃપ્તિ નથી થતી તો તે અનેક માનસિક સમસ્યાઓને જન્મ આપે છે. નાના ઘરમાં પતિ-પત્ની એ સંબંધ માટે એકાંત ઈચ્છતા હોય છે. એ નથી મળતું તો તેમની વચ્ચે ઝઘડા વધે છે, એટલું જ નહીં, તેનો ભોગ બાળકો પણ બનતાં હોય છે. ઘણીવાર તો બાળકોને લીધે જ સંબંધ શક્ય બનતો નથી, એટલે બાળકો વધુ ભોગ પણ બનતાં હોય છે. છેને વિચિત્ર ! જે બાળક માટે પતિ-પત્નીને જોડાવાનું બને છે એ જ બાળકો પછી ન જોડાઈ શકવાનું નિમિત્ત પણ બનતાં હોય છે. આમ તો દરેક વખતે ઈચ્છિત એકાંત બધાંને મળતું નથી, પણ થોડી રાહત થઈ શકે એ માટે પણ પતિ-પત્ની બહાર એકાંત મળે એવા પ્રવાસનું આયોજન કરતાં હોય છે. એમ કરવામાં કશું ખોટું પણ નથી.

એક વસ્તુ બહુ સ્પષ્ટ છે કે સ્ત્રી-પુરુષને નજીક લાવવામાં મનમેળ મોટો ભાગ ભજવે છે, પણ તે પછી વાત મૈત્રી સુધી જ સીમિત નથી રહેતી, તેમને તનમેળની ઈચ્છા પણ થાય છે ને એ સંતોષાય ત્યારે પ્રાપ્તિની, પ્રેમની અનુભૂતિ થતી હોય છે. એ ખરું કે પતિ-પત્ની વચ્ચે ઘણી સમસ્યાઓ શરીરને કારણે ઉદ્ભવતી હોય છે, બિલકુલ એ જ રીતે જેમ ઘણી સમસ્યાઓનો ઉકેલ પણ શરીર જ આપે છે.

જીવંત શરીરથી વધારે મહત્ત્વનું જગતમાં કૈં નથી...

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# સંભલ ફાયરિંગમાં પાંચનાં મોત, સાત FIR દાખલ, હિંસા માટે અધિકારીઓ જવાબદાર હોવાનો સ્થાનિકોએ લગાવ્યો આરોપ

**ઉત્તર પ્રદેશના સંભલમાં રવિવારે થયેલા ગોળીબારમાં ચાર મુસ્લિમ પુરુષો માર્યા ગયા હતા. મીડિયાએ પાંચમા મૃત્યુની પુષ્ટિ કરી છે : જાણો, યુપીના સંભલ જિલ્લામાં અથડામણ કેમ થઈ, રવિવારે શું થયું અને અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી**




૨૫ નવેમ્બર સોમવારના રોજ એક પત્રકાર પરિષદમાં મસ્જિદ સમિતિના પ્રમુખ એડવોકેટ ઝફર અલીએ આરોપ લગાવતા કહ્યું કે, "એસ.પી., ડી.એમ. અને ડી.આઈ.જી. લોકો પર ગોળીબાર કરવાની વાત કરી રહ્યા હતા. મેં પોલીસને, અસલ (sic) બંદૂકોથી લોકો પર ગોળીબાર કરતા જોયા છે. હું આનો પ્રત્યક્ષ સાક્ષી છું."

મસ્જિદ અગાઉની હરિહર મંદિરનું સ્થળ હતી તેવી એક દાવા અરજીના જવાબમાં સિવિલ કોર્ટે શાહી જામા મસ્જિદના સર્વેક્ષણનો આદેશ કર્યો હતો. જેનો સમુદાયે વિરોધ કર્યો હતો. અથડામણમાં થયેલાં ગોળીબારમાં ૧૫થી વધુ પોલીસ અધિકારીઓ ઘાયલ થયા છે. પોલીસ પીઆરઓને પગમાં ગોળી વાગી છે. ઘટના બની તે દિવસથી જિલ્લામાં પરિસ્થિતિ તંગ છે. જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પેન્સિયાએ ૨૪ નવેમ્બરે, બહારના લોકો, રાજકીય સંગઠનો અને જનપ્રતિનિધિઓને ૩૦ નવેમ્બર સુધી સત્તાવાળાઓની પરવાનગી વિના સંભલના મર્યાદા વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જારી કર્યો હતો. ઈન્ટરનેટ સેવાઓને પણ સોમવારથી બંધ કરી દેવામાં આવી હતી. ઝફરઅલીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે,"માર્યા ગયેલા, નઈમ, બિલાલ, અયાન અને કૈફની હત્યા માટે સરકાર અને પોલીસ જવાબદાર છે."

આ મામલે સાત FIR નોંધીને ૨૫ જેટલાં લોકોની ધરપકડ કરવામાં આવી છે.

**★જામા મસ્જિદની જગ્યા પર મંદિરના અસ્તિત્વના દાવાની અરજી પર કોર્ટનો સર્વેનો આદેશ★**

સ્થાનિક કૈલા દેવી મંદિરના મહંત ઋષિરાજ ગિરીએ, ચંદૌસીમાં સિવિલ જજની કોર્ટમાં એક અરજી દાખલ કરીને દાવો કર્યો હતો કે, સંભલની શાહી જામા મસ્જિદ એ હરિહર મંદિરની જગ્યા હતી.

મહંત અને અન્ય સાત લોકો વતી સુપ્રીમ કોર્ટના એડવોકેટ વિષ્ણુ શંકર જૈને ૧૯ નવેમ્બરે અરજી દાખલ કરવામાં આવી હતી. જૈન વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ કેસમાં પણ વકીલ છે.

સિવિલ જજ (વરિષ્ઠ વિભાગ) આદિત્ય સિંહની અદાલતે અરજીનો સ્વીકાર કરીને, એડવોકેટ કમિશનર રમેશ રાઘવને મુઘલ યુગની મસ્જિદનો સર્વે કરાવવાનો આદેશ આપ્યો હતો.

મસ્જિદ સદરના પ્રમુખ અને શાહી મસ્જિદ કમિટીના પ્રમુખ ચીફ ઝફર અલીએ સવાલ કર્યો કે, "સર્વે કરવામાં આવી રહ્યો હોવાની અમને કોઈ જાણ નહોતી. કોર્ટે સાંજે ૪:૩૦ વાગ્યે સર્વે કરવાનો આદેશ આપ્યો અને સર્વેયરોએ તે જ દિવસે સાંજે ૬ વાગ્યે તેમનું કામ શરૂ કરી દીધુ હતું. તેઓ આટલાં ઓછા કલાકોમાં પરવાનગી કેવી રીતે મેળવી શક્યા? અંધારું હોવાથી અને ત્યાં ઘણા બધા લોકો હાજર હોવાથી તેઓ સર્વેની કામગીરી પુરી કરી શક્યા નથી તેમ જણાવી તેમણે કોર્ટની પરવાનગી વગર બીજા સર્વેની માંગણી કરી હતી."

**★જામા મસ્જિદ ખોદવામાં આવી રહી છે તેવી અફવાને કારણે અથડામણ થઈ★**

સોમવારે પ્રેસ કોન્ફરન્સમાં ઝફરઅલીએ દાવો કર્યો હતો કે, સંભલના એસડીએમ વંદના મિશ્રા અને સીઓ અનુજ કુમાર ચૌધરીએ શનિવારે મોડી રાત્રે તેમને જાણ કરી હતી કે બીજા દિવસે સવારે બીજો સર્વે કરવામાં આવશે. તેણે આરોપ લગાવ્યો કે તેણે 'નો ઓબ્જેક્શન' ન આપ્યું છતાં તેઓ સર્વેની કામગીરી તરફ આગળ વધ્યા હતાં.

અલીએ દાવો કર્યો હતો કે, "રવિવારે સવારે, વિસ્તારને પોલીસે ઘેરી લીધો હતો. SDMએ મસ્જીદના હૌજ (પાણીની ટાંકી)માંથી પાણી ખાલી કરવાનું કહ્યું જેના જવાબમાં S.P અને D.M.એ સુચવ્યું હતું કે, લાકડીનો ઉપયોગ કરીને માપણી કરી શકાય છે. જોકે ટૂંક જ સમયમાં એવી અફવા ફેલાઈ ગઈ કે, કોર્ટની પરવાનગી વિના જામા મસ્જિદને ખોદવામાં આવી રહી છે. જેના કારણે ગભરાટ અને ભીડ ભેગી થઈ ગઇ હતી."

મુરાદાબાદના ડિવિઝનલ કમિશ્નર અંજનેય કુમાર સિંઘે રવિવારે પત્રકારોને જણાવ્યું હતું કે, "સર્વેની કામગીરી શાંતિપૂર્ણ રીતે' ચાલતી હતી ત્યારે બે થી ત્રણ હજાર લોકોના ટોળાએ એકઠા થઇને તૈનાત પોલીસ દળ ઉપર પથ્થરમારો શરૂ કરી દીધો હતો અને ત્રણથી ચાર વાહનો સળગાવી દીધા હતા. પોલીસે પરિસ્થિતિને સંભાળવા માટે ટીયર ગેસ અને પ્લાસ્ટિક બુલેટનો ઉપયોગ કર્યો હતો. તેઓએ પણ સામે ગોળીબાર કરવાનું શરૂ કર્યું અને તેમણે કરેલા ફાયરિંગમાં પોલીસ પીઆરઓને પગમાં ગોળી વાગી હતી. ડેપ્યુટી કલેકટરને ફ્રેક્ચર થયું છે. સીઓ ઉપરાંત લગભગ ૧૫ પોલીસ જવાન ઘાયલ થયા છે."

**★'સર્વે શરુ થયો તે પહેલાં અરજી કરનાર પક્ષના લોકોએ જય શ્રી રામના નારા લગાવ્યા હતાં' : સ્થાનિકો★**

જો કે, સ્થાનિકો અને પ્રત્યક્ષદર્શીઓનું ગોળીબાર અંગે અલગ કહેવું હતું.

સંભલના સ્થાનિક પત્રકાર ઉવેશ દાનિશે ક્વિન્ટ હિન્દીને જણાવ્યું હતુ કે, "જામા મસ્જિદની સામેના વિસ્તારમાં કેટલાક હિંદુઓ રહે છે. અરજદારના વકીલ વિષ્ણુ જૈન ત્યાં કોઈને મળવા ગયા હતા. તે મોટી ભીડને લઈને સૂત્રોચ્ચાર ઉચ્ચારતા પાછા ફર્યા હતા. રવિવારે સવારે ૬ વાગ્યે સર્વે ટીમ જામા મસ્જિદ પહોંચ્યાના બે કલાક પછી, મસ્જિદમાંથી જાહેરાત કરવામાં આવી હતી કે સર્વે પૂર્ણ થઈ ગયો છે. આ દરમિયાન મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી. થોડા સ્થાનિકો વચ્ચે ઝપાઝપી થઈ હતી અને પોલીસે ભીડને વિખેરવાનો પ્રયાસરુપે લાઠીચાર્જ કર્યો હતો."

નામ ન આપવાની શરતે એક સ્થાનિક રહેવાસીએ આક્ષેપ કર્યો હતો કે, "રવિવારે સવારે સર્વે કરાવવા વાળાના પક્ષના લોકોએ, આવતી અને જતી વખતે જય શ્રી રામના નારા લગાવ્યા હતા. તેનો પુરાવો પણ છે. તેના કારણે શહેરમાં કેટલીક અફવાઓ ફેલાઈ હોય શકે છે."

**★'એક જ સમુદાયના લોકો એકબીજા પર શા માટે ગોળીબાર કરે?'★**

ઝફરઅલીએ સોમવારે પત્રકારોને જણાવ્યું હતું કે, "વહીવટીતંત્રે તેમને સર્વેના સમય અંગે અંધારામાં રાખીને ગેરમાર્ગે દોર્યા હતા. જામા મસ્જિદનું ખોદકામ કરવામાં આવી રહ્યું છે તેમ સમજીને લોકો એકઠા થયા હતા.

જ્યારે તેમાંથી કેટલાકે CO અનુજ કુમારને શું થઈ રહ્યું છે તે વિશે પૂછ્યું, ત્યારે તેમણે તેમના પર અપશબ્દો બોલીને, તેમને ધમકી આપી અને લાઠીચાર્જ કર્યો હતો. ભય અને ગભરાટ ફેલાવવા બદલ SDM અને CO એકલા જવાબદાર છે."

દરમિયાન સિંહે સોમવારે પત્રકારોને જણાવ્યું કે, અચાનક ભીડે એકઠા થઈને પથ્થરમારો શરૂ કર્યો હતો. ગોળીબારમાં માર્યા ગયેલા ચાર લોકોના પોસ્ટમોર્ટમમાં દેશી બનાવટની બંદૂકો (દેશી કટ્ટા)માં વપરાતા કારતુસ મળ્યા છે."

જોકે, અલીએ આક્ષેપ કર્યો હતો કે, "પોલીસ પાસે દેશી બનાવટની બંદૂકો પણ હતી. શું લોકો રબરની ગોળીઓથી મૃત્યુ પામે ખરાં? પોસ્ટમોર્ટમ પણ દેશી કટ્ટાનો ઉપયોગ થયો હોવાનું સૂચવે છે. એક જ સમુદાયના લોકો એકબીજા પર શું કામ ગોળીબાર કરે?"

અલીએ ઉમેર્યું હતું કે, "જ્યારે એસપી, ડીએમ અને ડીઆઈજી લોકો પર ગોળીબાર કરવાની ચર્ચા કરી રહ્યા હતા ત્યારે હું ત્યાં હાજર હતો. અધિકારીઓની વાત સાંભળીને મેં લોકોને પાછા જતા રહેવાની અપીલ કરી હતી. જોકે કેટલાક લોકો ત્યાંથી ચાલ્યા ગયા હતા અને કેટલાક જામા મસ્જિદને ખોદવામાં આવી રહી હોવાની ચિંતામાં ત્યાં જ ઊભા રહ્યા હતાં."

**★'તપાસ ચાલુ છે, NSA લાગુ કરવામાં આવી શકે છે'★**

મુરાદાબાદના ડિવિઝનલ કમિશનર અંજનેયકુમાર સિંહે સોમવારે મીડિયાને જણાવ્યું હતું કે, તપાસ ચાલુ છે અને કડક રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) પણ લાગુ કરવામાં આવી શકે છે.

આ કેસમાં અત્યાર સુધીમાં પાંચ સંભલ કોતવાલી અને બે નખાસા પોલીસ સ્ટેશનમાં, એમ કુલ સાત FIR નોંધવામાં આવી છે.

FIઈમાં સંભલના સાંસદ ઝિયાઉર રહેમાન બર્ક અને ધારાસભ્ય ઈકબાલ મહેમૂદના પુત્ર સુહેલ ઈકબાલ સહિત છના નામ નોધવામાં આવ્યા છે. સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલા બંને નેતાઓ પર હિંસા ભડકાવવાનો આરોપ છે.

અગાઉ, ક્વિન્ટ હિન્દી સાથે વાત કરતી વખતે, સુહેલ ઈકબાલે દાવો કર્યો હતો કે, "છેલ્લા પાંચ દિવસથી આ વિસ્તારમાં પરિસ્થિતિ તંગ છે.

એક સર્વે થઈ ગયો હોવા છતાં સર્વેની ટીમ ફરી કોઈપણ સૂચના વિના ફરી આવી હતી. ટીમ ગુંબજ પર ચડીને છત પર ફરતી હતી. એક વિચિત્ર દ્રશ્ય સર્જાયું હતું. લોકો આનાથી ખૂબ જ દુ:ખી થયા હતા. મેં અધિકારીઓને બળનો ઉપયોગ ન કરવા કહ્યું હતુ કારણ કે તેનાથી લોકોમાં ગુસ્સો આવશે પરંતુ તેઓએ સાંભળ્યું ન હતુ."

દરમિયાન, સંભલ SP કૃષ્ણ કુમાર બિશ્નોઈએ સોમવારે પત્રકારોને જણાવ્યું હતું કે, "જ્યારે ફ્રસ અને ફ્રૈંય પેટ્રોલિંગ કરી રહ્યા હતા, ત્યારે બે મહિલાઓએ તેમના પર પથ્થરમારો કર્યો અને દેશી બનાવટની પિસ્તોલથી ફાયરિંગ કર્યું જેમાં એક પીઆરઓને પગમાં ગોળી વાગી હતી. આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. તેમની સામે દ્નજીછ હેઠળ સખત કાર્યવાહી કરવામાં આવશે."

**★'પોલીસે ખાનગી હથિયારોનો ઉપયોગ કરીને ફાયરિંગ કર્યું' : અખિલેશ યાદવ★**

ઓછામાં ઓછા ૫૦૦ સગીરો સહિત ૨,૭૦૦ થી વધુ અજાણ્યા લોકોના નામ FIRમાં નોંધીને તેમની પર IPCની ગંભીર કલમો સાથેના આરોપ મૂકવામાં આવ્યા છે.

સમાજવાદી પાર્ટીના વડા અને કન્નૌજના સાંસદ અખિલેશ યાદવે સંભલની તંગ પરિસ્થિતિ માટે અરજીકર્તાઓ અને વહીવટીતંત્રને જવાબદાર ઠેરવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે, "પોલીસે સ્થાનિકોના પથ્થરમારાનો જવાબ તેમના સત્તાવાર અને ખાનગી હથિયારોથી ગોળીઓ ચલાવીને આપ્યો હતો; જેનું વિડિયો રેકોર્ડિંગ ઉપલબ્ધ છે." તેમની પાર્ટીના નેતાઓની ધરપકડના જવાબમાં યાદવે કહ્યું, "અમારા સાંસદ ઝિયા ઉર રહેમાન પણ સંભલમાં નહોતા અને તેમ છતાં તેમની સામે FIR દાખલ કરવામાં આવી હતી." લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ આ ઘટના પર ટ્વીટ કરીને કહ્યું, "તમામ પક્ષોને સાંભળ્યા વિના વહીવટીતંત્રની અસંવેદનશીલ કાર્યવાહીએ પરિસ્થિતિને વધુ ખરાબ કરી અને પરિણામે ઘણા લોકોના મોત થયા, જેના માટે ભાજપ સરકાર સીધી રીતે જવાબદાર છે."

જામા મસ્જિદના સર્વેક્ષણ પર ફાટી નીકળેલી તાજેતરની હિંસા પછીની પરિસ્થિતિ અંગે મીડિયાને સંબોધન કરી રહેલા જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પેન્સિયા અને સંભલના પોલીસ અધિક્ષક (SP) કૃષ્ણ કુમાર બિશ્નોઈ.

**- આકૃતિ હાન્ડા અને મોહન કુમાર(સૌ. : ધ ક્વિન્ટ.કોમ)**

# ઉમ્મુલ મોમીનીન હઝરત મયમુના બિંતે અલ હારિસ (રદીઅલ્લાહુ અનહા)

## (ઈસ આ.૫૯૪-૬૭૧)

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

ઉમ્મુલ મોમીનીન (મોમીનોની માતા) હઝરત સફીયા (રદીઅલ્લાહુ અનહા) બિંતે હુયય્ય બિન અખતબ પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.)સાહેબના દસમા પુનિત પત્ની હતા.

એમનો જન્મ મદીનામાં આશરે ઈસ.૬૧૦માં થયો હતો. એમના પિતા હુયય્ય બિન અખતબ યહુદીઓના પ્રતિષ્ઠિત કબીલા બનુ નાઝીરનો સરદાર હતો. એમની માતાનું નામ બર્રા બિંતે સમવાલ હતું. સમવાલ મદીનાના યહુદીઓના પ્રસિદ્ધ કબીલા બનુ કુરેઝાનો સરદાર હતો. સમવાલ અને એનો ભાઈ અબુ યાસીર પયગમ્બર (સ.અ.વ.) સાહેબના કટ્ટર શત્રુઓ પૈકી હતા. હિસ ૪માં જયારે બનુ નાઝીર કબીલાને મદીનામાંથી હાંકી કાઢવામાં આવ્યું તો હુયય્ય બિન અખતબનો પરિવાર ખૈબરમાં સ્થાયી થયો. હઝરત સફીયા રદી.ના પ્રથમ લગ્ન બનું નાઝીરના અગેવાનોમાંથી એક એવા સલ્લામ ઈબ્ન મિશ્કામ સાથે થયા હતા, એણે એમને છૂટાછેડા આપી દીધા હતા. એ પછી હઝરત સફીયા રદી.ના લગ્ન કીનાના બિન અર રબી સાથે હિસ ૬ના અંત કે હિસ ૭ના પ્રારંભ /ઈસ ૬૨૭-૬૨૮માં થયા હતા ત્યારે એમની ઉમર ૧૭ વર્ષ હતી.

મક્કાના કુરેશીઓ સાથે યહુદીઓ પણ ગઝ્વાએ અહ્ઝાબ (કે ગઝ્વએ ખંદક)માં સામેલ હતા. બનુ કુરેઝાએ આ લડાઈમાં ખુલ્લમ ખુલ્લો મક્કાવાસીઓને સાથ આપ્યો હતો. કુરેશીઓ એમાં સફળ થયા નહીં અને એમણે પાછા હટવું પડ્યું. હઝરત સફીયાના પિતાને પણ પાછા હટવું પડ્યું. ઈસ્લામી લશ્કરે હિસ ૫/ઈસ ૬૨૭માં બનુ કુરેઝાને હરાવી દીધું અને અન્સારી સહાબી હઝરત સઅદ બિન મુઆઝ રદીના નિર્ણય મુજબ બનું કુરેઝાના પુરૂષોને કતલ કરી દેવામાં આવ્યા, એ રીતે હુયય્ય બિન અખતબને પણ કતલ કરવામાં આવ્યો.

ખૈબરમાં છ કિલ્લા હતા એમાંથી અલ કમુસનો કિલ્લો ખૂબ મજબૂત હતો. હઝરત સફીયા રદી.ના સાસરૂં આમાં જ રહેતું હતું. જયારે સફર હિસ ૭/જૂન-જુલાઈ ૬૨૮માં ઈસ્લામી લશ્કરે ખૈબરને જીતી લીધું ત્યારે હઝરત સફીયા રદી પણ બંદી તરીકે પકડવામાં આવ્યા અને હઝરત દિહ્યા ઈબ્ન ખલીફા અલ કલ્બી રદી ને આપવામાં આવ્યા. આ જ લડાઈમાં હઝરત સફીયા રદી.નો પતિ કીનાનને કતલ કરવામાં આવ્યો. જયારે નબી (સ.અ.વ.) સાહેબે એમણે જોયા તો પોતાનું કાપડ એમની ઉપર નાખી દીધું જે ઈશારો હતો કે આપે હઝરત સફીયા રદી.ને પોતાના માટે ચૂંટી લીધા છે. આપે એમને ઈસ્લામનું આમંત્રણ આપ્યું અને જણાવ્યું કે જો તેઓ ઈસ્લામ સ્વીકારી લેશે તો આપ (સ.અ.વ.) સાહેબ એમની સાથે લગ્ન કરી લેશે અને ઈસ્લામ નહીં સ્વીકારે તો આઝાદ કરી એમના કબીલામાં પાછા મોકલી દેવામાં આવશે. હઝરત સફીયા રદી એ ઈસ્લામ સ્વીકારી લીધો તો નબી (સ.અ.વ.)સાહેબે એમણે આઝાદ કરી દીધા અને મદીના તરફ પાછા વળતા એક સ્થળે એમની સાથે લગ્ન કરી લીધા. તેઓ ઉમ્મુલ મોમીનીનના પ્રતિષ્ઠિત જૂથમાં સામેલ થયા. એમની સ્વતંત્રતાને આપ (સ.અ.વ.) સાહેબે મહેર ગણાવી હતી. આ ખુશીમાં બીજા દિવસે લશ્કરમાં સામેલ સહાબા રદીને ખાણું પીરસવામાં આવ્યું. પાછળથી રસુલલ્લાહ (સ.અ.વ.) સાહેબ ખૈબરમાંથી જે મહેસૂલની રકમ આવતી હતી એ પુનિત પત્નીઓમાં વહેંચી દેતા હતા, એમાંથી એક ભાગ હઝરત સફીયા રદી.ને પણ આપતા હતા. લગ્નના દિવસે નબી (સ.અ.વ.) સાહેબે જયારે હઝરત સફિયા રદીના ચહેરા પરના નિશાન વિશે પૂછ્યું તો એમણે જણાવ્યું હતું કે જ્યારે સ્વપ્નમાં એમણે જોયું કે મદીનામાંથી ચંદ્ર એમના ખોળામાં આવીને પડ્યો અને આ સ્વપ્ન એમણે એમના પતિને કહ્યુ તો એણે એમને થપ્પડ મારીને કહ્યું હતું કે 'શું તમે હિજાઝના શાસક મુહમ્મદ (સ.અ.વ.)ને મળવા માંગો છો ?"

હઝરત સફીયા રદી સુંદર, બુદ્ધિશાળી, સજ્જન, શૂરવીર, ઉદાર અને ચુસ્ત મુસ્લિમ હતા. તેઓ બીજી પુનિત પત્નીઓની જેમ જ્ઞાન અને શ્રેષ્ઠતામાં આગવું સ્થાન ધરાવતા હતા. દૂર દૂરથી લોકો એમની પાસે મસાઈલ લઈને આવતા અને તેઓ એમના જવાબ આપતા. શિષ્ટાચારમાં એમનું સ્થાન ખૂબ ઉચ્ચ હતું. પોતાની હયાતીમાં જ એમણે પોતાનું મકાન દાનમાં આપી દીધું હતું. એમણે સોનાની કાનની બુટ્ટીઓ પયગમ્બર(સ.અ.વ.) સાહેબના પુત્રી હઝરત ફાતેમા ઝહરા રદી.ને આપી દીધી હતી. જયારે વિદ્રોહીઓએ હઝરત ઉસ્માન રદી.ના ઘર ફરતે ઘેરો નાખ્યો હતો ત્યારે તેઓ હઝરત ઉસ્માનને ભોજન આપવા પહોંચી ગયા હતા, પરંતુ એમને આમ કરવાની મનાઈ કરવામાં આવી તો એમણે પોતાના ઘરથી હઝરત ઉસ્માન રદી.ના ઘર સુધી એક લાકડાના પાટિયા પરથી ખાણું અને પાણી પહોંચાડ્યા હતા.(ઈબ્ને સા'દ, ૮,૧૨૮). પુનિત પત્નીઓમાં કેટલીક બાબતોમાં ઈર્ષ્યાના કારણે બે જૂથ પડી ગયા હતા, તેઓ હ.આયશા રદી.ના જૂથમાં હતા. (બુખારી,હિબા,૮).વાસ્તવમાં નબી (સ.અ.વ.) સાહેબના મધના શરબત વિશેના પ્રસંગમાં હઝરત આયશા રદી.જે કહેવા માંગતા હતા એ હઝરત સફીયા રદી.એ કહ્યા હતા અને એ કારણે સુરહ તહરીમની પ્રારંભિક આયતો અવતરિત થઈ હતી. (બુખારી,હિયેલ,૧૨).હઝરત સફિયા રદી યહૂદી કુટુંબમાંથી આવ્યા હતા એ બાબતે પુનિત પત્નીઓમાં ઘણી ચર્ચાઓ થતી હતી.(ઈબ્ન માજાહ,નિકાહ,૫૦).જો બીજી પુનિત પત્નીઓ એમના યહૂદી કૂળ વિશે વાત કરે તો નબી (સ.અ.વ.) સાહેબે એમને કહ્યું હતું કે તમારે જવાબ આપવો કે તમે મારાથી બહેતર કેવી રીતે થયા ? મારા પતિ મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ, પિતા હ.હારૂન અ.સ. અને કાકા હ.મુસા અ.સ છે ! રિવાયત છે કે હુઝુર (સ.અ.વ.) સાહેબની આખરી બીમારી વખતે હઝરત સફીયા રદીએ પોતાનું દુ:ખ દર્દ આ શબ્દોમાં છતું કર્યું હતું કે 'કાશ, આપ(સ.અ.વ.) સાહેબની જગ્યાએ હું હોત' આ સાંભળી હુઝુર (સ.અ.વ.) સાહેબે બીજી પુનિત પત્નીઓને કહ્યું હતું કે સફીયા રદીની વાતમાં સચ્ચાઈ અને નિખાલસતા છે.

હઝરત સફીયા રદી.નું રમઝાન હિસ ૫૦/ઓક્ટોબર ૬૭૦ કે હિસ ૫૨/ સપ્ટેમ્બર ૬૭૨માં મદીનામાં અવસાન થયું. એમની જનાઝાની નમાઝ હઝરત મુઆવિયા બિન સુફિયાન રદી (કે હઝરત સઈદ ઈબ્ને આસ રદી)એ પઢાવી હતી. એમને જન્નતુલ બકીમાં દફનાવવામાં આવ્યા. હઝરત સફીયા રદી.એ પોતાની એક લાખ દિરહમની મિલકતનો ત્રીજો ભાગ પોતાના બિન મુસ્લિમ/યહૂદી ભાણિયાને આપવાની વસીયત કરી હતી. મદીનામાં એમના મકાનને હઝરત મુઆવિયા રદી.એ એક લાખ એંસી હજાર દિરહમમાં ખરીદી લીધું હતું. એમણે રિવાયત કરેલી લગભગ દસ હદીસો હદીસ સંગ્રહોમાં ઉપસ્થિત છે.

Email. :-msaeed181@gmail.com
(મો. ૯૬૨૪૦૪૬૬૭૭)

(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)

# ગાઝામાં ઈઝરાયેલી નરસંહાર મુદ્દે રિયાધ સમિટ : અરબ તાનાશાહીનો વિશ્વાસઘાત અને તેમની રાજકીય નાદારી

ઈઝરાયેલે ગાઝા પર હુમલા શરૂ કર્યા તેને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે અને તેના અવિરત બોમ્બ ધડાકામાં ઈઝરાયેલે ગાઝા પર ૮૫,૦૦૦ ટનથી વધુ વિસ્ફોટકો છોડ્યા છે જેમાં અંદાજે ૨,૦૦,૦૦૦ પેલેસ્ટીનીઓ (જેમાં ૭૦% મહિલાઓ અને બાળકો) માર્યા ગયા છે અને આ એન્ક્લેવ કબ્રસ્તાનમાં ફેરવી નાખવામાં આવ્યું છે. સઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને એક બેઠક બોલાવી હતી જે ૧૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ રિયાધમાં આરબ-ઈસ્લામિક સમિટ હતી. આ દેખીતી રીતે ગાઝા અને લેબેનોનમાં ઈઝરાયેલના નરસંહારને સંબોધવા માટે, આરબ વિશ્વના તાનાશાહી અને અન્ય ઈસ્લામિક રાષ્ટ્રોના ચૂંટાયેલા નેતાઓને એકસાથે લાવ્યા હતા તેમ છતાં, આ મીટિંગની સ્પષ્ટ વક્રોક્તિ સ્પષ્ટ હતી: સઉદી અરેબિયા, ઈજિપ્ત, જોર્ડન અને યુએઈ સહિત આમાંના ઘણા આરબ રાષ્ટ્રોએ આંખ આડા કાન કરીને અથવા મૌન ટેકો આપીને ઈઝરાયેલને પેલેસ્ટીનીઓની હત્યા કરવાની સુવિધા આપી હતી. અપેક્ષા મુજબ, આ સમિટ નરસંહારને રોકવા માટે કોઈ નક્કર પગલાં લેવામાં નિષ્ફળ રહી છે. તેના બદલે, તેના સહભાગીઓએ ક્રિયા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયને માત્ર પરિચિત અપીલો જ જારી કરી છે.

**સઉદી ક્રાઉન પ્રિન્સ દ્વારા નિંદા**

તેમની શરૂઆતની ટિપ્પણીમાં, સઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓના નરસંહારને તાત્કાલિક સમાપ્ત કરવાની માંગ કરી હતી, અને આ અભિયાનને તેઓએ પ્રથમ વખત "નરસંહાર" તરીકે લેબલ કર્યું હતું. જો કે, તેઓએ ઈઝરાયેલની ક્રિયાઓ માટે છૂટ આપવામાં સઉદી નેતૃત્વની ભાગીદારીને નકારી કાઢી હતી. ગાઝા, લેબેનોન અને સીરિયાને માનવતાવાદી સમર્થન માટે સ્પષ્ટ હાકલ સાથે આ સમિટનું સમાપન થયું અને તેઓએ માત્ર ઈઝરાયેલી આક્રમણની નિંદા કરી. ઈઝરાયેલને જવાબદાર ઠેરવવા માટેની કોઈપણ કાર્યવાહી અથવા તો યોગ્ય યોજનાનો નોંધપાત્ર રીતે અભાવ હતો.

**ઈજિપ્તની નિંદાત્મક ભૂમિકા**

ઈજિપ્તના પ્રમુખ અબ્દેલ ફત્તાહ અલ-સીસી, જે ૨૦૧૩ના બળવા પછી યુ.એસ., ઈઝરાયેલ અને ગલ્ફ રાજયના હિતોના ગઠબંધન દ્વારા તેમના દેશમાં પ્રમુખ તરીકે સ્થાપિત કરવામાં આવ્યા હતા. તેમણે ઈજિપ્તની પ્રથમ લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારને ઉથલાવી દીધી હતી, તેમણે ગાઝા પરના યુદ્ધને નરસંહાર તરીકે સ્પષ્ટપણે વર્ણવવાનું ટાળ્યું હતું. તેમણે માત્ર "નાગરિકોની ઈરાદાપૂર્વકની હત્યા"ની નિંદા કરી, અને સીસીએ ઈજિપ્તવાસીઓ અથવા પેલેસ્ટીનીઓના કલ્યાણ માટે તેમના શાસન માટે યુએસ, ઈઝરાયેલ અને ગલ્ફ સમર્થન મેળવવાને સતત પ્રાથમિકતા આપી છે. તેમની સરકારે ગાઝા પર ક્રૂર નાકાબંધી લાદવા, વસ્તીને ભૂખે મરવા અને તેમને આવશ્યક માનવતાવાદી સહાય નકારવા માટે ઈઝરાયેલ સાથે સહકાર આપ્યો છે.

**પ્રતિકારના અવાજો**

ઘણા આરબ નેતાઓના મૌન પ્રતિભાવોથી વિપરીત, સમિટમાં કેટલાક નેતાઓ ઈઝરાયેલી આક્રમણ વિરુદ્ધ ભારપૂર્વક બોલ્યા હતા. તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ એર્દોગાને પશ્ચિમી રાષ્ટ્રો પર ઈઝરાયેલને રાજકીય, આર્થિક, લશ્કરી અને નૈતિક ટેકો પૂરો પાડવાનો આરોપ મૂક્યો હતો જ્યારે મુસ્લિમ દેશોની પર્યાપ્ત જવાબ આપવામાં નિષ્ફળતાની ટીકા કરી હતી. એર્દોગને ગાઝામાં માનવતાવાદી સહાયને મંજૂરી આપવાના ઈઝરાયેલના ઈન્કાર અંગે પણ વાત કરી હતી અને ઈજિપ્તમાં મહિનાઓથી પુરવઠો અટવાયેલો છે. મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમે ઈઝરાયેલની સખત નિંદા કરી, તેના અનિયંત્રિત આક્રમણને સમાપ્ત કરવા માટે નિર્ણાયક પગલાં લેવાની હાકલ કરી. તેમણે યુનાઈટેડ નેશન્સમાંથી ઈઝરાયેલને હાંકી કાઢવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને લેબેનોન, ઈરાક, ઈરાન, યમન અને સીરિયામાં ઈઝરાયેલના હુમલાઓને



**સઉદી અરેબિયાના રિયાધમાં આયોજિત સંયુક્ત કટોકટી સત્રમાં બે બ્લોકના ૫૭ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો**

કારણે વ્યાપક પ્રાદેશિક અસ્થિરતા અંગે ચેતવણી આપી હતી.

**નરસંહાર : આરબ ઓટોક્રેટ્સની ભૂમિકા**

"આરબ ઓટોક્રેટ્સે ઈઝરાઈલના ગાઝા નરસંહારને કેવી રીતે સક્ષમ બનાવ્યું" શીર્ષક હેઠળ, કટારલેખક મેગેદ મન્સૂરે આરબ શાસનની જટિલતાને પ્રકાશિત કરી છે. મન્સૂરના મતે, આરબ વિશ્વમાં નિરંકુશ રાજયોનું અસ્તિત્વ હવે યુએસ અને ઈઝરાયેલના સમર્થન પર નિર્ભર છે, જે તેમને ઈઝરાયેલી આક્રમણને પડકારવામાં અસમર્થ બનાવે છે. આરબ સ્પ્રિંગના સામૂહિક બળવાએ આ શાસનોને નબળું પાડ્યું છે, તેમને ઈઝરાયેલના વ્યૂહાત્મક હિતોને પ્રાધાન્ય આપતી બાહ્ય સત્તાઓ સાથે ગાઢ જોડાણ કરવા દબાણ કર્યું છે.

મન્સૂરે દલીલ કરી હતી કે આ ગતિશીલતા સાથે આરબ રાજયોએ ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીન અને લેબનીઝ નાગરિકોના નરસંહાર માટે સુવિધા આપી છે. યુનાઈટેડ સ્ટેટ્સ, જેણે ૮ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ગાઝા યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈઝરાયેલને $૧૭.૯ બિલિયનથી વધુની સહાય પૂરી પાડી છે, તેણે સત્તાના અસંતુલનને વધુ સંકટ ઊભું કર્યું છે. આ ભંડોળ ઈઝરાયેલના નરસંહાર યુદ્ધને સમર્થન આપે છે, જેમાં આરબ નેતાઓ અર્થપૂર્ણ પ્રતિકાર કરવામાં નિષ્ફળ રહીને ગાઝાના વિનાશમાં સામેલ છે.

**ઈજિપ્તની ઈઝરાયેલ પર નિર્ભરતા**

ઈજિપ્ત, સૌથી વધુ વસ્તી ધરાવતું આરબ રાજય છે અને ગાઝાની સરહદે આવેલ એકમાત્ર રાષ્ટ્ર છે, અને તે આરબ નેતૃત્વના પતનનું ઉદાહરણ છે. તેની વ્યૂહાત્મક સ્થિતિ હોવા છતાં, આ સંઘર્ષમાં ઈજિપ્તની ભૂમિકા યુએસ અને ઈઝરાયેલી સમર્થન પર તેની નિર્ભરતા છે. ૨૦૧૩ના બળવાથી, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ સીસી સાથે ગાઢ સંબંધો કેળવ્યા છે, તેઓને રાજકીય પીઠબળ પૂરું પાડ્યું છે અને સુરક્ષા સહકારને વધુ ગાઢ બનાવ્યો છે. તેના બદલામાં, ઈજિપ્તે ગાઝાની નાકાબંધી કરવાની સુવિધા આપી છે, કૈરોની મંજૂરી સાથે સિનાઈ દ્વીપકલ્પમાં ઈઝરાયેલી હવાઈ હુમલાને પણ મંજૂરી આપી છે. આ જોડાણ એક વ્યાપક વલણને પ્રતિબિંબિત કરે છે: આરબ શાસનોએ પેલેસ્ટીની અધિકારોની રક્ષા કરવાની તેમની જવાબદારી છોડી દીધી છે. તેના બદલે, તેઓ તેમના પોતાના અસ્તિત્વને પ્રાથમિકતા આપે છે, ઘણીવાર તેમના પોતાના નાગરિકોને પણ પેલેસ્ટીનીઓ સામે ઈઝરાયેલની હિંસાનો વિરોધ કરતાં અટકાવવામાં આવે છે.

**પશ્ચિમી દંભ અને મુસ્લિમ એકતાની નિષ્ફળતા**

તુર્કીના એર્દોગન અને મલેશિયાના અનવર ઈબ્રાહિમ, બંનેએ ઈઝરાયેલના અચૂક સમર્થન માટે પશ્ચિમી દેશોની ટીકા કરી હતી. એદોર્ગને નોંધ્યું હતું કે પશ્ચિમી દેશોએ ઈઝરાયેલને માત્ર સૈન્ય અને આર્થિક મદદ જ નથી આપી પરંતુ તેના અત્યાચારો માટે તેને નૈતિક આવરણ પણ આપ્યું છે. અનવરે મુસ્લિમ દેશોને તેમના આંતરિક વિભાજનને દૂર કરવા અને કટોકટીનો નિર્ણાયક જવાબ આપવા હાકલ કરી હતી. જો કે, આ સમિટમાં મુસ્લિમ એકતાની નિષ્ફળતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આરબ નિરંકુશ, શાસન અસ્તિત્વ દ્વારા સંચાલિત, ઈઝરાયેલની સંસ્થાનવાદી મહત્વાકાંક્ષાઓ સામે પ્રતિકારની કોઈપણ નિશાની દેખાતી નથી. તેમની નિષ્ક્રિયતાએ ઈઝરાયેલ અને તેના પશ્ચિમી સાથીઓને પ્રોત્સાહન આપ્યું છે, જેનાથી પેલેસ્ટીનીઓને અર્થપૂર્ણ સમર્થન વિના નરસંહારનો સામનો કરવો પડી રહ્યો છે.

**આ કટોકટીને કાયમી બનાવવામાં યુ.એસ.ની ભૂમિકા**

યુએસ પ્રમુખ જો બાઈડેનનું ઈઝરાયેલ માટે સમર્થન એ રિયાધ સમિટની ગંભીર પૃષ્ઠભૂમિ હતી. મીટિંગના બે દિવસ પછી, બાઈડેને વ્હાઈટ હાઉસમાં ઈઝરાયેલી પ્રમુખ આઈઝેક હરઝોગનું સ્વાગત કર્યું, અને ઈઝરાયેલ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. ઈઝરાયેલી આક્રમકતાનું આ સમર્થન કટોકટીને કાયમી બનાવવામાં યુ.એસ.ની સંડોવણીને રેખાંકિત કરે છે. આરબ શાસન, તેમના રાજકીય અસ્તિત્વ માટે યુ.એસ.ના સમર્થન પર નિર્ભર છે, અને તેઓ ઈઝરાયેલના નરસંહારના અભિયાનમાં સાથી બની ગયા છે. આ નિર્ભરતા આરબ વિશ્વની શરમજનક સ્થિતિને પ્રકાશિત કરે છે, જ્યાં તાનાશાહી રાજાઓ પેલેસ્ટીનીઓના અધિકારો અને જીવન કરતાં પશ્ચિમી સત્તાઓ સાથેના તેમના સંબંધોને પ્રાથમિકતા આપે છે.

**વિશ્વાસઘાત અને દંભ**

રિયાધ સમિટ, આરબ નેતાઓમાં વિશ્વાસઘાત અને દંભ જાહેર કરે છે. ગાઝામાં ઈઝરાયેલના નરસંહાર સામે નિર્ણાયક રીતે કાર્ય કરવામાં તેમની નિષ્ફળતા તેમના ઈસ્લામિક સિદ્ધાંતોના ત્યાગ અને ન્યાય માટેની તેમની લોકોની આકાંક્ષાઓને દર્શાવે છે.

આ વિશ્વાસઘાતના આ પ્રદેશ માટે લાંબા ગાળાના પરિણામોની શક્યતા દર્શાવે છે. ઈઝરાયેલ અને યુ.એસ. સાથે પોતાને સંરેખિત કરીને, આરબ તાનાશાહીઓએ તેમની વસ્તીને અલગ કરી દીધી છે અને ભાવિ અસ્થિરતાના બીજ વાવ્યા છે. પેલેસ્ટીનીઓની સામૂહિક કતલ અને આરબ શાસનની મિલીભગત મુસ્લિમ વિશ્વના ઈતિહાસ પર એક ડાઘ બની રહેશે. રિયાધ સમિટમાં ગાઝામાં નરસંહારનો અર્થપૂર્ણ રીતે સામનો કરવાની એક તક ચૂકી જવામાં આવી હતી. જયારે એર્દોગન અને અનવર ઈબ્રાહિમ જેવા નેતાઓએ સખત નિંદા કરી હતી, ત્યારે આરબ તાનાશાહીની સામૂહિક નિષ્ક્રિયતામાં તેમના શબ્દોનો કોઈ અર્થ નથી. પશ્ચિમી સત્તાઓ પર તેમના અવલંબન સાથે જોડાયેલા આ શાસનોએ પેલેસ્ટીનની રક્ષા કરવાની તેમની જવાબદારી છોડી દીધી છે.

પેલેસ્ટીનીઓએ અકલ્પનીય દુઃખ સહન કરવું પડી રહ્યું છે, ત્યારે રિયાધ સમિટને તેમના માટે આશાના કિરણ તરીકે નહીં પરંતુ વિશ્વાસઘાત અને રાજકીય નાદારીના પ્રતીક તરીકે યાદ કરવામાં આવશે. આરબ નેતાઓ તેમના લોકો, તેમના ધર્મ અને પેલેસ્ટીની દાવાને નિષ્ફળ બનાવે છે, અને આ પ્રદેશને વધુ શોષણ અને હિંસા માટે સંવેદનશીલ બનાવે છે અને તેમની આ નિષ્ક્રિયતા વિશ્વ જોઈ રહ્યું છે.

**- લતીફ ફારૂક (સૌ. : મુસ્લિમ મિરર)**

# ભારતીયો કેનેડામાં જન્મ પ્રવાસન ચલાવી રહ્યા છે ? જાણો સત્ય શું છે

**વાયરલ થયેલા એક વીડિયોમાં કેનેડિયન નામના એક વ્યક્તિએ દાવો કર્યો છે કે ભારતીય મહિલાઓ પ્રસૂતિ માટે કેનેડાની હોસ્પિટલોમાં આવી જાય છે અને તેનો ઉદ્દેશ્ય નવજાત શિશુને કેનેડિયન નાગરિકતા મળે તે હેતુ માટેની આ ઘટનાને 'જન્મ પ્રવાસન' કહેવામાં આવે છે.**

વાયરલ થયેલા એક વીડિયોમાં એક કેનેડિયનએ દાવો કર્યો છે કે, ગર્ભવતી ભારતીય મહિલાઓથી કેનેડાની બર્થ ક્લિનિક્સ અને હોસ્પિટલોમાં ભરાઈ રહી છે. ચાડ ઈરોસ નામના X યુઝરે એમ પણ કહ્યું હતું કે, ભારતીય મહિલાઓ પોતાના નવજાત બાળક અને બાળકના માવતરને કેનેડિયન નાગરિકતા મળે તે હેતુથી તેના બાળકને કેનેડામાં જન્મ આપવા કેનેડા આવે છે. ચાડ ઈરોસે, ક્લિનિકમાં તેની બહેનના અનુભવની પણ ચર્ચા કરી હતી. બર્થ ટુરિઝમ તરીકે ઓળખાતી આ ઘટના છેલ્લાં ૫-૬ વર્ષથી હોટ-બટન ઈશ્યૂ છે. કેનેડાની સંસદમાં પણ આ બાબતના પડઘા પડ્યા છે. પરંતુ શું ભારતીયો ખરેખર કેનેડામાં જન્મ પ્રવાસન ચલાવી રહ્યા છે ખરાં? X વપરાશકર્તા ચાડ ઈરોસે જણાવ્યું હતું કે, "સગર્ભા ભારતીય મહિલાઓ, અહીના કરદાતાઓના ખર્ચે, કેનેડામાં પોતાના બાળકને મફત જન્મ આપીને નવજાત શિશુને કેનેડિયન નાગરિકત્વ મળી રહે તે માટે જ કેનેડામાં ઉડાન ભરી રહી છે. આજે રાત્રે મારી ભત્રીજીએ એક બાળકને જન્મ આપ્યો હતો. મારી બહેન મારા પહેલાં દાદા દાદી બની ગયા છે. અભિનંદન! હોસ્પિટલની નર્સે મારી ભત્રીજીને કહ્યું કે, હાલમાં પ્રસૂતિ વોર્ડ ભારતીય મહિલાઓથી ભરેલો છે. આ મહિલાઓએ કેનેડિયન નાગરિકત્વ ધરાવતું બાળક મેળવવા માટે કેનેડા આવી હતી. જ્યારે કેનેડામાં જન્મેલું તેમનું ભારતીય બાળક મોટું થશે, ત્યારે તે એક કેનેડિયન નાગરિક તરીકે કેનેડા આવશે, પછી તે તેના માતા-પિતા અને ભાઈ-બહેનોને સ્પોન્સર કરશે અને આખા પરિવારને કેનેડા બોલાવી લેશે. હું શરત લગાવવા તૈયાર છું કે કેનેડિયન કરદાતાના ખર્ચે આ બધા લોકોને બધું જ મફતમાં મળશે." જોકે પાછળથી, એક અલગ પોસ્ટમાં, ચાડે સ્પષ્ટ કર્યું કે, માત્ર ભારતીયો જ કેનેડામાં જન્મ પ્રવાસન માટે આવતા નથી. પરંતુ સવાલ એ છે કે શું ભારતીયો પણ ઈમિગ્રન્ટ્સનો મોટો વર્ગ બનાવે છે જેઓ જન્મ પ્રવાસન માટે કેનેડા જાય છે?

**● ડ્રીમ ડેસ્ટિનેશનથી બર્થ ડેસ્ટિનેશન તરફનું સપનું છે?**

આ વીડિયો કેનેડા જુસ સોલીને અનુસરતું હોવાને કારણે આવ્યો છે. જેનો અર્થ થાય છે જન્મસિદ્ધ અધિકાર દ્વારા નાગરિકતાનો સિદ્ધાંત. પરંતુ ઘણા કેનેડિયનો માને છે કે, 'જન્મ પ્રવાસન' તેમના માટે આરોગ્યસંભાળ પ્રણાલીને તાણ આપે છે. આ ઘટનામાં, વિવિધ દેશોની મહિલાઓ તેમની પ્રસુતિ કરાવવા કેનેડા આવે છે અને બાળકના જન્મ પછી તેમના બાળકો સાથે તેમના વતન પરત જાય છે. ઘણા કેનેડિયનોનું માનવું છે કે, તે એક પ્રકારનો ચેક છે કે વિદેશીઓ પછીથી રોકડ કરી લેશે. ઑન્ટારિયો, ક્વિબેક અને બ્રિટિશ કોલંબિયાની ઘણી હોસ્પિટલોએ આ ઘટનાની સાક્ષી છે. તે ખર્ચાળ બાબત છે, જેની કિંમત લગભગ ૩૦,૦૦૦ $ છે. ધ ફિફ્થ એસ્ટેટના અહેવાલ મુજબ, કેનેડામાં જન્મની હોટેલો આ પ્રકારની ગોઠવણ કરી આપે છે. આ હોટલો, આ મહિલાઓને સરહદો પર કોઈ પ્રકારની સમસ્યા ના નડે તેનું પણ ધ્યાન રાખે છે. પરંતુ ઘણા લોકો પોતાના સુરક્ષિત ભવિષ્ય અને કેનેડિયન નાગરિકતા માટે આમ કરતા હોય છે. ૨૮ વર્ષની ફ્લાઈટ એટેન્ડન્ટ, ચીનની મેલોડી બાઈએ ન્યૂયોર્ક ટાઈમ્સને કહ્યું, "આ મારા બાળકના શિક્ષણમાં રોકાણ છે. અમે તેના જન્મ માટે કેનેડાને તેના બહેતર કુદરતી અને સામાજિક વાતાવરણને કારણે પસંદ કર્યું હતું." જ્યારે જન્મ પ્રવાસન પ્રચલિત થયું છે, ત્યારે અહીં આપણે જોઈએ કે કેનેડા જતા ભારતીયો અંગે કોઈ ડેટા છે કે કેમ.

**● ચીનના પ્રી-પેન્ડેમિક બર્થ પ્રવાસીઓ**

પોલિસી ઓપ્શન્સના અહેવાલે દર્શાવ્યું છે કે, કેવી રીતે ચાઈનીઝ નાગરિકોના મુલાકાતી વિઝા રોગચાળા સુધી સૌથી વધુ હતા. એનવાયટી રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, વાનકુવરની બહારના એક શહેર રિચમોન્ડમાં રોગચાળા પૂર્વે ૨૦૦,૦૦૦ ચાઈનીઝ રહેવાસીઓ હતા. જન્મ પ્રવાસનના



**ઘણી સ્ત્રીઓ ફક્ત પોતાના બાળકને જન્મ આપી તેને કેનેડિયન નાગરિકત્વ મળી રહે તે માટે કેનેડામાં પ્રવેશ મેળવે છે. આને 'બર્થ ટુરિઝમ' કહેવાય છે**

પૂર્વ મહામારીના કેન્દ્ર, રિચમન્ડ હોસ્પિટલમાં બાળકોના જન્મના પાંચમા ભાગનો જન્મ બિન-નિવાસી માતાઓ દ્વારા આપવામાં આવ્યો હતો. રિચમન્ડમાં સંસદના લિબરલ સભ્યએ પણ આ પ્રવાસન સામે વાંધો ઉઠાવીને તેને અનૈતિક ગણાવ્યું હતું. ફિફ્થ એસ્ટેટ દ્વારા એક અહેવાલ દર્શાવે છે કે, આ ભ્રમણા ઘણા કેનેડિયનો દ્વારા શેર કરવામાં આવી છે. પરંતુ રોગચાળા પહેલાના અહેવાલમાં, કેનેડામાં જન્મ પ્રવાસના પ્રાથમિક લાભાર્થીઓ ચીની નાગરિકો હતા. કેટલીક જન્મ હોટલ અને તેમની વેબસાઈટ્સ પણ તેને પ્રોત્સાહિત કરે છે. જ્યારે એક પત્રકારે આ હોટલોને ફોન કર્યો ત્યારે તેને કહેવામાં આવ્યું હતું કે તેનું બાળક વધુ સારું શિક્ષણ મેળવી શકશે અને તે પણ કેનેડાની નાગરિકતા મેળવી શકશે. પરંતુ હાલ ચીનનો આ ટ્રેન્ડ અટકી ગયો છે.

**● પોસ્ટ-પેન્ડેમિક નાઈજીરિયન જન્મ પ્રવાસીઓ**

જન્મ પ્રવાસન માટે નાઈજિરિયનોનો પ્રવેશ ચાલુ રહ્યો છે. ૨૦૧૯-૨૦માં, એક અભ્યાસ દર્શાવે છે કે અલબર્ટાના શહેર કેલગરીમાં જન્મ આપનારી બિન-નિવાસી મહિલાઓમાંથી ચોથા ભાગની મહિલાઓ નાઈજિરિયન હતી. બાયોમેડિકલ હેલ્થ સર્વિસિસ, કેનેડાના ડેટા દ્વારા પણ આની પુષ્ટિ કરવામાં આવી હતી. અહેવાલમાં ચર્ચા કરવામાં આવી હતી કે લગભગ ૨૪.૫% જન્મ પ્રવાસીઓ નાઈજીરીયાના હતા. કેનેડા આવવાનું તેમનું પ્રાથમિક કારણ નવજાત કેનેડિયન નાગરિકત્વ હતું. અહેવાલમાં એ પણ ચર્ચા કરવામાં આવી છે કે બીજા અને ત્રીજા સૌથી મોટા જૂથો મધ્ય પૂર્વ અને ચીન છે. રિપોર્ટમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે જન્મ પ્રવાસન, જે કોવિડ વર્ષો દરમિયાન ઘટી ગયું હતું, તે પૂર્વ રોગચાળાના સ્તરે પાછું ફરી રહ્યું હતું. કેનેડામાં જન્મ આપનારા વિદેશીઓની સંખ્યામાં ૨૦૨૨માં ૫૩%નો વધારો જોવા મળ્યો હતો. રિચમન્ડ ન્યૂઝે અહેવાલ આપ્યો હતો કે, ૨૦૨૩માં પણ આવી નવી માતાઓની સંખ્યામાં વધારો થયો છે. કેનેડાએ કુલ ૩,૫૭૫ બિન-નિવાસી જન્મો જોયા હતા.

**● શું ભારતીયોએ સૌથી વધુ જન્મ-પ્રવાસીઓ બનાવ્યા છે**

અહીં તેનો જવાબ છે. બ્રિટિશ કોલંબિયામાં રોગચાળા પછી બિન-નિવાસી જન્મોમાં ઘટાડો જોવા મળ્યો હતો. આ ચીનમાં મુસાફરી પ્રતિબંધો અને અહીં સૌથી વધુ ઈમિગ્રન્ટ વસ્તીને કારણે છે. અગાઉ, હોટલોમાં ૨૪% લોકો ચીનના નાગરિકો હતા, પરંતુ હવે તેમાં ઘટાડો થયો છે. નાગરિકતા અને બહુસાંસ્કૃતિકતાના પૂર્વ ડિરેક્ટર એન્ડ્રુ ગ્રિફિથે કહ્યું કે, "તમે જુઓ છો તેમ રિચમોન્ડમાં, ચીની નાગરિકોને આપવામાં આવેલા વિઝાની સંખ્યામાં ઘટાડો થયો છે, તેથી હવે રિચમોન્ડ પણ હવે એપીસેન્ટર રહ્યું નથી; તે હવે ટોરોન્ટોની હોસ્પિટલોમાંની એક છે."

**● શું ભારતીયો બહોળી સંખ્યામાં જન્મ પ્રવાસીઓ બન્યાં છે ?**

કેનેડામાં ભારતીયો જન્મ પ્રવાસીઓની સંખ્યામાં વધારો નથી કરી રહ્યાં. જો તેઓ બ્રિટિશ કોલંબિયાના બીજા સૌથી મોટા જૂથ તરીકે એમ કરે, તો પ્રાંતમાં ઘટાડો જોવા મળ્યો ન હોત. કેનેડામાં ભારતીય જન્મ-પ્રવાસીઓને સમસ્યા તરીકે અન્ય કોઈ ડેટા અથવા ટુરિસ્ટ રિપોર્ટ્સ નથી. આ મુદ્દે જસ્ટિન ટ્રુડો સરકારે, જન્મ પ્રવાસન ઘટાડવાનું વચન આપ્યું છે. ગ્રિફિથે જણાવ્યું હતું કે, "ઈમિગ્રેશનમાં વર્તમાન અને આયોજિત વધારાને જોતાં, તે ખૂબ જ અસંભવિત છે કે સરકાર કાર્ય કરશે કારણ કે ૨૦૨૫ સુધીમાં ૫૦૦,૦૦૦ના એકંદર ઈમિગ્રેશનની સરખામણીમાં સંખ્યાઓ એક રાઉન્ડિંગ ભૂલ છે." પરંતુ જન્મ પ્રવાસને નિયંત્રિત કરવા માટેના કડક પગલાંને સમર્થન વધુ છે. એક મતદાન દર્શાવે છે કે, રિચમન્ડમાં ૬૪% લોકોએ તેની તરફેણમાં મતદાન કર્યું અને ૬૦% લોકોએ કેનેડામાં નાગરિકતા કાયદામાં ફેરફાર કરવા માટે પણ કહ્યું હતું. કેલગરીના પ્રસૂતિશાસ્ત્રી સ્ત્રીરોગવિજ્ઞાની ડૉ. કોલિન બિર્ચે સીબીસીને જણાવ્યું હતું કે, "મને લાગે છે કે આપણે તેને સંબોધવાની જરૂર છે. આપણે નક્કી કરવાની જરૂર છે કે આપણે આનો સંપર્ક કેવી રીતે કરીશું." ચાડ ઈરોસ દ્વારા ઉલ્લેખિત નર્સે જે જોયું હશે તે ભારતીય મૂળની કેનેડિયન મહિલાઓ છે, અને બાળજન્મ માટે કેનેડા જતી ભારતીય મહિલાઓ નથી. જ્યારે ભારતીયો મોટી સંખ્યામાં જન્મ પ્રવાસીઓ બની શકતા નથી, ત્યારે કેનેડામાં હજુ પણ જન્મ પ્રવાસન સમસ્યા છે, જે કેનેડિયનોમાં નારાજગીનું કારણ બની રહી છે.

**- પ્રિયાંજલિ નારાયન (સૌ. : ઈન્ડિયા ટુડે.ઈન)**

# વક્ફ જમીનના વિવાદો : કેરળ અને કર્ણાટકમાં કોમવાદી આગને હવા આપી રહ્યા છે

કેરળ અને કર્ણાટકમાં રહેણાંક અને ખેતીની જમીન પર વક્ફ બોર્ડનો દાવો સ્પષ્ટપણે સાંપ્રદાયિક સંઘર્ષ સાથે આગળ વધી રહ્યો છે. દક્ષિણપંથી, અને ખાસ કરીને ભારતીય જનતા પાર્ટી, આ તકનો ઉપયોગ ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી-માર્કસિસ્ટ (CPI-M) અને કોંગ્રેસ પર ખ્રિસ્તી અને હિંદુ હિતોની વિરુદ્ધમાં કરવા માટેના આરોપો કરવા માટે કરી રહી છે. કેરળમાં વક્ફ જમીનનો વિવાદ રાજકીય ઉથલપાથલ બની ગયો છે, જેમાં ભાજપ શાસક સીપીઆઈ(એમ)ની આગેવાની હેઠળના ડાબેરી ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ) અને વિપક્ષ કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) બંનેને પડકારવા માટે સક્રિયપણે તેનો લાભ લઈ રહ્યો છે. ભાજપે એર્નાકુલમમાં મુનામ્બમ ગામ, વાયપીન ટાપુના સ્થાનિક રહેવાસીઓ માટે વકીલની ભૂમિકા નિભાવી છે, જે મુખ્યત્વે ખ્રિસ્તી માછીમારો છે, જેઓ દલીલ કરે છે કે તેઓએ ૧૯૫૪ વક્ફ કાયદો અમલમાં આવ્યો તે પહેલાં કાયદેસર રીતે જમીન ખરીદી હતી.



કેરળના દરિયાકાંઠાના પ્રદેશમાં સદીઓ જૂની જમીનનું અનુદાન રાજ્યના સૌથી વિવાદાસ્પદ મિલકત વિવાદમાંનો એક બની ગયો છે, જેમાં ધાર્મિક ટ્રસ્ટના કાયદા, ઐતિહાસિક માલિકીના અધિકારો અને સેંકડો પરિવારોના જીવનનો સમાવેશ થાય છે. એર્નાકુલમના વાયપીન ટાપુ પર સ્થિત મુનામ્બમમાં અંદાજે ૪૦૪ એકર જમીન અને ૬૦ એકર બેકવોટર વિવાદ હેઠળ છે, જે આ કેરળની એક અગ્રણી સ્વાયત્ત કોલેજ છે, જે તેના પ્રભાવશાળી શૈક્ષણિક પ્રદર્શન માટે જાણીતી છે. વાયપીન ટાપુ પરની જમીન, જે હાલમાં વિવાદ હેઠળ છે, તે કોલેજને દાનમાં આપવામાં આવેલી મિલકતનો ભાગ હતી.

આ વાર્તામાં નવો વળાંક ૨૦૧૯માં આવ્યો જ્યારે કેરળ વક્ફ બોર્ડે સત્તાવાર રીતે વાયપીન આઈલેન્ડમાં મિલકતની માલિકીનો દાવો કર્યો હતો. આ દાવો ૨૦૦૮ની તપાસમાંથી બહાર આવ્યો હતો, ત્યારબાદ વક્ફ બોર્ડના સભ્ય દ્વારા અતિક્રમણના આક્ષેપો કરવામાં આવ્યા હતા. બોર્ડના નિવેદને વર્તમાન રહેવાસીઓ માટે નોંધપાત્ર અનિશ્ચિતતા ઊભી કરી દીધી છે, જેમાંથી ઘણાએ ૧૯૮૩થી ૧૯૯૩ના દાયકાના વેચાણના સમયગાળા દરમિયાન ચર્ચામાં જોડાયું છે, અને વક્ફ કાયદામાં સુધારાની હાકલમાં પોતાનો ટેકો આપ્યો છે. આ સંઘર્ષથી ઉકેલના સંભવિત માર્ગો સામે આવ્યા છે. કેટલાક સૂચવે છે કે વક્ફ પ્રોટેક્શન ફોરમ તેની અપીલ પાછી ખેંચી શકે છે, જ્યારે વક્ફ બોર્ડ તેના માલિકીનો દાવો છોડી દે છે. અન્ય લોકો સ્થાનિક મુસ્લિમ અને ખ્રિસ્તી સંગઠનો વચ્ચેના સંવાદમાં કોઈ આશા જુએ છે, તેઓ કહે છે કે આંતરધર્મીય સહકાર કાયમી ઉકેલ માટે શ્રેષ્ઠ તક પ્રદાન કરી શકે છે. કેરળ સરકારે ચર્ચાની સુવિધા માટે તેની ઈચ્છા દર્શાવી છે, જો કે તેની સીધી હસ્તક્ષેપ કરવાની ક્ષમતા કાયદાકીય માળખા દ્વારા મર્યાદિત રહે છે.

સૌહાર્દપૂર્ણ સમાધાન સુધી પહોંચવાના સરકારના પ્રયાસોથી વિપરીત, વક્ફ બોર્ડ આ મુદ્દાને ઉકેલવાના મૂડમાં નથી. તેના તાજેતરના પગલામાં, બોર્ડે વાયનાડ જિલ્લાની માનંતવાડી નગરપાલિકામાં પાંચ પરિવારોને ખાલી કરાવવાની નોટિસ જારી કરી છે, જે આ મિલકત પર પોતાનો દાવો દર્શાવે છે. ૧૦ ઓક્ટોબરના રોજ મળેલી ફરિયાદના જવાબમાં નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે વકફની ૫.૭૭ એકર જમીનમાંથી ૪.૭ પર પાંચ પરિવારો દ્વારા અતિક્રમણ કરવામાં આવ્યું છે. આ પરિવારોને ૧૬ નવેમ્બર સુધીમાં સંબંધિત દસ્તાવેજો જમા કરાવવા માટે કહેવામાં આવ્યું છે.

વધુમાં, કેથોલિક યુટ્યુબ ચેનલ પર ફરતો એક વીડિયો દાવો કરે છે કે વક્ફ બોર્ડ હવે કન્નુરના તાલિપરંબામાં આશરે ૨૫૦ કબજાનો આરોપ છે. કોર્ટે જણાવ્યું હતું કે પોસ્ટ ઓફિસ ૧૯૯૯થી મિલકત પર કાર્યરત છે અને ૨૦૧૩ના વકફ કાયદાના સુધારા હેઠળ કાર્યવાહીની જોગવાઈ લાગુ કરી શકાતી નથી. આ ચુકાદો વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા કથિત રૂપે કબજે કરેલી એવી કેટલીક વિવાદિત મિલકતો પર દૂરગામી અસર કરી શકે છે જે મૂળ વકફ બોર્ડની મિલકતો હતી.

**હવે કોઈ મિલકત ખાલી કરવાની નોટિસ નહીં : કર્ણાટકના મુખ્યપ્રધાન**

કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર કેરળમાં LDF જેવી જ સમસ્યાનો સામનો કરી રહી છે, જેમાં વક્ફ બોર્ડ અને કેટલાક જિલ્લાઓમાં વ્યક્તિઓ વચ્ચે જમીનની માલિકી અંગેના વિવાદો છે. ભાજપે ખેડૂતો સામે બહાર પાડવામાં આવેલી નોટિસ સામે રાજ્યવ્યાપી વિરોધ શરૂ કર્યો છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ મહેસૂલ વિભાગના અધિકારીઓને આ નોટિસો તાત્કાલિક પાછી ખેંચી લેવા સૂચના આપી છે. કર્ણાટક વક્ફ બોર્ડે કથિત રીતે ખેતીની જમીનના વ્યાપક વિસ્તારો પર દાવા કર્યા છે, જેના કારણે સેંકડો ખેડૂતો મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. કર્ણાટકમાં વકફ મિલકતના વિવાદે વ્યાપક ધ્યાન ખેંચ્યું હતું જ્યારે ભાજપના સાંસદ તેજસ્વી સૂર્યાએ એવો આરોપ લગાવ્યો હતો કે વક્ફ બોર્ડે ઉત્તર કર્ણાટકના વિજયપુરા જિલ્લામાં ૧,૫૦૦ એકર ખેતીની જમીન ખાલી કરાવવા માટે ૨૦,૦૦૦ ખેડૂતોને નોટિસ પાઠવી હતી. જો કે,

**કેરળ અને કર્ણાટક બંને રાજ્યોમાં, વક્ફ બોર્ડ સાથે સંકળાયેલા જમીન વિવાદો સાંપ્રદાયિક સૌહાર્દને ગંભીર અસર કરે તેવી સંભાવના છે**

વિસ્તારના ૬૦૦ પરિવારોને અસર કરે છે જેઓને તેમના જમીનના અધિકારો ગુમાવવાનો ડર છે, જો કે સરકારે ખાતરી આપી છે કે એક પણ પરિવારને નુકસાન થશે નહીં અને કોઈ વિસ્થાપિત થશે નહીં.

**આ વિવાદની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિ**

આ જટિલ વિવાદના મૂળ ૧૯મી સદીની શરૂઆતમાં છે જ્યારે કચ્છી મેમણ તરીકે ઓળખાતા ગુજરાતના કચ્છ પ્રદેશના વેપારીઓ કેરળના કિનારે પહોંચ્યા હતા. આ વેપારીઓમાં અબ્દુલ સત્તાર સેઠ પણ હતા, જેમને ત્રાવણકોર રાજવી પરિવાર તરફથી નોંધપાત્ર જમીન ગ્રાન્ટ મળી હતી. આ ગ્રાન્ટ, જે રાજ્યની વ્યાપક કૃષિ વિકાસ વ્યૂહરચનાનો ભાગ હતી, તે પછીથી આધુનિક વિવાદનું કેન્દ્રબિંદુ બની ગયું છે.

આ મિલકતના ઈતિહાસમાં એક નિર્ણાયક ક્ષણ ૧૯૫૦માં આવી જ્યારે સત્તાર શેઠના વંશજોએ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. તેમના જમાઈ, સિદ્દીક શેઠ અને પિતા, મુસલમાન સેઠે, રજિસ્ટર્ડ ડીડ દ્વારા ફારુક કોલેજ, કોઝિકોડને જમીન દાનમાં આપી દીધી, અને તેને શૈક્ષણિક હેતુઓ માટે નિયુક્ત કરી હતી. આ ડીડમાં ચોક્કસ શરતો હતીઃ જમીનમાંથી પેદા થતી કોઈપણ આવક કૉલેજના વિકાસમાં કામમાં આપશે, અને જો આ સંસ્થા કામ કરવાનું બંધ કરે, તો તે મિલકત સત્તાર શેઠના વારસદારોને પાછી આપવામાં આવશે. ૧૯૪૮માં સ્થપાયેલ ફારૂક કોલેજ, ફારૂક કોલેજમાંથી તેમની જમીન ખરીદી હતી, સરકાર પાસે ઉપલબ્ધ વેચાણ રેકોર્ડ મુજબ, આશરે રૂા.૩૩ લાખની આવક થઈ હતી. દરેક પસાર થતા વર્ષ સાથે આ પરિસ્થિતિ વધુ જટિલ બની રહી છે. આજના રહેવાસીઓ બહુવિધ કેટેગરીમાં છેઃ જેમના પરિવારો ૧૯૫૦ પહેલા આ જમીન પર રહેતા હતા, અન્ય એવા લોકો જેમણે ફારૂક કોલેજમાંથી મિલકત ખરીદી હતી અને કેટલાક એવા લોકો જેઓ ઔપચારિક માલિકીના દસ્તાવેજો વિના સ્થાયી થયા હતા. વક્ફ પ્રોટેક્શન ફોરમ અથવા વક્ફ પ્રોટેક્શન કમિટી દ્વારા મેળવેલ કોર્ટ સ્ટે ઓર્ડર દ્વારા સ્પષ્ટ મિલકત અધિકારો સ્થાપિત કરવાની તેમની ક્ષમતા વધુ જટિલ બની છે, જે તેમને મિલકત વેરો ચૂકવતા અટકાવે છે. મિલકત વેરો ભરવાની આ અસમર્થતાએ તેમના માલિકીના અધિકારોને પડકાર્યા છે.

**આ વિવાદની આસપાસ રાજકારણ શરૂ થયું**

આ વિવાદમાં વિવિધ રાજકીય નેતાઓ અને પક્ષો સામેલ થયા છે. બીજેપી સ્થાનિક રહેવાસીઓ, અને ખાસ કરીને ખ્રિસ્તી અને માછીમારી સમુદાયના લોકો માટે વકફ એક્ટમાં સુધારા માટે દબાણ કરીને તેમની સમર્થક વએડવોકેટ તરીકે ઉભરી આવી છે. દરમિયાન, શાસક CPI(M)ની આગેવાની હેઠળની LDF સરકાર કડક માર્ગે ચાલી રહી છે, તે રહેવાસીઓના હિતોનું રક્ષણ કરવા માટે સમર્થન વ્યક્ત કરી રહી છે, પણ તેમની ક્રિયાઓને બંધનકર્તા કાનૂની અવરોધોને સ્વીકારીને કામ કરી રહી છે. કેથોલિક ચર્ચ પણ આ એકર જમીન તેમજ થાલાસેરી, કન્નુરમાં એક મુસ્લિમ પરિવારની માલિકીની જમીન પર હક જમાવી રહ્યું છે. જેઓ સૌહાર્દપૂર્ણ સમાધાન ઈચ્છે છે તેમના માટે ચિંતાજનક વલણ એ છે કે મિલકત વિવાદ ઘણી જગ્યાએ કોમી તણાવને ઉત્તેજન આપી રહ્યો છે, ખાસ કરીને મુનામ્બમમાં, જ્યાં ૬૦૦ પરિવારો અસરગ્રસ્ત છે. આ વિસ્તારમાં મુખ્યત્વે ખ્રિસ્તી વસ્તી છે. ભાજપની સાથે, CASA (ક્રિશ્ચિયન એસોસિએશન ફોર એલાયન્સ એન્ડ સોશિયલ એક્શન) જેવા ખ્રિસ્તી કટ્ટર જૂથો આ મુદ્દાને કોમી રંગ માટે સક્રિયપણે પ્રયાસ કરી રહ્યાં છે.

**૨૦૧૩નો સુધારો**

આ વિવાદિત વકફ જમીનના કબજેદારોને નોંધપાત્ર રાહત આપતા, કેરળ હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે વકફ અધિનિયમના ૨૦૧૩ના સુધારા પહેલાની સંપત્તિઓ પર કાર્યવાહી કરી શકાતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો, જે સુધારો વધારાની કલમ-કલમ ૫૨Aને ઉમેરે છે તે પૂર્વવર્તી અસર સાથે આવતો નથી. કલમ ૫૨A વકફ બોર્ડની પૂર્વ મંજૂરી વિના જંગમ અથવા સ્થાવર વકફ મિલકતને અલગ કરવા, ખરીદી કરવા અથવા તેના કબજા માટે બે વર્ષ સુધીની સખત કેદની જોગવાઈ કરે છે. ૧૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ, હાઈકોર્ટે વક્ફ બોર્ડ દ્વારા મારિકુન્નુ, કોઝિકોડમાં પોસ્ટ ઓફિસના અધિકારીઓ સામે દાખલ કરવામાં આવેલી ફરિયાદ પર આદેશ જારી કર્યો હતો, જેમાં વકફ મિલકતના ગેરકાયદેસર ઉદ્યોગ મંત્રી એમ.બી. પાટીલે આ દાવાઓને રદિયો આપ્યો હતો, અને એવું કહ્યું હતું કે વક્ફ બોર્ડ દ્વારા કોઈપણ જમીન મોટા પાયે ખાલી કરાવવાની ઝુંબેશ ચાલી રહી નથી. રાજ્યના હાઉસિંગ, વક્ફ અને લઘુમતી બાબતોના મંત્રી બી.ઝેડ. ઝમીર અહેમદ ખાને પણ પુષ્ટિ કરી કે જમીન વિવાદના સંબંધમાં માત્ર ૧૨૪ નોટિસ જારી કરવામાં આવી છે. આ નોટિસોની વાસ્તવિક સંખ્યાને ધ્યાનમાં લીધા વિના, ભાજપે હાલમાં વ્યક્તિઓ, અને મુખ્યત્વે ખેડૂતોના કબજામાં રહેલી જમીન પર વક્ફ બોર્ડના દાવા સામે તેના રાજ્યવ્યાપી વિરોધને વધુ તીવ્ર બનાવ્યો છે.

કેરળ અને કર્ણાટક બંને રાજ્યોમાં, વક્ફ બોર્ડ સાથે સંકળાયેલા જમીન વિવાદો સાંપ્રદાયિક સૌહાર્દને ગંભીર અસર કરે તેવી સંભાવના છે. ઉદાહરણ તરીકે, મુનામ્બમમાં, આ સંઘર્ષને ખ્રિસ્તીઓ વિરુદ્ધ મુસ્લિમ તરીકે દર્શાવવામાં આવે છે, કારણ કે અહીંના મોટાભાગના અસરગ્રસ્તો ખ્રિસ્તીઓ છે. તેવી જ રીતે, કર્ણાટકમાં, આ મુદ્દો વધુને વધુ સાંપ્રદાયિક બની રહ્યો છે, અને સોશિયલ મીડિયાનો ઉપયોગ આવા વિભાજનકારી સંદેશાઓ ફેલાવવા માટે થઈ રહ્યો છે. બંને રાજ્યની સરકારો આ લાંબા સમયથી ચાલતા મુદ્દાને લગતા જટિલ કાયદાકીય મુદ્દાઓ સાથે ઝઝૂમી રહી છે અને આ ક્ષેત્રમાં ભાજપ માટે આ એક રાજકીય તક બની ગઈ છે.

**- શાહિના કે.કે.**

**(સૌ. : આઉટલૂક ઈન્ડિયા)**

# નવેમ્બર ૨૦૨૪માં કથિત ગૌરક્ષકોનો આતંક : સમગ્ર ઉત્તર ભારતમાં કાયદાકીય પરિણામોના ભય વિના ક્રૂર હુમલા

ભારતમાં ગૌરક્ષકોનો આતંક વધી રહ્યો છે અને તે ખતરનાક છે, અને સાંપ્રદાયિક સૌહાર્દ, કાયદાના શાસન અને મૂળભૂત અધિકારો પર તેની ગંભીર અસરો છે. ગાયના જાગ્રત જૂથો, ઘણીવાર રાજકીય સમર્થન અને સામાજિક સ્વીકૃતિ દ્વારા ઉત્સાહિત થઈને ગાયોના રક્ષણની આડમાં તેમની ક્રિયાઓને ન્યાયી ઠેરવે છે, કારણ કે ઘણા હિંદુઓ દ્વારા ગાયને પવિત્ર માનવામાં આવે છે. જો કે, આ ક્રિયાઓમાં વારંવાર હિંસા, ઉત્પીડન અને જાનહાનિ થાય છે, અને ખાસ કરીને આવા હુમલાઓમાં અપ્રમાણસર રીતે મુસ્લિમો અને દલિતોને નિશાન



**દેશમાં હરિયાણાથી લઈને ઉત્તર પ્રદેશ અને પંજાબ સુધી દેશના અનેક ભાગોમાં, શ્રેણીબદ્ધ હિંસક ઘટનાઓ એ કથિત ગૌરક્ષક જૂથોના અનિયંત્રિત ઉદયને દર્શાવે છે, જેમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાય પર વધતા જતાં હુમલાઓ અને આવી હિંસા માટે કાયદાના અમલીકરણની ભાગીદારી જવાબદાર છે**

બનાવવામાં આવે છે. આવી ઘટનાઓ માત્ર સામાજિક સમન્વયને જ ખલેલ પહોંચાડતી નથી પરંતુ તે પોલીસની મિલીભગત, કાયદાકીય છટકબારીઓ અને કોઈપણ પ્રકારની જવાબદારીનો અભાવ સહિત પ્રણાલીગત નિષ્ફળતાઓ પણ દર્શાવે છે. નવેમ્બર ૨૦૨૪માં સમગ્ર ઉત્તર ભારતમાં, ખાસ કરીને હરિયાણા, ઉત્તર પ્રદેશ અને પંજાબ રાજ્યમાં ગાયની જાગ્રતતાના કેસો જોવા મળ્યા હતા, અને દરેક તેની પોતાની નિર્દયતા અને કાયદાકીય ધોરણોની અવગણના દ્વારા થયેલ છે. જાહેર ઉત્પીડન અને હુમલાઓથી લઈને કસ્ટડીમાં થતાં મૃત્યુ સુધી, આવી ઘટનાઓ લક્ષિત હિંસાની ગંભીર પેટર્નને રેખાંકિત કરે છે. આ ઘટનાઓની વિગતો નીચે આપવામાં આવી છે.

**દેશના અનેક રાજ્યોમાં ગાયની જાગ્રતતા હેઠળ થયેલી હિંસા**

**હરિયાણા**

**૧. સ્થાન : મોહરા, અંબાલા**

**તારીખઃ ૧૨ નવેમ્બર**

અંબાલાના મોહરા ગામમાં રાષ્ટ્રીય અધ્યક્ષ સતીશકુમારની આગેવાની હેઠળ ગૌરક્ષા દળે પશુઓ લઈ જતી એક ટ્રકને રોકી હતી. તેઓએ સ્થાનિક પોલીસની મદદથી, કહેવાતા આ ગાયના રક્ષક લોકોએ મુસ્લિમ ડ્રાઈવરો પર કતલ માટે ગાયોની દાણચોરી કરવાનો આરોપ મૂક્યો હતો. તેમની પાસે આવા કોઈ પુરાવા ન હોવા છતાં આ કહેવાતા ગાયના રક્ષકોએ મૌખિક રીતે ડ્રાઈવરો સાથે દુર્વ્યવહાર કર્યો હતો અને તેમનું અપમાન કર્યું હતું, અને કોમી અપશબ્દો પણ કહ્યા હતા. સોશિયલ મીડિયા પર આવેલી પોસ્ટ્સ મુજબ, પ્રત્યક્ષદર્શીઓએ વર્ણવ્યું કે કેવી રીતે આ જૂથે તપાસ હાથ ધરી, અને નિષ્ક્રિય પોલીસ અધિકારીઓએ કોઈ કામગીરી કરી ન હતી. આ ઘટના દર્શાવે છે કે કેવી રીતે ગાયના રક્ષકો લઘુમતીઓને નિશાન બનાવીને તેમની ક્રિયાઓને કાયદેસર બનાવવા માટે કાયદાકીય તંત્રનો ઉપયોગ કરે છે.

**૨. સ્થાનઃ નુહ**

**તારીખઃ ૨૪ નવેમ્બર**

નૂહમાં, રાષ્ટ્રીય બજરંગ દળ અને ગૌરક્ષા દળના સભ્યોએ પશુઓનું પરિવહન કરતી એક ટ્રકને અટકાવી હતી, અને તેઓએ દાવો કર્યો હતો કે આ પશુઓની કતલ માટે દાણચોરી કરવામાં આવી રહી છે. તેમના દ્વારા ડ્રાઈવરો પર હુમલો કરવામાં આવ્યો હતો અને તેઓને જાહેરમાં અપમાનિત કરવામાં આવ્યા હતા, આ ઘટનાના વીડિયો મૂલસીમ સમુદાયને વધુ ડરાવવા માટે ઑનલાઈન શેર કરવામાં આવ્યા હતા. આ તકેદાર લોકો સામે પોલીસ કાર્યવાહીનો અભાવ અને કાયદાનો પસંદગીયુક્ત અમલીકરણના તેમના મુશ્કેલીજનક વલણને દર્શાવે છે, જ્યાં પીડિતોને ગુનાહિત ગણવામાં આવે છે જ્યારે ગુનેગારો મુક્તિ સાથે ફરતા હોય છે.

**ઉત્તર પ્રદેશ**

**૧. સ્થાન : છૂટમાલપુર, સહારનપુર**

**તારીખ : ૧૯ નવેમ્બર**

સહારનપુરના છૂટમાલપુરમાં એક આવી જ ઘટના બની હતી, જ્યાં ગૌરક્ષા દળના સભ્યોએ એક મુસ્લિમ મહિલાને ઘેરી લીધી હતી જે કથિત રીતે માંસ લઈ જતી જોવા મળી હતી. તેઓએ કોઈ પુરાવા વિના, તેના પર ગેરકાયદેસર રીતે કતલ કરાયેલ ગાયનું માંસ રાખવાનો આરોપ મૂક્યો હતો. આ મહિલાને જાહેરમાં હેરાન કરવામાં આવી હતી, સામુદાયિક દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને પાયાવિહોણા આરોપો સામે પોતાનો બચાવ કરવાની ફરજ પડી હતી. આવી ક્રિયાઓ દર્શાવે છે કે કેવી રીતે ગાયની જાગ્રતતા ઘણીવાર જાતિગત સ્વરૂપમાં ફેરવાય જાય છે, જેમાં મહિલાઓને પણ અપ્રમાણસર અપમાનનો સામનો કરવો પડે છે.

**૨. સ્થાન : વૃંદાવન**

**તારીખ : ૨૨ નવેમ્બર**

વૃંદાવનમાં ગૌરક્ષા દળના સભ્યોએ પશુઓ લઈ જતી એક ટ્રકને અટકાવી હતી. આ કહેવાતા જાગ્રત લોકોએ ગેરકાયદેસર રીતે ગૌહત્યાનો આરોપ લગાવીને આ ડ્રાઈવરો પર હુમલો કર્યો હતો. આ જૂથે હુમલાનું ફિલ્માંકન કર્યું હતું અને તેને ઑનલાઈન શેર પણ કર્યું હતું, અને તેનો ઉપયોગ નૈતિક પોલીસિંગના સ્વરૂપ તરીકે તેમની ક્રિયાઓને વ્યાજબી દર્શાવવા માટે પ્રચાર સાધન તરીકે ઉપયોગ કર્યો હતો. સાક્ષીઓએ અહેવાલ આપ્યો કે આ ઘટનાના પીડિતોને રક્તસ્રાવ થઈ રહ્યો હતો અને તેઓ આઘાતમાં આવી ગયા હતા જ્યારે પોલીસ આ પરિસ્થિતિ વણસી ગયા પછી જ ઘટના સ્થળે આવી હતી.

**૩. સ્થાનઃ જૌનપુર**

**તારીખઃ ૨૨ નવેમ્બર**

જૌનપુરમાં સૌથી કરુણ ઘટના બની હતી, જ્યાં એક મુસ્લિમ વ્યક્તિનું પોલીસ કસ્ટડીમાં કથિત રીતે મૃત્યુ થયું. પોલીસે આરોપ લગાવ્યો હતો કે તે ગાયની તસ્કરી કરતો હતો અને પોલીસે દાવો કર્યો હતો કે તેને એન્કાઉન્ટર દરમિયાન ગોળી મારી દેવામાં આવી હતી. જો કે, પીડિતના પરિવારે તદ્દન અલગ વાત રજૂ કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે આ વ્યક્તિને બજારમાં ચા પીતી વખતે અટકાયતમાં લેવામાં આવ્યો હતો અને બાદમાં તેને દૂરના સ્થળે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને ત્રાસ પણ આપવામાં આવ્યો હતો અને તેને પગમાં ગોળી વાગી હતી. તેના પરિવારે છાતીમાં ઈજા અને તેના નાક અને કાનમાંથી લોહી નીકળવા સહિત ગંભીર ઈજાઓની પણ વાત કરી હતી. આ ઘટના માત્ર કાયદાના અમલીકરણ અને ગાયની જાગ્રતતા વચ્ચેની સાંઠગાંઠને જ ઉજાગર કરતી નથી પણ સીમાંત જૂથોને નિશાન બનાવવા માટે એન્કાઉન્ટર સાથે હત્યાના દુરુપયોગ અંગે પણ અનેક પ્રશ્નો ઉભા કરે છે.

**૪. સ્થાન : ગાઝિયાબાદ**

**તારીખ : ૨૨ નવેમ્બર**

ગાઝિયાબાદમાં, મહાદેવ સેવા સંઘના સભ્યોએ પશુઓનું પરિવહન કરતા બે ટ્રક ડ્રાઈવરો પર હુમલો કર્યો હતો. આ ગાયના જાગ્રત લોકોએ તેમના પર ગાયની તસ્કરીનો આરોપ લગાવ્યો હતો અને તેમને નિર્દયતાથી માર માર્યો હતો. અંતે આ પીડિતોને પોલીસને સોંપવામાં આવ્યા હતા, જેમણે આ ગાયના જાગ્રત લોકો દ્વારા આચરવામાં આવેલી હિંસાને અવગણીને આ ડ્રાઈવરોની પૂછપરછ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ પસંદગીયુક્ત અભિગમ ટોળાની હિંસાને મદદ કરવામાં કાયદાના અમલીકરણની ભાગીદારી પર પ્રશ્નો ઊભા કરે છે.

**૫. સ્થાન : મથુરા**

**તારીખ : ૨૬ નવેમ્બર**

મથુરામાં, સોનુ હિંદુ પલવાલની આગેવાની હેઠળ ગૌરક્ષા દળના સભ્યોએ ગેરકાયદેસર કતલ કરવાનો આરોપ લગાવીને પશુઓનું પરિવહન કરતા એક ટ્રક ડ્રાઈવર પર હુમલો કર્યો હતો. આ લોકોએ એવો પણ દાવો કર્યો હતો કે ડ્રાઈવરની સાથે આવેલા કોઈ વ્યક્તિએ તેમના પર બંદૂકમાંથી ગોળી ચલાવી હતી, પરંતુ કથિત રીતે આ શૂટર નાસી છૂટ્યો હતો. દેખીતી રીતે પોલીસે આ ઈજાગ્રસ્ત ટ્રકચાલકની જ અટકાયત કરી હતી. સાક્ષીઓએ અહેવાલ આપ્યો કે આવા લોકોએ તેમની આ ગેરકાયદેસર ક્રિયાઓ માટે કોઈ કાનૂની પરિણામોનો સામનો કરવો પડશે નહીં તે જાણતા હોવાથી તેઓએ કોઈપણ ભય વિના આ હુમલો કર્યો હતો.

**પંજાબ**

**૧. સ્થાન : રાજપુરા, પટિયાલા**

**તારીખ : ૨૫ નવેમ્બર**

રાજપુરામાં, ગૌરક્ષા દળના સભ્યોએ, સતીશકુમારના નેતૃત્વમાં, ગાયની તસ્કરી કરતાં હોવાનો આરોપ મૂકીને ત્રણ માણસોને રોક્યા હતા અને હેરાન કર્યા હતા. આ જાગ્રત લોકોએ પીડિતો સાથે મૌખિક રીતે દુર્વ્યવહાર કર્યો હતો અને તેમની સાથે હિંસા કરવાની ધમકી આપી હતી. તેમની પાસે કોઈપણ પુરાવાનો અભાવ હોવા છતાં, આ જૂથે ગાય સંરક્ષણના હિતમાં કામ કર્યું હોવાનો દાવો કર્યો હતો, જે દર્શાવે છે કે આવા જાગ્રત લોકો કોઈ કાનૂની આધાર વિના કેવી રીતે મુક્ત રીતે પોતાનું કાર્ય કરે છે.

**ગૌરક્ષકો અંગે પ્રણાલીગત નિષ્ફળતાઓ, સાંપ્રદાયિક લક્ષ્યીકરણ અને આવા હુમલાઓમાં સોશિયલ મીડિયાની અયોગ્ય ભૂમિકા**

ભારતમાં ગાયની જાગ્રતતા માટે કામ કરતાં ગૌરક્ષકો સામે પગલાં લેવામાં પ્રણાલીગત નિષ્ફળતાઓ, તેમના સાંપ્રદાયિક પૂર્વગ્રહો અને ડિજિટલ પ્લેટફોર્મના દુરુપયોગના એક મુશ્કેલીજનક વલણને પ્રતિબિંબિત કરે છે. આવી પુનરાવર્તિત ઘટનાઓ કાયદાના અમલીકરણ અને જાગ્રત જૂથો વચ્ચેની સાંઠગાંઠની વ્યવસ્થિત પેટર્નને પ્રકાશિત કરે છે. પોલીસની નિષ્ક્રિયતા અથવા તો, કેટલીકવાર, તેમની આવા હુમલાઓમાં સક્રિય ભાગીદારી આ જૂથોને માત્ર સમાંતર ન્યાયિક પ્રણાલી તરીકે કાર્ય કરવા માટે હિંમત આપે છે એટલું જ નહીં પરંતુ તેમની આવી ગેરકાનૂની પ્રવૃત્તિઓને કાયદેસર પણ બનાવે છે. તેમની વિરુદ્ધ પગલાં લેવામાં જવાબદારીનો અભાવ એ સુનિશ્ચિત કરે છે કે આવા લોકો સંપૂર્ણ મુક્તિ સાથે કાર્ય કરે છે, ઘણીવાર તેઓ પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટે અને નબળા સમુદાયોને ડરાવવા માટે પણ આવી હિંસાનો ઉપયોગ કરે છે. કાયદાના શાસનની નિષ્ક્રિયતા એ આવા જૂથોને નૈતિકતા અને કાયદેસરતાના સ્વયં-નિયુક્ત અમલકર્તાઓ તરીકે કાર્ય કરવા માટે પ્રોત્સાહન આપે છે.

ગાયની જાગ્રતતા અથવા ગૌરક્ષકોની આ પેટર્ન સાથે મહત્વની ચિંતા એ છે કે તેઓ મુસ્લિમો અને દલિતોને લક્ષિત ઉત્પીડન માટે નિશાન બનાવે છે. આ ઘટનાઓ આમ તો અલગ લાગે છે; પણ તે સાંપ્રદાયિક ધ્રુવીકરણના વ્યાપક વર્ણનનો એક ભાગ છે, જ્યાં ગૌરક્ષાના બહાને લઘુમતી સમુદાયો વિરુદ્ધ અપરાધ કરવા અને તેઓને હાંસિયામાં ધકેલી દેવાનું હથિયાર બનાવવામાં આવે છે. ગાય સંરક્ષણ કાયદાનો દુરુપયોગ કરીને તેમની આવી ક્રિયાઓને કાયદેસર બનાવવામાં આવે છે, અને ભયનું વાતાવરણ બનાવે છે જે દેશમાં સામાજિક તણાવને વધારે છે. પીડિતોને ઘણીવાર જાહેરમાં અપમાનિત કરવામાં આવે છે, તેમના પર હુમલો કરવામાં આવે છે અથવા ખરાબ રીતે મારવામાં આવે છે, જ્યારે ગુનેગારોને કોઈ પણ કાયદાકીય અસરનો સામનો કરવો પડતો નથી. આ લક્ષ્યીકરણની સામાજિક અસર પડે છે, અને તે લોકોમાં અવિશ્વાસને ઉત્તેજન આપે છે અને દેશમાં પહેલેથી જ ધ્રુવીકૃત વાતાવરણમાં સાંપ્રદાયિક વિભાજનને વધારે છે.

આ જોખમમાં વધારો કરવામાં સોશિયલ મીડિયાની ભૂમિકા મહત્વની છે, જે ગાયની જાગ્રતતા વધારવા માટે એક શક્તિશાળી સાધન બની ગયું છે. આવા સતર્ક જૂથો ઘણીવાર આવા હુમલાઓની તેમની ક્રિયાઓનું દસ્તાવેજીકરણ કરે છે. અને ક્યારેક તો લાઈવ-સ્ટ્રીમિંગ હુમલાઓ અથવા હિંસાના વીડિયો શેર કરે છે અને પ્રચાર તરીકે તેને ઑનલાઈન પ્રસારિત કરે છે. આ ડિજિટલ સ્પેક્ટેકલ માત્ર આવા વર્તનને સામાન્ય જ બનાવતું નથી પરંતુ તેની નિર્દયતા પ્રત્યે જનતાને અસંવેદનશીલ પણ બનાવે છે. હિંસાના આ કૃત્યોને સાંપ્રદાયિક પ્રદર્શનના સ્વરૂપમાં ફેરવીને, સોશિયલ મીડિયા આવી વાર્તાઓને મજબૂત બનાવે છે જેના લીધે તે આવી જ ઘટનાઓને પ્રોત્સાહિત કરે છે. આ પ્લેટફોર્મ્સનું શસ્ત્રીકરણ એ સુનિશ્ચિત કરે છે કે ગાયના જાગ્રત લોકોની પહોંચ અને પ્રભાવ તાત્કાલિક પીડિતોથી વધુ છે, અને તે સમાજનું વધુ ધ્રુવીકરણ કરે છે અને સાંપ્રદાયિક તણાવને વેગ આપે છે.

આ પરિબળો, પ્રણાલીગત નિષ્ફળતાઓ, લક્ષિત સાંપ્રદાયિક હિંસા અને સોશિયલ મીડિયાનું શસ્ત્રીકરણના સંગમથી ગાયની જાગ્રતતા ભારતના બંધારણીય મૂલ્યો માટે એક શક્તિશાળી ખતરામાં ફેરવાઈ ગઈ છે. તે કાયદાના અમલીકરણમાં નબળાઈઓને ઉજાગર કરે છે, રાજકીય લાભ માટે ધાર્મિક લાગણીઓના દુરુપયોગને પ્રકાશિત કરે છે, અને ડિજિટલ યુગમાં નફરતનો પ્રચાર કેવી રીતે કરી શકાય છે તેવી ચિંતાજનક પેટર્ન દર્શાવે છે. આ મુદ્દાને સંબોધવા માટે માત્ર કાયદાકીય અને સંસ્થાકીય સુધારાની જ જરૂર નથી પરંતુ આવા કૃત્યોને ઉત્તેજન આપતા પૂર્વગ્રહો અને વિભાજનની સામાજિક વિચારસરણી પણ દૂર કરવી જરૂરી છે. જો તેને રોકવા માટે નિર્ણાયક પગલાં લેવામાં નહીં આવે તો, ગાયની જાગ્રતતા માટે કામ કરતાં આવા કહેવાતા ગૌરક્ષકો, ન્યાય, સમાનતા અને માનવતાના સિદ્ધાંતોને નષ્ટ કરતાં રહેશે અને ભારતના લોકશાહી માળખામાં મૂળભૂત રીતે સામેલ માનવતાના સિદ્ધાંતો માટે સ્પષ્ટ ખતરો બની જશે.

**(સૌ. : સબરંગ ઈન્ડિયા)**